દાદીશેઠનો દીકરો.

ગરબાની [illegible]

દાદીશેઠનો દીકરો

એક પારસી સંસારી નોવેલ.

રચનાર—"મટલાની મહેરાં."

મુંબઇ—કોટમાં બેલાારડ પીયર ઉપર જામે જમશેદ પ્રીંટીંગ
વર્કસમાં, પ્રગત કરનાર મેસર્સ જાં. બે. મરઝબાનની
કું॰ માટે માણેકજી નવરોજી પ્રીંટરે છાપયું છે.

૧૯૧૪.

આ પુસ્તક ઇ૦ સ૦ ૧૮૬૭ ના ૨૫ માં આક્ટની

રૂએ રજીસ્ટર કરાવ્યું છે માટે તેના રચનારની

રજા વગર કોઇએ તે છાપી પ્રગટ

કરવાનો હક નથી

ભલી અને શયાણી

બેહેન

મારી વારતાની નાયકા હીલ્લા દાદીશેઠનો જે નમુનોજ હતી તેણીની પવીત્ર યાદમાં આ મારૂં નાનકડું પુસ્તક અરપણ કરૂંછું.

પ્રસતાવના

પ્રીય વાંચનાર,

આ મારૂં પહેલવહેલું નાહનું પુસ્તક તમો સનમુખ ધરતાં મને ઘણી ખુશાલી લાગે છે. લખનારાંના બધાન્જ આચાર વીચાર બધાંન્જ વાંચનારાંઓને એકસરખા કદી રૂચતા નથી તેમ હું જાણું છું કે "મટલાની મહેરાં" ના કાંઈક વીચારો અને લખાણો આજની મારી થોડીક ફેશનએબલ સુધરેલી, અપ-ટુ-ડેટ લાડલીઓને નથીન્જ રૂચતા. ખેર! તેવીઓ સાથે મને કામન્જ નથી. મારી આ વારતાની નાયકા "હીલ્લા" જેવી સદગુણી, સમજુ અને શાંત છોકરી ખરેખરી જીંદગીમાં કેટલી મલશે? અરે અફસોસ! ઘણીન્જ થોડી!

હું "ઓરીજીનલ" વારતા લખવાનો દાવો કરતી નથી. ના, તેટલું બધું ફલદુપ ભેજું ખોદાએ કમનસીબે આપ્યું નથી, પણ હાલની પારસી સોસાયટીના ઢંગ તેમન્જ ખોણકોટકો, મારી નાકેશ કલ્પનાશકતી મુજબ મારાંન્જ ભેજાંમાંથી ચીતારવાની મેં તજવીન્જ કીધી છે. પૈસાવાલાં કુટુંબોને ગરીબોને નામની છીટ,

ચીચોડાવાલાંની ખુશામદ, મોટે ઘેરની પારટીઓનાં ખેંચાણો, તેમજ કુંવારી મોટી ઉમરની બઇરીઓના સારા વરો મેળવવા માટેનાં ફાંફાંના જે ચીતારો મેં આ મારી વારતામાં આપ્યા છે તે બધાં ખેણકોટકો ખ્યાલી નથી પણ ઉંઘાડી આંખે જોયલા કુટકો છે. જયાંબી જવું ત્યાં ઉંઘાડી આંખે ગુપચુપ ફરવું અને જેટલું નવું અને હસ્વાસરીખું દીસે તે લેજાંની નોંધ પોઠીમાં નોંધી રાખવું એ મારો નીયમ છે.

આ ઠેકાણે એક ખોલાસો કરવાની જરૂર જોઉં છું. દાદીશેઠ ફેમીલી અલબતાં ઘણું જાણીતું અને પુરાણુ છે. મારી વારતાના મુખ્ય નાયક જમશેદ દાદીશેઠને ઘણાંજ ઉંચા ખાનદાનનો ચીતારવા માટે મેં આ કુટુંબનું નામ લીધું છે, અને તેમ કરતાં કાંઇબી નામો ખરેખરી લાઇફમાં કોઇને લાગુ પડી ગયાં હોય તો તે માટે ક્ષમા માગું છું.

આ મારાં નાનકડાં પહેલાં પુસ્તકને વાંચક વર્ગ તરફથી જે સારો આવકાર મલ્યો છે તે ઉપરથી હામ બીડી ભવીશમાં એજ ધપ ઉપર બીજાં પુસતકો તેઓ સનમુખ ધરવાની ઉમેદ રાખું છું.

બા૦ મટભાની મહેરાં.

દાદીશેઠનો દીકરો!

પ્રકરણ ૧ લું.

માય દીકરાં.

કોલાબે સ્ટેશનની પછવાડે આવેલાં એક માળના નાહના ઘરમાં આપણી વારતા શરૂ થાય છે. એક નાહના સફાઈદાર કમપાઉંડમાં આ ઘર આવેલું છે. આ ઘર નાહનું પણ સ્વચ્છ અને સગવડવાળું છે. ભોંયતળીએ ત્રણ અને માળ ઉપર ત્રણ ઓરડા છે. ઓરડાઓમાં તો હાલ કોઇ નજર પડતું નથી પણ તે ઘરની રાંધણીમાં ડોકયું કરતાં આશરે પંચાવણ વરસની ઉમરના એક અઘાર બાઇ પાટલા ઉપર બેસીને પટેટા છોલતાં જણાય છે.

આ બાઇ કેવાં છે તેનો તમને ચીતાર જોઇયે છે? નકરી જાણે મોહલ્લામાંની "ધનાવહુની ભીખી!" સાડી વગરના "ફુલ ડરેસમાં"જ આ ડોસી પાટલા ઉપર બેસી પટેટ છોલે છે. ઘજારના પાયજા છેક ગુઠણ સુધી ચહડાવ્યા છે, અને મેલા સદરા ઉપર ફકત પેટી પહેરી છે તથા મેલું માથુબાનું છેક આગળ સુધી તતરાવીને બાંધ્યુ છે. પણ તે બધા હાલ હવાલ ડરેસ સાથે ગળામાં જાડી અસલી સુન્નાની સાંકળી પહેરી છે, જેની નકસીમાં મણ મણ મેલના લેપડા ભરાયલા છે! વળી હાથમાં ચીતલ નથી પણ તેવીજ ભારી સુન્નાની બાંગડીઓ પહેરેલી જણાય છે. આ સાંકલી બાંગડી તેવણ વરસના ત્રણસોને પાંસઠ દહાડા પહેરે છે. રાતના

સુતી વખતે તકીયા તળે મુકે છે અને સહવારના ઉઠતાંને વાર પાછું પહેરવાની યાદ રાખે છે–પણ ભલાં આદમીને તેની નકસીમાનો મેલ કહાડી ધોવાનીજ યાદ રહેતી નથી! તેવણ દેખાવે સાંમળાં, ઘણાંજ સાંમળાં, ઘાટઘટમ વગરના, અને પોહલાં નાકવાળાં છે. હાથ પગ ઘણાજ "રફ" અને બોલવાની રીતભાત પણ તેટલીજ "રફ" છે. ટુંકમાં આ ડોસાં જેવાં કહે છે તેવા "વલગર" છે. તેવણ સ્વભાવે આકળાં અને તીખા છે ખરાં–પણ બહુજ ભોળાં અને માયાળુ છે.

આ વીધવા બાઈ થોડાં વરસની વાત ઉપર પોતાની એક પુત્રી નાહની દીકરી સાથે કોલાબે આવી રહયાં હતાં. તેવણ પાસે થોડોક "જીવ" હતો અને આ ઘર પણ તેવણનું પોતાનુંજ હતું જયાં તેવણ અવારનવાર એકાદ બે જણને ભાડે રાખી પોતેજ રાંધી ખવાડતાં હતાં. તેવણનું નામ કુચીયાના જીલુબાઇ હતું અને સાધારણ રીતે પાડપાડોશીઓમાં તેવણ જીલુડોસાંને નામે ઓળખાતાં હતાં. પોતાની એકપુત્રી દીકરી હીલ્લા ઉપર તેવણનો જીવ પ્રાણ હતો. આટલી હકીકત સીવાય આ ડોસાં કોણ હતાં, કયાંથી આવ્યાં હતાં, પઇસા કયાંથી લાવ્યાં હતાં તે કોઇને કાંઇજ ખબર ન હતી. આજુબાજુમાં રહેતાં તેવણના પાડોશીઓ જેઓ "પોતાનું ખાઇ પારકાની નીંદા" કરવાનોજ ધંધો માંડી બેઠાં હતાં તેઓએ આ મા દીકરાં માટે વધુ ખબર મેળવવા "અનીખના તારા" કરયા–પણ ડોસાં તે બાબદ બહુજ ચુપ હતાં બીજી બધી વાતો ભડભડ ભડભડ બોલી દેતાં પણ પોતાની "આગલી પાછલી"નો ગર કદીબી આપતાં નહી. તેવણ કામ પડે તો જીવ કહાડી આપતાં–પોતે

અગવડ ખમી બીજાને સગવડ કરી આપવાનો તેમનામાં ગુણ હતો અને તેથી તેવણ બધાંનાં માનીતાં હતાં; પણ તે છતાં કેટલાંક નીંદાખોરો, તેવણની દીકરી હીલ્લાંને જોઇ શંકાના ડોકાં ધુણાવતાં તથા ભવાં હીલવતાં !

પોતાનાં ઘરમાં ગમે તેવું કાળું હોય, ગમે તેવો કોહેલો સડેલો મામલો હોય પણ બીજા લોકના "પીછડાં વેરવા" વગર પારસી બઇરાંઓથી કેમ રહેવાય? પણ આ મા દીકરાં માટે લોકો તરેહવાર ચાવાચીવી કરે તેમાં નવાઇ નહી— કેમજે તેઓ બે જણ વચ્ચે આસમાન જમીનનો ફરક હતો. મા જયારે "વલગર" અને બદસુરત હતી ત્યારે દીકરી ખુબસુરત અને નાજુક હતી. તેણી આશરે વીસ વરસની, ઉંચી અને ગોરી હતી. તેણીનો ઘાટ જરાક પોહળો પણ અતીશય "સ્વીટ" હતો. કાળા ભમર સરખા ડોળા, તેવાજ કાળા રચલીવાળા બાલ અને સફેદ જીણા જીણા દાંતવાળી છોકરી જીલુડોસાંને ત્યાં કેમ પેદા પડી તે ખરેજ—નવાઇ હતી. આ છોકરીના ચેહેરામાં અને કાળી મોટી આંખોમાં કાંઇ અજબજ ખેંચાણ હતું. તેણીનો ચેહેરો હંમેશાં જરા ઉદાસ અને વીચારવંત જણાતો—પણ તેણી જયારે મીઠાસથી જીણા કલી જેવા દાંત બતાવીને હસ્તી ત્યારે સામા ધણીના દીલમાં અજબ જાતની ખુશાલી તથા પ્યારની ગીલી લાગતી હતી. ઘાટમદાર, અણી આલા, ગોલાબી નખવાળા નરમ, એક લેડીને છાજતા હાથો, તેમજ તેવા નાહના નાજુક પગોવાળી તે છોકરી કોઇબી મોટા મેહેલને શોભાવે તેવી હતી. જયારે જીલુડોસાં અભણ અને અજ્ઞાન હતાં ત્યારે દીકરી હોશયાર, વાંચવા લખવાના બેહદ શોખવાળી હતી. જીલુ ડોસાંના "તતા" "ઠઠા"ના ઠેકાણા ન હતાં ત્યારે

દીકરી હીલ્લાં મોતીના દાણા જેવા હરફ લખતી હતી. ટુંકમાં જીજુ ડોસાં જેવાં બધરાંને ત્યાં આવું એક ગોહર કેમ પેદા પડયું તે માટે કનવારખોરાંઓ જો અજાયબીને મારે ડોળા ચહડાવે તો તેમાં આપણે તેઓનો ઘણો વાંક કહાડીશું નહીં.

જીજુ ડોસાં રાધણીમાં પટેટા છોલતાં છોલતાં "કાગડા ઉડી" જાય તેવા સુંદર સાદે કાંઇ ગીત ગાતાં હતાં—તેવામાં હીલ્લાં ત્યાં દાખલ થઈ. તેણીના દીલમાં ડાર્ક બલુ રંગની સાડી હતી અને સફેદ ટુંકી બાંહેનું બદીયાન પહેરયું હતું. ગોરા ગોરા પગમાં કાળી મખમલની સપાટ પહેરી હતી અને જીણો સેંટો પાડી સફેદ ફુલ જેવું માથુંબાનું બાંધ્યું હતું, જેમાંથી તેણીના કરચલીવાળા બાલ બાહર નીકળી આવવા માંગતા હતા. અણીયાલા સફેદ હાથોમાં ઝાડુ પકડેલી હતી.

જીજુ ડોસાંનું ગાયણ બંધ પડી ગયું અને તેવણનું "અગલી" ડાચું હીલ્લાને જોતાંજ ખુશાલીથી ફસકાઇ ગયું.

"આવી કે દીકરા? ચાલની તાહરની શું ગોટાં ખાયા કરેછ?" તેવણ ઘણાજ હેતથી બોલ્યાં. પોતે ગમે તેવાં 'રફ' હતાં પણ આ દીકરી ઉપર તેવણનો ખરે મનનો પ્યાર હતો, "જરા બેસ, ઠાકી ગેઈ હોશે."

"ઉપર સુનાબાઇના ઓરડામાં કચરો કહારતી'તી માયજી. તેવણ પાછાં કહારે આવવાના છે?" હીલ્લાં હાથ ધોતાં બોલી.

"કોન જાણે કોંહ કહરઈછ તે! કોઇ સહીમીટાં સાથે બાહરગામ તો ગેઇછ! આવશે આવવાની હોશે તાહરે! આપુને શું? ઘેર દીઠેલું છે. આપુને તો આપરું ભારૂં મલવા સાથ કામ! પણ, હીલ્લુ, તું વરી શું વીચારમાં બેઠીછ! કીયાં છોકરાં પન્નાવવાના વીચાર કરેછ!"

"નહીરે માયજી વીચાર શાના!"

"તો શું? જાહરે જોઉં તાહરે ફીલસુફની કાની ડોરા કરીયા કરેછ ને ઉદાસ જેવી ફરયા કરેછ! જરા હસ બોલ. જો તું હસેછ તારે તારો ચેહરો કેટલો સોભેછ!"

"મારા ચેહરાને કહાં સેકો તાણ્યે?"

"ઓવાય! તો કાંય? જો, મારી તો પકી ખાતરી છે. મને એક સપનો આયોછ તેથી હું તો તુને કેહુછ કે તું કોઇ મોટેજ ઘેર જશે. તું હવરાં મારે તાંહ ઝાહરં કાહરેછ તેથી કાંઇ એમ મનમાં બરતી ના કે બધા દહારાજ તેવા જશે! અરે નારે, તું તો માય મરે એક "લેડી" છે! આવો તારો મડમ જેવો ચેહરો છે તે તુંને તો કોઇ સદ્ધર આસામીજ ઉંચકી જશે. સમજી કે પોરી?"

"માયજી, માયજી," હીલ્લાં જરા હસીને બોલી "એ તમે શું હવાઇ કીલ્લા બાંધ્યા કરોછ? મરે આપરે ગરીબ માણસ મોટેજ ઘરે કહાં જતાંતાં?"

"અરે જારે ગરીબ માણસ વારી! બસ તું જરા તારા ચોપરાઓમાંથી ધક કહાર ને હસ્તી બોલતી રેહ! આજના સુધરેલા છોકરાઓને તો નાચતી કુદતી, જરા જરામાં દાંત કહારીને હસ્તી બધરી ગમે જો! આજની ખોટા બાલ ઉપસાવેલી, ગાલપર રંગ લગારેલી ને ચીબાવલી, પોરીઓ કરતાં તુંને તો હજાર ભલઇ છે! મરૂં, મારી દીકરીને તો કોઇ શેઠયોજ વર મલશે. ચાલ દીકરા હું આએ છાલ નાંખી આઉં તેટલાં આએ પટેટા ચુહલે ચહરાવી દે."

આટલું બોલી જીલુ ડોસાં કચરો એકઠો કરી ખસર ખસર બાહર ગયાં—જયારે હીલ્લા પટેટાની તપેલી ચુહલા ઉપર મુકી વીચારમાં ઉભી.

અચીત, અચીત! આ નાજુક છોકરી ભુલમાંજ ત્યાં આવી ગયલી જણાતી હતી. તેણીની આંખમાં કાંઇ અજબ જેવો ચમકાટ હતો અને તેણીનો ચેહરો એટલો મીઠો અને સુંદર હતો કે કોઇબી માણસનું ધ્યાન ખેંચાયા વગર રેહજ નહી.

“તું કોઇ મોટેજ ઘેર જશે! માયજી એ શું બોલ્યાં?” હીલ્લા મનમાં પટપટવા લાગી, “બીચારાં મારાં માય! એમજ મનમાં મલીદા જમીયા કરેછ! ઉંહુ–આવાં મારાં માયાળુ માય છે પણ તોબી એ મને ઓછું ઓછું શું લાગ્યા કરેછ? માયજીની વાની ખરી પરે તો! હું કોઈ મોટે ઘેરની ખરેખર “લેડી” થાઉ તો! મરે એવાં નસીબ કોણના લાવે! શું તાહરે હું બધાં દહાડા આએ આવી એખલી અટુલીજ રેહવશ! મારાં વાંહલાં માયજી તો છે પણ-પણ—”

આટલું વીચારતાં તેણીની આંખમાં પાણી આવી ગયાં પણ બીજીજ પળે તે આંસુઓ નુછી નાંખી તેણી હસ્વા લાગી.

“મરેરે એ આજે મને શું ભુત ભરાયોછ આવાં મજાના મારાં માય છે ને મને બીજ્જુ શું જોઇએ! ખોદાએ મને જરા સારો દેખાવ આપ્યોછ, સારી તંદરોસ્તી આપીછ, રેહવાનું ઘેર આપ્યુંછ ને એ હું એમ કાંય ચેરાં કહારતી હોવશ! છટ! આએ પટેટા બધા બરી જશે તો માયજી ચીડાસે!”

એવામાં જીજુ ડોસાં ખાતા ટોપલી લઇને પાછાં આવ્યાં.

“જાતો હીલ્લુ કોઈ આગલી ગમ બારણું ઠોકેછ. જોની પોસ્ટવારો છેકે? પેલી મુઇ સુનઇનું કંઇ કાગજ બાગજ આયુંછ કે શું?”

આ સાંભલતાં હીલ્લાં હાથમાનુ કામ મુકી આગલી ગમ દોડી.

પ્રકરણ ૨ જું.

હીલ્લા.

હજી તો હીલ્લાં આગલી ગમ જઇ પુગે તે અગાઉ બારણું પાછું ઠોકાયું. "ઓવાય! પણ રાખની! એમ જીવરો કાંય કહારતો હોશે!" જીલુ ડોસાં ચીમાઇને જોતાં ફફડવા લાગ્યાં "ઓ માયરે! આએ તો ડાકટર ડોસાભાઇ છે! મરેરે મારા દીલમાં તો સારીખી નથી."

જીલુબાઇ સાડી પહેડવા ઓરડામાં નાઠાં. હીલ્લાં સાથે ડાકટર ડોસાભાઇ અંદર આવ્યા. તેવણ ભરેલા ઉંચા અને માયાળુ દેખાવના હતા. પોતાના દરદીઓ સાથ અને ઘરાકો સાથ કેવી રીતે વરતવું તે તેવણને બરાબર માલમ હતું. જીલુબાઇના ઘરના તેવણ ડાકટર હતા અને જીલુ ડોસાંને પણ તેવણ ઉપર વીસ્વાસ હતો. જીલુ ડોસાં પોતે પોતાને અરધાં ડાકટર સમજતાં હુતાં. પરચુટણ દવાઓ, ડાસાની તથા જોલાબની ગોળીઓની એક કબટ તેવણ પાસે હતી. સેહેજ સાહજ કોઇ સીક પડયું તો જીલુ ડોસાં કલાકની ચાર જુદી જુદી દવાઓ આપીને દરદીને સારો કરવામાં જાણીતાં હતાં.

"કેમ હીલ્લાં, કેમ છે? તારાં માયજી કાંહ છે? મને ઘણું અગતનું કામ છે! ડાકટર બોલ્યા.

"આવીજી આવી," જીલુ ડોસાં પોતાની કાંદાબાતી સાડીની કલ્લી કરતાં કરતાંજ સામા આવી ઉભ!, "બેસો મરૂં બેસો."

"તમારે તાંહ હવરાં ઓરડા ખાલી છે કે?" ડાકટરે પુછયું.

"ઓરડા ભારે આપવાના? મારપરના બે આગળા દરીયા બાજુના ઓરડામાં તો સુનાબાઇ બાટલીવારા રેહછ—પણ તેવણ હવરાં તો બાહરગામ ગીયાંછ. તેવણનાં ઓરડા ખાલી છે."

"ઠીક તાહરે આજે હું એક સીક માણુસને તે ઓરડામાં લાવવા માંગુછ."

"સીક માણુસ? એં હ? તમેજ્બા?" જીલુ ડોસાં અકળાઇને બોલ્યા. પણ ડોસાંની નાડ ડાકટરના હાથમાં હતી.

"હા તે જોવની જીલુમાય, એ બીચારો—"

"બીચારો! તાહરે શું કોઇ માટીડો છે? ઓવાય! ડોસાભાઈ તમે શું એમ તમારી મમાઇ બપાઇના ડોરા બારો છ? અહીં કોઈ માટીડો મનીખ મળે નહી ને સીક માટીડાને કોહ અહીં રાખું?" જીલુબાઇ ગભરાઇને બોલ્યાં, "તેને ઇસ્પીટાલમાં મોકલોની,"

"નહી માય—તે નહી બને? બીચારો તે બહારગામનો અહીં ફરવા, આયો' તો ને અહીંના હોટલમાં ઉતરયો' તો તેટલાં જણો સીક પરી ગીયોછ. મને હોટલમાંથી બોલાવવા મોકલયો—પણ તેમાં ચાંપતી સારવારની જરૂર છે. તેનું કુટુંબ અહીં કોઈ નથી મને તમારી ઉપર વીશવાસ છે. સીક માણુસની માવજત કેમ કરવી તે તમે જાણોછ તેથાજ તેને હું અહીં લાવવા માંગુંછ સાથે એક બોય લાવશે તે બીજુ ત્રીજુ કામ કરશે—પણ વખતસર ખોરાક દવા દારૂ આપવા કોઇ બાઇ માણુસની જરૂર છે. એટલી મેહેરબાની કરો, નહી તો બીચારો તે પરગામમાં ફોકટનો મરી જશે. દેખાઇતો પઇસાવારો છે ને તમુને ફાયદોજ છે."

જીલુ ડોસાં બીચારમાં પડયાં. પોતાનાં કુટુંબથી દુર તે આટલો સીક પડી ગયો તે સાંભળી તેવણનું માયાળુ દીલ પીગલ્યું. તેવણે જવાબ દીધો—

"વારૂંબા, તમુને કેમ ના કહેવાય?"

"ઠીક તાહરે, પણ હવે કીયા ઓરડામાં તેને રાખવા માંગોછ?" ડાકટરે પુછયું.

"જોવની, આગલા બે ઓરડા તો સુનાબાઇના છે તેજ દરીયાની સામ્ભેના હવાવાળા છે ને તીજો એક પછવારે ખાલી છે—"

"તાહરે સુનાબાઇને આવતાં વાર લાગશે તેટલાં હાલતો એ મારપરના ત્રણુંડે ઓરડા હું ભારે રાખુંછ. સુનાબાઇને આપરે વીગતે લખશું તો તેવણ કંઇ ના નહી કેહશે. તમે ઓરડાઓ તઇયાર રખાવજો—હું આજે સાંજે મારા દરદીને લઇ આવશ. સાહેબજી! હીલ્લા, સાહેબજી! શું વીચાર કરેછ?" ડાકટર હીલ્લાનો ગાલ પસવારીને હસીને બોલ્યા.

આ હીલ્લાં ડાકટરની ઘણીજ માનીતી હતી. તેણીનો ગંભીર ચેહેરો, ચલકતી આંખ્યો, દમામ અને ટેકમાં રહીને પારકાંઓ સાથ વાત કરવાની તેણીની ટેવ તેમજ તેણીને લગતા બધા સંજોગો ડાકટરનું ઘણું ધ્યાન ખેંચતા હતા.

"વીચાર શાના કરે? બઇરાંઓને બીજું કંઇ કામ નથી કે આખા દહાડાં વીચારજ કરીયા કરે!" તેણી ડાકટરનો હાથ ખીસાડી જરા દુર જઇને બોલી.

હીલ્લાં ડીયર! તારી ભુલ છે! બધાંજ બઇરાંઓ જો તારી માફક વીચાર કરવા પછવાડે ભિજું કસ્તાં હોય તો દુન્યામાંથી કેટલાં પાપ ઓછાં થાય? લોકોની તારી મારી કરવા અગાઉ, ગંદીલી જબાનની ટકટકથી સુખ્યારાં ઘેરો ભાંજવા અગાઉ, જો બઇરાંઓ બે વાર વીચાર કરવાની તસ્દી લે તો કેટલો ફાયદો થાય? હીલ્લાં દીકરા તું તો નાદાન છે!

ડાકટરને મનથી આ હીલ્લાં એક ઉપ્યાનુંજ હતી. "અં! બાઈ આજે બહુજ મરડાટમાં છે હું! જોઉં તારી જીભ જોઉં!"

પણ હીલ્લાં ઉભી શું કામ રહે? તે પોતાના ઓરડામાં નાઠી.

"એ ધણીનું નામ શું છે ડાકટર?" હીલ્લાં ગયા પછી જીલુ ડોસાંએ પુછ્યું.

"નામ કે? હા જો ખરેખર! નામ તો જમશેદજી દાદી-શેઠ છે, સાહેબજી."

ડાકટર ગયા પછી ડોસાં પાછાં રાંધણીમાં ગયાં. હીલ્લુ તો ઉપર સીક માણસને સારૂં ઓરડા તઇયાર કરવા નાસી ગઇ. હીલ્લાં જોકે ઘણીજ મીઠા સ્વભાવની અને રાંક હતી, નરમ દીલની હતી પણ કોઇબી તરાહેત શખ્સ તેણીની સાથે અણઘટતી છુટ લે તે તેણીને મુદલ પસંદ નહતું. ડાકટર ડોસાભાઇ તેણીના બાપ જેવા હતા અને હીલ્લાં ઉપર ઘણુંજ હેત રાખતા પણ તોબી તેવણ કોઇ વખત જયારે "ખડયા પગ ગલીચા સુધી" લઈ જતા ત્યારે હીલ્લાં છણકો કરી પડતી હતી.

આજે હીલ્લાંને કાંઇ અજબ ઉલટ આવી હતી. તેણીને લાગ્યું કે તેણીની રોજની "ડલ" જીંદગીમાં આજે કાંઇ નવોજ ફેરફાર થવાનો હોય. તેણીએ સંભાળથી સરવે સામન જુછ્યો, બીછાણા ઉપર નવી ચાદર પાંઠરી, ટેબલ ઉપર થોડાક ફુલ ભરી મુકયા અને બધું કરતાં કરતાં તેણી પટ-પટવા લાગી.

"એ સીક માણસ કોણ હોશે? જુવાન હોશે કે બુઢો' કુમારો હોશે કે પન્નેલો! પણ મરે, આજે મને તેના કેમ વીચાર આવ્યા કરેછ વારૂં! તે ગમે તેવો હોય તેમાં અમુને

૫૩૭૫

શું? આપરે તો મુગાં મુગાં રોજનું કામ કરીને ચાલી જઈ શું. તેની ચાકરી તો પેલો બોયને માયજી કરીયા કરશે."

તેણીએ પોતાનું કામ પુરૂં કીધું અને પછી નીચે ગઈ. નીચે ત્રણ ઓરડામાંનો એક નાહનો હીલ્લુ વાપડતી હતી. તે ગમે તેવો નાહનો હતો પણ ત્યાં દાખલ થતાંજ એક "લેડી"નો તેસ્ટ જણાઈ આવતો હતો. નાહનો રમકડાં જેવો ઘોલ્યો, એક નાની ટેબલ જેની ઉપર થોડીક ચોપડીઓ મુકેલી હતી, એક ખુરસી, એક નાહની ડરેસીંગ ટેબલ વગેરે નાહનું નાહનું ફરનીચર ત્યાં ટેસ્ટથી ગોઠવેલું હતું. એકાદ બે આરસીઓ, અહીંતહીં એકાદ બે વાઝમાં ફુલો વગેરેથી ટીપટાપ કરેલું જણાતું હતું.

હંમેશ કરતાં જરા આજે વધુ વાર હીલ્લાંને કપડાં બદલતાં લાગ્યો—કેમજે આજે તેણીના હાથ કરતાં તેણીનું ભેજું વધારે કામ કરતું હતું. માથુબાનું બાંધતાં બાંધતાં વળી તે બડબડવા લાગી.

"ખોદા જાણે મારી આગળી જીંદગી શું હોશે! મારી જીંદગીમાં કાંઈબી અસાધારણ હોય તેવુંજ મને લાગ્યા કરેછ. મારાં બચપણનો કાંઈ ઝાંખો ખ્યાલ મને યાદ આવેછ—પણ હું ભુલીજ જયા કરૂંછ. શું હોશે? મારાં માયજી બધું જાણતાં દેખાયછ પણ તેવણને પુછવાની મને હીમત નહી થતી. માયજી કોઈ દાહડે મારાં બચપણની કે મારા બાવાજીની વાત મારી આગળ કરતાંજ નથી. કોણ જાણે વખતે કાંઈ કહેવા જોગ નહી હોશે! એવણને પુછું? નહી નહી બીચારાં માયજી! કદાચ તેવણની લાગણી દુખાશે! નહી મારે તો તેવણની બાજુમાં રહીને તેવણને મદદ કરવી જોઈએ બીચારાં માયજી—"

"હીલ્લાં, હીલ્લાં! ચાલ નીચે આવ જલદી," નીચેથી માયજીનો પોકાર સંભલાયો.

હીલ્લાં એક છેલ્લી નજર આરસીમાં નાંખીને નીચે દોડી કેમજે ડાકટર ડોસાભાઇ પોતાના દરદીને લઇને આવી પુગયા હતા.

પ્રકરણ ૩ જું.

જીલુ ડોસાંનો નવો ભાડુત.

જીલુ ડોસાંના ઘર આગળ બે ગાડીઓ જેવી આવીને ઉભી કે આજુબાજુના ઘેરોની બારીઓ ઉંઘડી ગઇ અને સરવે ડોકયાં તાણી તાણીને નવાં આવનારાંને જોવા લાગયાં. તેઓએ જોયું કે ડાકટર ડોસાભાઇ એક ગાડીમાંથી ઉતરયા અને પછી બોયની મદદ સાથે કોઇ માણસને ઉંચકીને અંદર લઇ ગયા. તે સીક માણસને ધાબલી ઓઢણીઓથી એવું તો વીંટાળી દીધું હતું કે તેનું મોહડું માથું કોઇને દીસ્યું નહીં. દીસ્યું હતે તોજ ઠીક પડતે! આતો નહીં દીસયું એટલે પરવારતી કોલીબાઇ સોલીબાઇઓ હજાર જાતની અટકલો કરવા પડયા.

જીલુ ડોસાંના સહી નાહલીબાઇ દુબાશ અણકો કરી બોલ્યાં "મરેરે! આએ વરીસા કોટક! એ ઢાંકી ઢપોરીને કોણને લઇ આયા? કોઈ સીક છે—પણ એ સીક માણસને રાખવા ડોહી કહારથી શીખી? મરે શું કારાં ઘોરાં કરતાં ફરેછ, કોન જાને!"

બીજી સહીએ જવાબ દીધો "અરે એ ડોહી કંઈ કાચી છે કે? બધી ગનતરી કીધી હશે, પણ ઘેરમાં કાચી કુમારી

ડુકતી છે ને સીક માદાંની વેઠ કોણ કરશે? હોશે માય આપુને શું!" વગેરે.

આણીગમ ડાકટર ડોસાભાઈ અને તેવણના દરદીને આવકાર આપવા જીલુ ડોસાં ઠાયાં ઠોયાં થઈને ઉભાં હતાં. તેવણુ મોહડું હાથ ધોઈને કપડાં બદલી આવ્યાં હતાં–તથા તતરાવેલાં માથા બાના ઉપર કાળો પાટો બાંધ્યો હતો. દરદીને ઉપર તેના બીછાણા ઉપર સુવાડયા પછી ડાકટર બોલ્યા–

"જુવો, જીલુમાય, આએ બીચારાને ઘણી તાપ છે ને તદન બેભાનીમાં છે. દવાદારૂ ખોરાક ઘણીજ સંભાળથી આપવાની જરૂર છે. કોઈ કોઈ વખત તાપની ઝુમમાં લવારો બકારો કરશે પણ તેથી બીહતાં ના. આએ બોય છે તેને રાખજો, તમુને કામ લાગશે."

તે સુતેલા માણુસ ગમ નજર ફેંકી જીલુ ડોસાં બોલ્યાં " પણ એવણના કોઈ સગાં વાહલાં હોય તો લખોની કે આવે."

"સગાંવાહલાં કોણુ છે ને હવરાં કહાં છે તે આપરે કેમ જાણુયે? જરા એ હોસ્યારીમાં આવશે પછી એનેજ પુછશું —તેટલાં હાલ તમેજ જરા એના માયની જગા રાખીને મેનીજ કરજો હું સાંજે પાછો આવશ."

આ પછી ડાકટર નીચે ગયા જયાં હીલ્લાં મલી. "હીલ્લાં દીકરા, તું બી તારાં માયને જરા મદદ કરજે હં! હવરાં થીજ જરા સીક માણુસની વેઠ કરતાં સીખ પછવારે કામ લાગશે. અરે હાંજો, હું તારાં માયને કંઈ કહેતાં ભુલી ગીયોછ. જાતો જરા તુ ઉપર ઓરડામાં બેસ ને એવણુને જરા મારી આગળ મોકલ!"

હીલ્લાં ઉપર સીક રૂમમાં ગઈ—જીલુ ડોસાંને બહાર બોલાવયાં અને નીચે ડાકટર આગળ મોકલયાં. હીલ્લાં

એબલી પડી તયારે બીહવા લાગી. તે બીચારો તદન લોઠપોઠ જેવો પડેલો હતો અને ઉંઘમાં અવારનવાર કાંસતો હતો. ઊીલ્લાંએ જોયું કે તે ઘણોજ જુવાન, કદાવર અને દેખાવલો હતો. તેનું કપાળ ઉંચું, નાખ સીધું ને અણી-યાળું તથા મુછ મોટી ભરાવદાર હતી ચેહરો પણ તેવોજ અણીયાલો અને ઘટમદાર હતો. તે દેખાતો કોઇ સારાં ખાનદાનનો ગ્રહસથ હતો. જોકે તેની આંખ્યો બંધ હતી પણ તેના ચેહરાની દરેક દરેક નેસમાં તે ખાનદાનની મગ-રૂરી ખુલ્લી જણાતી હતી. ખરેખરાં ઉંચા ખાનદાની લોહીનો છાપ તેના મોહડાંપર પડેલો જણાતો હતો.

જાત બુન્યાદ જો નહી પરખાય તો પછી? ગમે તેવું ચીઠડેહાલ, જમાનાની ગીરદેશીમાં આવી પડેલું માણસ ખાનદાની હશે તો તે પોતાના સારાં લોહીનો ચલકાટ છોડ-વાનું નથી. તેમજ કોઇ ખરેખરૂં હલકી બુન્યાદનુ આદમી ગમે તેવા પઇસાની રેલછેલ ભોગવતું હશે, ગમે તેવા એસ્કી ડરેસ કરી આવશે, પણ તેની હલકી બુન્યાદ છુપી રહેવાની નથી. તેની બોલવા ચાલવાની રીતભાત, ભાશા તેમજ ચેહરા ઉપરથીજ તેની પરીક્ષા સમજુઓ કરી શકશે. ગમે તેવા મોટી ફ્રીલના બદીયાનો તથા ઉંચી એડીના બુટો પેહડો ગમે તેવા એસકી ગાડીઘોડા ફડકાવો અને પઇસાને જોરે મોટી કંપનીમાં ઘુસો, પણ હલકી એોલાદ તુરત જણાઈ આવશે. દોલતનો પરડો તેને ઢાંકી શકવાનો નથી. ચલકતી ચાઇચાઇથી લોક છેતરાંવાના નથી. હરેક બાહને જાત જણાઇ જશે.

જીલુ ડોસાંના ઘરમાં તાપની બેભાનીમાં પડેલા ધણીના દીલમાં ખાનદાની લોહી દોડતું હતું તેમાં શક નહી. વળી

સાથે તેના બાહરના દેખાવપરથી કોઇબી કહી શકે કે તે દ્રઢ મનનો, પોતાનો કક્કો ખરો કરનારો, હઠીલો, જુસ્સાવાળો અને દારદમામથી હોકમ ફરમાવનારો જણાતો હતો. હવડાં તો તે તદન લાકડાં જેવો પડયો હતો—પણ તોબી તેને જોઇને હીલ્લાં બીહવા લાગી તેણીની છાતી અજબ જાતની હેરફેર લાગણીઓથી ડડકવા લાગી.

બોય તો બહાર બારણા આગળ બેઠો હતો અને હીલ્લાં કુરંતનીના ખુણામાં ઉભી રહી તેને ટીકતી હતી—તેવામાં જીલુ ડોસાં અંદર આવ્યા.

"મને રાંધણીમાં કામ છે. તું અહીં બેસીછ કે? બીચારો એ ઉંઘાયછ."

"હા માયજી એવણ સુતેલા છે. તેટલાં હું અહીં બેસુંછ. કામ પરશે તાહરે હાક મારશ એવણ ઉઠે પછી કંઈ હું અહીં નહી રેહું, બા—મને તો બીહક લાગે."

"બીહક લાગે! આવરી મોટી ઉખરા જેવી થઇને બીહક સાની લાગે? હું રાંધન્નીનું કરૂં કે એને જોયા કરૂં? તું મદદ નહીં કરે તો પછી મારેથી એખલે હાથે કેમ થાય? સીક માદાંની સારવાર કરવા હવે નહી શીખશે તો ધડડી થઇને શીખવાની કે?"

જીલુડોસાંનો "ઇસ્ટીમ" ચહડયો હતો. તેવણ આકળાં હતાં એટલે ભડભડ બોલતાં પણ તેટલાજવારમાં ડડાં પડતાં. હીલ્લાંનાં હાથમાં તેવણની નાડ હતી. તે મુગી મુગી સાંભળવા લાગી.

"એ તો હાલ ઉંઘાયછ. હવરાં એને છેરતી ના. જાગે તાહરે મને બોલાવજે" આ પછી તેવણ બીછાણા આગળ

ગયાં અને માથાથી પગ સુધી જોઇ બોલ્યાં ' કોઇનો ઘણો મજાનો પોરો છે. કોઇ દાદી શેઠનો દીકરો છે. માય બહેન થતી કોઇ છે કે નહી કોણ જાણે! પઇસાવારોજ્ઞી હોશે હં! જોની એના ખમીસમાં આએ હીરાનું બટન કેવું સરસ પહેરયુંછ!" આમ બોલી મેલા હાથે તેવણે બટન બધું ચુંઠી ચબડી નાંખ્યું.

"હં! હં! માયજી! એમ ચુંઠયે નહી," હીલ્લાં બોલી પડી—પણ માયજીનો કાંદો પાછો ખીલી ગયો.

"ચપરે! નાહલ્લે મોહને ટકટક કેમ કરેછ? આટલીક ગુટન જેવરી મને શીખામન દેવા નીકરી કે? બટન જોયુ તો હું ઘહાઇ ગીયું! ચાલ હું તો નીચે જાઉં—એને વરે કંઇ કાંજીબાંજી કરૂં."

જીલુ ડોસાં નીચે ગયા પછી હીલ્લાં તે ધણીનો ડરેસીંગ કેસ, જે બોયે લાવીને ત્યાં મુકયો હતો તે તપાસવા લાગી. ઘણોજ મોંઘો ચામડાંનો, રૂપાંના "ફીટીંગ્સ" સાથનો તે કોથળો હતો અને ઉપર "જમશેદજી બી. દાદીશેઠ" નામ ઇંગ્રેજીમાં લખેલું હતું. લગભગ અંધારૂં થવા આવ્યું. હીલ્લાં ત્યાં બેસીને જોતાં જોતાં થાકી ગઇ—પણ તે ધણીનો કાંઇજ સંસારો સંભાળયો નહીં.

"ઓ ખોદા! એ તો હીલતો કે ચીહલતો નથી! જીવતો છે કે? બીચારો કોણ હોશે? માયબાપ કોઇ હોશે કે નહીં! કેવો દેખાવસો છે! ઓ પરવર દેગાર! અમારા હાથને જશ આપજે ને એ બીચારાને સારો કરજે! જરા આગળ જઇને તપાસું તો ખરી!"

ઘણાજ ધીમા પગલાંએ ચાલીને હીલ્લાં બીછાના આગળ ગઇ અને દમ ચાલે છે કે નહીં તે તપાસવા વાંકી વળી. તેવામાં તે ધણીએ અચબુચ તેણીને બાજુમાંથી પકડી અને ધીમા સાદે પુછયું "તું કોણ છે? માણુસ કે હેવાન?"

હીલ્લાં ચમકી પણ ઘભરાઇને બુમ પાડવાને બદલે જવાબ દીધો, "બેમાનું એકપી નહીં."

"હું કહાં છેઉં?"

"અહીં અમારા ઘેરમાં."

"મારાં માયજી અહીં છે કે?"

"નહીં."

"તાહરે તમે કોન છેઓ?"

"હું હીલ્લાં છેઉં."

જમશેદ તેણીને પકડેલી છોડી દીધી અને આંખ્યો મોટી ઉઘાડી. મજાની મોટી મોટી ભુરી ભુરી તે આંખ્યો હતી.

"મને ઘણી તરસ લાગીછ."

"હા, આએ લેઓ જરા પી જાઓ" હીલ્લાંએ દુધનું ગ્લાસ તેના મહોડાં આગળ ધરયું. પણ તે પીવાને બદલે તે ટગર ટગર ટીકવા લાગ્યો.

"તમે કોન છેઓ?" તેને પાછું પુછયું.

"તમે આએ પી જાઓ," હીલ્લાં બીહતી બીહતી તે ગ્લાસ પાછું તેના મોહડાં આગળ લઈ ગઇ—પણ તેણીની અજાયબી વચ્ચે પેલાએ તે ગ્લાસને અછાટ મારી ઉડારી નાખ્યું અને એકદમ બીછાણા ઉપર ઉઠીને બેઠો. "તું બાકસમાંથી બહાર કેમ નીકળી આવી—બોલ!" જમશેદ તેણીનો હાથ મજબુત પકડીને પુછવા લાગ્યો.

"બાક્સ? બહાર કેમ નીકળી? ઓ માયરે! એ શું ફાટું ફાટું બકેછ?" હીલ્લાં બીહને ધ્રુજવા લાગી, "બીચારો તાપની ઝુમમાં બોલેછ! બોય, બોય, માયજી, માંયજી!"

પણ જમશેદ તો એકની એક તાહી ધરી બેઠો "એ બાક્સમાંથી બાહર કેમ નીકળી! હં? બોય! એ બાહર કેમ નીકળી?"

હીલ્લાંની બુમ સાંભળી બોય અને જીલુ ડોસાં ત્યાં દોડી આવ્યાં. જીલુ ડોસાંના માથાપર કાળો પાટો હજી વીંટાળેલોજ હતો. તેવણને જોઇ જમશેદ બુમ પાડી ઉઠયો—

"અરે આએ કોન કારી ડાકણ આવી? એને કહાર, બાહર કાહર! આ છોકરી એને કહાર જો વરી."

પણ આણી મેર જીલુ ડોસાંએ સાહઠ દીવાલી જોઇ હતી. તેવણ સમજી ગયાં કે તાપની ઝુમમાં તે લવારો બકારો કરતો હતો તેવણે બોયની મદદ સાથ જોર કરીને જમશેદને પાછો સુવાડયો. "ચાલો બા—મુંગા મુંગા સુઇ જાઓ! એમ ઘેલાં ચેરાંના કહારો, નહીં તો ડાકટર આવીને ડહવારો પારશે."

જમશેદ ઠાકી ગયો હતો એટલે મુંગો મુંગો સુતો ખરો—પણ ચકચક થતા ડોળા સાથે આ મા દીકરાંને ટીકવા લાગ્યો.

"જા તો, હીલ્લાં, હવે તું જરા બાહર હવામાં જઇને બેસ. હું હવે અહીં છેઉં. ને ડાકટર આવે તો ઉપર મોકલ—પણ જો પેલી પાસેની નાહલ્લીબાઇ હવરાં મને અસેમસે બધું પુછતી'તી. તુંનેબી પુછે તો કાને હાથ દેજે હં! આપણે કાંઇ આએ સીક માણસ કોણ છે તે જાણતાં નથી.'

હીલ્લાં બહાર નીકળવા જાય તે અગાઉ જમશેદે વળી ચીસ પાડી. "નહી, તું ના જા, આએ વાંદરી મને મારી નાંખશે."

વાંદરીનો એલકાબ કાંઇ જીલુ ડોસાંને ગળે ઉતરયો નહી–પણ તોણી તેવણે ધીરજ રાખીને હીલ્લાંને કહેયું "જા, જા, તું ચાલીજા."

પણ નહી, તેણીને જતાં જોઇ જમશેદ વળી પાછી છલાંગ મારીને કુઠયો "અરે એ પાછી બાકસમાં જાયછ, પાછી અંદર જાયછ! નહી હું જવા નહી દેઉ" આટલું બોલી તેને એવી તો ધરફડી મારવા માંડી કે બોય અને ડોસાં પકડતાં પકડતાં બેજાર થયાં.

"નહી હીલ્લાં, ઉભી રેહ! તું જતી ના–નહી તો એ વધારે ઉશ્કેરાશે."

હીલ્લાં પાછી બીછાણા આગળ ગઇ અને પટાવીને જમશેદને બીછાણા ઉપર સુવાડયો, "જરા તમે ઉંઘાઇ જાઓજી."

હીલ્લાંના સાદમાં કાંઇ જાદુ હોય તેમ જમશેદ શાંત થઇ ગયો આ ઉપરથી જીલુબાઇ બોલ્યાં—

"બચી વેઠ તારી ઉપર આવશે એમ લાગેછ. મારાં જેવાં બુઢાં એને નહી ગમતાં ગોરી ગોરી નરસ ગમતી દેખું! પણ તેમાં શું નવાઇ! સીતેરને પોનોસો વરસના ધાંખરાઓને જુવાન નરસો ગમે તો એને મારી જેવી કોંહથી ગમે? ચાલ કંઇ નહી–સારો થશે પછી તારી મેહેનતના બદલામાં તુને મજાની જેવી સારી અપાવશે.'

"અરે શુંજો માયજી! આસ્ને બોલોની–વખતે સમજશે!"

"તે શું એના બાપનુ ઘેર છે કે? મેં શું ખોટું કહયું? પન લે ડાકટર આયા હોશે–બાન્નુ ઠોકાયછ!"

"ચાલો હું બારણું ઉઘાડું," હીલ્લાં બોલી.

"નહી નહી, તું ના જા, પેલી કારી ડાકણને મોકલ" મા દીકરાની અજાયબી વચ્ચે જમશેદ વળી બોલી ઉઠયો.

"કાળી ડાકણ! વાંદરી! વારૂં વારૂ!" જીવુ ડોસાં બબ્બારવા લાગ્યાં "ઉભો રહે તું! ઉભો રહે! તું સારો થા પછી એ કાળી ડાકણનો સવાદ તુંને ચખારૂંછ! હવરાં સારો હોતે કેની તો કાન પકડીને ચીમટી નાંખતે. ચાલ તું અહીં ઉભો રહે–હું બાન્નુ ઉઘારૂંછ."

જીવુ ડોસાંએ ડાકટરને જઇને બધી હકીકત કહી, જે સાભલી ડાકટર ડોકું ધુણાવવા લાગ્યા–

"ઉંહુ, મને કંઇ ચેનચાલા ઠીક લાગતા નથી." ઉપર જઇને દરદીને તપાસ્યા પછી તો તેવણે વધારે જોરમાં ડોકુ ધુણાવ્યું "નહી નહી, એને એમ ઉસ્કેરવો મુદલ નહી જોઇયે," "ડાક્ટર નાડ તપાસીને બોલ્યા," સવાર કરતાં હાલત વધારે ખરાબ થઇછ. જુવો ડોસાં, તમુને જોઇને જહારે એટલો બધો ઉસ્કેરાયછ તાહરે તમે એની આગળ ના જાઓ, તમે—"

"ઓવાય! ઘેરનો ધણી હું ને બહાર નીકર તું! એ શું એમ લાર પડાર કરતો હોશે!"

"વરી, વરી તમે સમજુ થઇને એમ બોલોછ? એ તદન બેભાનીમાં બધું બકેછ. એક બે દહારા તમે ખીસ્તાં રહી ડીલ્લાંનેજ એની આગળ રાખજો. તમે ઓરડામાંજ રહેજો –પણ એની નજર સામ્બે ના જતાં. જો બે દહારા તદન શાંત રાખશો તો એ બચશે–નહી તો મને કાંઇ સારૂં લાગતું નથી."

પ્રકરણ ૪ થું.

જીવ સટોસટ.

"બલા જાણેરે! એ પારકી વેઠ મેં કોંહ માથે લીધી! સુખ વન ખાધાની મોરચી?" ડાકટર ગયા પછી જીલુ ડોસાં હીરૂલાં આગળ આવી બડબડવા લાગ્યાં "એની મદધને કંઈ કશું થશે તો મારૂં ઘેર નકામું બદનામ થશે ને બીજા કોઇ ભારૂતો આવશે નહીં."

જ્યાં જીંદગીની વાત આવી ત્યાંબી માયજી પઇસા જેવી નીચ વાતનો સવાલ વચમાં લાવતાં હતાં તે સાંભળી ભલી હીરૂલાંનો જીવ બહુ કચવાયો. પણ માયજીને છેડીને કયાં ઉભી રહે? તે સીક માણસને વધુવાર ઘેરમાં રાખવાબી ના પાડે તો પછી! તેણી કાંઈ બોલી નહી–પણ માયજી નીચે ગયા પછી જમશેદના તપી જતાં માથાં ઉપર કોલન વોટર ભીંજવીને મુકતાં તે વીચારમાં ગુંટાઇ.

"અરે બીચારો! એ કોણ હોશે કોણ જાણે! કેવો તાપની ઝુમમાં બકબક કરેછ! ઓ ખોદા! હવે તો તુ એને જીવારજે! એની બીચારાની માય જો જાણે તો કેવી ફાળ ખાય! તેબી ચારીને ખાતર હું આજે એની આગ- ળજ રેહી તેને બચાવવાની તજવીજ કરશ? આખી રાત મારે ઘણુંજ સંભાળવું પરશે!"

અને ખચીતજ હીરૂલાં આખી રાત તેની આગળ ખડે- ખુટ બેસી રહી. તેજ ઓરડામાં એક નાહનો પલંગ મુકાવી જીલુડોસાં તો ધરાધર ઉંઘ કહાડવા પડયાં–પણ હીરૂલાં જાગતી બેસી રહી અને વખતો વખત ખોરાક દવા વગેરે આપ્યા કીધું તેમજ માથાં ઉપર આઇસનો મારો ચાલુ રાખ્યો.

તેણીની જવાન જીંદગીમાં આ નવોજ અનુભવ હતો. આવી જીવ સટોસટ માંદગી તેણીએ પેહલીજ જોઇ હતી–પણ તોબી એક ભલી નર્સને બાજુ બેસાડે તેવી ધીરજ, માયા અને ઉલટથી તેણીએ આખી રાત તે તાસવીસ કરતાં માણુસની સારવાર કરી, અને તેનો બદલો તેણીને મળયો. સવારના ૭ વાગે જયારે જીલુ ડોસાં જાગી ઉઠયાં ત્યારે તેવણે જોયું કે જમશેદ શાંત હતો અને આગલે દીવસનો પ્રીકાસ દુર થઇ તેનો ચેહેરો વધારે હુશીયાર તથા ખોલ્લો દીસ્તો હતો.

"મરેરે હું કેમ ઉંઘાઇ ગેઇ! બલા જાણુ મારી છોકરી આખી રાત એખલી એખલી પછડાયા કીધી કે? મને ઉઠારી કોંય નહી? ચાલ હવે તું જઇને પોહરી જા, હું પાસેની નાહલ્લા બાઇની છોકરી પીલુને બોલાઉંછ તે મને મદદ કરશે."

હીલ્લાં ખરેખરી થાકી ગઇ હતી. પોતાના ઓરડામાં જઇને તે ઉંઘાઇ ગઇ. બપોરના જમવાને માટે પીલુએ આવી તેણીને ઉઠાડી. આ પીલુ પાસેના નાહલીબાઇ દુબાશની છોકરી હતી. તેણી આશરે પચીસ વરસની, અંગે ભરેલી અને પટપટબોરી હતી. તેણીને જો બોલવા મુકી હોય તો ધાન ખાવાબી નહી માગે. તે દેખાવમાં ઠીક હતી અને એરકી કપડાં પહેરી ફરવાનો ઘણો શોખ હતો. તેણીની જબાં એક ગજ લાંબી હતી. સામાને બોલવાનો વખત આપ્યા વગર કટકટ કરવામાં બાહધર હતી. તેણીને જીલુ ડોસાંને ત્યાં સારૂં હતુ અને અવારનવાર હીલ્લાંને મળવા તથા કામે લાગવા આવતી હતી.

"ઉઠની હીલ્લુ, માયજી બોલાવેછ–કેટલી ઉંઘાયછ!"

હીલ્લાં જાગી ઉઠી. "ખરેખર–મરે–એક વાગો! એવણુ –પેલા જમશેદજી કેમ છે?"

"છે ઠીક છે. સવારના અગીઆર વાગે ડાક્ટર આવી ગીયા. તેવણુ જોઇને ખુશ થયા કે હવે બચવાના ચાન્સ ઘણા છે. મરે કેવો મજાનો ખુબસુરત માટીડો છે હું! તારાં માયજીએ કહયું કે તેં આખી રાત જાગીને તેવણુની બરદાસ્ત કીધી તેથી ડાક્ટર ઘણા ખુશ થઇ ગીયાછ હા, ને બીજુ ડાક્ટર કહેતાતા કે એ જમશેદજીનાં કોઇ સગા દીનશાહજી મેહેરહોમજી તરફનો તાર આયોતો. જમશેદજી સીક પરી ગીયા તેની કંઇ ખબર પરી હોશે તે તાર કરીને પુછાવ્યું કે કેમ છે!"

"અં! તે ડાક્ટરે શું જવાબ મોકલ્યો?" હીલ્લાએ ઉલટથી પુછ્યું.

"ડાક્ટરે જવાબ મોકલ્યોછ કે જમશેદજી હવરાં સીક છે તેથી સારા થઇને જવાબ લખશે."

સાંજે ચાર વાગે ડાક્ટર પાછા આવયા તેજ વખતે પોસ્ટ વાળો એક કાગજ લઈ આવ્યો.

"એ આએ પોસ્ટવારો આયોછ. જોની કોણુનું કાગજ છે?"

જીલુ ડોસાંએ તે કાગજ લીધું "હવે શું કરૂ? આએ તો પેલી સુનાબાઇની અક્ષર લાગેછ. જુવોની ડાક્ટર વાંચોની એ વરી શું લખેછ?"

ડાક્ટરે કાગજ ઉખેડયું અને નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યું.

"બાઇ જીલુબાઇને માલમ થાયજે હું અહીંથી પરમ દહારે એટલે તા૦ ૧૬ મીએ નીકરશ ને તમારી ગમ તા૦ ૧૭ મીએ આવી પુગશ તેથી મારા ઓરડાઓ તઇયાર રખાવજોજી."

હાલ એજ

લા૦ સુનાબાઈ અ. બાટલીવાળા.

"આ તું મરેરે એમની એમ!" જીલુ ડોસાંએ વગર કારણે સુનાબાઇને ચોપડી કહાડી. "એ વળી હવરાં કોંહથી ફુટી નીકરી! ઓરડા કોંહ ખાલી છે! ડાકટર તમે એને લખ્યું નહી કે?"

"હું તદન ભુલી ગીયો!" ડાકટર બોલ્યા. "હું જાણું કે હવરાં કંઇ આવશે નહી પણ ચાલો કંઈ નહીં. એવ-ણુના ઓરડામાંથી જમશેદજીને હાલ કાંઇ ખીસરાય તેમ નથી હુ મારાં ધણીયાણી ખરશેદબાઇને કેહવશ, તેવણ પાસે કાગજ લખાવીને સુનાબાઇને અમારે તાંહ થોરા દહારા રાખવાની ગોઠવણ કરશું? તમે અકરાઓ ના. મારી ખર-શેદબાઇ સાથે તો એને ઘણી ઓરખાન છે એટલે કંઇ અરચન પરશે નહીં."

ડાકટર ડોસાભાઇને આ સુનાબાઇ વીશે કાંઈ ઘણું ઉચું મત તો હતુંજ નહીં—પણ બીજો ઉપાય નહીં હતો જીલુ બાઇએબી હા કહયું એટલે ડાકટરે પોતાને ત્યાં રાખવાનો ઠેડાવ કીધો. એવામાં માળપરથી બોયનો સાદ સંભલાયો—એટલે ડાકટર, હીલ્લા તથા જીલુ ડોસાં ત્રણડે જણા ઉપર દોડી ગયાં.

જમશેદ મોટા મોટા ડોળા કહાડી જોતો હતો. તેણે ડાક-ટરને ઓળખ્યા નહીં.

"હું કહાં છેઉં? મારા હોટલમાં? મને ઘણી નબળાઇ લાગેછ—અં—આ"

"તમે ઘણું બોલો ના, તમે ઘણા સીક છેઓ. હીલ્લા જલદી જરા બ્રાંડી લઈ આવ!"

"એ તમે હવરાં કોણને હાંક મારી? જમશેદે આસપાસ નજર ફેંકી પુછયું.

"હીલ્લાને."

"હીલ્લાં કોણુ?"

"હીલ્લા ને તેનાં માય જીલુડોસાં છે એ બાઇઓએ તમારી ઘણી ચાકરી કીધીછ."

"બાઇઓ! મને બાઇઓ સાથ શું કામ છે! હું તો લોકને ધીકકારૂંછ! મારો બોય કહાં છે?"

"તમારો બોય તો ગીયો."

"તમે પેલીને શું નામે બોલાવી?"

"હીલ્લા."

"તે કેવી છે? બુઢી કે જુવાન તેને મને જોવા દેઓ."

"હાજી આવી આવી" આમ બોલી જીલુડોસાં સામા આવી ઉભાં. પણ તેવણુને જોઇને જમશેદ વળી બુમ પાડી ઉઠયો—

"અરે એ નહીં, એ નહીં! એ ભુતારી વરી કાંહ આવી? એને કહારો, પેલી બીજી મને ગમેછ તેને લાવો."

જમશેદ એટલો ઉશ્કેરાઇ ગયો કે ડોસાંને બાજુ કરી હીલ્લાને બોલાવવીજ પડી.

"તમે તેને એમ ઉશકેરયા ના કરોની, મેં તમુને ના કહયું તે નહીં સાંભળતાં? ડાકટર જરા ચીરડાઇને બોલ્યા.

"એ વરી બાકસમાંથી કેમ નીકરી?" જમશેદ વળી પટપટારો ચલાવયો. હીલ્લાનો હાથ પકડી તે પુછવા લાગ્યો—

"બોલની તું બાકસમાંથી કેમ નીકરી?" અજબ જેવા મીઠાસથી તેણીની ગમ જોઈ તે એકનુ એક બોલવા લાગ્યો. હીલ્લા માયાથી તેનું માથું પસવારવા લાગી.

"તું જલદી આવતી કેમ નહી! હું બોલાઉછ તાહરે જલદી આવતી કેમ નહી?" હીલ્લાનો હાથ ધરી રાખી તે બોલ્યો.

"ડાકટરનો હુકમ નથી, તમે વાત ના કરયા કરો.'

"ડાકટર ગીયો જહાનમમાં! બસ તું મારી આગળ બેસી રહેજે, તો હું જલદી સારો થવશ," આટલું બોલતાં તે થાકી ગયો અને ઉંઘમાં પડયો. હીલ્લા તેનો હાથ ધરીને બેસીજ રહી અને તે દરમ્યાન તેણીના દીલમાંથી જાત જાતની વીચીત્ર લાગણીઓ તોફાન મચાવી રહી હતી. કાંઇ ન સમજ પડે તેવી લાગણીથી તેણીના દીલમાંની નસો તણાઇ રહી હતી. તેણીને લાગ્યું કે આ એક તદન અણજાણ્યા તરાહેત ધણીને માટે તેણી જોઇયે તે કરતાં વધુ વીચાર કરતી હતી.

"હું કોણ, એ કોણ? હું એક સાધારણ ગરીબ માણસની છોકરી, ને આએ કોઇ દેખઇતો પઇસાવાળો શેઠયો છે. મારે એવા પેલા ગાંડા તુરંગ શું કરવા જોઇયે! આહ! એ કેવો ખુબસુરત છે! પણ ઘણોજ મીજાજી ને મગરૂર દીસેછ! ખોદા! એની કોઇ બઇરી હોશે કે? હોશે તો એને સારૂ કેવી મગરૂર હોવી જોઇયે! ખોદા કરેને એવું કાંઇ નહી હોય કેમજે—"

જમશેદ કોરવાળી એટલે હીલ્લા વમાસણ કરતી અટકી પડી. હીલ્લા! હીલ્લા! તારા મનના તુરંગો ધાસ્તીભરી ઝડપથી દોડતા જણાય છે! સંભાળ!

પ્રકરણ ૫ મું.

"મોતમાંથી માંદમાં."

મોહત અને જીવત વચ્ચે લડાઇ કરયા પછી સાત દહાડે જમશેદ મોહતમાંથી માદમાં આવ્યો હતો. તે ધાસતીમાંથી મોકળો થયો હતો અને તેની તાપ તદન ઉતરી ગઇ હતી.

"બાકસમાંથી નીકળી" અને "કાળી ડાકણ, ભુતાડી, વાંદરી" વગેરે બુમાટા બંધ પડી ગયા હતા. તેનું મોહડું બહુજ ઉતરી ગયું હતું અને તે ઘણોજ નબળો પડી ગયો હતો. પણ ડાકટરની રજાથી જરા જરા વાર તે હવે ઉઠીને ખુરસીચેર ઉપર બેસતો હતો. હીલ્લાને હવે આગળની આગળજ રહેવાની જરૂર ન હતી, પણ કાંઈ કાંઇ કામને મસે તે હીલ્લાને બોલાવવા મોકલતો હતો. હીલ્લા અવારનવાર તેના કાગળો વાંચતી—તેના જવાબો લખતી—તેમજ કોઇ કોઇ વખત ન્યુસપેપરો વાંચતી. હીલ્લાંને જોઇને તેનો ચેહેરો ખુશાલીને મારે ખીલી જતો અને ઘણા વખત નજરે નહી પડતી તો બેચેન બની જતો હતો. જીજુ ડોસાં પણ અવાર નવાર તેને માટે સુપ, કાંજી વગેરે લઇને તેના ઓરડામાં જતાં પણ તેવણની "વલગર" રીતભાત, હાલહવાલ દેખાવ, અને મેલના ઠપેરાવાળી સુન્નાની સાંકળી જોઇને મનમાં કચવા તો—જોકે પોતાનો અણગમો હવે ખુલ્લો દેખાડવા જેટલો તે નગુણો અને અવીવેકી ન હતો. તે ઇંચે ઇંચ ગ્રહસ્થ હતો. બઇરાંઓની કંપનીનો તેને શોખ નહી હતો. ખરૂં પુછાવો તો અત્યાર અગાઉ તે બઇરાંઓની કંપનીથી દોહડ ગાઉદુર નાહસ્તો હતો, પણ તોબી બઇરાંઓ સાથે ગ્રહસ્થને છાજતા તરીકાથી કેમ વરતવું તે તેને ખબર હતી.

હીલ્લા ઉપર તે અત્યંત ખુશ હતો. તે કાંઇબી કામ કરતી ત્યારે ને ગુપચુપ પડી તેણીનો સુંદર મુખડો તથા નાજુક કદ જોઇને અજબ થતો હતો. હીલ્લુબી ગુપચુપ પોતાનું કામ કરી જતી અને રોજબરોજ તેને ટટાર થતો જોઇને મનમાં મગન થતી. તેણીના દીલમાંબી પ્યારની અગન સળગી રહી હતી.

એક દીવસ ઉઠીને જમશેદ ખુરશી ઉપર બેઠો હતો. તેના દીલમાં લાંબો ડરેસીંગ ગાઉન" પેહરેલો હતો. હજામ પાસે બાલ કપાવી દહાડી "ત્રીમ કરાવ્યાથી તે બહુજ શોભ-ખતો લાગતો હતો. તેની પાસેની ટેબલ ઉપર થોડાં ઉઘાડ્યા વગરના કમજો પડેલાં હતાં—તેવામાં હીલ્લાં ઓરડામાં થોડાંક તાજા ફુલ લઇને આવી.

"હીલ્લાં—હીરાંબાઈ."

"જી કાંઇ કહેોછ? શું જોઇએછ?"

"એટલુંજ માગુંછ કે તમે જરા હસો. એટલાં બધાં સીરીયાઉસ કાંય થાઓછ? મેં તમુને કોઇ દહાડો હસતાં તો જોયાંજ નથી."

"જી તમુને કંઇ કામ હોય તો કેહો—નહીં તો હું નીચે જાઉં. મને કામ છે."

"વરી વરી, એમ શું કરોછ? જોઈ એ તો હસ્વાનાબી પઇસા બીલમાં નાંખજો," તે જરા ગેલમાં હતો.

"જી બીલ ફીલની વાત મારાં માયજી જાણે" તેણી જરા છણકો કરીને બોલી. "તમુને આટલી બરદાસ્તથી ઉછેરયા તે કંઇ પઇસાને ખાતર નહીં."

"અરે અરે એમ ગુસ્સો શું કરેછ? હું તો અમથો હસુંછ! માફ કર—જો વરી" જમશેદે તેનો હાથ પકડવાની તજવીજ કીધી પણ હીલ્લાંએ હાથ છટકાવી નાખયો. કેમ જે હીલ્લા ગમે તેવી નાહની ઉમરની હતી, ઘણાજ મીઠા અને ભલા સ્વભાવની હતી, માયાળુ દીલની હતી પણ કોઇ અણજાણ્યો તરાહેત ઘણી થોડાજ વખતની ઓળખાણમાં તેણીની સાથ "તું તાં"થી વાત કરે યા તો જરાબી છુટ લે તે તેણીને મુદ્દલ પસંદ નહી હતું.

તેણી લગાર નાખુશીથી બોલી "તમે મને કાંઇ કેહતા તા?"

"હા, એટલુંજ કે આએ કાગજ જરા વાંચી સંભળાઓ. મારેથી હજુ વંચાતું નથી." સેહજ ખસયાણો પડી જમશેદ બોલ્યો.

હીલ્લાએ વધુ બોલવા વગર તે કાગજ ઉંઘાડયું અને અને નીચે પ્રમાણે વાંચવા માંડયું—

"ડીયર જેમી."

એ તું સીક કેમ પરી ગીયો? મને તારાં હોટલમાંથી કાગજ આયું કે તું એમ સીક પરી ગીયાથી તુને તાંહથી ખીસાડીને બીજી ગમ લઇ ગયા છે. તારાં ડાકટરને મેં ટેલીગ્રામ કરીને પુછાવ્યું તેવણે જણાવ્યું છે કે હાલ તું ઠીક છે ને મુંબઇમાં કોઇના કુટુંબમાં રહેલો છે. ઓલ રાઇટ! સારો થઇને મને લખજે. તારાં માયજી ને બેહનો હાલ ઉતાકામંદ છે તે લોક તો એમજ ધારે છે કે તું "નોરથ ઇંડીયા" ફરયાજ કરેછ. મેં તે લોકને તારી સીકનેસ વીશે જણાવ્યુંજ નથી—નહી તો તારાં "મધર" વરી નરવસ બની જાય. હવે તો તું જઇને તે લોકને મળજે. પણ સમાલજે-ફરતાં ફરતાં બઇરાંઓથી સમાલજે ને જેમ મેં શીખવ્યુંછ તેમ એ બલાઓથી દુરજ રહેજે.

લા૦ દુવાગો—દીનશાહ મેહરહોમજી.

તા૦ ક૦—એક વાત લખતાં ભુલી ગીયો. પરમ દહાડે બાહર જમવા ગીયો તો તાંહ મારી પાસે કોઈ સુનાબાઇ બાટલીવાળા નામની બઇરી બેઠીતી. તેની સાથ ઓરખાન થઈ. બાપરે આએ બઇરીની જબાં છે કે બલા! બધાંજ બઇરાંઓની જીભ તો લાંબી હોયછ. પણ આએ તો કોઈ

જબરૂં કટકટીયું બબરૂં હતું. વાત પરથી જણાયુ કે તે મુંબઇમાં કોલાબેજ રહેછ ને તુંને નામે ને નજરે ફક્ત ઓરખેછ. પોરયા સમાલજે, વધારે ઓરખ્યાન પારવાની તજવીજ કરતોજ ના? બીજી એક નવાઇ જેવી વાત એ કે તેનાજ ઓરડાઓમાં તું હાલ રહેલો છે—તેથી તેવણ આજ કાલમાં તારા ડાકટર, કોઇ ડોસાભાઇ ભરૂચાને તાંહ પરોણા ઉતરવાના છે. તું સારો થયા પછી તારી સાથે ઓરખ્યાન પારવા આવવાના છે. બીચારાં છે તો અગલી જેવાં પણ તોબી ફરીથી લખુંછ કે સમાલજે. તેવણના ફાંદામાં સપરઈ ના જતો બચ્યા!

લા૦ દીનશાહ!

હીલ્લાને આ વાંચીને સેહજ હસવું આવયું. પોતાની જાતને માટેનું આવુ કોઇ માઠીડાનું મત વાંચી તેણીને રમુજ લાગી. ચાવી આપેલાં ઘડીયાળની માફક કટકટ કરીને ભેજું માથું ખાતાં બઇરાંઓ માટે હીલ્લાને પણ બહુજ ધીકાર હતો. તેણી પોતે ઘણુંજ થોડું બોલનારી હતી, પણ જેટલું બોલતી તે બે વાર વીચારીને ડાવકુંજ બોલતી હતી.

"હવે જરા એનો જવાબ હું લખાઉં તેમ લખશો?" જેમીએ પુછયું.

હીલ્લા લખવા બેઠી અને કાગજ લખી સહી કરવા જમશેદના હાથમાં મુકયું. તેણીના દસ્કત જોઈ જેમી હેરત રહયો.

"આવા સરસ અક્ષર! ઓ! આએ છોકરી કોઇ અસાધારણ છે! એનો ભેદ મારે શોધી કડારવોજ જોઇએ" તે મનમાં બડબડવા લાગયો.

"તમારા દસ્ખત ઘણાજ મરોડદાર છે." તે હીલ્લાગમ મીઠાસથી જોઇને બોલ્યો "ને જોડણીબી ઘણીજ સરસ છે."

"એમ કે? મને જરા વાંચવા લખવાનો શોખ છે ખરો. માયજીએ મને જલદીથી સ્કુલમાંથી ઉઠાડી લીધી: પણ હુ ઘેરમાં મારો અભ્યાસ ચાલુ રાખુંછ."

"માયજી? આએ નીચે છે તે તમારાં માયજી થાય?

"હાજી."

"તમારાં માયજી? ખરાં માયજી?" જમશેદે લગાર અજાયબીથી પુછયું "તમારાં ખરાં માય થાય?"

"એવાય? ખરાં માયજી નહી તો વરી ખોટાં માય કેવાં હોય?" હીલ્લાંએ નાખનાં ફીફડાં ચહડાવી જવાબ દીધો.

જમશેદે જોયું કે તે પોતે મગરૂર હતો તો આ પોરી તેના કરતાં ચાર ચાસની વધારે મગરૂર અને દમામ વાળી હતી.

"તેવણનું આખું નામ શું?" જમશેદે પુછયું.

"એવણ બુચીયાનાં જીલુબાઈ કહેવાયછ" હીલ્લાંએ કહ્યું.

"બુચીયા! બુ–ચી–યા! કેવું નામ!" જમશેદે પોતાના હોઠ ભીસી ભવાં ચહડાવ્યાં "ને એવણ—આએ ઘેર એવણનું છે?"

"હા, એવણ તે ભારે આપી ભારૂતોને પૈસા લઇ રાંધી ખવારેછ!"

"રાંધી ખવારેછ! એવણ પોતે રાંધેછ?" જમશેદનાં ભવાં વધારે ઉપર ચહડયાં અને કોણ જાણે શું કારણથી એક નીસાસો નાખી તેણે વાત ફેરવી તોલી. "જરા મારી "પર્સ" મને આપશો?"

હીલ્લાં ડરેસીંગ બેગમાંથી "પર્સ" કહાડી લાવી જે ઉંઘાડી એક પોસ્ટેજ સ્ટાંપ તથા એક ગીની કહાડી જમશેદે હીલ્લાની સામાં ધરયાં. 'જરા આએ સ્ટેંપ મારીને કાગજ ટપાલમાં નખાવજો ને આએ તમે લેજો.'

હીલ્લાએ હાથની હડેલી ઉપરથી સ્ટાંપ ઉંચકી લીધા અને ગીની તરફ આડી નજરબી ફેંકયા વગર ‘ઠેંકયુ’ બોલી ઠસામાંજ ઓરડામાંથી બહાર ચાલી ગઈ.

જમશેદ તો મુછ મરડતો ઠસ થઇને બેસીજ રહયો. “આહ! બાઇ ગોડ! શું છોકરી છે! છે તો કોઇ બુચીયાની છોકરી પણ શું ‘ફેસ’ છે! શું ‘ફીગર’ ને શું ‘લેડી લાઇક મેનરસ!’ માય તો લોકને રાંત્રી ખવારેછ ને દીકરી કેટલી પ્રાઉડ છે? પેલા અગલીને વલગર ડોસાંની આએ છોકરી? કેટલું અજબ જેવું! કોણુ જાણેં શું છે કે રાતને દહાડો એ છોકરીનો ખ્યાલ મારાં ભેજાંમાંથી ખીસતો નથી. બચા દીનશાહ, હું હંમેશનો બઇરાંઓને ધીકકારનારો આજે આએ પોરીની ઉપર આટલો ફીદા થયોછ તે તું જોય તો મારી કેવી મશકેરી કરે! આએ દુકતીએ મને ઘેલો કીધોછ—પણ પેલી એની માયને જોઇને તો મને કાંઈ થઇજ આવેછ એ હીલ્લાની માય? છટ! ‘હાઉ રીડીકયુલસ!’ મારે કોઇ દહાડેબી પનવું તો પરશેજ! મારાં માયજી માથું ભેજું ખાઇ જાયછ ને મને મારાં માસીની દીકરી દીનુ સાથ પન્નાવવા માંગેછ. દીનુ દોહરયાં વાળી છે પણ મને કંઈ ગમતી નથી. જોઈએ તો દશ પંદર વરસ થોભે—પછી હું વીચાર કરૂં! પણ આએ હીલ્લા–કોણ છેઓ? અંદર આવો!”

બારણું ઉઘાડી જીલુ ડોસાં એક ઠાલીમાં જેમીનું ભોણું લઇને અંદર આવયાં. તેવણ સાડી વગરજ ચહડી આવ્યાં હતાં તેવણનો મેલો સદરો, માથાપરનો રૂમાલ તથા કાળાં કાળાં નખવાળા હાથો જોઈ જીમીની ભુખજ ભાંગી ગઈ. તેવણ ખુમચો ટેબલ ઉપર મુકી હાંફવા લાગ્યાં.

"તમારૂં ભાણું છે, જમો મરૂં! મરેરે હવે તો દાદર ચહરતાં દમ ભરઈ આવેછ."

"પણ તમે શું કરવા ફેરા ખાયા કરોછ? તમારી દીકરીનેજ કાંય નહી મોકલતાં?"

"ઓવાય! તે મારી પોરી કેટલાક ધકેલા ખાયા કરે! ને તમારી સીકનેસ વખતે બધી પછરઈ ગેઈછ!"

"એટલે! તે શું?"

"બાવા મારા! તે મારી હીરાં નહીં હોતે તો તારી દુશમન આજે જીવતી કોંહ હોતે! દુવા માગ મારી પોરીને કે તેને હાથે તું જીવ્યોછ."

"તમે એ શું બોલોછ? બાઈ મને કાંઈ સમજ નથી પરતી."

"ઓ લેરે! તેમાં સમજવાનું હું? ડાકટર તો તમારે વરે ના કહી ગીયો તો—પણ એ દુકતીએ સારી સારી રાત તમારી આગળ બેસીને માવજત કીધી ને તમે બચ્યા! એ મારી દીકરી તો હીરોજ છે જો મરૂં! ચાલો હવે હું જાઉ તમે જમી લેઓ!"

પ્રકરણ—૬ ઠું.

પ્યારનું પેહલું પ્રજારણ.

જીલુ ડોસાં ભાણું મુકી નીચે ચાલી ગયાં—પણ જમશેદ તો આંખ મીચીને પડી રહયો. ભાણું ભાણાને ઠેકાણે રહયું અને તે ઉંડા વમાસણમાં લીન થઈ ગયો——

"એ હું શું સાંભલુંછ! આએ છોકરીએ મારો જીવ બચાવ્યો? ઓ! એ છોકરી મારા જીગરમાં વસીતો રહી-

ત્રીજ—તેમાં આએ વાતે મને પુરો દેવાનો બનાવ્યોછ ! મને લાગેછ કે હું એ હીલ્લાં વગર હવે મારી જીંદગી કહાડી શકશ નહી ! પણ આએ ડોસાં ! શું આએ ડોસી મારી સાસુ ! આહ ! દાદીશેઠ ખાનદાનની "પ્રાઇડ" ને એ કેવો ફટકો પડે ! મારાં માયજી જેવણ પોતાના ઉંચાં ખાનદાનને વાસ્તે આટલાં મગરૂર છે તેવણ શું કરે ? નહી બચ્ચા જેમી, જરા સમાલીને કામ લેજે !"

આવી જાતની ઉઠલપાઠલ લાગણીઓ સાથે તે ઇઝીચેર ઉપર લાંબો થઇને પડી રહયો, હતો તેવામાં ધીમેથી બારણું ઉઘાડી હીલ્લાં ન્યુસપેપર લઇને અંદર આવી. જમશેદની આંખ્યો બંધ હતી તથા તેનો ચેહેરો સેહેજ ફીકકો લાગતો હતો. હીલ્લાંના દાખલ થવાનો સંસારો સાંભળયાં છતાં તે હીલ્યો નહી —પણ આંખ્યો બંધ કરીને પડી રહયો, એટલે હીલ્લાં ગભરાઇ.

"ઓ માયરે ! એવણ કાંઇ પાછા સીક થઇ ગીયા કે શું ?" હીલ્લાંએ જમશેદનો હાથ પોતાનાં હાથમાં લીધો અને બીજો નરમ હાથ તેના કપાળ ઉપર ફેરવયો જમશેદે એકદમ ડોળા ઉઘાડયા પણ હીલ્લાંનો હાથ મજબુત પકડી રાખ્યો.

"ઓ જમશેદજી શું છે ! જીવ ફરી આયોતો શું ? તમે હજુ જમ્યાબી નથી. શું છે કંઇ જીવને રારૂં નથી?" હીલ્લાંનો હાથ ઉપલું બોલતાં જમશેદના હાથમાં ઠડઠડ ધ્રુજતો હતો.

"તુંને—તમુને મારી શું દરકારછે ? હું મરૂં કે જીવું તેની તમુને શું દરકાર છે?" ઘણીજ મમતાથી જમશેદે પુછયું.

"કાંય ? કાંય ? એમ કાંય બોલોછ ? આટલી મેહેનતે તમુને જીવારયા તે દરકાર વગરજ ?"

"શું ખરેખર મને જીવારવાની એટલી બધી તુને-તમુને કાલજી ઉતી?"

"હા વરી! બીચારાં તમારાં માયજી, બેહનો, તમારા પેલા "કઝીન" દીનશા હજી બધાને ખાતર અમારે તો તમારી સારવાર કરવીજ જોઇએ."

"તું પોતે ખુશી નથી?"

"હાજતો ઘણીજ ખુશી છેઉ."

"જો, હવે હું તો સારો થયોછ ને બે ચાર દહારામાં મારે હવે અહીંથી જવું પરશે—તાહરે તું ખુશી થશે?"

"જવું પરશે? તમે અહીંથી જશો?" હીલ્લાંના હોઠ ઉજલા સપ થઇ ગયા "નહી—હજુ તમે બરાબર તટાર થઇને પછી જવાની વાત કરજો. પણ આએ ચીકીન તો તદન ઠંડું પરી ગીયું તમે જમોની!"

"બસ તું મારી આગળ છે એટલે મારી ભુખ જતી રહી.છ!" અહીં જમશેદજી બા ખરડયા પગ ગલીચા સુધી લઇ ગયા અને હીલ્લાંના હાથ ઉપર એક ચુમી લીધી.

હીલ્લાંએ પોતાનો હાથ ખેંચી લીધો "ઓ જમશેદજી, જમશેદજી!"

"તું બીહના હીલ્લાં, હું એક ગ્રહુસ્થ છેઉ. તારા એક બાલનેબી ઇજા થાય તેવું કામ હું કબી કરશ નહી. તું મારીપર ભરોસો રાખ ને મારી સાથ જરા વધારે છુટથી હસી બોલીને વાત કર—એટલુંજ માંગુંછ."

"હાજી, પણ—પણ—તમે વીસરી જાઓછ કે તમે કોણ હું કોણ—તમે મોટા લોક દાદીશેઠના દીકરા, હું એક ગરીબ રાંધી ખવારનારની છોકરી!"

"નહીં, નહીં! તારો દેખાવ, તારી રીતભાત, તારી બોલવાની ધપછપ એટલી સરસ છે કે તું એક ખરેખરી "લેડી" છે એમ હું ખાતરીથી માનુંછ."

તે વધુ કાંઇ બોલે તે અગાઉ હીલ્લાં ઝડપમાં બાહર નીકળી ગઈ અને પોતાના ઓરડામાં ભરાઇ.

આહ! જમશેદજીબા! બઇરાંઓને નામે ધીકકારના ફીફડાં ચાહુડવતા હતા, બઇરાંઓને ઘણાંજ હલકાં તુચ્છ વીચારી તેઓથી દુર નાહસ્તા હતા, કદીબી નહી પરણવાના કસમ લઇ નાખે જીભ જ્ગાડી ફરતા હતા—તે બધો મામલો આજે ઉલટાઇ કેમ ગયો? આ છોકરી ઉપર તે હદ બાહરના પ્યારમાં પડયો હતો. પણ માયજી અને બેહનો! એ તે એક મોટી મુશકેલી સામી હતી. તે પોતે અત્યાર અગાઉં પોતાના કુટુંબનાં નામ માટે મગરૂર હતો. તેના બાપ કલકતાના ઘણાજ પઇસાવાળા અને જાણીતા શેઠયા હતા. તેના પીતા તો ગુજરી ગયલા હતા અને તેવણની મોટી દોલત તથા "એસટેટો"નો તે એખલો માલેક હતો. વળી તેના માંયજી પોતે બનાજી ખાનદાનના, ખા૦ બા૦ સોરાબજી બનાજીના છોકરી થતાં હતાં. જમશેદના મા હમાબાઇ દાદીશેઠ પોતે એટલાં તો પોતાના ઉંચ ખાનદાન ઉપર મુસ્તાક અને મગરૂર હતાં કે કોઇ જેવાં તેવાં કુટુંબનું નામ સાંભળી તીરસ્કારથી નાખનું ટીચકું ચઢાવતાં હતાં. તેવણને પોતાના એક પુરા, કેળવાયલા અને સોહામણા દીકરાને માટે ઘણીજ મોટી ગણત્રીઓ હતી. જમશેદના ભેજાંમાં કાંઇ ઓછી રાઈ ન હતી—પણ મોહબતે હાલ તેને મોમ મીસાલ બનાવ્યો હતો. તે પોતાના ખાલેસ પ્યારને ખાતર પોતાનો ભોગ આપવા તૈયાર હતો પણ માયજીને ગળે

બુચીયાની છોકરી કેમ ઉતરે? જીજુ ડોસાં જેવાં અનાડી પૈસાના લાલચુ અને વળી મેલાં ઘેલાં 'વલગર બબરાંને પોતાના વેહવાણ દાખલ કેમ કબુલ કરે? તે મુશકેલીનો ખ્યાલ કરતો જમશેદ માથે હાથ દઇને બેસી રહયો.

આણીમેર હીલ્લાના મનની હાલત કેવી હતી? બે જુવાન ખુબસુરત જીવો જ્યારે આવી રીતે રોજના સમાગમમાં આવે તયારે બીજાં શું પરીણામની વકી રાખવી? તેણીની આખી જીંદગીમાં તેણીએ આવો સોહામણો જુવાન્યો ખરેજ જોયો નહતો. જીજુ ડોસાંના ઓળખાણવાળા માટીડાઓમાં પાસેના નાહલ્લીબાઇના પેંગા ચેંગા વર નવરોજી અને પોહળા ચોહલા ડોસાભાઇ ડાકટર મુખ્ય હતા. એટલે જમશેદ તો તેણીને મનથી કાંઈ ઓરજ આદમી હતું. તેણીની જુવાન જોબનવંતી છાતીમાં મોહબતની પહેલીજ આંચ લાગી હતી અને પોતાનો તે ખાલેસ પવીત્ર પ્યાર પોતાની છાતીમાંજ દબાવી રાખતાં તેણી અકળાઇ જતી હતી. જમશેદ જેવો પૈસાવાળો ખાનદાની માણસ તેણીને પસંદ કરી પ્યારમાં પડે અને પોતાની ધણીયાણી બનાવે એ શું બનવાજોગ હતું? આજે જમશેદે તેણીના હાથને ચુમી લેવા જેટલી છુટ લીધી તે શુ ખરેખરો પ્યાર હશે કે પરવારતા જુવાન ચીબાવલા છોકરાઓના ખાલી ચેડાં હશે તે માટેના અંદેશામાં તેણી બારી આગળ હાથનો થેબો દઇ ઉભીજ રહી.

* * *

"અલ્લો મી૦ જમશેદજી, તમે હવે ભારેનું ઘેર કહારે ખાલી કરોછ?" ડાકટર ડોસાભાઇએ જમશેદના ઓરડામાં દાખલ થઈ તેના વમાસણમાંથી જગાડયો. તેવણ રોજ એક

ફરો તેની આગળ આવી જતા હતા. "હવે તમુને આઠેક દહાડામાં બાહર જવાની રજા હું આપશ."

ભાડનું ઘેર ખાલી કરવાના ખ્યાલથી જમશેદે સેહેજ મોહોડું કુમલાવ્યું. "હાસ્તો, જ્યાં વગર કાંઈ છુટકો છે?"

"આએ બે માય દીકરાંનો ઉપકાર તમારે માનવાનો છે—એ લોકની મેહેનતથી તમે બચ્યાછ."

"હા, તે હું જાણુંછ—ને હજુબી બીચારાં કેટલી કાળજી રાખેછ."

"એક બીજાંબી લેડી તમારી તબીયતને સારૂ ઘણીજ ઇંતેજારીથી રોજ મને ખબર પુછયા કરેછ," ડાકટરે ખબર આપી."

"લેડી! બીજાં લેડી કોણ? અહીં મુંબઇમાં એવાં કોઇ લેડીને હું ઓળખનો નથી."

"તમે નહીં ઓળખતા હોશો પણ તેવણ તમુને નામે તો ઓળખેછ! સુનાબાઇ બાટલીવાળા રોજ તમારી ખબર પુછયા કરેછ—આએ તેવણનાજ ઓરડામાં તમે છેઓ."

"અં! તેવણને મારે નામે લખજો કે હાલ બીજા આઠ દશ દહાડા મારેથી અહીંથી જવાય તેમ નથી, તેથી કોઈ બીજું ઘેર ભાડે લે ને મારીપર તેનું બીલ મોકલે," જમશેદે કંટાળીને કહયું.

"અરે તેમ નહીંરે, તેવણ તો હાલ મારે તાંહ પરાણા ઉતરેલાં છે—પણ તમારે વાસ્તે ઘણાજ જીવ બારયા કરેછ!"

"મારે વાસ્તે જીવ બારેછ! અરે બલા જાણેરે!" જમશેદ ચેસ્ટા કરીને બોલ્યો. હાલ તેને તેની હીલ્ડાં સીવાય કોઇબી બીજી બઇરીની વાત કડવી ઝેર જેવી લાગતી હતી.

"તમારા પેલા સગા મી૦ દીનશાહજી જેવણે તમારી તબી-તનને સારૂં તાર કીધોતોની તેવણુનેબી એ સુનાબાઇ ઓરખેછ."

"અંહ! તે સુનાબાઇ કે? દીનશાહે મને તે બાબદ કાંઇ લખ્યુંતું બરૂં."

"હા, એ દીનશાહપર કાંઇ બાટી મીઠી મંછા હોય તેમ દેખાયછ. હું ધારૂંછ કે એ બાઈ હવે જલદીથી કેયે "સેટલ" થાય તો સારૂં નહી તો પછી—"

"અરરર! એમ છે કે? બાઈની ઉમર શું હોશે!"

"જોકે પોતે તો પોતાને છવીસ વરસ કહેછ પણ હું જાનુંછ તાંહ સુધી તો ચાલીસની ભરતીમાં છે."

"બાઇ જેવ! દીનશાહને વરે મજાની "મેચ" છે. દીનશાહ મારા કરતાં પંદર વરસ વરો છે. મારાં ફુઇનો છોકરો થાય. પણ જો દીનશાહ નહી સપરાય તો પછી જોઇયે હું "ત્રાઇ" કરશ? આહ! હા—આહા!" જમશેદ પેટ ધરીને હસ્વા લાગયો

"ખરી વાત! તમે સારી યાદ દેવારી! તેવણુને અહી પોતાનાં ઓરડામાં કાંઈ કામ છે—કાંઇ કપરાં લેવાના છે—તેથી આજેજ મને પુછતાંતાં. તે જો તમુને કંઇ અરચન નહી હોય તો આજ કાલ આવીને તે લઇ જાય? તમારી રજા પુછાવીછ," ડાકટર બોલ્યા.

"ઓ જોશી! જરૂર મોકલજો! તેવણુને કેહજો કે જરૂર આવીને લઇ જજો. જરા આપરે ઓરખાન કરશું ને બનશે તો જરા તરા એવણ સાથ પ્યારખી કરશું!"

"ઠીક છે—હું કેહવશ!"

"જરૂર! ઠેંકયું ડાકટર, આજે તમે મને નવી ઉલટ આપી છે. જલદીથી સારો થવાને હવે મને તમે ઘણી સારી લાલચ આપીછ! ઠેંકયું!"

જમશેદ એવું તો ઠાવકું મોહડું રાખીને બોલતો હતો કે બીચારા ડાકટર સમજયાજ નહી કે જમશેદ ખાલી મશકેરી કરતો હતો કે ખરેખર સુનાબાઇપર ઘેલો થયો હતો. તેવણ "સાહેબજી" કરીને ચાલી ગયા.

પ્રકરણ—૭ મું.

બે વીચીત્ર પ્રાણીઓ!

ડાકટર ડોસાભાઇના નાહના રમકડાં જેવા બંગલાના આગલા ઓરડામાં, તેમના ધણીયાણી બેસીને કાંઇ સીવતાં દીસે છે. તેવણ પીસતાલીસ વરસના, ઉંચાં અને ખાસ્સાં "બનામે ઇજીદ" જેવાં છે. ડાકડર સાહેબની કાંઇ "ધડધડ" કરતી કમાણી નથી—પણ ટુંક કમાણીમાં "દાળ રોટલી"થી તેવણનું નાનકડું કુટુંબ સુખી તથા સંતોશી છે ડાકટર પોતે, તેવણનાં ધણીઆણી ખરશેદબાઇ તથા એક પુત્રી દીકરી નાજાંનુ તે કુટુંબ છે. ખરશેદબાઇના કરવઇયા કારભાર તળે તેવણનું નાનું ઘર બરાબર ગોઠવાયલું છે. ખરશેદબાઇ બેસીને સદરાનાં ગળાં વેતરે છે ત્યાં તેવણની દીકરી નાજાં નાચતી કુદતી આવી.

એ નાજાંની મમઇજાતસુ મરેરે એમની એમ! એ દુક-તીના જેવી ચાબાવલી, ચવીત્રી છકેલી નાદાન વાંદરી વળી થોડીજ હશે! તે આશરે બાવીસ વરસની, સારા દેખાવની અને માબાપ જેવીજ ભરેલાં કદની હતી. તેની "બદાન દરાખ" જરાજરામાં વેરાઇ જતી અને તાહેલાં માસ્ટર નંબર વન હતી તેણીને વાંચવા લખવાનો કે કાંઇબી શીખવા ભણવાનો શોખ નહી હતો પણ બાલના લબતરાં કહાર

એસ્કી મેસ્કી "ફાસીનએબલ" થવામાં દહાડાના બરાબર સાડાચઉદ કલાક રોકતી હતી. વળી બીજી એક તેણીમાં કમાલ એબ એ હતી કે જેની તેની સાથે બસ ચપ કરતી કે પ્યારમાંજ પડી જતી હતી! કોઇબી જવાન માટીડો જરા તેણી સાથે લગાર છુટથી હસયો બોલ્યો તો કમબખ્તી! નાજાં લાગતી તેને માથેજ પડવા માંગતી! કોઇ બીચારાએ જો જરા તેણીની તારીફ કીધી તો નાજાં એમજ માની લેતી કે તે ઘણી તેની ખુબસુરતી ઉપર મોહીજ પડયો છે! એ દુ:ખે સમજુ માટીડાઓ બીહને તેણીથી દુરજ નાહસ્તા હતા. પણ કોઈ કોઈ "બોચ્યાંઓ" તેણીના નખરાંમાં સપડાઈ જતા હતા. એ રીતે કાંઇ પચીસેક જણ સાથ નાચી કુદી હાલ આપણી વારતા શરૂ થાય છે તે વખતે તેણી કોઇ નશરવાનજી બામજી નામના લેભાગુ ડાકટર સાથ અદારાયલી હતી. આપણી ફરેંડ નાજાં જરાતરા "વોકીંગ ગેઝેટ"બી ખરી હં! તેણીને કોઇ વાત ખાનગીમાં કહો તો બીજા ચાર કલાકમાં ચાર ગમ તો પસરી ગયલીજ સમજવી! તે ભોળી અને ભડભડી હતી. જરા કુનેહથી તેણીના પેટમાંનો ગર મેળવવો મુશકેલ ન હતો. એવી આપણી નાજાં "સમપલ"ની હતી.

તેણી ઓરડામાં કુદકા ભુસ્કા મારતી આવી. માથાબાનાને તો રૂખસદજ આપી હતી. માથુબાનુ તે કાંઇ હાલની ફેશનેબલ બાઇઓને માટે છે? બુઢાં ખોખાં હોય તો માથાબાના બાંધે—ઘણાં કાળાં અને "અગલી" હોય તો માથાબાના બાંધે—યાતો કોઇ ઘણા ઓલ્ડ ફાસીનના હોય તો બાંધે!! બાકી નાજાં જેવી જુવાન ફાસીનેબલ છોકરી ..ટલા જેવું માથુબાનુ બાંધી પોતાના હીરા જેવો ચેહેરો-

બગાડે? છટ નોનસનસ! જીણી જાપાનીસ હોજરયાંની સાડી તેણીએ પેહેરી હતી અને તેની નીચેનો પેટીકોટ લફર લફર થતો હતો. કમરે ચામડાંનો પટો બાંધ્યો હતો અને 'બાલને ફર્લ' કરી જાણું માથા ઉપર ચલ્લીનો માળો બેસાડયો હતો—અને વળી તેમાં નીખ્યા પોસ્યા હતા! જોકે તેણીના સમજુ ઠાવકાં માય ખરશેદબાઇને નાજાંના ચીબાવલાપણા જરા પસંદ નહી હતાં—પણ એક પુરી દીકરી અને બાપની ઘણી લાડકી એટલે તેવણ અખાડા કરતાં હતાં. વળી તેવણ દુન્યા ખાધેલાં હતાં એટલે સમજતાં હતાં કે વખ્તના રોહ સાથ ઘસડાયા વગર બીજો છુટ-કોજ ન હતો.

"કેમ માયજી, એ શું ફાં ફાં મારયા કરોછ? પેલાં સુના-બાઇ કહાં છે? જમવાનો વખ્ત થયોની" નાજાં કુતરા 'ટીપુ'નો કાન ચીમટતાં બોલી.

"હવરાંજ ઉપર ગઇછ રે! એ બલા જાણે! તાહરની વાત થઇ એના બાટલીવાળાના ખાનદાનની ને એવણના મમાવા બપાવાની દોલતની બધી મોટી મોટી વાતોનું પીજન સાંભળતાં હું તો કંટરાઇ ગેઇ!'

"એમ કે? ગઇ કાલે મારી આગળ તે બધું દાસ્તાન ચાલયું તું! એવણના બપાવા કેવા પઇસાવાળા માણસ ઉતા ને કેવી કેવી મોટી મીલકતો ધરાવતાતા તે કાલે મેં બરાબર સીત્યાસીમી વખ્ત સાંભરયું!" નાજાં હસીને બોલી, "મરેરે! રાન ભેજું માથું ચેરવી મુકેછ? એનો બપાવો પઇસાવારો ઉતો કે રસ્તા પરનો ઝારૂ કહારનાર ઉતો તેમાં આપુને શું? જહાનમમાં કાંય નહી જતો!"

"અરે અરે! ચપરે! એમ નહી બોલ્યે! મુગાં મુગાં બેસીને સાંભરયા કરયે!" માયજીએ શીખામણ દીધી.

"આહા! તેઓએ! પણ માયજી, એવણુને બીચાગાંને પણુવાનો ઘણુા શોખ છે જો! કોઇબી માટીડો જોયછ તો તેની સાથ ઓરખાન કરવા માંગેછ! તમે કોઇ શોધી કહાડીને એવણુને ગોઠવી આપોની!"

"તુને ના કેહુની! આસ્તે બોલ, જો સુનાબાઇજ આવેછ, ચપ મુગી રેહ."

સુનાબાઇ બાટલીવાલા ઓરડામાં હસ્તાં હસ્તાં દાખલ થયાં. તેવણુ વળી એક વીચીત્ર પ્રાણુી હતાં. જરા ઠીંગણુા પણુ પાતળાં અને સામળાં, લાંબુ કાકા ટઉવા જેવું નાખ, માથા ઉપર તાણુી તોડીને ઉપસાવેલા બાલના "પફ"–એ તેમનો ચીતાર વીચારી લ્યો. તેવણુની ઉમર? પોતાની ઉમરની બાબદમાં સુનાબાઇની લાગણુી બહુજ તીક્ષણુ હતી–અને તેથી વાંચનારાઓને કાનમાંજ કેહું છું કે તેવણુ બેતાલીસ વરસના હતાં. પણુ પોતાને હમેશાં છવીસ સતાવીસ વરસનામાં ખપાવવા માગતાં અને તેટલી ઉમરનામાં ખપવા માટે તેવીજ રીતે ડરેસ કરવાની અને બાળ કરવાની સંભાળ લેતાં હતાં. હવડાં હવડાં તેવણુે ડાકટરની નાજાંને જોઇને કમરે પટો તથા "કોરસેટ" પેહેડવા માડીયાં હતાં અને લગાર આછા બાલને ખેંચી ખેંચીને આગળ "પફ" કહાડવા માંડીયાં હતાં. તેવણુના બાપદાદાએ સારો જાહોજલાલીનો વખત જોયો હતો પણુ "સારો વખત" સદાકાળ કોઇનો રહેતો નથી. સુનાબાઇના માય બાપ બંધે મરી ગયાં હતાં અને પંદર વીસ હજાર રૂપ્યા સુનાબાઇને આપી ગયાં હતાં જેના વ્યાજમાંથી તેવણુ કોલાબે જીલુ ડોસાંને ત્યાં બે ઓરડા ભાડે રાખીને રહયાં હતાં. હાલ ગમે તેવી અકરવકરના દહાડા તેવણુ કહાડતાં હતાં પણુ અસલની તે

બાપદાદાની મોટાઇના દહાડા તેવણ ભુલ્યાં નહી હતાં. દરેકની આગળ "મારા બપાવાજીના ગાડી ઘોડા" તથા "મારા બપાઇજીના પોના લાખ રૂપીયાના હીરાના "નીકલેસ"ની વાતો કરી પોતાના જીવને ઠંડો પાડતાં હતાં. સાંભળનારને અલબતાં ચીક આવતી—પણ તેવણ વાત કરતાં કદી કંટાળતાં નહી. વળી મોટાં મોટાં ખાનદાનો સાથની પોતાની સગાઇની પણ બહુજ તેવણને વડાઇ હતી. તે મોટાં મોટાંઓ હાલ સુનાબાઇને ઝાંખીને જોતા નહતાં, સુનાબાઇ મરેછ કે જીવેછ તેની દરકાર કરતાં નહતાં, પણ સુનાબાઇ મોટી ઉકમાઇથી તેની બડાઇ હાંકતાં હતાં. "પેલા સરદાર બેહેરામજીના સાસુ તો મારાં બપઇજીના બેહનના દીકરી થાય! મરે, મને તો જહાંથી જોય તાંહથી ડોકું કરે!" વગેરે.

બીચારાં એ સુનાબાઇને પરણવાનો ઘણો શોખ હતો. અસલના જાહોજહલાલીના વખતમાં વધારે સારૂં જોવાની આશામાં થોડાક ચાન્સ તેવણે ખોયા હતા. સુનાબાઇની ખુબસુરતીપર મોહી પડીને તો નહીજ પણ "દોહડીયા" પર થોડાક ઉલ્લુઓએ પરણવા માંગયું હતું. તે વખતે કાંઇ કાંઇ બાહને તેવણે ના પાડી હતી. "મરે એનો બાપ તો દારૂની દુકાન રાખનો'તો તેની સાથ કોન પન્ને! ને પેલો તો ચોખ્ખો બસો રૂપ્યાનો પગાર પાડે તેમાં મારૂં શું વળે! પેલા માણેકશાહને તાંહથી તો ઘેર બેઠ્ઠાં કાજ આયું-તું'રે—પણ તેનું તો નાખ બરચુ લાંબુ ને વાંકુ છે!" વગેરે વગેરે હજાર બાહના કહાડી તેવણ અત્યાર સુધી બુઠ્ઠાં રહી ગયાં હતાં. અને હવે જયારે પોણાં બુઢાં થયાં ત્યારે પરણવાના ફાંફાં મારી રહયાં હતાં! કમરે પટા બાંધયા અને પેટીકોટ પેહેડીયા તેથી કાંઇ જવાન થવાય છે? તેથી કાંઇ

પરણવા લાયક છોકરાઓ છેતરાય છે? કેટલાક પચાસની ભરતીમાં આવેલા કુવારા માટીદાઓ દહાડી અને ઠેખ્યા બોડાવી જવાનમાં ખપવા માગે અને સીતેરની ભરતીમાં આવેલા બાલને કલપ લગાડી પચાસ વરસનામાં ખપવા માંગે તેથી કાંઈ જવાન પરણવા લાયક છોકરીઓ ઠગાય છે? જરાબી નહી. સામાં એમ ફાંફાં મારયાથી વધારે કદરૂપાં અને બીહામણા લાગે છે એમ હું તો ધારૂં છું.

"તમુને જમવાને સારૂં બોટી કીધાં કે? ડાકટર હજુ નથી આયા કે? પેલા જમશેદજીને જોવા ગીયા હોશે! તે વણ બીચારા આજે કેમ છે? શું સંજોગ બન્યોછ કે તેવણ મારાજ ઓરડામાં સીક પરી ગીયા છે હું! કેવો કુદરતી સંજોગ?" સુનાબાઇ બોલ્યાં.

"હા મરે! ખરેખર!" નાજાંએ ટાપસી પુરી.

"મેં તો સાંભળ્યું કે આએ જમશેદ ઘણો "હેંડસમ" છે! એના ફુઇના છોકરા દીનશાહ મેહેરહોમજીને હું ઓળખું છજો! તમે લોકોએ નહીં જોયો હોશે! આએ જમશેદના માસી બાનુબાઇ તાલેવંત ને તાંહ દીનશાહ મને કલકતામાં મળયો હતો. જમશેદનો માસો બેજનજી તાલેવંત સી. આઇ. ઈ. છે તે મારાં માયજીના મામાના દીકરાનો કાકો સસરો થાય!"

ખરશેદબાઇ તો ગંભીર મોહોડું કરી આ સગાઇનું લાંબુ દાસ્તાન સાંભળવા લાગ્યાં—પણ ચેડી નાજાં ખું-ખું-ખું હસવા લાગી.

"આએ દીનશાહજી બધાં બઇરાંને ધીકારવાનું ડોળ ઘાલેછ—પણ આપણે તો એવાં મળી ગીયાં કે મારા સાથ તો ઘણીજ મજાની વાત કરતાતા."

"મરે તમારી સાથ કોણ વાત નહીં કરે? તમારાંમાં કાંઇ એવું ખેંચાણજ છે, સુનાબાઇ, કે બધા તમારી ઉપર મોહીજ પડેછ!" ચવીત્રી નાજાં આટલું બોલી વળી પાછું ખીખી હસ્વા લાગી પણ સુનાબાઇ તો ખરૂંજ સમજયા.

"તાહરે, આપુને કહાં તે કુનેહ નથી આવડતી?" સુનાબાઇ ફુલણજી થઇને બોલ્યાં.

"જમશેદના ફુઇનો છોકરો થાય?" ખરશેદબાઇએ પુછયું.

આ સવાલ પુછાયો કે ઘડીઆળની કમાન પાછી છટકી.

"હા, દીનશાહની માય છે તે જમશેદના બાપ બમનજી દાદીશેઠની બેહેન થાય, ને જમશેદની માય હમાબાઇ ખાન બાહધુર સોરાબજી બનાજીની છોકરી થાય, એ બનાજીની પોરીઓ બધી ઘણી ખુબસુરત તેથી બધીઓ સારે ઠેકાણે ઉંચકઇ ગેઈ. જમશેદની મમઇ માનેકબઇ બનાજીઓ કહેછ કે ઘણાજ ખુબસુરત ઉતાં. જમશેદની એક માસી બાનુબાઈ બેજનજી તાલેવંત સી. આઈ. ઇ. સાથ પરનીછ તેઓ નામ પ્રમાણે ઘણી પઇસા-વારી છે ને જમશેદ પાસેઓ ખુબ દલ્લો છે! કલકતામા એ લોકનો રહેવાનો બંગલો શું સરસ મેહેલ જેવો છે ને પંદર એકરની તો જમીન છે. જમશેદની એક નાહલ્લી માસી કોઈ મરી ગેઇછ તેને મેં નહી જોયલી."

"ઓ ખોદાય! સુનાબઇ તમારી યાદદાસ્ત શકતી જબરી છે હં! કેવું બધું યાદ રાખોછ!" ખરશેદબાઇ પોતાને આવેલી અવાચીઓ જેમ તેમ દાબતાં બોલ્યાં.

"હા, મારાં માયજી બધાને બરાબર ઓરખતાંતાં! તેવણને એ ખા૦ બા૦ બનાજીને તાંહ તો ઘણી ઓરખાણ ઉતી, ઘડી ઘડી મળવા સારૂ જતાંતાં—"

અત્રે નાજુથી નહીં રેહવાયું—

"અં! પણ તે તે લોક બોલાવતાંતાં કે પોતાની મેરેજ–"

"અપરે! વરી ટકટક કીધી કે!" માયજીએ ડોળા કક-ડાવ્યા—જો કે તેવણ પોતાનું હસવાનું મુશકેલીથી દાબી શકયાં. "અં! તાંહ જતાંતાં તે શું? સુનાબઇ."

"મારાં માયજીએ બનાજીવાળાને વાસ્તે મારી આગળ ઘણી વાત કરતાંતાં કેહજે એ બુઢા બા૦ બા૦ બનાજી, જમશેદના મમાવા એટલા તો મીજાજીને મગરૂર ઉતા કે બધી છોકરીઓ તેવણથી ધ્રુજે કોઇનો જરા વાંક પરે તો કદી માફ નહી કરે ને પોતાના ખાનદાનપર ઘણાજ મુરતાક ઉતા! એ બધા તેવણના ગુણ તેવણની વરી દીકરી હમા-બાઈ, જમશેદની માયમાં ઉતરયાછ! તેઓ ઘણીજ મીજાજી ને તુમાખી છે! જમશેદની એક નાહલ્લી માસી કોઇ સાથ નાહસી જઇને પરની ગયેલી તેને એ હમાબાઇએ મરતાં સુધી માફ નહી કીધીતી!"

એ મોટે ઘેરનાં બધાં "દાસ્તાને દીલરૂબા"નો છેડો કદાચ આવતે નહી. સાંભળનારાંઓની ધીરજ ખુટવા માંડી હતી પણ તેઓને સારાં નસીબે ડાકટર આવી લાગ્યાથી વાત બંધ પડી અને સઘવે જમવા ગયાં.

પ્રકરણ ૮ મું.

વળતાં પાણીનાં વળખાં!

"કેમ ડાકટર, આજે તમારૂં 'પેસી ન' કેમ છે?"

આ નવો બોલ સમજી કદાચ વાંચનાર અજબ થશે તેથી જણાવવાની જરૂર છે કે સુનાબાઇનું ઇંગ્રેજીનું ભંડોળ

"મી ગોટ, નો ઇંગ્લીશ" જેવું હતું–પણ તોબી ભપકામાં ઇંગ્રેજી બોલો ઘુસાડવાનો શોખ ઘણો હતો. તેવણ બોલવા તો ગયાં "પેશંટ" પણ જરાક છબરડો થઇ ગયો હતો.

"કોણ, તમે જમશેદને વરે પુછોછ? છે હવે તો ઘણ! સારી કાની છે. તેને નર્સ એવી સરસ મલી કે નહી શું સારો થાય?"

"નર્સ? કોણ હીલ્લા! હા તે તો ઘણી કામની છે" સુનાબાઇ બોલ્યાં, "એ જો ઘેરમાં નહી હોય તો મારેથી કાંઇ એની પેલી ચકરમ માય સાથ રહેવાય નહી! હું તો! કેવી જહાંબી જાઉંછ તાંહ એ હીલ્લાને મારી સાથ લઇ જવા માગુંછ કે જરા ફરે–પણ માય થતી તેને કેઠે જવાજ નહી દેતી. કેવી દેખાવલી ને સાદી માદી છોકરી છે."

"બાવાજી, એ જમશેદજી કોણ છે? તેવણને એક દહારો આપરે તાંહ જમવા તો બોલાવો." જમશેદજીને જોવા તથા ઓળખાણ કરવા નાજાંનો જીવ તલપાપડ થતો હતો.

"ડાક્ટર, મારે તો એક દહાડો તેવણની ખબર પુછવા જવુંજ પરશે જો!" સુનાબાઇ બોલ્યાં, "એવણના માસા બેજનજી મારાં બપઇજીના સગપણમાં છે—એટલે એવણ મારાબી સગાજ થાય, તેથી મારી તો જવાની ફરજજ છે!"

"હા, તમારાં જેવાં જુવાન બાઇ ખબર પુછવા જાય તેથી તો તેવણ ખુશીજ થશે!" ડાક્ટરે ચેસ્ટા કીધા; પણ સુનાબાઇએ તે ચેસ્ટા ગણ્યા નહી. જુવાનનો એલકાબ તેવણના કાનને ઘણોજ મીઠો લાગ્યો.

"તમે જાઓ તાહરે સારી સારી ચોપડીઓ વાંચવા લઇ જજો ને તેવણ આગળ બેસીને વાંચજો કે તેવણનો વખત સોહોવાય," લુચ્છી નાજાં બોલી.

"હીલ્લા બાહધર કેવી? તેની આગળ વાંચવા લખવા?" ડાકટરે ટાપસી પુરી.

"હીલ્લાં? શું હીલ્લાં તેના ઓરડામાં વાંચવા લખવા બેસેછ?" સુનાબાઇએ અજાયબીથી ડોળા ચહડાવ્યા. "એક જુવાન કુમારા છોકરાના ઓરડામાં જુવાન કાચી કુમારી છોકરીને એખલી મોકલવામાં જીલુબાઈ કાંઇ ડાહપણ વાપરતાં નથી! કેવું બેહુંદું!"

"નોનસન્સ!" પોતાની માનીતી હીલ્લાંનો બચાવ કરતાં ડાકટર બોલ્યા. "હીલ્લાં એવી તો ડાહી ને સમજુ છે કે તેને વાસ્તે તમારે જરાબી ફીકર રાખવાની જરૂર નથી."

"હારે, બાવાજી તો જહારે હોયછ તાહરે હીલ્લાંને સાતમે આસમાનેજ ચહરાવ્યા કરેછ," બીજીનાં વખાણ નાજાંને ગળે ઉતરયાં નહીં. એક સ્ત્રીની વખાણ બીજી સ્ત્રી કીયે દહાડે મોહડું કુમળાવ્યા વગર ગળે ઉંતારી શકે છે? જીવે જાનની સહીનીબી તારીફ થતી હોય તો તેણી તે હસ્તું મોહડું રાખીને સાંભળી શકતી નથી. "હું જરા એ ડાહ-પણના ભંડારને આગળથી જોવા માગુંછ."

"હા ખરેખર સુનાબાઇ, તમુને કેહતાં ભુલી ગીયો. તમે તમારા ઓરડામાં કપરાં લેવા જવા માગતાં, તાંની— તે બાબદ મેં જમશેદને પુછયુંછે. તેવણે કેહવારયુંછ કે ગમે તાહરે આવીને લઇ જશો તો તેવણ ખુશી થશે. હવે તમે કહારે જવા માંગોછ? આગળથી કેહવારશો તો સારૂં", ડાકટર બોલ્યા.

"તે તો હવે ખરશેદબાઇથી બને તાહરેજ તો!" જમ-શેદ સાથ નવી ઓળખાણ પાડવાની નવી ઉલટમાં સુનાબા-ઇએ જવાબ દીધો. "એવણ જહારે આવે તાહરે!"

"હું આઉં?" ખરશેદબાઈ બોલી ઉઠયાં, "મારૂં શું કામ છે? તમે એખલા જજોની" મોટી ચાલીસ બીસતાલીસ વરસની બઈરીની સાથે 'શેપેરોન' તરીકે કોઈને બી જવાનો વીચાર જરા હસવા જેવો હતો.

"એખલી? ઓ માયરે! અમે બચ્ચાંઓ એમ એખલા કેમ જઈએ?" સુનાબાઈ બીચારૂં "બચ્ચું" માટીડાનાં ઓરડામાં એખલું જવાના ખ્યાલે હભતાઈ ગીયું.

"બચ્ચાં? સુનાબાઈ, બચ્ચાં કોણ?" નાજાંએ વરી, આંટો બાફયો.

"તો વઈ, આપરા જેવાં કાચ્ચાં કુમારાં બચ્ચાંઓ એખલાં બધેબધ રખરે તે તમે પસંદ કરોછ, ખરશેદબાઈ? નહી બા, મને પોતાને તે ગમે નહીં!"

"નહી ખરેખર, ખટલાં, તમે એમ બચ્ચાંઓને એખલાં નાજ મોકલતાં—તમે સાથે જજો!" સુનાબાઈ પોતાને થોકી થાકીને બચ્ચાંમાં ખપાવવા માગતાં હતાં તે ડાકટરને એટલું તો રમુજી લાગ્યું કે પોતાનુ હસવું માહા મુસીબતે થોભાવી તેવણે પોતાનાં ધણીઆણીને ઉપલો ઓરડર કીધો.

"વારૂજી, ચાલો તાહરે આપરે આવતા બેસ્પતવારે જઈશું."

"ભરેસ્પતવાર! અરરર! તે દહાડે તો અમારી કલબનો "ગેસ્ટ ડે" છે તે મારેથી નહીં અવાશે! ચાલો કંઈ નહી", નાજાં સુનાબાઈના કાનપર પડીને બોલી, તમુને વધારે મજાહ પરશે! જો આવી તક ગુમાવતાં ના હું! આવીને મને સારીજ ખબર આપજો, પછી હું તમારાં લગનને દહાડે "વરપેહેરૂં ઉંચકશ!"

સુનાબાઈથી તો મલક મલક હસાઈ જવાયું. તેવણ હસીને લાલ લાલ થઈ ગીયાં અને નાજાંનો ગાલ પ્યારથી ચીમટયો. "હઈયો લુચ્ચી, મસ્તી ઘણી કરેછ, નહી!"

સુનાબાઇ ખરેજ પોતાની ગણત્રીમાં લોટતાં હતાં. તેવણ જુવાન હતાં ત્યારે માબાપના પઇસાપર જુવાન્યાઓ "પગે પડતા" આવશે એવી ગણત્રીમાં ખરખુચાં ખાયા કીધાં હતાં—પણ ઉમર વધતી ચાલી અને કોઇબી હરવાયો જુવાન્યો પગે પડતો આવ્યો નહી એટલે કોઇબી બીચ્ચારાને સપડાવવાના અને સામા પગે પડતા જવાના તેવણ ફાંફાં મારતાં હતાં. જો બને તો આય જમશેદને છટકામાં લેવાની બધી ગણત્રીમાં વચમાના દહાડા તેવણે પસાર કીધા.

બ્રેસ્પતવાર અકડવકડે આવી લાગ્યો. સાંજે ચાર વાગે જવાનું હતું એટલે બરાબર બે વાગેથી સુનાબાઈ પોતાના ઓરડામાં ભરાયાં. એક ઘડીના "પ્રાઇવેટ રૂમમાં આ વાર્તાના બધાંજ વાંચનારાઓથી રજા વગર ઘુસાય તો નહી—પણ હું એક બાનુ લખનારીને દરેક હક છે. ચાલો—મારી સાથે અલ્લકસે આવો—સુનાબાઇ જમશેદ ઉપર તીર ફેંકવા શું શું કરી રહયાં છે તે ચીમાઇને જોઇયે.

તેવણે કબાટમાંથી ડાર્ક કલરની પણ ઉપર સરસ કોર મુકેલી સાડી કહાડી. ડાર્ક કલર એટલા માટે કે સામળા ચેહેરા ઉપર તેજ વધારે ખીલે છે તે સુનાબાઈ જાણતાં હતાં. બંધ બેસતું વાસ્કુટ પસંદ કીધુ તે અગાઉ સાત બદીયાનો પેહેડી જોયાં અને પાછાં કહાડીયાં. સાંકડી "ટો" ના બુટ પેહેડીયાં અને માથુબાનુ બરાબર અગીઆર વખત છોડી ને પાછું બાંધ્યું—કેમ જે બાલ બરાબર મનપસંદ રીતે ઉપસ્યા ન હતા. અંતે જયારે બારમી વખત તેવણનું મોહડું શોભે તેવી રીતે માથાના બાલ નીકળ્યા ત્યારે તેવણ આરસીમાં જોઇ બડબડવાં લાગ્યાં:—"મરે અહીંથી જરા બાલ આછા થવા માંડયાછ હં! ને વળી સફેદબી થવા માંડયાછ

લાવની બલા લેતી, આએ નાજાંની કાની દુકાનપર જઇને 'કલર' કરાવી આઉં! તેમાં બધી એબ ઢંકાઈ જશે! આજે તો મુવા કાંઇ ઘણાજ પરી પરી જાયછ!" જેમ તેમ બોલતા 'પફ' ગોઠવી તેવણુ મોહડાં ઉપર પાઉડર લગાડવા માંડયો. ૩૫ વરસના થયાં ત્યાં સુધી તેવણ પાઉડર લગાડતી પોરીઓની મશકેરી કરતાં હતાં અને પાઉડરના લેપડા મારવાની સામા હતાં—પણ ૩૬ મું વરસ ઉગતાં તેવણુ પોતાની ભુલ જોઇ. પાઉડર છાંટી ગોરા ગોરી દેખાતી છોકરીઓ એકાદ બે પરણી ગઇ એટલે તેવણુઓ એ નુંસખો અજમાવવા માંડયો. આજે તો હમેશ કરતાં વધારે લગાડવાની સંભાળ લીધી. અને એ રીતે ટીપટાપ થઈ તેવણ નીચે ઉતરયાં. અલબતાં આ બધા સણગારની મદદથી તેવણ પોતાની ઉમર થોડી ઘણીઓ છુપાવી શકયાં હતાં, અને નાની છોકરીની માફક નાચ્યા કુદી કમરને લચક આપી આપીને ચાલતાં તેવણ ૩૦ વરસના જણાતાં હતાં હજાર નુંર કપડાં અને લાખ નુંર નખરાં' એ કહેવત તેવણને આબાદ લાગુ પડતી હતી.

"ઓ માયરે! આજે તો તમો ઘણાંજ 'ચકકાં' લાગોછ. સુનઇજી" નાદાન નાજાં તેવણને જોઇ હસવા લાગી. "આજે તો હવે જરૂર—હું—સમજયાં કેની!"

"ચાલ ચાલ નાજાં, ઘેલાં ના કહાર અમુને વખત થાયછ. ચાલોછ કે ખરશેદબાઇ?"

જીલુ ડોસાંના ઘર આગળ આવી પહોંચતાં ખરશેદબાઇ ઉતરયાં નહીં. "સુનાબાઇ, તમે હવે અંદર જઇને જે જોઇયે તે લઇ આવો, હું અહીં ગાડીમાંજ બેસુંછ—અંદર જીલુ ડોસાં હોશે તેવણને ઉપર લઇ જજો."

"હું કંઇ તેવણને ખાસ મળવા નથી જતી જો, ખરશેદબાઇ મને કપડાં વગર અડચણ પરેછ તે લઇને હવરાં આઉંછ! મરે આપરે કાચ્યાં કુમારાં કહાં કોઇ માટીડાના ઓરડામાં જઇયે."

"હા, હા, હું તે જાણુંછ. તમે તમારે ગમે તાહરે આવો—ઉતાવળ ના કરતાં. હું તો અહીં બેઠીછ." ખરશેદબાઇ સાથે નહી ગયાં તેથી સુનાબાઇએ દલગીર ડાચું કરયું—પણ મનમાં મલીદા હતા. જીલુ ડોસાંએ બારણું ઉઘાડી સુનાબાઇને અંદર લીધાં અને ખરશેદબાઇ વાત જોતાં બહાર ગાડીમાંજ બેઠાં. તેવણ ભાયગે પાંચ મીનીટ એખલાં બેઠાં હશે તેવામાં જીલુબાઇના ઘરનું બારણું જોરમાં ઉઘડી ગયું અને સુનાબાઇ બહુજ ઉશકેરાયલી હાલતમાં લાલ ચેહેરા સાથે પાછાં બાહાર ધસ્યાં આવ્યાં. તેવણ ઘણાંજ ગુસ્સે થયલાં લાગતાં હતાં. ફફડતા ચટકતાં ઝડપમાં ગાડીમાં બેસી જઇ ઘોડાવાળાને એકદમ હાંકવાનો તેવણે હોકમ આપ્યો! શું થયું?

પ્રકરણ ૯ મું.

"ઝેરનો લાડવો"—ખાધા વગર કંઇ છુટકો છે?

"કાંય સુનાબાઇ શું થયું?"

સુનાબાઇને જીલુ ડોસાંનાં ઘરમાંથી ધસારાબંધ અફાડ ઝીક કરતાં નીકળી આવેલાં જોઇ ખરશેદબાઇએ અજબ થઇને ઉપલો સવાલ પુછયો. "શું થયું, સુનાબાઇ, તમારી વીઝીટ એટલી જલદી પુરી કેમ થઈ ગઇ?"

"વીઝીટ! તમુને ના કહયુંની ખરશેદબાઇ, કે હું કંઇ

વીઝીટ આપવા ગેઇતીજ નહી—પણ મારાં કપરાં લેવા ગેઇતી!" સુનાબાઇ ચીરડાઇને બોલ્યાં.

"વારૂ પણ તે કપરાં લાયાં તો નહી? એમ જલદી બાહર કાંય નીકળી આયાં?"

"ઓ શરમભરેલું! કેવું શરમભરેલું! હું કહાંની કાંઇ ગેઇ! મુવાં પેલાં ડોસાંબી ચરી ગીયાંછ તે આવો રકાસ પોતાનાં ઘેરમાં ચાલવા દેછ!"

"પણ થયું શું તે જરા ખુલાશાથી બોલશો?" ખરશેદબાઇ ગમે તેવાં ડાહયાં અને પકકાં હતાં, પણ સ્ત્રી જાતીની ચટ પટ તથા જીજ્ઞાસાથી ખાલી નહીજ હતાં.

"શું ખોલાસાથી બોલાવોછ? આએ પેલા જમશેદ ને પેલી હીલ્લાંનાજ ફેસ્તા તો! ખચીત મારે એના સગા દીનશાહને લખીને ચેતાવવોજ પરશે—ને ડાક્ટરબી જરા જીલું ડોસાંને બે બોલ કેહ તો સારૂં! એ તે કંઇ રીત છે!"

ખરશેદબાઇ હજી કંઇ સમજયાં નહી. "જમશેદ ને હીલ્લાં! એ તમે શું બોલોછ? મારૂં માનો તો તમે કોઇની વાતમાં વચ્ચે પરતાં ના."

"વચ્ચે પરતાં ના? એ તમે શું બોલોછ! હુંબી તો ખરી કે એની માસી બાનુબાઈ તાળેવંતનેજ લખું? એવાં પેલાં ચેરાં તે કંઈ ચાલવા દેવાના છે?"

"કદાચ તમારી કાંઇ ભુલ હોશે!"

"ભુલ? નજરે જોયલી વાતમાં ભુલ કેવી?" સુનાબાંઇએ જીવ પછાડી નાખયો.

"પણ શું જોયું તે તો કેહો."

"હું અંદર ગેઇ તાંઇ મને જીલુડોસાં મલ્યાં. તેવણે મને

ઉપર જવા કહયું તેથી હું તો ઉપર ચહડી ગઈ" સુનાબા-ઇએ હવે દાસ્તાન ચલાવ્યું. "ડાકટર કેઠા જમશેદને ચે-તાવવાનું ભુલી ગેયલા. હું જાણું કે જમશેદજી તો સુવાના ઓરડામાં હોશે તેથી પાસેના બેસવા ઉઠવાના ઓરડામાં મારી કપટો છે તાંહ જવા બારણું ઉઘારયું. બારણું તો અલગુંજ ઉતું ને તે ઉઘાડીને અંદર જવા ગઈ તો—"

"તો શું જોયું?"

"જોઉંછ તો મારી ઇઝીચેર ઉપર જમશેદજી અઢેલીને બેઠેલા ને હીલ્લાંબી તેજ ઓરડામાં!" સુનાબાઇની નાજુક લાગણી એટલી દુખાઇ આવી હતી કે તેવણે બધાં ભવાં ઉંચાં ચહડાવી નાખ્યાં.

"હીલ્લાંબી તેજ ઓરડામાં ઉતી! તે તેમાં શું થયું? તે અવારનવાર તેની આગળ બેસીને વાંચેછ લખેછ. એમ આપુને ડોસાભાઇએ નહી કહ્યું કે?"

"અરે વાંચવાની કાંહ વાત? આજે કાંઇ વાંચતાંતાંબી નહીં ને લખતાંતાંબી નહી. આજે તો હીરાંબાઇ તેની ખુરસી આગળ ઉભેલાં ઉતાં ને જમશેદ તેનો હાથ પકડી છાતીએ દાબીને તેની ઉપર ચુમ્મી લેતો તો! ઓ તોબાહ! ખોદાએ! કેવું શરમભરેલું!"

"હું તો કંઇ શરમભરેલું એટલું બધું જોતી નથી," ખરશેદબાઇએ ધીમેથી કહયું—પણ સુનાબાઇનાં ભેજાંમાં વાત ઉતરી નહીં તેવણ કેટલી મેહનતે ડરેસ કરી, બાલ ઉપસાવીને જમશેદ સાથ ઓળખાણ પાડવા ગયાં ને ત્યાં તો આવી મોહોકાણ વળી ચુકેલી! તેવણની નાસીપાસીનો પાર ન હતો! જમશેદ જેવો શેઠયાનો છોકરો હીલ્લાં જેવી ગરીબ માણુસની છોકરી સાથ આવી છુંટ લે ને સુનાબાઇ

જેવાં મોટે ઘેરની સગાઈ ધરાવનાર ફલકસુર બેસીને મોહડું જોયા કરે! ઉંહ—તે કાંઇ જેવી તેવી વાત નહી હતી!

"વરી બીજુ શું? હીરાંબાઈ તો ખાસ્સાં હાથ આવીને એવાં ઉભેલાં કે જાણે બાપદાદાનો હક હોય તેમ! જરા હાથ ખેંચી લેવાની તજવીજબી નહી કરે કે હીલચાલબી નહી! મુવા ફજેતાજ તો! નહીરે, એમ બેસીને જોયા શું કરે! હવરાંને હવરાં જઇને એના સગાંઓ ઉપર લખી કહાડું!" સુનાબાઇએ પેટમાનો ધુમાડો ખુબ કહાડયો—અને ઘર આવી લાગયું ત્યાં સુધી તે "ઇસ્ટીમ" નીકળવો ચાલુજ રહયો.

* * *

"ઓ હવે શું કરૂં, હવે શું કરૂ?" જેવાં સુનાબાઇ બારણું અફાળી ઝીકી, તેઓ ગમ ધીકકારની નજર ફેંકી પાછાં ઓરડામાંથી બહાર ચાલી ગયાં કે હીલ્લાં અકળાઇને બોલી પડી. "ઓ જમશેદજી, હવે શુ કરૂં?" સુનાબાઈ એવાં તો "ફાટું ઢોલ" હતાં કે દશ ટકા ચહડાવીને બધે કહેતાં ફરશે એવી હીલ્લાને ધાસ્તી પડી. તેણીના ગભરાટનો પાર ન હતો. સુનાબાઇને જમશેદ નજરે તો ઓળખતોજ ન હતો પણ કોઇ બઇરાં વગર નોટીસ આપવે, વગર ઠોકવે ઓરડામાં ચાલી આવ્યાં તેથી તે પણ જરા ફગલાઇ ગયો.

"એ એવણ કોણ ઉતાં?" તેણે હીલ્લાંને પુછયું.

"એજ પેલાં સુનાબાઇ બાટલીવારાં! ઓ જમશેદજી—હવે શું કરૂં? એ બઇરાં તો બધાં આગળ ઢોલ વજારી આવશે! માયજીનેબી કહેશે!" હીલ્લાં ધ્રુજવા લાગી.

જમશેદ જરાબી ગભરાયો નહી હતો—પણ તેને લાગયું

કે હીલ્લાંને શાંત પાડવાની જરૂર હતી. કાંઇપી બોલીને તેને ધીરજ આપવાની એક ગ્રહસ્થ દાખલ તેની ફરજ હતી. "હીલ્લાં–હીલ્લાં! તું એમ અકરાયછ શું કરવા? જરા મારી ગમ જો, અહીં આવ!" તે માયાથી બોલ્યો.

પણ નહી, હીલ્લાં તો તેનો હાથ છટકાવીને બારી આગળ જઇ ઉભી હતી ત્યાંથી ખીસીજ નહી. તેણીની આંખમાં પાણી આવી ગયાં. તેણી ગમે તેવી નાહની ઉમરની હતી પણ સુનાબાઇ જેવાં જીંદગીથી નાસીપાસ થયલાં, ગંદીલી જબાનથી એકનું ચાર કરનારાં કંગાળ બઇરાંઓથી શું આપદાઓમાંથી નીરદોશોને પસાર થવું પડે છે તે ઘણુંજ સારી રીતે જાણતી હતી. અને તેથી તેણી ગભરાઇને ધુજવા માંડે તેમાં નવાઇ નહી!

તેણી જવાબ આપ્યા વગર ડચકાં ખાતી બારીએ ઉભી રહી એટલે જમશેદ ઉઠયો અને બારી આગળ જઇ તેણીના ખભાં ઉપર પ્યારથી હાથ મુકી બોલ્યો, "હીલ્લાં, હીલ્લાં, પ્યારી હીલ્લાં, એમ કાંય કરેછ? મારી સાથ વાત કરની!"

હીલ્લાંએ પાછો તેનો હાથ છટકાવી નાખ્યો અને ઘણીજ કગળીને બોલી "મને જવા દેઓ, જમશેદજી—મારે તમારા ઓરડામાં આવવું નહી જોઇયે! હું ઘણુંજ ખોટું કરતીતી. હવે હું નહી આવશ મને જવા દેઓ! સુનાબાઇ કોણુ જાણે શું શું વાતો હવે બાહર કરશે!"

જમશેદ તેણીનો હાથ મજબુત પકડીને બોલ્યો "સુના-બાઇને તેવું કંઇપી કરવાનો ચાન્સ આપરે આપશું નહી—તું શું કરવા બીહેછ?"

"ઓ મને જવા દેઓ" હીલ્લાં બારણું ઉઘાડવાની તજવીજ કરતાં બોલી પણ જમશેદે બારણું બંધ કીધું અને પોતે તેને અઢેલીને ઉભો.

હું તુંને જવા દેઉં તે કયારે કે તું મારા સીધા સવાલનો સીધો જવાબ આપે તાહરે! આજે આપરા બે જણુના ભવીશનો જે તે બંદોબસ્ત મારે કરવોછ."

ભવીશનો બંદોબસ્ત! આ શબદો સમજી હીલ્લાંને કાંઇ ન સમજ પડે તેવી ફાળ પડી આવી. તે ફીકકા ચેહેરા સાથે મુંગી મુગી ઉભી ને સાંભળવા લાગી.

"જો હીલ્લાં સાંભળ. આએ કોઈ બઇરી એમ ઘસારામાં ઓરડામાં ચાલી આવી તેથી પેહેલાં તો હું તેની ઉપર ગુસ્સે થયો, તો—પણ હવે તો તેનો ઉપકાર માનુંછ કેમજે જે બોલો બોલવા આજે કેટલો કેટલો વખત થયો હું અચકાયા કરતોતો તે બોલો બોલવાની આજે તેથી હીમત આવીછ ને મારૂં બંધ મોહનું ખુલ્લું થયુંછ. આજે હું તુને સવાલ પુછુંછ તેનો સીધો ને સાચો જવાબ આપજે. હીલ્લાં, તુને મારી દરકાર છે? તુને મારીપર પ્યાર આવેછ? જો, હું એકજ બોલનો ને મકકમ મનનો માણુસ છેઉં! ઉપર ટપકેના, આધાધુંધી જવાબથી તું મને ઉડારી મુકવાની વેતરન કરશે તો ફાવશે નહી. બોલ, હીલ્લું, મને જવાબ દે તારા જવાબપર બધો આધાર છે ડીયર!"

"અરે, સાહેબ,—શેઠ! એ તમે શું બોલોછ! તમે મોટા લોક હું એક ગરીબ———" હીલ્લાં ગુચવાઇ ગઈ.

"બસ, બસ, તે બધું સમજવાનું મારૂં કામ છે. મારે મનથી તું હીલ્લાં છે ને તેજ બસ છે. બોલ મને જવાબ દે, તું મને "લવ" કરેછ?"

આ કેવો બેહુંદો સવાલ! જમશેદ પોતે પોતાનો પ્યાર જાહેર કરવાને બદલે તે છોકરીને મોહડે અંકે કરાવવા માંગતો હતો! હીલ્લાં તો ઠરઠર-ધ્રુજતી હતી.

"હીલ્લાં મને જવાબ નથી દેતી!" તેણે પાછું પુછયું "તું એટલી બધી ધ્રુજેછ શું કરવા? હું તારા બાલનેબી ઇજા આવવા દેવશ નહી—તું તારે મોહનેથી મને કેહ કે "નહી જમશેદ, મને તમારી દરકાર નથી, હું તમુને ચાહતી નથી" તો બસ આએ મીનીટે બારણું ઉઘાડી તુને ચાલી જવા દેવશ! બોલ, હીલ્લાં બોલ, ખોદાને ખાતર બોલ! કેુ યું લવમી?"

"હા, હા, ખરાં દીલથી, ખરાં જીગરથી" અંતે હીલ્લાંની જબાં ઉપડી અને વધુ બોલવા વગર ડચકાં ખાતી તેણી જમશેદને ગળે વળગી પડી.

"માઇ ડારલીંગ! મારી વ્હાલી! તું કદીબી તારા તે પ્યારમાં ઠગાશે નહી. મારી વ્હાલી ધણીઆણી દાખલ સદા તું સુખી રહેશે. મારીપર વીસ્વાસ રાખ!" આટલું બોલી જમશેદે પ્યારથી તેણીને છાતી સાથે ચાંપી.

પણ બીજીજ પળે તે ડગમગયા. હીલ્લાંએ પોતાનું માથું છુપાવેલું હતું એટલે તે જમશેદના ચેહેરાપર થતા ફેરફારો જોઇ શકી નહીં. તે ચેહેરા ઉપર ખાનદાનની મગરૂરી, પોતે લીધેલાં પગલાં માટેનો વસવસો ખુલ્લો દેખાઇ આવતો હતો. શું તે પસ્તાતો હતો? પોતે પોતાનો પ્યાર ખુલ્લો કીધો ખરો પણ હવે પોતાની ખાનદાની તુમાખમાં મરી રહેલી માતા તથા કુટુંબને કેમ સમજાવશે તે માટે શું તે બીહતો હતો? ગમે તે હોય—પણ તે જરા ધ્રુજયો અને ફીકકો પડી ગયો.

એકજ પળ અને બીજી પળે તે હોશયાર થયો. હીલ્લાંએ માથું ઉંચકીને પ્યારથી ભીજાયલી આંખ્યોએ તેની ગમ જોયું એટલે તે પોતાની સઘળી મુઝવણો ભુલી ગયો. આવી સુંદર અને ખરેખરી લાયક છોકરી પોતાની માહોરદાર દાખલ તેણે

પસંદ કીધી હતી એટલુંજ બસ હતું–અને તેની ખુશાલીમાં બધી મુશકેલીઓના ખ્યાલો તેના ભેજામાંથી તુરત વેળા તો ઉડી ગયા.

"ચાલો હવે જરા તમે બેસો—તદન થાકી ગીયાછ" હીલ્લાએ જમશેદનો હાથ પકડીને ખુરસી ઉપર લઇ જઇને બેસાંડયો, અને ગલાસમાં થોડોક વાઇન નાખી તેના મોહડાં સામે પીવા માટે ધરયો "જમશેદજી"—

"જમશેદ, પ્લીઇઝ!"

"જમશેદ," હીલ્લા શરમાઇને બોલી "મને સાચું કેહો, તમે હવે પસ્તાતા તો નથીની!"

"પસ્તાંઉં? કાંય?" જમશેદ તેણીનો હાથ અત્યંત મ્હોબતથી પકડીને બોલ્યો, "હું તો સામબો ખોદાનો ઉપકાર માનુંછ કે તારા જેવી છોકરી સાથ મારો મેળાપ થવાનો સંજોગ ઉભો કીધોછ. સાંભળ પ્યારી હીલ્લાં, ખોદાના કસેમ ખાઇને કેહુંછ કે પ્યાર જેવી ચીજ તેંજ મને પેહેલી શીખવીછ. મારામાં બે ગુણ છે. જોઇએ તો તું તેને એબ કેહ કે સારા ગુણ કેહઃ પણ મગરૂરી અને મકકમ ઠડાવ એ બે ખાસ્યતો મારામાં છે. સાચ્ચા પ્યારથી પેહેલવહેલી તુને મે ચાહીછ ને તે સેવટ સુધી તુને પુરો પડશે. હવે સુનાબાઇ બ.ટલીવારાની કોહેલી જબાનથી તુંને મુદલ બીહવાનું નથી."

"પણ તેવણ માયજી આગળ તો જરૂર વાત કરશે! હું માયજી આગળ ખોલાસો કરૂં?"

"નહી હવરાં નહી–જરા ધીરજ ધર."

* * *

માયજી આગળ ખુલાસો કરવાની હીલ્લાંને કાંઇજ જરૂર નહી હતી. તેણી ખોલાસા કરે યા તો સુનાબાઇ બાટલીવારા તેવણને એકની ચાર વાત કહી શકે તે અગાઉ માયજીએ તો બધું ચીમાઇને જોયું હતું અને કાનેકાન સાંભળ્યું હતું

પ્રકરણ ૧૦ મું.

ખરૂં હુલ્લતેખાન તો હવેજ શરૂ થાય છે!

"માયજી" મરેરે મુવાં! બડા લુચ્છાં! જમશેદ તથા હીલ્લાંનો "લવ સીન" બારણાં પછવાડે ભરાઇને જોવા પણ ચુકયાં નહી! તેવણે લગભગ સાહાઠ દીવાળી જોઇ હતી એટલે જમશેદ તથા હીલ્લાં વચ્ચે ચાલતા ફારસો રોજ બરોજ ગુપચુપ જોઇ પોતે પોતાનું મત બાંધી ચુકયાં હતાં. કાંઇબી નવું જુનું થવાની તેવણ વકીમાંજ હતાં અને તેથી તે ફારસો અટકાવવાની કે વચ્ચે પડવાની તેવણે જરૂર જોઇ નહી. પણ જયારે સુનાબાઇ ખભરી ચટકીને જલદીથી નીચે ઉતરી ગયાં ત્યારે તેવણને કાંઇ વહેમ પડયો અને તેવણે પગમાંની સપાટ કહાડી નાખી, ઘણાંજ ધીમાં પગલાંએ ગુપચુપ ઉપર ચહડી ગયાં. તેવણ ઠડાવ કરીનેજ ગયાં હતાં કે જમશેદજીબા સીધા પાધરા ઉતરી હીલ્લાં સાથ પરણવાનીજ વાત કરે તો ઠીકાઠીક, પણ જો ખ્યાલી ઘેલાં ચેડાં કહાડીને ખીસી જવાનીજ ધારણા રાખતા હોય તો પછી તેવણને "હાથ ધાલી"ને લેવા. બારણું તો બંધ હતું પણ કુંચીના નાકાંમાંથી તેવણે બધું જોયું અને તેઓની વાતચાતનો બોલે બોલ સાંભલ્યો! તેવણની ખાતરી થઇ કે જમશેદ હીલ્લાંને પોતાની ધણીયાંણીજ બનાવવા માંગતો

હતો એટલે તેવણુ મલકાતાં પાછાં ગુપચુપ નીચે ઉતરી ગયાં.

"મરૂંરે મારી પોરીપરથી! ફુક્તી નસીબ તો હીરા જેવુંજ લઇ આવીછ! એ તો હવે મોટે ઘેરની બાઇ થશે! મરે, પાસેની નાહલ્લીનું પાણીને પલેઠર થશે! પણ હવરાં આપરે આખારામાં ફરયા કરીયે! જોઇયે, હીલ્લુબાઇ પોતાની મેરેજ કહેવા દોરતી આવશે!"

* * *

હીલ્લાં નીચે ગયા પછી જમશેદ વીચારમાં ને વીચારમાં આમ તેમ ફેરા ફરવા લાગ્યો. છેલ્લા દહાડાના બધા બનાવો તેના મગજમાંથી પસાર થઇ ગયા. એક "હફતેખાન" તો પસાર થયું હતું. પણ હવે હીલ્લાં સાથ પરણીને તેણીને પોતાની ધણીયાંણી દાખલ "સોસાયટીમાં" તેમજ પોતાના કુટુંબમાં દાખલ કેમ કરવી? "પારસી સોસાયટી!" કેવો મોહડું ભરાઇ જાય તેવો બોલ! પણ અંદર માલ કાંઇ નહીં! હજાર એબના ભરેલાં, જાત જાતની બદીઓને આધીન થયલાં અને દીલના મેલાં પાપી પણ પઇસે ભરપુર, બે ઘોડાની ગાડીઓ અને હજારો રૂપ્યાની મોટરો ફડકા-વનારાં હાલ "સોસાયટી"ના ખાં ગણાય છે અને તેવી સુધીયાણી "સોસાયટી" તેમજ તેવી સોસાયટીમાં ફરતું તેનું માલેતોઝાર, મગરૂર કુટુંબ હીલ્લાં જેવી ગરીબ બુચીયાના કુટુંબની છોકરીને પોતાની સંફમાં લેવા કેમ કબુલ થાય? સોસાયટી! પુઉઉઉહ! એ સોસાયટીમાં ફરનારાં કેટલાક ઝેરી સરપોના કરતાં હીલ્લાં જેવી સદગુણી, નમાની, મીઠી જબાન વાળી અને ડાહપણવાળી છોકરી શું દશ હજાર ઘણી વધારે પસંદ કરવા લાયક નથી? મારે મનથી તો છે પછી તો જેવો જેનો વીચાર!

જમશેદને મનથી પણ તેમજ હતું અને તેને લાગયું કે તેની વાહલી હીલ્લા માટે કોઇબી જો જરા શક બતાવે, તેણીની સામે એક હરફબી બુરો બોલે યાતો તેણીના કુટુંબ તરફ તુચ્છકારની નજરથી જોય તો જમશેદ તે ધણીનું ખુનજ કરે! હીલ્લાંને તો તે બધા તાણા ટપલા યા ટીકાઓથી બચાવી લેવા તઇયાર હતો, તેણીને પોતાના જીવની માફક સાચવવા બંધાયલો હતો-પણ હીલ્લાંની પેલી માય! ઓ! જીલુ ડોસાંનો ખ્યાલ આવતાં જમશેદની છાતીમાં વળી નાસીપાસીનું એક આંકડું ભરાઈ આવ્યું! તેવણની "વલગર" રીતભાતો, તેવીજ "વલ્ગર ભાષા, પઇસા સંબંધી નીચાઇ તથા તેવણનો દેખાવ, હાલહવાલ કપડાં તથા ઘસાઇ પીસાઇ ગયલી સુન્નાની જણસો વગેરે યાદ આવતાં તે ખરે મને કમકમ્યો! જીલુબાઇ બુચીયા તેની સાસુ! ઓ જફા! તેની ખાતરી હતી કે હીલ્લાંને તો એકવાર જોયા પછી, તેણીને બરાબર ઓળખ્યા પછી, તેણીના મીઠા સ્વભાવ અને સદ્-ગુણોથી વાકેફ થયા પછી તેના ગમે તેવાં મીજાજી મગરૂર માતા પણ પીગળયા વગર રહે નહીં, પોતાની વહુ દાખલ તેણીને પાસામાં લેવા કબુલ થાય-પણ જીલુબાઇ! એ મેલી ઘેલી દાસીને વેહેવાણ દાખલ કબુલ કરે? કદી નહીં! પોતાની માતાને તે બરાબર ઓળખતો હતો. તેવણનો મીજાજ, પોતાના ઉંચા લોહી માટેની તેવણની મગરૂરી અને પઇસાની તુંમાખી સારાં કલકતામાં જાણીતી હતી. પોતાના દીકરાને માટે તેવણ કેવાં મોટે મોટે ઘેરની વહુ શોધતાં હતાં તે જમશેદ જાણતો હતો એટલે જમશેદની આ પસંદગીનો સંસારો પણ કાને પડતાં શું પરીણામ આવે તેના ખ્યાલથી આજે તે બહુજ નાહીમત થઈ ગયો.

"આહ! એ આએ મેં શું પગલું ભરયુંછ? ઓ! મેં કાંય નહી જરા ધીરજ રાખી? હું હમેશાં મારા મન ઉપર આવો મક્કમ કાબુ રાખનારો, બધરાં જાતને બીકકારી દુર નહાસનારો આજે એમ કેમ સપરઈ ગીયો! ઓ માયજી! માયજી! ઓ હુમાબઈ દાદીશેઠ! તમારી તરફની માફીની હું કેમ વકી રાખું? આજે તમારા મગરૂરીને મેં કેવો ફટકો મારયોછ? તમે મને મારી માસીની દીનુ સાથ પરણાવવાની ઉલટમાં છેઓ, પણ જાહરે તમે જાણશો કે હું બુચીયાના જીલુબાઇની છોકરી સાથ આજે અદરાયોછ, તાહરે તમે કોણ જાણે કેમ અફરાતફરી કરશો? મારી હીલ્લુ તો ખરેજ હીરો છે- પણ આએ ડોસી! મારી સાસુ! આગળ આવેછ તાહરે એવી તો ખાટ્ટી બટ વાસ મારેછ કે જાણે ઉબક મારી આવેછ! રાન આઇ દહારેબી કપરાં બદલતી નહી હોયે! કનફાઉંડ ધીસ વુમન! એવી એકને જોઇને મારૂં ફેમીલી મોહના મરડે તો તો તે લોકનો વાંક હું કેમ કહારૂં? જીલુ ડોસી મારી હીલ્લાંની માય? ઇમ પોસાબલ?" પણ હવે એનો ઉપાય શું?"

વીચારમાં ને વીચારમાં કલાક સુધી ફરયા પછી જમશેદને એકજ ઉપાય સુજયો! છુપાં લગન કરવાં! હા તે વગર હાલ તુરત બીજો છુટકોજ ન હતો! હીલ્લાં સાથ પરણવું તો ખરૂંજ-પણ છુપી રીતે! પોતાના કુટુંબને, પોતાની માતાને તેમજ દુન્યાને જણાવયા વગર! તેણે ઠરાવ કીધો કે જલદીથીજ પાસેની અગીયારીમાંના મોબેદને બોલાવી ઘરમાંજ ફકત જીલુબાઇ અને બની શકે તો ડાકટર ડોસાભાઇની હાજરીમાં લગનના ગાંઠથી જોડાવું, અને પછી ભવીષ્યની વાતનો ધીરજથી વીચાર કરી પગલું ભરવું.

"હા, એજ ઉપાય છે! મેં હીલ્લાંને ખાતર મારો ભોગ આપ્યોછ તાહરે મારે ખાતર મારી હીલ્લાં એટલું કબુલ કરશેજ! એક વખત હીલ્લાંને પરણીને આએ ઘેરમાંથી લઇ જાઉં પછી ડોસી સાથ મલવાજ શું કામ દેઉં? મારી હીલ્લાં તો એવી ગરીબ ને કહ્યાસરની છે કે મારે ખાતર માયને જરૂર પરતી મુકશે!"

એ કેવી ભુલ! જમશેદજી, કેવાં જુઠાં અઠડીયાં તમે ખાઓ છો! હીલ્લાંના તારીફ લાયક ગુણોની તમો કેવી ઉંચી પરીક્ષા કરો છો? તેણીનામાં તમારા જેવી ખાનદાની મગરૂરી, પઇસાની ફુંમાખી તેમજ ફું પણું નથી—પણ સાચવટ, માતા તરફનો પ્યાર તથા માનની લાગણી, તેવણુ તરફ દીકરી દાખલની ફરજ તથા તાબેદારી, ખરૂં ખોટું સમજવાની તીક્ષણ બુધ્ધી તો છેજ! તે ગમે તેવી ડાહી, કહ્યાસરની, મીઠા નરમ સ્વભાવની હશે, ધણી તરફની ફરજ શું છે તે સમજતી હશે પણ પોતાની મા, ગમે તેવી ગરીબ મા તરફની ફરજ ભુલી જઈ તમારી મરજીને તદનજ તાબે થશે. તમે પઇસાવાળા ખાનદાની છેઓ તે સારૂં પોતાને જનમ આપનારી ગરીબ માતાને તુચ્છકારી તેણીની હસ્તી તદન ભુલી જવા કબુલ થશે એમજ માની લેતા હોવ તો તમે હીલ્લાને હજી બરાબર ઓળખી નથી! આગળ ચાલો, તેણી સાથ બરાબર કામ પાડો અને તમે ત્યારેજ જોશો કે તમે ધારો છો તેટલું સેહેલું કામ નથી! ભલેની આજની તમારી ફેશન—એબ્બીયલ, સોસાયટીમાં ફરતી છોકરીઓ હીલ્લાં જેવી મુગે મોહોડેની, થોડું બોલનારી અને વીચારવંત છોકરીને, ઇડીયટ, બેવકુફ યા તો ગાવડી સમજે પણ હીલ્લાંની છેલ્લી ઝીણી આંગળીમાં જેટલી અક્કલ છે તેની

હસમ હીસ્સેખી તમારી એ આજની કહેવાતી ફેશનેબલ ચીબાવલી ચરકતી, અને ચણુાની માફક આમ તેમ ઉડતી, પોતાને ઘણીજ હોશીયાર સમજતી છોકરીઓના આખાં ઘલમાંખી હોય તે વીશે મને શક છે!

પ્રકરણ-૧૧ મું.

પેલી "આટલીવારો"ને વીશવાશમાં લીધા વગર છુટકોજ નથી!

વીચાર કરતાં કરતાં જમશેદનું મગજ તદન ઠાકી ગયું અને તે લોઠપોઠ થઇને ઉંઘાઇ ગયો. પણ આણીગમ આ-પરાં હીરાંબાઇ શું કારભારમાં છે તે જોઇયે. તેણીનો જીવ આજે અત્યંત ખુશાલ હતો. તેણીના પગ જમીન ઉપર ઠરતા ન હતા જમશેદ જેવા ખુબસુરત જવાન પઇસાદાર અને દાદીશેઠના દીકરાની તે ઘણયાંણી! તેણીની માનીજ વાણી ખરી! વાંચનાર! તેણીને ગેરઇનસાફ કરશો નહી, તેણીને પઇસાની લાલચુ ધારશો નહી. ના, જમશેદની દોલત અને વાડી બંગલાનો તેણીને રતીભારખી ખ્યાલ ન હતો, તે વીશે તે કશું જાણુતી પણ નહી હતી. ફકત સાચા ખાલેશ પ્યારથીજ તેણીનું જીગર છલ છલ થઇને તેની તરફ ખેંચાઇ રહયું હતું. આટલા થોડા વખતમાં તે આટલું જોઇ શકી હતી કે જમશેદ ખુબસુરત, કદાવર અને રગેરગ ગ્રહસ્થાઇમાં પુરો હતો. જો કે હથીલાઇ અને પોતાનોજ કકો ખરો કરાવવાના ગુણો જે જમશેદમાં હતા તેની પરીક્ષા કરવાનો કાંઇ જોગ હજી સુધી બન્યો ન હતો—એટલે હીલ્લાં તેને

દરેક રીતે સંપુરણ ધારતી હતી. જમશેદ ઉપર હીલ્લાંનો પુર વીશવાસ હતો અને તેથીજ તેના ઓરડામાં તે વગર બીહકે છુટથી આવજાવ કરતી હતી. આજે જયારે જમશેદે પોતાનો પ્યાર ખુલ્લો કરી તેણીને પોતાની બનાવી ત્યારે હીલ્લાંનો જીવ સાતમે આસમાંને લાગી ગયો. પણ તે બધી ખુશાલીમાં એકજ ખતરો પડ્યો હતો. બધા સુખમાં એકજ નડતલ હાલ સામી હતી. સુનાબાઇ બાટલીવાળા! એ કટકઠી નીંદાખોર બઇરીની ઝેરી જબાં કેમ બંધ કરવી તેના વીચારમાં બીચારી હીલ્લાં આખી રાત બરાબર સુવી નહી પણ અંતે સુનાબાઇને ઠંડા પાડવાનો, તેવણુને ભલતું ભલતું બકબક કરી એકનું ચાર કરતાં અટકાવવાનો એકજ સારો ઉપાય હીલ્લાંને સુજયો અને જમશેદની સલાહ લઇ તેની ઉપર અમલ કરવાનો ઠરાવ કરી તેણી બીજે દીને સહવારના જમશેદના ઓરડામાં ગઇ.

આજે હીલ્લાંએ જરા વધારે સંભાળથી ડરેસ કીધો હતો. માથુબાનું છેક આગળ વેરથી નહી બાંધતાં જરાક ઉપર જવા દીધું હતું. ગુલાબી ખુલ્લા રંગની સાડીમાં તેણીનો ગોલાબ જેવો ચેહેરો વધુ દીપતો હતો. ટુંકી બાંહેનુ બદી-યાન પેહડયું હતું અને ગોરા ગોરા બર્ફના જેવા હાથ ઉપર લાલ દાડમને રંગનાં ચીતલ પેહડયાં હતાં. તેણીનો હમેશનો લગાર ગંભીર વીચારવંત ચેહેરો આજે શાંત અને ખુશાલ દીસ્તો હતો. જમશેદ ઇઝીચેર ઉપર હાથમાં ન્યુંસ-પેપર ધરીને બેઠો હતો. આંખ આગળ ન્યુંસપેપર હતું ખરૂં પણ તેનું ધક કોણ જાણે કયાં ચરવા ગયું હતું. દાદી શેઠનો દીકરો અને જીલુબાઇ બુચીયાની દીકરી! એ તેલમાં પાણી કેમ મળશે તેના વમલમાંથી તે દેખઇતી રીતે હજી ફારેગ

થયો ન હતો. જેવું ઓરડાનું બારણું ઉઘાડી હીલ્લાં ઉંબર ઉપર આવી ઉભી કે ન્યુસપેપર હાથમાંથી ફેંકી દઇ તે ઝટ ઉભો થયો. હીલ્લાંનો પ્યારો સુંદર મુખડો પાછો નજર પડતાં સારી રાતની તાસવીસ તે ભુલી ગયો. તે હાથ લાંબા કરી આગળ ગયો.

"આવી કે? ડીયર! ઓ મારી વાહલી! આજે તારૂં મોહનું હસ્તું છે તે તું કેટલી સરસ લાગેછ!"

હવે આ બે જણા વચ્ચેનો "લવ સીન" અહીં લખ-વામાં ફાયદો નથી. નવાં અદરાયલાં, નવાં પરણેલાંઓ વચ્ચે ના પ્યારનાં ધરાંપરાં, એકેકની ડોક ઉપર ડોક નાંખી દેવાની રીત વગેરેથી વાંચનારાઓમાંના ઘણાં અણજાણ્યા નહી હશે. ઘણાઓ તે ફારસો કરીને પરવારયાં હશે યા તો તેનો અનુંભવ મેળવી ચુકયાં હશે! આટલુંજ કહેવું હાલ તો બસ છે કે હીલ્લાં અને જમશેદના દીલ જેવા સાચા ખાલેસ અને કાંઇ પણ સ્વારથ વગરના અખંડ પ્યારથી એક બીજાં સાથ મલી ગયાં હતાં તેવો પ્યાર હાલની તમારી કહેવાતી સોસાયટીમાં ભાયેગેજ દીસે છે.

"કેમ ડીયર, આજે રાતે બરાબર ઉંઘ આવીતી કે?" જમશેદે પુછયું.

"નહીં, સુનાબાઇ બાટલીવારાના વીચારથી હું સુતી નથી. જમશેદ, તેવણ આપણું કામ બગારશે, બાહર લોકમાં જુઠું જુઠું ગમે તે અરાવશે—તેથી તેવણને જરા ટંડાં પાડી મોટાં વરાં કરવાની જરૂર છે.

"તું શું કરાવવા માંગેછ તે કેહ. તું જે કહે તે કરવા હું તઇયાર છેઉં"

મને એક પલાન સુજેછ, તમે જો હા કહો તો,"

"બોલ, તારૂં મન શાંત કરવા તું જે કહે તે કરશ"

"જો, એ સુનાબાઇ ગમે તેવાં હોશે પણ મારી સાથ તો ઘણું સારૂં રાખેછ. મને અવારનવાર પોતાની સાથે લઇ જવા માંગેછ ને ઘણાં કામનાં છે. જુઠું શું કામ બોલ્યે, જરા સીપલાં છે ખરાં પણ સુખે દુખે કામનાંખી છે. તે તેવણને એકદમ ફફરાવવાં નહીં જોઇએ."

"ફફરવાનુ શું કામ ઉતું? તુને કીસ કરતાં જોયો તેથી તેવણ શું કામ ફફરયાં? કાંઇ હું તેવણને થોડી કીસ કરવાનો ઉતો!"

"જા બા, ઘેલાં ના કાહડોની. જમશેદ, હું કેહુંછ તેમ કરશો?"

જમશેદ જેવો દાદીશેઠનો દીકરો, કાળાં કાળાં સુનાબાઈ બાટલીવારાને કીસ કરે તે વીચાર જરા રમુજી હતો! અને તેથી હીલ્લાંને હસવું આવી ગયું.

"જો આપણે સુનાબાઇને ખરી વાત કહીયે તો કેમ? આપરે તેવણને વીશવાસમાં લીધાંછ ને તેવણ ઉપર ભરૂસો રાખી ખરી વાત કહી તેથી જરા "ભીખાજી તીતી" બની જશે ને બાહર ખોટી ખોટી વાતો સરાગાત કરીને કેહતાં અચકાશે શું વીચાર છે!"

"તું જેમ કહે તેમ. પણ તું ધારે છે કે આપરે જે વાત ખાનગીમાં રાખવા કહીયે ને તેવણ પેટમાં રાખી શકશેજ! બઇરાંઓની તો એ જાણીતી વાત છે કે જે વાત ઘણી ખાનગી રાખવા કહો તે જરૂર જલદીથીજ બાહાર કરી આવે!"

"નહી નહી તેમ નહી કરશે તમે જો તેવણને અહી બોલાવીને વાત કરશો તો ઘણું ખુશ થશે"

"હું? હું બોલાઉં? હું વાત કરૂં?" જમશેદ અજાયબીથી ઊભા ચઢાવ્યા.

"હા, તમે કહો તોજ તેને વજન મળે! તમે મોટા લોક જે કહો તે ખરૂં માને, મારા જેવી ગરીબ માણસની છોકરી કહે તે તો હસીજ કહાડે ને મને ગાંડીમાં ઠરાવે?"

"ઓહો! એમ કે? બડી લુચ્ચી પોરી છે. હું કંઇ તેવણને ઓળખતો નથી—પણ તું કહે તેમ લખીને અહીં બોલાવ્યે ને પછી હું વાત કરૂં. જોઇયે ડિંકરો કઇ તર બેસેછ! ઉભી રેહ હું ચીઠી લખું."

જમશેદ ચીઠી લખી કહાડી અને હીલ્લાંને વાંચવા આપી. "જો વાંચ, બરાબર છે?"

"મેહેરબાન બાનુજી,

જત આજે કેટલા કેટલા દહાડા થયા હું તમારા ઓરડાઓ રોકી બેઠોછ અને તેથી તમુને કેટલી અરચણ પડેછ તે હું જાણુંછું. તેટલું જાણે થોડું હોય તેમ ગઈ કાલે તમે મને મળવા આવ્યાં ત્યારેની હું તમુને મળી શકયો નહીં તે સારૂં હું ઘણોજ ઘણોજ દલગીર છેઉં. મારેથી તમને મળવા કાંય બનયું નહી તે બાબેનો થોડોક ખોલાસો હું તમારી આગળ કરવા માંગુંછ. મારી હાલની નબળી તબીયત ઉપર દયા કરીને તમે જો એક દહારો પાછાં અહીં આવીને મને મળી જવાની તસ્દી લેશો તો હું ખચીત ઉપકારી થવશ. ને કેટલોક ચોકસ ખોલાસો કરવાની જરૂર છે તેબી મોહને મોહનું કરશ. મારાં કુટુંબને તમે ઓરખોછ એવી મને ખબર પડી છે કેમ જે મારા એક "કઝીન"

મી૦ દીનશાહ મેહેરહોમજીબી તમને ઓળખે છે ને અવાર નવાર તમારે સારૂં મને લખે છે તેથી આપુને બે જણને વાત કરવાની બાબદો ઘણી મળશે. મને હજુ વીકનેસ ઘણી છે નહી તો હું પોતે તમને આવીને મળી જતે. જરૂર તમારી ફરસુદે તસ્દી લેજો. કાંઈ અગતની ખાનગી વાત તમને કહેવાની છે.

લા૦ દુવાગો,

જંમશેદ બમનજી દાદીશેઠ.

"હત તેરીકી! આવું હાખ-થુનું હમબગ મે મારા જનમમાં કોઇ દહારો લખ્યું હતું નહીં!" હીલ્લાં કાગજ વાંચી રહયા પછી જમશેદ હસીને બોલ્યો "કેમ બરાબર છે કે નહી? ચાલશે કેની?

"હા, ઘનું મજાનું છે. એ વાંચીને જરૂર મળવા દોરી આવશે. કેમ જે ખાનગી વાત સાંભળવા વગર કોઇ બઇરીનો જીવ થોભે નહીં. ચાલો તમો સરનામું કરીને મને આપો હું મોકલીને જવાબ મંગાઉં!"

હીલ્લાં કાગજ લઇને બહાર ગયા પછી જમશેદ વળી વીચારમાં બેઠો "હવે એની સાથ પાટલો કેમ ફાવશે? એને ખરી વાત કહી દેવામાં ફાયદો છે? ઉલટું મારૂં કામ તો નહી બગારે! હીલ્લાં કેહછ તેમ જો એની સાથે સારૂંજ હોય તો પછી જરા તરા એને મોટી વરી કીધામાં ખોટું નથી. બીજાં કોઇને નહી ને એવણુનેજ અમારી ખાનગી વાત કેહીશું તેથી ફુલણુજી બનશે ખરાં! જો તેમ હોય તો અમારાં લગન પછી મને અવારનવાર હીલ્લાંને એખલી મુકીને જવું પરશે તાહરે એ આગળ રહે તો મને ધીરજ રહે હાલ તુરત તો મારે અવારનવાર થોરા થોરા મહીના માયજી

આગળ જઇને રેહવુંજ પરશે નહી તો શક પરીયા વગર રહે નહીં. તાહરે આય ડોકરી મારી હીલ્લાં આગળ રહે તો તદન એખ્ખલી તો નહી પરે! આહ! હું કેવું ઇચ્છુંછ કે મારાં માયજી ને બેહનો મારાં લગનનો કારભાર કરવા આવે! મારી ખુશાલીમાં તે લોક ભાગ લઇ શકે! ઉંહ! તે બને તેમ છેજ નહીં! મારાં લગનની વાત હાલ જાહેર તો પારવી નહીજ—તે બાબદનો તો મેં પકો ઠરાવ કીધોછ. મારાં માયજી હજુ છોકરીઓને લઇને હવાના ચેન્જપર ગયલાં છે તે તકનો લાભ લઇને મારે લગન કરી નાખવાંછ! પણ આઓ બાટલીવારી! કોઇ એકાદ બઇરૂં મારી હીલ્લુનાં ખરાં ફરેંન્ડ દાખલ હોય તો મને તો ગમે? પેલી એની માયને તો હું દુરજ રાખશ પણ જો આઓ સુનાબાઇ અમુને મદદ કરે, અમારી ખરી વાત સાંભળી તે વાત પેટમાંજ રાખવાને મારી હીલ્લાંને હીમત આપવા કબુલ થાય તો હું ખુશી છેઉં! પણ મોટો સવાલ એજ છે કે સુનાબાઇ અમુને મદદ કરશે કે? અમારી વાત ખાનગી રાખી હીલ્લાંના ખરાં મદદગાર ફરેન્ડ થઇ રહેશે કે? જોઇએ આવવા તો દેઓ!"

જમશેદનાં માય પોતાની બે કુંવારી છોકરીઓને લઇને ઉટાકામંદ હવા ખાવા ગયાં હતાં એટલે જમશેદને ઉતાવળ કરવાની જરૂર ન હતી. આઓ સુનાબાઇ બાટલીવાળા તેઓ ઉપર યા તો માસી બાનુબાઇ ઉપર યા તો દીનશાહ ઉપર લખીને કાંઈ ઘાણ બગાડે તેની જમશેદને ફીકર પડી હતી અને તેથીજ બની શકે તો આઓ સુનાબાઇને પટાવી લઇ પોતાની તરફેણમાં ખેંચવા તે આતુર હતો. પોતાના કુટુંબના કોઇને પણ જણાવવાની અગાઉ આ સુનાબાઇ જેવા તદન

અણજાણ્યા તરાહેત માણસને પોતાના છુપ્યાં લગનની વાત જણાવવાનો વીચાર જેમ એક બાજુ બહુજ કાઢંગો લાગતો હતો તેમ બીજી બાજુ હીલ્લાંને ખાતર, તેણીના મનનું સમાધાન કરવાને ખાતર તેટલું કરવાની જરૂરજ હતી એમ જમશેદને લાગયું, જો કે તે વીસવાસને તેવણ સાચાંજ નીવડશે કે નહી તે વીશે જમશેદને ઘણો શક હતો.

પ્રકરણ ૧૨—મું.

"હવે મારા જીવને કરાર થયો!"

સુનાબાઈ ઘર જતાં આખે રસ્તે ફફડ ચટક કરવા લાગયાં. તેણીની આશા કરરભુસ થઇ ગઇ હતી. ખેંચી ખેંચીને ઉપસાવેલા બાલના "પફ" ૨૬ થયા હતા. દાદીશેઠને ઘેરની વહુ થઇ મોટી સોસાયટીમાં ફરવાના હવાઈ કીલ્લાઓ જમીન દોસ્ત થઇ ગયા હતા—એટલે તેવણ "બળીને બે પડ" નહી થાય તો શું કરે? તેવણની "દાળ તદનજ દાઝી" ગઈ હતી અને વસણાયલી દાળ જેવું મોહડું કીધાથી પુરાં એબીયલ લાગતાં હતાં.

"તમે હાલ કંઇ ડાકટરને કે નાજાંને એ બાબે કેહતાં ના હું!" ખરસેદબાઇએ સલાહ આપી.

"નાજાંને! અરે નહીંજ તો! એવી વાતો તે કંઇ નાદાન બચ્ચાંને કહેવાનીબી છે વારૂ? પણ એનાં સગાંઓને તો મારે ચેતાવવાંજ જોઇયે! એની માસી બાનું બાઇને લખવાજ ધારૂંછ. એની માય તો હવરાં કલકતામાં નથી. તે તો છોકરીઓને લઇને ઉતાકામંદ નીલગીરી વગેરે ફરતી ફરેછ પણ માસી કલકતે છે તેને લખશ."

"સુનાબાઇ તેથી શું ફાયદો થવાનો છે?" ખરશેદબાઇ દુનયા ખાધેલાં હતાં અને બધી લીલી સુકકી જોઇ ચુકેલાં હતાં. "તમુને તેથી શું ફાયદો થશે?" તેવણ હસીને બોલ્યાં "મોટીડાઓ તો બધા જરા તરા એમજ હોય! જુવાંન મોટીડો છે, દેખાવલી જુવાન છોકરી સાથ જરા રતી છુટથી હસવા બોલવા તો તેને ગમે! આપરે તેથી જરા જરામાં તેનાં કુટુંબ ઉપર લખવા બેસ્યે તો બીજું કામ કરવાનોબી વખત નહી મળે!"

"પણ તાહરે હીલ્લાં? તેને ખાતર તો મારે એ ફારસ અટકાવવા જોઇયે! તેને તો હું ઘણીજ ડાહી સમજતીતી! ડાકટરબી તેને સારૂં શું કહેતાતા તે યાદ છે કેની?"

"હા તેથી હું તો ધારૂંછ કે તે ઘણી ડાહી હોશેજ પણ તે બીચારી શું કરે? આપરે એવી નાહલ્લી નાહલ્લી બાબદ ઉપર આંખવીચામણાં કરવાં જોઇયે! એ તો હોય, દુન્યા છે બધું ચાલ્યું જાય! જુવાન મોટીડો ઘેરમાં કંઇ કામકાજ વગર બેસી રહે ને ખુબસુરત છોકરી આગળની આગળ હોય તાહરે જરા રમુંજ કરવાની ચુર થઇ આવે! તેમાં એટલું બધું ગરબર કરવા જોગ કંઈ નથી. હીલ્લાંને બદલે તેની જગાએ તમે હોતે તોબી એમજ બનતે કેની?"

ખરશેદબાઈ સારી રીતે જાણતાં હતાં, મનમાં ખાત્રીથી માનતાં હતાં કે હીલ્લાંની જગયાએ સુનાબાઈ હતે તો આવો બનાવ કદીબી બનતે નહી' પણ તેવણ ડાહયાં હતાં અને કોઇનુંબી દીલ દુખવવા માંગતાં નહી હતાં.

"હા, બનતે તો ખરૂં—પણ શું તમે મને ને હીલ્લાંને એકજ પંકતી ઉપર મુકોછ?" તેવું કાંઇ નહી બનતે એવો

ખ્યાલ સુનાબાઇના મનમાં નહીં હતો. "હું કાંઇ, તે કહાં? મારૂં ખાનદાન શું! હીલ્લાં કોણુની છોકરી તે બધું ભુલી કેમ જાઓછ? હીલ્લાંને બદલે હું હોતે તો પછી વાંધો ઉતોજ શાનો?"

ઓ ગરૂરી! ગરૂરી!! તારી અંતે પડતીજ છે!!

"અલબત, અલબત, હીલ્લાંને બદલે તમે હોતે તો જરૂર પોરા વખતમાં શાદી રામશની વધઇ અમે સમજતે! હીલ્લાં છે એટલે તેવું કહાંથી માની શકાય?" ખરશેદબાઇ પોતાનું હસ્વું જેમ તેમ થોભાવતાં બોલ્યાં, "ચાલો હવે માંડી વારો, તમે કંઇ જાને જોયુંજ નથી એમજ સમજો ને ફરીથી જમશેદ મલે તાહરે અખારાજ કરી જજો હું!"

"પણ શું પેલી હીલ્લાંનેબી જરા બે બોલ કેહું નહીં? તે બીચારી બચ્ચું છે તેની ભુલ ભાંજવી જોઇયે. તે બીચારી ગરીબ માણુસની છોકરી નકામી કંઇ કંઇ જુઠી આશામાં હુલકાયા કરે તેને બે બોલ સલાહ નહી આપું?"

"હા, તમે ખાનગીમાં ગમે તો તેને ચેતાવજો કે એ મોટા લોકનો છોકરો એમ જરા હસે બોલે તેને ઘણું ઉતેજન નહી આપે! પણુ તમે મારૂં માનજો ને એ બાબદમાં ઘણાં વચે ના પરતાં! જમશેદના કુટુંબ સાથ નકામી તમુને પંચાતી થશે. તે લોકને તે લોકનું હાનવા દેઓ, આપુને વચે પરવાનું શું કામ?"

સુનાબાઇએ કાંઇ જવાબ દીધો નહી અને ઘર આવતાં સુધી ગુપચુપ બેસી રહયાં. તે ઉપરથી ખરશેદબાઇએ ધારયું કે તેવણુની શીખામણ કારગત લાગી ગઇ હતી. પણુ નહીં, સુનાબાઇ પોતાનીજ ગણુત્રી કરતાં હતાં. તેવણુ વેરસી બની ગયાં હતાં, શયતાન્યતનો કીડો તેવણુના દીલમાં ચવડતો હતો.

જમશેદનો હાથ મેળવવામાં, દાદીશેઠનાં વહુ થવામાં જો તેવણ નીશફળ થયાં તો એજ દાદીશેઠના દીકરા ઉપર પોતાનું વેર લઇને જીવને ઠંડો પાડવા તેવણ માગતાં હતાં. હીલ્લાંનાં હાથને ચુમ્મી લે! એક ગરીબ રાંધી ખવાડનારી છોકરીના હાથને ચુમ્મી લે! શું જુલમ! કેવું બેહુદું! બીજા કોઇને નહી તો ફક્ત દીનશાહજી મેહેરહોમજીનેજ જો તેવણ જણાવે તો કેવો જલદી બધા નાટકનો છેડો આવી જાય! તે જરૂર આવીને આએ ફારસ આગળ વધતો અટકાવે. પણ તે કેમ જણાવવું? પોતાને ખરે નામે તો લખી શકાયજ નહીં. ત્યારે કેમ કરવું? ઘણો વાર વીચાર કરતાં એકજ ઉપાય તેવણને સુજયો કે નનામું કાગજ લખવું! અને તેજ હીચકારો કંગાળ ઉપાય અજમાવી પોતાના ઉશકેરાયલા જીવને શાંત પાડવાનો ઠડાવ કરી તેવણ ગાડીમાંથી ઉતર્યાં.

રાતના ખાવાની ટેબલ ઉપર ચવીત્રી નાજાં માથું ભેજુ ખાઇ ગઇ. જમશેદજી દાદીશેઠને ત્યાં શું કરી આયાં, શું વાત કીધી વગેરે જાણવા તેનો જીવ તલપાપડ થતો હતો—પણ સુનાબાઇને "ખમે આવ્યું" હતું. અને તેવણ મુગાં મુગાં ખાણુંને ચંચેરયા કરતાં હતાં.

રાતના પોતાના ઓરડામાં એખલાં પડયાં પછી તેવણે પોતાના કારસ્તાન શરૂ કીધાં. દસેક કાગજો બગડયા પછી હાથ ઠેડવી ઠેડવીને તેવણે નીચલી લાઇન લખી કહાડી.

"જમશેદજી દાદીશેઠ ધાસતીમાં છે.

તમે જલદી આવો"

પોતાના "મોરના તાંટીયાં" જેવા હરફ છુપાવવા, ખુબ મેહેનત લઇને આ લાઇન લખી ખરી પણ હવે તેને મોકલવી

ક્યાં? દીનશાહ મેહરહોમજીનું ઠેકાણું તેવણને ખબર નહી હતું. વીચાર કરતાં, તેનો બી પલાન સુજયો. માણસ જયારે કાળાં કરતુકો કરવાની ધુણમાં આવે છે તેને ઉપાયોની શી ખોટ છે? તેવણે તે કાગજયું એક એનવી લાપમાં બીડયું અને તે ઉપર "દીનશાહજી સોરાબજી મેહરહોમજી, બાઇ, બાનુબાઇ બેજનજી તાલેવંતની કેરમાં, કલકતા" એવું સરનામું કરીને તઇયાર કીધું. બીજે દીને સકાળેથી કોઇબી ઉઠે તેની અગાઉ પોતાને હાથેજ ટપાલમાં નાખવાનો ઠડાવ કરી તેવણ બીછાણે ગયાં.

તેવણ શું નીરાંતે ઉંઘાઇ ગયાં? ઉંઘ! નનામું કાગજ લખનારને વળી ઉંઘ તે કેવી હોય? એ બદકાર કમબખત ઓરત! નીરદોશ ગોલાબ જેવાં બચ્ચાંને સતાવી, તેના સુખનું સત્યાનાશ વાળનાર શયતાન! તું ઉંઘાવાનો આશા રાખે છે? પોતાની આશામાં નીરાશ થયલાં, બીજાનું સુખ જોઇને બળી મરનારાં, તેઓનાં સુખમાં આવાં નીચકામોથી ભંગાણ પાડવાની વેતરણ કરનારાંઓ કદાચ થોડો વખત ફાવતાં હશે–પણ આયંદે તેઓ પોતાના ફેજે પુગશેજ!

આખી રાત અછાડપછાડ કરી સવારના સુનાબાઇ "ધુસ" જેવાં ઉઠયાં. ઉઠતાંને વાર પાછું પેલું કાગજ હાથમાં લઇ વાંચી જોયું. કોઇનેબી સંસારો માલમ નહી પડે તેવાં ધીમાં પગલાંએ નીચે ઉતરી તેવણ પોતેજ તે કાગજ રસ્તા ઉપરના ટપાલના થામલામાં નાખી આવયાં અને ત્યારેજ તેવણના જીવને કરાર થયો! બીલાડીની માફક હલ્લેથી ઘેરમાં ભરાઇ ગયા પછીજ તેવણે છુટકારા અને સંતોશનો એક નીસાસો નાંખ્યો! તેવણને લાગયું કે તેવણે પોતાની ફરજ બજાવી હતી! એક કાચી કુમારી નાદાન છોકરીને બચાવી લીધી હતી!

તે દીને સવારના નવ વાગે ડાક્ટરને ત્યાંના નાસ્તા ઉપર બેઠાં હતાં. નાજાં તથા ખરશેદબાઇએ જોયું કે સુનાબાઇનો કાલનો "ઘુમટો" ઉતરયો હતો અને તેવણ જરા ખુશાલ હતાં. અલબતાં તેવણની તે ખુશાલીનું કારણ ખરશેદબાઇ ક્યાંથીજ જાણે? બે જુવાન જીવોના સુખનો કચડઘાણ કહાડવાની પાપી કોશેશ કરી તેવણ તેની ખુશાલીમાં હસતાં હતાં એમ બીચારાં ખરશેદબાઇને ક્યાંથી ખબર પડે! હસો, સુનાબાઇ, હવડાં તો હસો પછી માથે હાથ દઇને રડવાનો વખત આવે છે!

તેવણ નીરાંત જીવે માછલીના દબુસા મારતાં હતાં તેવામાં બારણું ઉઘાડી આયા એક ચીઠી લઇને અંદર આવી. "બાઇ આએ કાગદ જીલુબાઇને તાંહથી લાયોસ! જામસેદજી સેઠ આપયોસ!"

ખરશેદબાઇએ કાગજ હાથમાં લીધું. "એ તો તમારે નામનું છે, સુનાબાઇ."

સુનાબાઇ બાટલીવાળા ઉપર કાગજ! જમશેદ દાદીશેઠ તરફથી! તે વળી શું? ખરશેદબાઇએ સેહેજ અજાયબી તથા ઇનતેજારીથી તે કાગજ સુનાબાઇ તરફ ધકેલ્યું. નાજાં ગરમ પતેતાનો બુક મોહડાંમાંજ રાખી મોટા મોટા ડોળા કહાડી સુનાબાઇને ટીકવા લાગી, કે સુનાબાઇના ચેહેરા ઉપર થતા ફેરફારોથી શું છે તે માલમ પડે! તેણીએ તો નક્કીજ માનયું કે જમશેદ સુનાબાઇ સાથ પરણવાની "ઓફર" મોકલી હતી! સુનાબાઇના મનમાં પણ પેહેલાં તેવોજ કાંઇ ખ્યાલ આવ્યો કેશું કારણ તેવણે ઘડીમાં ઉજળાં સપતો ઘડીમાં પીળાં પચક થઇ જઇ ધ્રુજતે હાથે તે કાગજ ઉઘેડયું. કદાચ લગનની માંગણી હોય કે કદાચ ગઇ કાલના બનાવને લગતું

કાંઇ હોય! તેવણે કાગજ ઉંઘાડયું અને આખું વાંચ્યા પછી તેવણના ફીક્કા પડી ગયલાં મ્હોં ઉપર પાછો જરા રતાસ આવ્યો.

"જરા આપ્પે વાંચોની," તેવણે તે કાગજ ખરશેદબાઇને આપતાં કહ્યું, "વાંચીને પછી તમારી સલાહ આપો કે મારે શું કરવું ને શું જવાબ મોકલવો!"

ઊલ્લાની સલાહથી લખાયલાં જમશેદના તે કાગજની વીગત આપણે તોજાણુયે છીયે પણ નાજાંની ચટાપટીનો સુમાર ન હતો.

"લગનની માંગણી છે કે, સુનાબાઇ!" તે ગાંડી છોકરી પોતાની ઈંતેજારી દબાવી નહીજ શકવાથી બોલી પડી. "વાહ! કેવું મજાહનું! હવે તો જરૂર મને વરબેરૂં લેવું પડશે."

"ચપરે દુકતી! ગડબડ ના કર!" ખરશેદબાઇએ ધમકાવી—પણ ચીબાવલી નાજાં હટી નહી. ખરી વાત સીલસીલાબંધ જાણ્યા વગર કઇ બઇરીનો જીવ રહયો છે કે નાજાંનો રહે!

"પણ તાહરે સારી કેવી ભરાવશો હું! સુનાબાઇ, બા, હુંબી તમારાજ જેવી ભરાવશ હું! એકલાં એકલાંજ બધું નકી કરોછ કે અમુને જરા કહેતાં બી નહી કે?"

"નાજાં દીકરા, ઉતાવલી ના થા. હલ્લું ધીરે તું બધું જાણશે! મારાં લગનની વાત સઉથી પહેલી તમે લોકજ જાણશો! તાહરે બોલોની ખરશેદબાઇ, આપ્પે કાગજનો શું જવાબ આપું!"

સુનાબાઇની છાતી ઠડક ઠડક થતી હેતી. જમશેદના આ કાગજથી તેવણને પાછી દીલમાં કાંઇક આશા આવી હતી. કાંઇ પાછું નવું જુનું બનવાની વકી તેવણે રાખી.

"તમારે જવું તો જોઇયે! ના લખશો તો ખરાબ લાગશે. કેહવારોની કે હું આવશ."

"પણ તમે સાથે આવશોની? કાહરે જશું?" સુનાબાઈ અધીરાં પડી ગયાં.

"અં! કામ વધયું! કામ વધયું! જમશેદજીને મલવા જવાના છેઓ! અં! હવે અમે સમજયાં! તાહરે તો જરૂર લગન લાગવાનું!" બેવકુફ નાજાંએ બુમાબુમ કરી મુકી.

સુનાબાઇથી તો હસાઇ હસાઇ જવાતું હતુ. તેવણે આયાને કહયું "જા શેઠને સલામ કહેજે ને કહેજે કે આજે સાંજે ૪ વાગે હું મલવા આવશ."

પ્રકરણ ૧૩ મું.

દોસત કે દુશમન?

સુનાબાઇ તુરતવેળાની ખુશાલી અને અધીરાઇમાં પેલાં કમબખ્ત નનામાં કાગજની વાત ભુલી ગયાં હતાં, પણ બપોરના જમ્યા પછી જયારે પોતાના ઓરડામાં તેવણ કપડાં બદલવા ગયાં ત્યારે તે વાત તેવણને ઘણાજ જોશથી પાછી યાદ આવી. અરરર! તેવણને લાગ્યું કે તેવણે સજજડ કાચું કાપ્યું હતુ—તે કાગજ લખીને ટપાલમાં નાખી દેવામાં તેવણે ઘણીજ ઉતાવલ કીધી હતી! બે કલાક થોભ્યાં હતે તો કેતું પાછું બધુ સમાધાન થઇ જતે! હવે તો કાગજ ગયું અને દીનશાહજી આવીને ઉભા રહે તથા જમશેદ જરૂર સુનાબાઇ ઉપર શક લાવે અને તેથી તેની સાથ સદાનો બગાડ થાય તેવો બધો

સંભવ ઉભો થયો હતો. જો ઊતાવલ કરી તે લાઇન નહી લખી હતે તો કેવો આજે પાછો "આનસ" તેવણના હાથમાં હતો! ખચીત, ઘણુંજ કઢંગુ થઇ ગયું હતું અને તેનો ઘણોજ પસતાવો સુનાબાઇને લાગયો. પસતાવો હમેશાં મોડો હોય છે! પણ સુનાબાઇને એકજ વાતનો સેહજ સધ્યારો હતો કે તેવણે જે લાઇન લખી હતી કે "જમશેદજી ધાસતીમાં છે" તેનો જુદોજ મીનીંગ દીનશાહજી કાંય નહી ઉઠાવે? કાંય નહી જમશેદ વધારે શીક પડી ગયો હોય ને તેની જીંદગી ધાસતીમાં હોય એમ દીનશાહ સમજે? હા, એ લુલો તુતરો સધ્યારો હતો ખરો, અને તેનીજ ધીરજ મનમાં રાખી સુનાબાઇએ પાછો ડરેસ કરવા માંડયો.

તેવણ બપોરે જમીને બે વાગે ઓરડામાં કપડાં બદલવા ગયાં હતાં અને જયારે તઇયાર થઇને નીચે ઉતરયાં ત્યારે બરાબર સવાચાર થયા હતા. આંજે તો બાલ બરાબર નહીજ ઉપસ્યા એટલે જુની કાળી સાડી ફાડીને તેનું 'પેડીંગ" કરીને બાલને ઉપસાવ્યા હતા અને ગઇ વખતના કરતાં "જઅઅરા" વધારે પાઉડરનો હાથ મારયો હતો. ગઇ વખતે તો નીરાશી મલી હતી પણ આએ વખતે તો જમશેદ સાથ ઓળખાણ પાડી, તેની છાતીમાં પ્યારની આગ સલગાવવાના મજબુત ઠડાવ સાથ તેવણ નીચે ઉતરયાં!

નીચે દાદર આગળજ ચવીત્રી નાજાં વળી સામી નડી. ઉં! કંટાલાભરેલી છોકરી! આડા અવળા સવાલો પુછી તેવણને બેજાર કરતી હતી.

"એ આએ બાલમાંથી શું કારૂં કારૂં દીસેછ, સુનાબાઇ?"

આછા બાલમાંથી નીકલી આવેલો કાળી સાડીનો છેડો ખેંચતાં નાજનં પુછવા લાગી.

"અરે એરાં ના કહાર ! નાજનં ! તદન ઉખ્ખરોજ છેજો !" કેટલી મહેનતે ઓળેલા બાલ ખોળાઇ ગયા એટલે સુનાબાઇ ચીરડાઇને બોલ્યાં, "ચાલોછ કે ખરસેદબાઇ ? ચાર વાગી ગીયા."

જીલુંડોસાંના ઘર આગલ આવી પુગતાં સુનાબાઇ ઉતરયાં " હું આજે તમુને ઘણો વખત ખોટી કરશ નહી. મારાં બે ચાર કપડાં લેવાના છે તે લઇને ઓય આવતી રેહુંછ હું!"

"હા, હા. કંઈ નહી, તમે હલ્લુ રહીને બરાબર બધુ લઇને આવજો. હું જરા મોદીવારાને તાંહ મલવા જાઉંછ, અરધા પોણા કલાકમાં તમુને લેતી જવશ."

સુનાબાઇ અંદર ગયાં પણ પેલું કમબખ્ત નનામું કાગજ તેવણનાં તાંટીયાં ધ્રુજાવી રહ્યું હતું ! તેવણની ના કદર છાતીમાં આજે પસ્તાવાનો કીડો ખુબ કરડતો હતો. જીલુડોસાં બારણું ઉઘાડવા આવ્યાં. આગલે દીને સુનાબાઇ અફાડઝીક કરીને ચાલી ગયાં તેથી ડોસાંના ગળી ગયલાં હતાં.

"હું ઉપર જાઉં ? કાલે મારેથી કપરાં લેવાનું બન્યું નહી તેથી જમશેદજીએ આજે મને ચાકી લખીછ તેથી હું આવીછ."

"અં ! આવો ! જરા અહીં બેસો, હું પહેલાં જઇને જમશેદજીને કહી આઉં ?"

થોડેવારે ડોસાં પાછાં આવ્યાં. "જાઓ, જમશેદજી તમારા બેસવા ઉઠવાના આગલા ઓરડામાં છે ને કેહવારેછ કે બેલાસક આવીને તમારો સામન લઇ જાઓ."

"વારૂં, પણ હીલ્લા કહાં છે? કંઇ દીસ્તી નથી!" સુનાબાઇએ પુછયું.

"હીલ્લા તો જરા બહાર કામે ગેઈછ. કાંય કંઈ તેનું કામ છે?"

"નહી અમથી પુછું'છ!"

આ પછી સુનાબાઇ ઉપર ગયાં અને બારણું ઠોકયું. જમશેદે તે ઉઘાડયું. જમશેદને પહેલી નજરે જોતાંજ સુનાબાઇ ફસ થઈ ગયાં. તે ખુબસુરત તો હતોજ પણ આજે વધારેજ ખુબસુરત દીસતો હતો. તેણે આલપાકાનો ઢીલો ટુંકો કોટ પહેરયો હતો અને માથા ઉપર કાળી મખમલની ટોપી પહેરી હતી. ઉંચો સીધો સોટા જેવો, ભુરા હસતા ડોળા સાથે તે જયારે સુનાબાઇને વાંકો વળીને સલામ કરતો સામો આવી ઉભો ત્યારે સુનાબાઇને પેલું નનામું કાગજ કેવું હુઇયે ચહડી આવ્યું! આવો એક ધણી, આવો ખુબસુરત, સાથે દાદીશેઠ ખાનદાનનો અને વળી પઇસાવાલો! આહ! સુનાબાઇ કેવાં હીલ્લા સાથ પોતાની જગ્યા બદલી લેવા તઇયાર હતાં! બાટલીવાલાનાં સુનાબાઇને બદલે જીલુબાઇ ખુચીયાની હીલ્લા થવા કેવાં માંગતાં હતાં! જો પેલું નનામું કાગજ કોઇ એમનુંએમ પાછું લાવી આપે તો પાનસો રૂપીયાખી ત્યાંના ત્યાં કહાડી આપવા કેવાં ખુશી હતાં!

"આવોજી," જમશેદ હસ્તે ચેહેરે હાથ લાંબો કરીને આગલ આવ્યો, "તમે મીસ બાટલીવાલા?"

"હાજી તમે કેમ છેઓ?"

"સારો કાનીજી—ઠેંકયું. તમે અહીં સુધી આવવાની તસ્દી લીધી તેથી ઉપકાર માનુંછ. તમે કાલે આયાં તાહરે

મેળાપ થયો નહી તેથી દલગીર છેઉં!"

"કંઈ નહીજી, કંઈ નહી."

"પણ મારે તેને સારૂં તમારી આગલ ખોલાસો કરવોછ. તમે——"

"અરેજી કાંઇ નહીરે તેમાં શું? કંઇ નહી, ખોલાસો શાનો કરે, તેમાં શું થઈ ગયું? એમાં શું મોટી વાત? જાણે એમજ સમજો કે મેં કંઇ જોયુંજ નથી."

"નહી, નહી, તેમ નહી! તમે જોયું તો તેમાં કંઇજ અરચન નથી! તમે જોયું તો સારૂંજ થયું કેમજે હું તમુને મારી—મારી——"

હીરલાંને શું નામે બોલાવવી તે માટે જમશેદ જરા ગુંચવાયો.

"તમે જો હીરલાંને સારૂં કેહતાં હોવ તો અચકાઓ ના—બોલતાં બીહો ના. મેં જે જોયું તેથી હું હીરલાંને સારૂં હલકું મત બાંધશ એમ તમે ધારો ના. તેમાં શું છે, એ તો હોય, નાદાન બચ્ચું છે."

"હલકું મત? નાદાન બચું! તાહરે તમે સમજયાંજ નથી. મારે હવે ખોલ્લે ખોલ્લું તમુને કહી દેવું જોઇયે. હલકું મત બાંધવાની કશી જરૂર નથી કેમજે એ હીરલાં સાથે હું પણવાનો છેઉં!" જમશેદ ઘણોજ શાંત ચેહરો રાખી ઠંડે પેટે બોલ્યો.

સુનાબાઇના તે વેળાના ચેહેરાનું વરણન કેમ કરૂં? મારા કરતાં ઘણીજ જોરાવર કલમ તેને માટે જોઇયે છે. તેવણ પહેલાં તદન ફગલાઇને ઉજળાં સપ થઇ ગયાં અને પછી જાણે વીજળીનો ઝટકો લાગયો હોય તેમ ઝબકીને ઉઠયાં. લપેરો આવતો અટકાવવા તેવણ ખુરસીને પકડીને બોલ્યાં—

"શું ઉંઉંઉ? તમે એ શું બોલ્યા?"

"તમે સાંભળ્યુ નહીં? હું એમ કેહુછ કે એ હીલ્લાને પરણીને હુ મારી ધણીયાણી બનાવવાનો છેઉં!"

"તમે કંઇ ઘેલા બેલા થયાછ?"

"કેમ? તેમ ધારવાનું શું કારણ?"

"કારણ? તમે હીલ્લા સાથે પન્નો? તમે? તેના ને તમારાં "પોઝીશન"નો કંઇ ખ્યાલ કીધો? તે કોણ—તમે કોણ?"

"તે બધું વીચારવાનું મારૂં કામ છે! કોઇનેબી તેમાં વચ્ચે પરવાનો હક નથી—પણ તમે હીલ્લામાં શું વાંધા-ભરેલું જોવોછ?"

"તમારાં ને તેના ખાનદાનમાં કંઇ ફરકજ નથી? તમે એક દાદીશેઠના દીકરા, તે એક કામન રાંધી ખવારનારીની છોકરી! લોક શું બોલશે?"

"લોક? પારકા લોકને કોઇની કનવાર કરવાની શું જરૂરછે?"

"વારૂં પન તમારાં માયજી બહેનોનું કેમ? તે લોક એ વાત સાંભરીને કેવાં દુખી થશે!"

"તેબી વીચારવાનુ મારૂં કામ છે, સુનાબાઇ."

સુનાબાઇએ પોતાની જબાં કરડી નાંખી. "સારૂંજ થયું, પેલું કાગજ મેં લખ્યું તે સારૂંજ કીધું!" તેવણ મનમાં વીચારવા લાગયાં.

"જોવ સુનાબાઇ—હવે બધી વાત છોરી દેઓ. મારાં કુટુંબને સમજાવી લેવાનું મારૂં કામ છે. આજે તો હું હીલ્લા તરફથી તમારી પાસે એક "ફેવર" માગુંછ. હીલ્લા મને કહેછ કે તમારી એની ઉપર ઘણી મેહરબાની છે ને મારી ને એની ખાતરી છે કે અમારાં લગન થયાથી તમે તે મહેરબાની ઉતારી નહીં નાખશો."

"હા પણ તે—"

"જરા મારૂં સમજી લેઓ. હાલ તરત અમારાં લગન તદનજ છુપાં રાખવાની જરૂર છે. તેના ઘણા કારણો છે. કદાચ હાલ તરત હું મારી ધણીયાણી ને મારી સાથે કલકતેથી લઈ જઈ શકશ નહીં. તાહરે તે અબલા પરે તે વખતે કોઈ તેની ખરી સહી આગળ રહી, તેને મદદ કરે એવી અમારી ઇચ્છા છે. હીલ્લાનાજ કેહવાથી હું તમુને આજે આએ વાત કેહુંછ. તેની મરજી છે કે તમે આએ કામમાં એને મદદ કરો. એને તમારી ઉપર વીસ્વાશ છે ને એની ખાતરી છે કે તમે એને નાસીપાસ નહી કરશો."

જમશેદનામાં હીમત હતી, સાચવટ હતી, ખાનદાની મગરૂરી હતી પણ બઇરાંઓને પટાવી લેવાની સીફત અને કુનેહનીજ કોતાઇ હતી! હાલ તે પોતે ટેકમાં અને દમામમાં રહી હીલ્લાને ખાતર બીજી બઇરીની મદદ માગતો હતો! એક જીંદગીથી નાસીપાસ થયલી, લગનના બઝારમાં નીશફળતા પામેલી, પોતાની ધારણામાં હારેલી કુંવારી બાઇ બીજી જુવાન ખુબસુરત અને વધારે નસીબવાલી પોતાની હરીફને તેના પ્યારમાં અને લગનના કામમાં ખુશીથી મદદ આપે તે બનાવ કેટલો અસાધારણછે! તેવો સાફ મનનો ફરેસતો હજી સુધી તો દુન્યામાં પેદા પડયો નથીજ! જમશેદ જો જરા કુનેહ વાપરીને ખાસ પોતાની તરફથી તેવી અરજ કીધી હતે, હીલ્લાનું નામ દેવાને બદલે પોતાને ખાતરજ મદદ માંગી હતે તો કદાચ ફાવતે—પણ નહી, જમશેદને કોણ જાણે શું કારણથી સુનાબાઇના નામનો પહેલાંથી અભાવ બેસી ગયો હતો. થોડીજ મીનીટની વાતચીત પછી આ સુનાબાઇને તે ખરાં જીગરથી ધીકારવા લાગ્યો.

સુનાબાઇબી ખભરી રહયાં હતાં. તેવણે મનમાં નક્કી ઠરાવ કીધો કે હીલ્લાને મદદ નહીજ કરવી. એકદમ ધસીને નાતો કહેવાયજ નહી એટલે તેવણે કાંસી કુંસીને જવાબ દીધો.

"હા, પણ તે જોવની, તમે શું કહેવા માંગોછ તે હું બરાબર સમજી નથી! હું એટલી અજબ થઇ ગેઇછ! તમે શું તમારાં એ છુપાં લગનમાં મને ભાગ લેવા કહોછ?"

"હાજી, તેજ મારી મુખ્ય મતલબ છે પણ જો તમે અમુને મદદ કરવા નાજ કહો તોબી તમે એ વાત બહાર કોઇ બીજા આગળ હાલ તુરત કરશો નહી એવી તો હું જરૂરજ આશા રાખુંછું."

"હા જાહરે તમે તમારાં લગન છુપાંજ રાખવા માંગોછ તાહરે તો હું બોલશ નહી. પણ તેમાં ભાગ લેવાનું, તમુને મદદ કરવાનું તો નહી બને! તમે જાણોછ કે તમારા કુટુંબ સાથ મને કેટલી મોહબત છે. તમારા માયજી, માસીજીને હું ઓરખુંછ. તમારા માસી બાનુબાઇ તો મારાં મોટાં સહી થાય. તાહરે હું આવાં એક અણઘટતાં પગલાંમાં તમુને કેમ ઉતેજન—"

"બસ બસ બસ!" જમશેદ બહુજ કચવાઇને બોલ્યો, "વધારે ના બોલોજી. હું સમજી ગીયો કે તમારી મરજી અમુને મદદ કરવાની નથી! જેવી તમારી મરજી! હું તમારી ઉપર દબાણ કરવા માંગતો નથી. મને પોતાને જરાબી દરકાર નથી. મારી હીલ્લાને ખાતર હું બોલ્યો, પણ મહેરબાની કરી એટલું ધ્યાનમાં રાખશો કે મારી ભવીશની ધણીયાણીના સારા નામને હલકું લાગે ને તેનું નામ ખાલી વગોવાય તેવું કશુંબી બોલાશે તો તે હું ખમી શકશ નહીં. હાલ તુરત મારાં લગન છુપાં રાખવાની જરૂર છે-પણ

તમારા વીશ્વાસ ઉપર જે વાત મેં તમુને કહીછ તેનો કંઇબી આરો ઉપયોગ તમે કરશો નહીં ને તેનાં ભલાં નીરદોશ નામને કલંક લાગે તેવું કોઇને બોલવા દેશો નહીં એટલુંજ માગુંછ."

"તમે બરાબર સમજતા નથી. કલંક લાગે જેવું બુરૂં બોલું તેવી હું નથી! એટલુંજ હું કહેવા માંગતી'તી કે તમારાં કુટુંબની હું ફ્રેન્ડ છેઉં—તાહરે જે વાત તે લોકને તદન અનગમતી થઇ પરે તે વાતમાં હું ઘણો ભાગ લઇ શકું નહીં એટલુંજ!"

"ઓલરાઇટ! તાહરે મારે હવે વધારે બોલવું નથી! તમુને જે લેવું હોય તે સુખેથી લઇ જજો. હું તમુને વધારે વખત ખોટી કરશ નહીં, સાહેબજી" આટલું બોલી જમશેદ બહુજ ઠસ્સામાં સેહેજ ડોકું નમાવી પાસેના રૂમમાં ચાલી ગયો.

"માયરે! કેવો મગરૂબ છે! શું ઠસ્સો છે!" સુનાબાઇ ચીડમાં ને ચીડમાં હાથના નખ કરડી ખાતાં વીચાર કરવા લાગ્યાં "જરાબી નરમ પડીને વાત કરતે તો હું કદાચ હા કેહતે! પણ કંઇ નહીં, હું હવે પેલા દુકતીને ચમકાઉં કે માટીડાનાં પેલાં ચેરાંપર લોભાઇ નહી જાય!" બાકી રહેલાં કારસ્તાન પુરાં કરવા તેવણ ચાટ જેવાં નીચે ઉતરી ગયાં.

પ્રકરણ ૧૪—મું.

ઝેરી નાગના ફુંફાડા!

સુનાબાઇને પોતાનું હાણવા દઇને જમશેદ પાસેના ઓરડામાં ચાલી ગયો. તેનો મીજાજ ગયલો હતો. દીલ્લાના

કહેવાથી તેને આજે પગલું ભરયું, સુનાબાઇ જેવી વાહી-યાત બઇરીને નકામી છાપડે ચહડાવી તેથી હવે તે પસ્તાવા લાગ્યો. તે મુછ મરડતો બારીએ ઉભો હતો તેવામાં રસ્તા ઉપર દુરથી હીલ્લાં ચાલી આવતી તેની નજરે પડી. તેણી હાથમાં કાંઇ બાસ્કીટ લઇને લટક લટક ચાલતી હતી. તેણીને દુરથી જોઇને જમશેદનો ક્રોધ ઉતરી ગયો. હવે વધારે વખત નહી ખોતાં જેમ બને તેમ જલદીથીજ લગન કરી નાંખી હીલ્લાંને ત્યાંથી લઈ જવાની અધીરાઇમાં તે પડી ગયો હતો. સુનાબાઈ જેવાં સંસારનાં કીડાઓથી તે ઘણો બીહતો હતો. ડાકટરે તેને હવે બાહર ગાડીમાં ફરવા જવાની તો રજા આપી હતી એટલે કાંઈ અડચણ હતી નહીં. તેના માયજી બેહનો હજી થોડા મહીના બાહરગામજ તબીયતને ખાતર રહેવાનાં હતાં એટલે તે બાજુની પણ ધાસ્તી હાલ તુરત હતી નહીં. "ચાર ચોખા છંટાવી," હીલ્લાંને તેણીના નવા ઘેરમાં ઠરીઠામ ગોઠવીને પછી માયજી બેહનોને એક ઉડતી મુલાકાત આપી આવવાનો તેનો વીચાર હતો. માયજી તથા બેહેનો તરફના કાગજો અવારનવાર આવતાં હતાં, અને જમશેદ હવે સારીકાની હતો તે જાણી તેઓના જીવ નચીત હતા. અલબતાં પોતાના મનમાં કીધેલી બધી ગોઠવણો હજી હીલ્લાંને જણાવી ન હતી અને હીલ્લાં પોતાના હાલના સુખમાં એટલી તો ખુશાલ અને સંતોશી હતી કે તેણીએ પુછવાની યા જાણવાની દરકાર પણ કીધી હતી નહીં. તેણી હસ્તે ચેહરે બાસ્કીટ હીલાવતી હીલાવતી ઘરમાં આવી. તે બીચારી નીરદોશ બાળા શું જાણે કે એક ઝેરી નાગ તેણીને ડસવા માટે પછવાડે તઇયારજ હતો? એવા ઝેરી સરપો સંસારમાં તો ડગલે ને પગલે મળે છે પણ તેઓના

કાતીલ ડંખનો કડવો અંગત અનુભવ બીચારી હીલ્લાંને હજી સુધી મલ્યો નહોતો. તેણી જમશેદને માટે થોડીક સોજી ફરૂટ ખરીદવા ગઇ હતી તે બાસ્કીટ ટેબલ ઉપર મુકી હજી તો માથાં ઉપરથી સાડીનો સાડે ઉતારે તેવામાં ઓરડાના બારણાં આગળ સુનાબાઇ આવીને ઉભાં.

સુનાબાઇને પોતાના ઓરડામાં ખરેખરૂં કામ કાંઇ ન હતું. મુખ્ય મતલબ જમશેદને જોવાની હતી, તે કામ ખલાસ થયું એટલે ન જોઇતી એકાદ બે સાડી લઇને તેવણ નીચે ઉતરયાં. જમશેદ તો "નો કોઠાં" કરીને ચાલી ગયો એટલે હવે બને તો તે ગરીબ છોકરીને ધભગાવી, ગુંગળાવી પોતાનો જીવ ઠંડો પાડવાના વીચારથી તેવણ હીલ્લાં આગળ આવી ઉભાં.

"મારે તારી સાથ કંઇ ખાનગી વાત કરવીછ, હવરાં કંઇ કામમાં છે કે?"

"નહીજી, કામ તો રોજનું છે! કંઇ નહીં. બેસોની!" હીલ્લાંએ એક ખુરશી આગળ ખેંચી તેણી ચાલી આવી હતી તેથી તેણીના ગોરા ચેહરા ઉપર ગોલાબી રતાશ આવ્યો હતો. સુનાબાઇના ઝાંઝર લંગરવાલા ડરેસના કરતાં તેણીના સાદા પણ બંધ બેસતા ડરેસમાં હીલ્લાં દશ ગણી વધારે શોભતી હતી. સુનાબાઇથી પણ મનમાં તેણીનો દેખાવ વખાણ્યા વગર રહેવાયું નહીં.

"મને તમે શું કેહતાતાજી?"

"હું હવરાં ઉપર જમશેદજી આગળ ગેઇતી. મારા ઓરડામાં મને કપરાં લેવાનાં ઉતાંની તેથી આવીતી!"

"હાજી."

"જમશેદજી સાથ મને હવરાં વાત થઇ ને તેવણુની વાતથી હું પુશકળ અજબ થઇ ગેઇછ! કંઇ નહી મનાય તેવી વાત તેવણુ કરેછ! તેવણ કહેછ કે તેવણુ તારી સાથ પણુવાના છે!" કદાચ જમશેદનું બોલેલું સાંભળવામાં પોતાની કાંઇ ભુલ હોય તેવી આશામાં સુનાબાઇએ ઇંતેજારીથી પુછયું. "એ શું ખરી વાત છે?"

"હાજી, ખરી વાત છે!"

"છોકરી એ તું શું કરવા માંગેછ તેનું કંઈ તુને ધ્યાન છે? એ પગલાંથી તેને તું કેટલો દુઃખી કરશે. કેટલું નુકશાન કરશે તેનો તુંને કંઇ વીચાર છે?"

"દુઃખી? નુકસાન?" હીલ્લાં આ ધડાકો સમજી તદન હરણફાર થઇ ગઇ "તે કેવી રીતે સુનાબઇ?"

"હીલ્લાં, હીલ્લાં, જરા ધીરજથી વીચાર કરજે તારી ને તેવણુની સ્થીતીની સરખામણી કરજે! જુવાન માટીડો એક ખુબસુરત ચેહરાપર લોભઇને જરા હસ્વા બોલવાની મતલબે રમત કરે તેપર ઠગાતી ના! તેવા માટીડાઓ પણુવાની ધુનમાં પેહલાં છ મહીના સારા ચાલે, પછાથી તે લોક જહારે પોતાની ભુલ જોય તાહરે બઇરી થતી સાથ ખરવાયાં તોરે! સમજી?"

"પણ બાઇ, જમશેદજી કાંઇ તેવા નથી. તેવણુનો મારી ઉપર ઘણો જીવ છે!"

"અરે હા, તે હું બધું જાણુંછ! બધું થોરા વખતનું! એવાં લગન કોઇ કાલે સુખી થાય નહીં! તું જાણે છે એ જમશેદ કોણુનો દીકરો છે તે? તું કાંહથી જાણે! જો સાંભળ! તે દાદીશેઠ ખાનદાનનો દીકરો છે! એના એક માસી બહુંજ જાણીતા ખાનદાનના એક સી. આઇ. ઇ.

સાથ પન્નેલાં છે એના મમાવાબી બનાજી કુટુંબના, તવંગર ઉતા તેવણ મારા સગા લાગે!" દાળમાં 'ને દાઢીમાં પોતાને હોમાવતાં સુનાબાઇ બટાકા લઇને બોલ્યાં. જમશેદની ધણીયાંણી નહીં થવાય તો જમસેદની દુરની સગી થવામાંબી કેટલી વડાઇ હતી! બીચારી હીલ્લાં તો આ મોટી મોટી સગાઇની વાતો સમજી બચીતજ ધભરાઇને મુગી થઇ ગઇ! એટલે સુનાબાઇએ પોતાનો "ઇસ્કોર" પાછો ચલાવ્યો. "તે પોતે શેઠયાનો દીકરો ને લખ્ખો રૂપ્યા તથા વાડી બંગલાનો ધણી છે! ને તેવો એક ધણી તારા જેવી સાથ પન્ને તો તેના કુટુંબને કેટલું ખોટું લાગે, તે લોકને તે કદીબી પસંદ આવે નહી ને તેથી તારે લીધે તે લોક સાથનો સંબંધ સદાનો જમશેદને છોરવો પરે! તેના માય તો એવાં તુમાખી છે કે કદીબી જમશેદને માફ કરે નહીં ને એ રીતે તું તેની સાથ પનશે તો તે સદાનો પોતાના કુટુંબથી વીખુટો પરશે!"

ગરીબ બીચારી હીલ્લાં! તેણીની આંખમાં પાણી આવી ગયાં અને તે ડચકાં ખાવા લાગી. સુનાબાઇએ જોયું કે તેવણના બોલેલાંએ જોઇતી અસર કીધી હતી, એટલે તેવણે આગળ ચલાવયું "તેથી હીલ્લુ તું બે વખત વીચાર કરજે, પેહલી ઉલટમાં તે તારી સાથ પનશે પણ પછી પોતાની સાથે બધા મોટા મોટા લોકમાં ફરતાં ને તારી સાથ ઓરખાન કરાવતાં સરમાશે ને તેથી છ મહીનામાંજ તુને "ગોખલા"માં મુકી ફરતો ફરશે!"

"પણ કાંય—શું કરવા—હું શું—"

"નહીં, નહીં, હું એમ નથી કેહતી કે તું ખરાબ છોકરી છે, લુચ્ચી છે ચોટ્ટી છે! નહીં, હું જાણુંછ કે તું ઘણી

ડાહી ને મજાની છે. પણ એનું કુટુંબ તે બધું શું જાણે? તે લોક તો નાખના ફીકરાં ચહરાવશે કે "મરે એ તો કોઈ એવાંજ ખાનદાનની છે" તારી હાલત ઘણી કઢંગી થશે ને બીચારો જમશેદ તારે લીધે બધી રીતે હારમાર થશે તેથી તારા ફાયદાને સારૂં કેહુંછ કે ખુબ વીચારીને કામ કરજે!"

હીલ્લાં તો અતીશય નાસીપાસી તથા દુઃખને મારે ફાંસવા લાગી. તેણીને ચક્કર આવતા હતા તે અટકાવવા ખુરશી પકડી લીધી. તેણીના ઉજરા સપ જેવા હોઠ જોઇ સુનાબાઈ તેણીનાં ખભાં ઉપર હાથ મુકી સીપલાં થવા લાગ્યાં "શું છે? હીલ્લાં, ફેર આવેછ? કંઇ તબીયત બગરી આવીછ?"

"નહીં કંઇ નહીં!" ખભાં ઉપરથી હાથ ખસાડી નાંખી તેણી ધ્રુજતે સાદે બોલી. "તમે કહયુંછ તે મેં બરાબર સાંભલ્યુંછ. હું તેની ઉપર વીચાર કરશ તમે મને હવરાં તો જવા દેઓ" તે ધસારાબંધ ઓરડામાંથી નીકળી. બાહાર ચાલમાં જીલુડોસાં ઉભેલાં હતાં, તેવણથી પોતાનો ઉશકેરાયલો રડતો ચેહેરો છુંપાવવાની મતલબથી હીલ્લાં આંખે રૂમાલ દાબીને ત્યાંથી ચાલી ગઇ પણ જીલુડોસાંની ચગોર આંખ ચુકે? તેવણે આ બે જણની ટપાટપીનો અવાજ બાહરથી સાંભલ્યો એટલે વળી સુંધારા લેવા તેવણ બાહર આવીને ઉભાં. હીલ્લાં રડતી રડતી ચાલી ગઇ તેને તેવણે અટકાવી નહીં પણ સુનાબાઈનો ખુબ તરેહથી ઝારયો કહાડવાની મતલબથી તેવણ અંદર ગયાં. સુનાબાઇ ગાડીની રાહ જોતાં બારીએ ઉભાં હતાં.

"ઓહો જીલુડોસાં, તમે છેઓ કે? કેમ છેઓ?" જીલુ ડોસાંના ભવાંનો ચીલ્લો ચહડેલો જોઈ સુનાબાઇ જરા તરખાયાં ખરાં પણ વાત ઉડારવાની મતલબથી બોલ્યાં.

"હું! છઈયે, અમે તો ઘણા સારીકાની છઈયે! પણ એ તમે હું અહીં ભરઇને ગોટાં ખાયા કરોછ? એ મારી ગોલાબ જેવી પોરીને કાંય ગુંગરાવી હોશે?"

"મેં ગુંગરાવી? મેં શું કીધું?"

"તો જીવને પુછોની! તે લાલ ચણોતી જેવું મોહનું કરી નાસી ગેયલી તે મેં જોઇ નહીં શું?" જીલુડોસાં કમરે બે હાથ દઇને બોલ્યાં

"પણ માયજી—"

"અપરે, મને કંઇ માયજી ફાયજી કરતી ના! મારી દીકરીને બધા જી! મારી પોરી તમારી પછવારે આટલા આટલા ધકેલા ખાય, તમારાં ભીના ભોજન ઓરડામાં લાવી આપે, તમારી સારીની કોરો મુકી આપે, સીક પરે તાહરે માવજત કરે તે બધાંનો આએ બદલો આપતી હોશે! તેં મારી ગરીબ ગાય જેવી છોકરીને શું કહયું કે તે એમ રરવા પરી?" જીલુ ડોસાં ખુબ ઉખડયાં.

"મારપર જમશેદજી છે તેવણ બાબદ બે બોલ વાત કીધી બીજું શું?"

"જમશેદજી? તેવણ બાબે બે બોલ? શું બે બોલ? ધસીને બોલોની?"

"તેવણ મને કેહતાતા કે તમારી હીલ્લાં સાથ તેવણ પણવાના છે!"

"વારૂ, તેમાં તારા બાપનું હું ગીયું? તેમાં તારૂં હું નખોદ વરયું?"

જીલુ ડોસાં ટેબલ ઉપર હાથ અફાળી બોલ્ય "તે જમશેદનું કામ છે. તુને વચ્ચે મુડી ખોસવાની શું જરૂર ઉતી?"

"હું તો ફકત તમારી હીલ્લાંને સમજાવતીતી કે એવાં લગન સુખી નહી નીવરે! હીલ્લાંની અને એની હાલતમાં ખાનદાનમાં ઘણો ફરક છે તેથી હોલ્લાં જો એની સાથ પન્ને તો તેને ખીચ્યારાને ઘણું નુકસાન થાય એમ હું કેહતીતી!"

"કેમ જાણ્યું? તેં કેમ જાણ્યું? નુંકસાન થશે કે ફાયદો તે કંઇ તારૂં કામ નથી! તે સમજવાનું જમશેદજીનું કામ છે! તું વચ્ચે બોલનારીજ કોણ?" આખો મોહલ્લો સાંભળે તેવો જીવડો કહાડી જીલુ ડોસાં બોલ્યાં.

"હું એવણના કુટુંબને ઓરખું છ, જમશેદજીના માસી મારાં એક બહેન જેવાં છે તેથી મારી ફરજ ઉતી તે મેં કહ્યું."

"કુટુંબ? માસી! જમશેદજી પોતે પણવાના છે, કાંઇ કુટુંબ નથી પણવાનૂં! માસી તારી બહેન થાય? હા, એવાં પૈસાવારાનાં બેહેન થવા તો સઉ નીકરે, તારા જેવાં ભારેના બેહેનોના શું તોટા પરેલા છે! તું જોયછ કે હીલ્લાંને ગભરાવીને ખીસારી મુકું તો જમશેદજી તારી સાથ પન્ને! ખારાં પાણીએ મોહડું ધોઇને આવજે!" જીલુ ડોસાં પોતાની જાત ઉપર ગયાં.

"અરે અરે જીલુમાય! બુમ ના પારો આસ્તે બોલો જમશેદજી ઉપર સાંભરશે!" સુનાબાઇ હવે ખરેખર ઘભરાઇને બોલ્યાં.

"શાને સારૂં આસ્તે બોલું? કોઇના બાપની ચોરી છે કે? બડેખાંના પોરીયાઓ ડુકતીઓ સાથ અમથા નાચી નદરીને તેને પરતી મુકે તોબી તમારાં જેવાં મતલબ્યાંઓ તેની પરથી તુટી તુટી પરે, પણ કોઈ ડાહયો માટીડો કોઇ ગરીબની પોરી સાથ પણવા નીકરે તો તેને મુવાં નીંદાખોરો ફુટી ખાઓ! તું શું બોલી? બેની હાલતમાં ફરક છે, મારી

પોરી જમશેદની બરાબરની નથી?" ડોસાં સુનાબાઇની લગોલગ જઇ ધીમેથી બોલ્યાં "એમ મનમાં ખાન ના ખાતાં! લખો સાંભરી લખો કે તે જમશેદની બરાબરની છે ને ફર છે! તું મોટી બાટલીવારી થઇછ તે મને ખબર છે! પણ જા, તું તેની જુતી નુંછવાનેબી લાયકની નથી સમજી! ફરીથી મારી પોરીને કંઇ જેતે જેતે બોલીછ તો ડોરાજ ખેંચી કહાડશ!"

સુનાબાઇના સારાં નસીબે એવામાં ખરશેદબાઇની ગાડી આવી લાગી. જીજી ડોસાંનો મીજાજ હદ બહારનો ગયો હતો અને સુનાબાઇ ખસ્યાણાં પડી મુગાંજ ગગડી રહયાં હતાં તેવણ એક છલાંગ મારીને ઉઠયાં અને જીજી ડોસાંને કાંઇ પણ કહયા વગર ખરશેદબાઇની ગાડીમાં બેસી ઘર તરફ ચાલુ મુકયું.

પ્રકરણ ૧૫ મું.

સાસુ જમાઇ!

હીલ્લાં લપેરા ખાતી પોતાના ઓરડામાં ગઇ અને અંદરથી બારણું બંધ કરી બીછાણાં ઉપર પડીને રડવા લાગી. આહ! તેણીનું સુખ એક ઝટકામાં કચડાઇ ગયું હતું! જમશેદ પરણયા પછી તેણીથી શરમાય, થોડા વખતમાં તેણીને પડતી મુકે! સુનાબાઇના આ બોલો તેણીની નીરદોશ છાતીમાં તીરની માફક ભોંકાયા હતા.

"હું શું જમશેદને લાયક નથી? અરે ખરેખર તે મોટા લોકનો દીકરો મારા જેવી ગરીબ ખાનદાનની છોકરી સાથ

પન્ને તે કેમ બને! આ ખોદા! કંઇ નહીં, હું એવણને તેવાં દુઃખમાં પરવા દેવશ નહીં! મારી સાથ પણવાની તેવણને ફરજ પારશ નહીં! જમશેદ મને એટલો પ્યારો છે કે તેને દુઃખીને હારમાર થવા દેવાના કરતાં હું મારા સુખનો ખુશીથી ભોગ આપશ! તેને તેના કુટુંબમાં ખરાબ લાગે, કુટુંબ સાથ અણબનાવ થાય, મને બધાં હીણું ને તેની સાથ ગુસ્સે થાય તે કેમ મારેથી સંખાય? નહીં. નહીં, કદી નહીં! હું હવરાંજ જઇને જમશેદને તેની "પ્રામીસમાંથી છુટો કરૂં!"

હીલ્લાંએ આ હીમતભરયો ઠડાવ કીધો ખરો પણ ચાલીને જમશેદના ઓરડામાં જવા તેણીના પગજ કયાં ઉપડતા હતા! તેણી દલગીર જીવે ઓરડામાં આમ તેમ ફરયા કીધી. ઉઠલપાઠલ લાગણીઓથી તેણી ગુંગળાઇ ગઇ. ઉતાવલે પરણી ધારજથી પસ્તાવું કે પેહલાંથીજ મન મકકમ કરી ખીસ્તાં જવું? પોતાના કરતાં ઘણાંજ ચહડીયાતા કુટુંબમાં પરણી, તે મગરૂર કુટુંબના તાણા ટપલા તથા "ઇનસલ્ટો" ખમવા કરતાં પોતાની હાલની સાદી, ગરીબ પણ આબરૂદાર જીંદગીમાં રેહવામાં શું શોભા નહીં હતી! અલબતાં આ બધા હીલ્લાંના મનના તુરંગો હતા. ઘણીવાર અંદેશો કીધા પછી પ્યાર ઉપર "પ્રાઇડ" ફાવી. અને વધુવાર વામાટામા ન કરતાં હીલ્લાં તુરત ઉઠીને જમશેદના ઓરડામાં ગઇ.

"અહ્લો ડીયર હીલ્લાં? આટલો વખત તું કહાં ઉતી? પણ અરે શું છે? તારો ચેહરો એવો ઉદાસ કાંય? શું છે દીકગ?" જમશેદ ઘણાજ પ્યારથી તેણીના બંધે હાથો પોતાના હાથમાં લઇને બોલ્યો "તારા હાથ આઇસ

જેવા ઠંડા છે ને આંખમાં આંસુ છે! મારી ડારલીંગ શું છે મને નહીં કેહુ?"

"ઓ જમશેદ–જમશેદજી" હીલ્લાં પોતાના બંધે હાપો છાતી સાથે દાબી કગળીને બોલી. તેણીની આંખમાં પાછાં પાણી આવી ગયાં "તમે કેવા ભલા છેઓ પણ હું ધારૂંછ કે આપરે છુટાં પરીયે—"

"શું? શું? છુટાં પરીયે? એ શું બકેછ?"

"હા, જો હું તમારે લાયકની નથી, તમારી બરાબરની નથી, સુનાબાઇએ મને હવરાં કેહયું તે સાચુંજ છે, તમે દુઃખી થશો, પસ્તાશો ને—"

હીલ્લાંની કાંડી પોતાના રાહોડા હાથમાં મજબુત ધરી તે દાંત કચકચાવીને બોલ્યો "સુનાબાઇ! પેલી બહારી જેને તું તારી ફ્રેન્ડ ધારતીતી! તેને તુને શું કહયું? નીચે જઇને તે શું કારસ્તાન કરતીતી? એકદમ બોલ, તેને તુને શું કહ્યું તે મને એકદમ કેહ!" જમશેદ ખુબ ઉશકેરાઇને લાલ પીલો થઇ ગયો. હીલ્લાં તો તેને આવો ચીરડાયલો જોઇને ઘભરાઇ ગઇ. "ઓ, ઓ, ખોદાને ખાતર એટલા ચીરડાઓ ના, જો વારૂં, જરા આસ્તે બોલો ગુસ્સો ના કરો!

"ગુસ્સો? અરે, તે જો આપરાં કામની વચ્ચે પરશે તો હું તેનો ટોટો પીસશ, તેનું ખુન કરશ! તે કોણ થાયછ? તારી ને મારી વચ્ચે નરવાનો તેને હકજ શું છે?" તે ઘણોજ ચીરડાઇને બોલ્યો. જમશેદને આટલી હદ સુધીનો "તાપત" થઇ જતાં હીલ્લાંએ આજ સુધી જોયો ન હતો. હમેશનો માયાળુ શાંત અને પ્યારથી વાત કરનારો જમશેદ આજે તેણીને કાંઈ નવાંજ રૂપમાં દીસ્યો. સેહેજ ઘસારો

કરતાં જયારે જમશેદ આટલો ગુસ્સે થઇ ગયો ત્યારે વધારે કાંઇભી બોલવાની જબાં કયાંથી ઉપડે? હીલ્લાંને મુગી ઉભેલી જોઇ તે બોલ્યો.

"મને સાચું કેહ! પેલી, સ્ટુપીડ વુમન તુને શું શું સમજાવી ગેઇ? હું જાણવા માગુંછ? બોલ!"

"હા, હું કેહુ, પણ જો તમે એટલા ગુસ્સે ના થાઓ બધી મરી જાઉં. તેવણે મને કહયું કે હું તમારે લાયકની નથી, તમે ઘણા મોટા ખાનદાનના છેઓ, ને મારૂ ફેમીલી તમારી બરાબરનું નથી ને તેથી તમે મને પનીને પછી પસ્તાસો! બસ એટલુંજ!"

"બઅઅઅઅસ! એટલુંજ! ઘણું થોરૂં કહયું! ઘણી મેહરબાની થઈ! આજની આએ "મીસચીફનો" સંવાદ જો હું એ બઈરીને નહીં ચખારૂં તો હું દાદીશેઠનો દીકરો નહી! હીલ્લા, જો એક વખત સાંભળી લે, મેં તુને આગળભી કહયુંછ કે હું એકજ બોલનો માણસ છેઉં! મારા મનમાં મેં જે એક ઠડાવ કીધો તેને હું સેવટ સુધી વરગી રેહવશ. જરા જરામાં સોડાવોટરની બાટલીની માફક એમથી તેમ ઢલી જતાં મને આવરતું નથી. મેં મારા મનમાં મકકમ ઠડાવ કીધો કે તુને મારી ધણીયાણી બનાવવી તો તે મારા વીચારથી હું પાછો હઠવાનો નથીજ! પછી તુ પોતે બીહુને તારા પ્રોમીસથી ફરવા માગતી હોય તો કોણ જાણે! એટલું તો નકી માની લેજે કે આએ સુનાબાઇ જેવાં કંગાળ બઇરાંઓ સાથ હું તુને ભેરાવા દેવશ નહી, ને તે લોકને મોહનેના તરેહવાર ઇનસલનો તુને ખમવા દેવશ નહી! તું મારી ઉપર ભરોસો રાખ! બોલ ડીયર તુ આવી કોહેલી જબાંઓથી

બીહને હટી તો જવા નથી માંગતીની! તેમ કરશે તો મારૂ જીગર તંદન તુટી જશે! બોલ જવાબ દે."

"નહી, નહી, કદી નહી!" હીલ્લાં તેના ગળાં ઉપર હાથ નાખી બોલી "હવે કભી તેવું નહી બોલું! ભલે હવે આખી દુન્યા મારે સારૂ ગમે તે બોલે પણ વહાલા જમશેદ, હવે હું તમુને છોરવાની નથી!"

* * *

આણીગમ સુનાબાઇને ખુબ તરેહથી ખંખેરીને જીલું ડોસાં રાંધણીમાં ગયાં.

"રાનને કેવી ઝંઝેરી કહારી! ફરીથા મારી છોકરીનું નામ નહી દેશે! રાન ચીબી, મોટી બાટલીવારી થઇ નીકરીછ! માય થતી તો પાણીના હાંડા ધસરીને વાજ વરીતી! એ મુઇ શું જાણે કે મારી હીલ્લું—પન જવા દે, એને તે કહેવામાં ને જણાવ્યામાં ફાયદો શુ? વખ્ત આવશે ત્યારે જમશેદજીને જણાવશું! પણ હવે એ ઉપરના મોટા શેઠને જરા ચમકાવવા પરશે! એતણુ "દહાડમાં ઘાલીને વગોલ્યા" કરેછ તે મને કઇ ગમતું નથી. હવરાં હીલ્લાંને કંઈ કામને મસે પાસે નાહલ્લીબઇ આગળ મોકલું ને પછી ભાણું લઇને ઉપર જાઉં. તાહરે જે તે લતકો ફટકો કરી નાખું!"

એક વખ્ત ભેજાંમાં વાહરૂં આવ્યુ તો જીલ્લું ડોસાં થોભે તેવાં નહી હતાં! તેવણુ પથ્થરમાર બોલનાર હતાં. ગમેતેવા દાદીશેઠના દીકરાથી પણ બીહે નહી તેવાં હતાં. મોહડાં ઉપર સીપલાં થઇ, પછવાડે ભુંડુ બોલે તેવો ગુણુ તેવણનામાં નહી હતો. સીપલાત કર્યા વગર, મસ્કો માખણુ લગાડયા વગર તડને ફડ સાચુ કહેવાની હીમત આજે કેટલાં

ધરાવે છે ? મોટાં લોકની ખુશામદ કરી મીઠું મીઠું પીરસનારાં આજે ઘણાં મલશે પણ સારાં ભાગ્યેગે જીલુંડોસાંમાં તે ટેવ મુદલ હતી નહી. એટલે તેવણ "ખરૂ નરૂ" કરી દેવાના વીચારથી જમશેદનું ભાણું લઇને ઉપર ગયાં. જમશેદ ઇજીચેર ઉપર પડીને કાંઇ વાંચતો હતો.

"બાવા, મરી જાઉં ! કેમ છેઓ ? ભુખ લાગીછ કે ?"

"હા, લાગીછ તો ખરી."

"લેઓ તાહરે જમો. પણ બાવા જરા મારે તમારી સાથ બે બોલ વાત કરવીછ."

"વાત કરવીછ ? અંહ ! તે શું વરી ? ઠીક, મને પહેલાં જમવા દેઓ પછી હું તમુને બોલાવશ."

જમશેદ હીલ્લાંને ખરા પ્યારથી ચાહતો હતો પણ તેની આ મા તરફનો અણગમો દુર કરીજ શકતો ન હતો. હીલ્લાં, વાહલી હીલ્લાંને ખાતરની જીલુડોસાં તરફ પોતાનું દીલ નરમ કરી શકતો નહી હતો. સાધારણ રીતે સાસુ જમાઇઓને કુતરાં બીલાડાંનું વેર હોય છે ! કોઇજ અપવાદો સીવાય, જમાઇઓને સાસુઓને નામે તાહડક રહે છે ત્યારે જમશેદ જેવા "સોસાયટી મેન"ને જીલુડોસાં કયાંથીજ ગમે ! હીલ્લાં સાથ પરણીયાથી આ ડોસી સાથ સાસુ જમાઇના ધાડા સંબંધમાં આવવાનો વીચાર જમશેદને તદન નાસીપાસ કરતો હતો. આવી એક સાસુના જમાઇ દાખલ "ફેશનેબલ સોસાયટીમાં" દેખાવ દેવા તેનું મગરૂર હઇયું સાફ ના પાડતું અને તેથીજ પરણુયા પછી ગમે તે ભોગે, ગમે તેવાં સખ્ત પગલાં લઇનેબી પોતાનો અને પોતાની ધણીયાંણીનો તે ડોસી સાથનો સંબંધ સદંતર તોડી નાખવાનાં તે હડહડતા કસમ લઇ ચુકયો હતો !

તે જમી રહયો પણ તોબી કાંઇ તેડુ આવ્યું નહી એટલે જીલુડોસાં અધીરાં પડીને ઉપર ગયાં. "કાંય બાવા, જમયા કે મરૂં?" તેવણ ખરડાયલાં વાસણો એકઠાં કરતાં બોલ્યાં.

"હા, બોલો હવે તમે શું કહેવા માંગોછ?"

"જોવોની" જીલુડોસાં સદરાએજ હાથ લુંછતાં લુછતાં બોલ્યાં. જમશેદે કમકમીને આંખ્યો બંધ કીધી, "જુવોની, આજે પેલી સુનાબાઇ બાટલીવારી આવીતી તે મુઇ મારી દીકરીને કંઇ ભલતું ભલતુંજ કહી ગેઇછ! તે બોલી ગઇ કે તમે મારી દીકરી સાથ પનવાના છેઓ!" જમશેદ અહીં ચમકીને ખડો બેઠો અને આંખ્યો ઉંઘાડી. ડોસાં સપાટ કહાડી તાંટયો ખુરસી ઉપર ચહડાવીને બેઠાં હતાં. અને પગ મસળતાં હતાં તે જોઇ કચવાઇને જમશેદે પાછી આંખ્યો બંધ કીધી અને મુગો મુગો સાંભળવા લાગ્યો. "પણ બાવા, નથી તમે મને કંઇ તે બાબદ કહયું કે નથી જીભરૂં મારી હીલ્લનું કાંઇ બોલી તેથી હું તો મશ-કેરીજ સમજી! સાંભરોછ કે? પોહરી ગીયા?"

જમશેદ તરફથી કાંઇ જવાબ મલ્યો નહી એટલે તેવણ ખુરસી વધારે નજદીક ધસડી બોલ્યાં. હવે જમશેદ ટટાર થયો.

"તે મરી જાઉ? બહારના લોકો આવી જેને જેતે મારી પોરીને કહી જાય, અમુને પુછે ને અમે શું જવાબ દઇયે? તમારા જેવા માણસ સાથ મારી છોકરી પનવાની હોય ને હું તેની માયજ જાનું નહી! બાવા!"

"વારૂ સમજો કે હુ તમારી દીકરી સાથ પનવાનો છેઉં તો પછી શું?"

"પછી શું! તમારીપરથી બધી ઓવરણ જાઉં! મારી દીકરી તમુને જહાનનું સુખજ દેખારશે!" અહીં જીલુડોસાં ઉઠીને જમશેદને ઓવરણા લેવા ગયાં પણ જમશેદ તેવણને અટકાવ્યાં. "જોવની, જીલુંડોસાં આવા ફારસ હવે મને નથી જોઇતા. સીધી પાધરી વાત કરો! હા, હું તમારી છોકરી સાથ પનવાનો છેૅ. પણ તમે કંઇબી "કંડીશન" કીધા વગર તેને મને આપશો?"

હવે જીલુંડોસાંની જાણે બલા કે "કનડીશન" એટલે શું! એટલે તેવણ સમજયા વગરજ બોલ્યાં.

"હા, મરૂ હા દીકરા તું જેમ કહે તેમ!"

"ઠીક તાહરે, કંઇબી "કંડીશન" વગર મારે ડીલ્લું સાથ પનવું. પછી મને ગરબર નહી જોઇયે. એક ગ્રહસ્થ દાખલ હું તમારી દીકરી સાથ પનવા કબુલ થાઉંછ. તમે બેફીકર રહેજો હવે જે દાહરા જાયછ તેમાં લગનનીજ ગોઠવણ કરૂંછ. પણ એટલું ધ્યાનમાં રાખજો કે હાલ તરત તે બાબદનો એક હરફબી તમે કોઇ આગળ બોલતાં ના. નહીં તો વરી પારપરોસીમાં લપઝપ લપઝપ કરી આવજો!"

"નહી બા, નહી બોલું! મારીપર ભરોસો રાખ! પણ પનીને મારી છોકરીને લઇ જશો કે?"

"તો? લઈ નહી જાઉં તો પનનું શું કરવા?"

"હાજી, તેતો વરી ખરીજ વાત!" જીલુંડોસાં પોતાની દીકરીથી જુદાં પડવાનાં ખ્યાલથી ઉદાસ થઇને બોલ્યાં.

"ચાલો, તેતો સેટલ" થયું. હવે આપરે બીજી વાત કરીયે. આટલા દહારા મેં તમુને ઘણી મહેનત આપીછ. ને ઘણાં ખરચમાં ઉતારયાંછ. તમારૂં બીલ બનાવવાની

જરૂર નથી. હું તમુને જે રકમ આપુછ તેથી તમે સંતોશ પામશોજ નહી તો પછી મને કહેજો "આટલું બોલી જમશેદ ઉઠયો અને પોતાની ત્રંકમાથી ચેકબુક કહાડી.

જીલુડોસાં જુવાં જરા પૈસાના લાલચુ હતાં. પૈસાની વાત આવી, ચેકબુક નીકલી એટલે બધી તેવણની ઉદાશી નહાસી ગઇ અને આંખ્યો ખુશાલીને મારે ચમકવા લાગી. જમશેદ બે હજાર રૂપીયાનો એક ચેક લખીને ડોસાંના હાથમાં મુકયો, એક તડાકે આવી મોટી રકમનું નામ સાંભળી ડોસાંથી હસાઇ હસાઇ જવાયું.

"કેમ ? બરાબર છે ?"

'અરે હારેજી, હારે મરૂં ! મને કઇ એટલો બધો ખરચ નથી થયો !"

"કંઇ નહી વધારે હોય તો મારી હીલ્લાં તરફની બેટ સમજીને રાખજો, ચાલો હવે મને જરા વાંચવા દેઓ. પણ આપરી સરત યાદ રાખજો ને હાલતરત બધે ડાંઉ ડાંઉ નાં કરતાં !"

જીલુડોસાં હાથમાં ચેક મજબુત પકડી ખુશી થતાં થતાં બહાર નીકલ્યાં. તેવણની દીકરી આવે મોટે ઘેર પરણે. મોટાં મોટાં લોકમાં બેળાય ને પૈસાની રેલછેલમાં મજાહ કરે ને સાથે સાથે ગરીબ માયનેબી મજાહ કરાવે તે બધા વીચારો અલબતાં જીલુડોસાંને હરખાવવા પુરતા હતા વળી તે બધાં કરતાં તો પોતાની દીકરીના આવાં સારાં નસીબની વાત જહારે બહાર પડે ત્યારે આજુબાજુના ઓળખીતાઓના પેટમાં કેવો અદેખાઇનો ચીરો પડે તે વીચારથી ડોસાં વધારે મલકાતાં હતાં ! તેવણ એટલાં તો

ખુશીમાં આવી ગયાં હતાં કે કંઈબી કામ કરવાને બદલે અરધું ગલાસ બ્રાંડી ગટાવી રાંધણીની ખુરસી ઉપર ખુમારી ઉતારવા બેઠાં. એવામાં હીલ્લાં ત્યાં આવી. પોતાની હંમેશની ચટપટી ખટપટી અને ઉદયોગી માને આજે એમ હાથ જોડીને આળસુ બેઠેલી જોઈ હીલ્લાં અજબ થઈ. "શું છે માયજી ? કંઈ મુગાં મુગાં વીચારમાં બેઠાંછ ? જીવને સારૂ નથી કે ?"

"અરે નહીરે દીકરા ! આજે તો મારો જીવ બેહેસ્તમાં ગીયોચ ! આવ મારી દીકરી, મને એક કોટી કર !" જીલુ ડોસાં હીલ્લાંને ગળે વળગી રડવા લાગ્યાં "જીવતી રેહજે મરૂં ને ઘણા સુખ જોજે !"

"શું છે માયજી—"

"મને જમશેદે કહયુ. બધ્ધુ કહયું. તારી સાથ તે પનવાનો છે તે મને કહયુંછ ! મને બે હજાર રૂપીયા આપ્યા ને હવે તુને અહીંથી જલદીથી પન્નીને લઈ જશે ! આ હવે શું કરૂં ?"

હીલ્લાંએ પોતાની માતાને ચાંપીને કોટી કીધી "કાંય માયજી તેથી તમે ખુશી થવાને બદલે રરોછ ?"

"નહીરે, એવારૂં, રરે શાનું ! એતો ખુશાલીના આસું છે. પણ હીલ્લાં મને ભુલી તો નહી જશે કેની ? તું તો હવે મોટી બાઈ થશે, મોટે ઘેરની શેઠાણી થશે પછી ગરીબ માયને ભુલી તો નહી જશેની ! મને મલશે કેની ?"

"તમુને ભુલી જાઉં ? તમુને ? મોટે ઘેર પન્નું તેથી ગરીબ માયને ભુલી જાઉ ? તાહરે તમે મારી એવીજ પીછાન કીધી ? કદી નહી માયજી ! તમારી તરફનો પ્યાર, માય

તરફની માનની લાગણી જો હું ભલી જાઉં ! માય તરફની ફરજોમાં ચુકું તો ખોદાનો કેહર મારી ઉપર ઉતરજો !" હીલ્લાં પોતાની માને પેટમાં ચાંપી માથું પસવારતાં ઉશ-કેરાઈને બોલી.

જમશેદજી દાદીશેઠ ! તમો હીલ્લાંને તેની માથી વીખુટી પાડવાની આશામાં છેઓ ? તમો ખાંડ ખાઓછો ! સમાલો !

પ્રકરણ ૧૬ મું.

કવાબમાં હાડકું !

ડોસાભાઇ ડાક્ટર હજી રોજ એક ફેરો જમશેદ આગળ આવતા હતા. ડાક્ટરને જમશેદ ઘણો ગમતો હતો અને તેની વાતચીત રીતભાતથી બહુ ખુશ થતા હતા.

"તમે મારી વકી કરતાં ઘણા જલદી તઈઆર થયા" ગયા પ્રકરણમાં બનેલા બનાવને બીજે દીને સવારના ડાક્ટર આવીને કહેવા લાગયા " એ બધાં સારાં 'નરસીંગ'ના પરતાપ છે !"

"હીલ્લાએ બીચારીએ ઘણી મહેનત કીધી એમ મેં સાંભળયું."

'હા તે તો ખરેજ એક હીરો છે ? કંઇ અજબજ છોકરી છે ! બીજી સાધારણ છોકરીઓ કરતાં કંઇ તદન ઉલટીજ છે ને મને કોઇ વખત ઘણો ગુચવાડો થયા કરેછ. આએ ગરીબરાં ઘેર અને ગરીબરાં સંસારને તે મુદલ લાયકની નથી.'

"હા, મનેબી તેમજ લાગેછ. મને પહેલાંથીજ એ છોકરી તરફ અજબ ખેંચાણ થયુંછ ને હવે તો હું સેવટના ઠરાવપર આયોછ !"

"એટલે? તે શું? બીચારી એ—" ડાકટરે અજાયબીથી ભવાં ચહડાવ્યાં.

"બરાબર સાંભળયા વગર ઉલટો મીનીંગ ના ઉઠારો ડાકટર!" પોતાને માટે કદીબી હલકો યા બુરો વીચાર ડાકટર બાંધે તે વીચારથી મગરૂર જમશેદનું લોહી ઉકળી આવ્યું. 'જરા મારી વાત સાંભળો. હું જે પગલું લેવા માંગુછ તેથી એ છોકરી આએ ગરીબરા ઘેરમાંથી ને ગરીબરા સંસારથી દુર થશે! તમે મને મદદ કરશો?"

ડા૦ ડોસાભાઈને બધી વાત જણાવી તેવણની મદદ માંગવાનો ઠડાવ જમશેદે પહેલાંથીજ કરયો હતો આજે તે' ને બરાબર તક મલી ગઈ." બોલોની ડાકટર તમારી મદદની હું આશા રાખુ?"

"તેતો તમે શું જાતની મદદ માંગોછ તેપર આધાર છે. તમારૂ પગલું મને પસંદ પડશે તો હું ખુશીથી મદદ કરશ."

"તાહરે સાંભળો. હીલ્લાં સાથ પરણીને તેને મારી ધણી યાણી બનાવવા હું માંગુછ?"

"હેં! એ શું બોલોછ?"

"કાંય ડાકટર હું શું બોલુંછ તે સમજતા નથી? મેં હીલ્લાંને બરાબર તપાસીછ ને તેજ મને મારે લાયકની બઇરી માલમ પડાછ! હું અત્યાર સુધી સૅાસાયટીમાં ફરતી ફાંકડી છોકરીંઓમાની એકુ સાથ પનવાના વીચારથી ધ્રુજતો તો! તે આજકાલની ટીપટાપ કરેલી છોકરીને તમે તેના ખરાં રૂપમાં પન્યા અગાઊ કદી જોઇ શકો નહી, પાઉડરના લપરા, ખોટા બાલના ભાથરા, તાઇટ તતરબંધ કપરાં અને એવીજ બીજી મદદો સાથ તમારી સામે આવી, ખોટું

ખોટું હસીને તમને "હંબગ" બનાવવાની વાત કરે, એક વખત તેવાં નખરાંથી તમે સપરાઓ ને પનો પછી થોડે વખતે બાઈ સાહેબનો ખરો સ્વભાવ ને ગુણો તમોને માલમ પડે!"

"ઓહો! જમશેદજી તો આજે ભાશણ આપેછ!"

"નહી ભાશણ નહી પણ ખરૂંજ કહુંછ એ દુઃખે આટલો વખત હું તે લોકથી દુરનો દુર નાહસ્તોતો ને બનતાં સુધી નહીજ પનવાનો ઠરાવ કીધો તોપણ આએ મારી સીકનેસથી મારો વીચાર ફરી ગીયો! મારી હીરલાં જેતું કીમતી નંગ મને મલ્યું! આટલા દહારામાં તેના ગુણ સ્વભાવની બારીકે બારીક તપાસ કરવાનો મને ચાનસ મલ્યોછ, ખાતરીથી માનજો કે ખરો "લવ" શું તે એ છોકરીએ મને શીખવ્યુંછ! હું હવે જલદીથી લગન કરી નાખવા માંગુંછ! બોલો ડાક્ટર તમે મને મદદ કરશો?"

"જરૂર, મોટી ખુશી સાથે પણ એટલી બધી દોરાદોરી શું છે? જરા બરાબર ટટાર થાઓ!"

"ઉતાવલ કરવાની જરૂર છે! પરવારતાં લોક આવીને હીરલાંને તરહેવાર ભમાવયા કરેછ ને એ છોકરી એટલી "પ્રાઉડ" છે કે મને બીહક લાગેછ."

"એટલા બધા ઉશકેરાઓ ના! મને ધીરજથી કેહો કે તમે એ બાબદ પુરતો વીચાર કીધોછ? તમારી ખાતરી છે કે તમે પછી પસતાઓ નહી?"

"પસ્તાઉ? આવી એક છોકરી સાથ પનીને પસતાઉં? કદી નહી! મેં બધો વીચાર કીધોછ ને એવો ઠેરાવ કીધો છે કે હાલતરત મારા લગનની વાત ખાનગીજ રાખવી.

મારાં કુટુંબને હવડાં હું જણાવવા નથી માંગતો. એક વખત સેટલ થયા પછી હું ધીરે સાંસ્તે મારી "વાઇફ"ને મારાં કુટુંબ સાથ મેલવવા માંગુંછ ને તે બાબદમાં તમારી મદદ માગુંછ. અહીં મુંબઇમાં હું અનજાણો છેઉં તેથી તમે મારી તરફથી બધુ મેનોજ કરશો તો મોટી મેહેરબાની. બે મોબેદોને અહીં ઘેરમાં બોલાવવાની ગોઠવણ કરજો. જેમ બને તેમ જલદી થાય તો સારૂં."

"ઓલ રાઇટ! તે બધી મેનીજ થઇ શકશે! હું અહીંની અગીયારીના મોબેદ દસ્તુર મેહેરનોશજીને કહેવશ તેવણ પોતાની સાથે બીજા મોબેદને લઇ આવી આશીરવાદ નાખી જશે. પણ પછી તમે શું કરવા ધારોછ?"

"પછીની બધી ગોઠવણ સારૂંબી તમુજ તસ્દી આપુંછ! અહીંથી દુર વાંદરા કે મહેમ તરફ હાલ તરત તો નાહલ્લો બંગલો ભારે લઇને હું રહેવા માગુંછ. જેમ બને તેમ એકાંત જગા જોઇએછ ને હીલ્લાને સારૂં એક આયા ને એક રાંધનારો બબરચી ને એક મસાલ એટલા નોકરો હાલ તો બસ થશે. એક વખત ગોઠવઇને પછી બધો બીજો વીચાર કરશું! તે બધુ તમારેથી થશે?"

"ઓ યસ! મારી હીલ્લાને ખાતર કઇબી કરૂં! હું આજને આજ વાંદરે જઇ કોઇ મજાહનો બંગલો શોધી કાહડૂં. માણસોનું નકી કરૂં, મોબેદોને મલું ને પછી કાલ પરમ તમુને જણાવશ! મારી હીલ્લા ઘણીજ ડાહી છોકરી છે ને મારી ઘણી માનીતી છે, તેના સુખને ખાતર બધું કરશ."

"ઓ ઠેંકયું! ઠેંકયું ડાકટર! પણ જેમ બને તેમ જલદી કરજો હું!"

"તમે ઘણાજ ઉતાવલમાં પરી ગીયાછ?" ડાકટર હસીને બોલ્યા.

"હા, તેમ છે ખરૂં! જો તેનું ખરૂં કારણ કેહું? પેલાં તમારાં પહરાંણા સુનાબાઈ બાટલીવારાથી હું ઘણો બીહુંછ તેવણ બે ચાર દાહરાની વાતપર કપરાં લેવાને મસે ઓરડામાં ઘુસી ગીયાતાં" આ પછી જમશેદે તે બધી હકીકત માંડીને ડાકટરને કહી જે ઉપરથી ડાકટર પેટ પકડીને હસવા લાગ્યા.

"તેથી ડાકટર, હું બીહુંછ. એ બધરીને મારાં કુટુંબ સાથ ઓરખાણ હોય તેમ લાગેછ ને તે જરૂર ઘાણ બગારશે તેથી હું ઉતાવલ કરૂંછ!"

"કંઈ નહી તમે બીહોના હું આજને આજ બધું નકી કરી તમુને લખી જણાવશ. સાહેબજી."

બીજે દીને ભરેસપતવાર હતો અને તે દીવસે સવારના દશ વાગે જમશેદને ડાકટર તરફથી નીચલી ચોકી મલી.

પ્યારા જમશેદ.

બધું બરાબર છે. આજે ભરેસ્પતવાર છે ને આવતા સોમવારે સવારના નવ વાગે લગનની ક્રીયા કરવાનું નકી કીધું છે. ઘેરમાં તમારી તઇયારી રખાવજો, બીજુ વાંદરે "હીલ રોડ' ઉપર એક નહાનો બેઠો બંગલો સવાસો રૂપીયે મેં તમારે સારૂં કાલથીજ લખાવી લીધો છે. હાલ તો વરસ દહાડાની મુદત માટે ભાડે રાખ્યો છે. અને ત્રણ માણસો પણ રોકયાછ, જે લોક તાંહ જઇ સરવે સાફસુફ કરી રાખે અને સોમવારે તમે લોક તાંહ જાઓ તાહરે ખાણું વગેરે પકાવીને તઇયાર રાખે એવો બધો બંદોબસ્ત

મેં કીધોછ. હીલ્લાને સારૂ એક મુસલમાની જવાન આયા અમીના નામની મેં ચાકરી રાખીછ, જે ઘણી વીશવાસુ ને ગરીબ છે. એ રીતે બધુ તઇયાર છે. સાંજે હું તમુને મલસ તેટલાં સાહેબજી."

લા૦ દુવાગો ડોસાભાઇ ભરૂચા.

"શાબાશ ડાકટર શાબાશ!" કાગજ વાંચીને જમશેદ ખુશ થઇને બોલ્યો અને હીલ્લા જે ત્યાંજ બેઠેલી હતી તેના હાથમાં તે કાગજ મુંકયું.

"ડીયર મારે ખાતર તું કંઇબી ખુશીથી કરશે નહી?"

"હા."

"ઠીક તાહરે, લે આએ વાંચ ને મને ખુશીથી હાનો જવાબ આપ!"

હીલ્લાએ કાગજ વાંચ્યું અને શરમાઇને લાલ લાલ થઇ ગઇ. "ઓ જમશેદ! એટલું જલદી?"

"હા. ડીયર, કાંય તુંને કંઈ વાંધો છે? મારે ખાતર? હું ઉતાવલ કરવા માંગુંછ કારણકે મને બીહક લાગેછ કે જો હું ઢીલ કર્યા કરશ તો તુને ખોહી બેસશ."

"કાંય? તમુને મારા બોલપર વીસ્વાસ નથી? મેં એક વખત પ્રામીસ આપ્યું તેથી હું કદીબી ફરૂં નહી પછી મને જરાતરા અગવડબી ખમવી પરે તો શું છે?"

"બસ તાહરે હવે સોમવાર 'સેટલ' છે. બીચારા ડોસાભાઈ ડાકટરે મેહેનત લઇને બધું મેનીજ કીધુંછ. તારો લગનનો વાગો તઇયાર કીધો?" જમશેદે હસીને પુછયું.

"આજે ભરેસ્પતવાર થયો ને સોમવાર સુધીમાં કંઇ બને નહી પણ હું બની શકે તેમ એક સારી બદીયન તઇયાર

કરશ ! તમારા જેવાનો પ્યાર મને મલ્યો એટલે એસકી સારી કપડાંની મને તુંભાં નથી !"

"જેમ તારી મરજી ! હવરાં તો તું જે હોય તે ચલાવી લેજે પછી મારી ડારલીંગને મન ચાહે તે કપડાં જણુસ હું અપાવવાને શકતીવાન છેઉં !"

"ને નહી શકતીવાન હોવ તોબી મને દરકાર નથી ! જમશેદ, જો ગુસ્સો ના કરતા, પણ મને એ તમારા એસ્કી ફાંકડા લોકમાં જવાને નામેજ બીહક લાગેછ. હું તેવા ફેશનેબલ લોકમાં કોઇ દહાડો ભેલઇ નથી એટલે તે લોક સાથ વાત કરતાંબી મને નહી આવરસે તેથી તમે મને હવરાં તો જરા તમારી સાથે એકાંતજ રહેવા દેજો ! જો વરી ! મને એસ્કી કપરાં ચપરાં નથી જોઇતાં ફકત તમારો પ્યાર જોઇયેછ !"

આતો દરદીને જેવું જોઇતું હતું તેવુંજ વઇદે ફરમાવ્યું ! "હા દીકરા હુંબી હાલ તેમજ ધારૂંછ હવરાં મને તારા સીવાય બીજી કોઇની કંપની ગમતી નથી. ડાકટર ડોસાભાઇએ આપરે સારૂ વાંદરે નાહલો બંગલો લીધોછ તાંહ આપરે બે જણા તું માંગેછ તેમ એકાંત રહી શકશું તું બેફીકર રેહ."

* * *

આદીતવારનો દીવસ આવી લાગ્યો. બહુજ અકડવકડ તથા ઇંતેજારીમાં વચમાના દહાડા જમશેદે કહાડયા હતા અને હવે તેઓના લગનને ફકત એક દીવસ બાકી હતો ! ફકત ચોવીસ કલાક અને હીલ્લા તેની હકદાર ધણીયાણી ! ફકત ચોવીસ કલાક ! અરે પણ જમશેદને મનથી તે ચોવીસ વરસ જેવા લાગતા હતા. ઘડીયાલનો કાંટો જાણે ફરતોજ ન હતો. તે દીવસે સવારના નવ વાગ્યા હશે અને નીચે આટ-

લાપરનું બારણું ઠોકાયું. જીલુંડોસાં ઝડપમાં બારણું ઉઘાડવા ગયાં તેવણના પગલાંનો અવાજ જમશેદ સાંભળ્યો હીલ્લા પાસે હવે એવા એવા ધકેલા ખવાડવાની જમશેદે જીલુડોસાંને મના કીધી હતી, એટલે ડોસાં પોતે બારણું ઉઘાડવા ગયાં. "આજે ડાક્ટર એટલા જલદી કાંય ધસરાઈ આયા હશે ! ડોહાને ઉંઘ આવીતી કે નહી?" ડોસાં બારણું ઉઘાડવા જતાં બરબડવા લાગ્યાં. હમાબાઈ દાદીશેઠના વેહેવાણ થયાં તોબી તેવણની શીરી જબાનમાં સુધારો થયો ન હતો! "ઓવાય ડાક્ટર! શું છે————"

તેવણ બોલતાં બોલતાં ફગલાઈને મુગાંજ થઈ ગયાં કેમજે ત્યાં એટલા ઉપર ડોસાભાઈ ડાકટરને બદલે કોઈ બીજોજ અણજાણયો પારસી ઉભો હતો! તે ઉંચો ગરાર જેવો, આશરે પીસ્તાલીસ વરસનો, મોટી મોટી દહાડી મુછવાલો હતો. કાલો દગલો પાટલુન, અને માથા ઉપર ચલકતું બોખું પહેરયું હતું. દેખઈતો કોઈ આબરૂદાર માણસ હતો.

"જમશેદજી દાદીશેઠ અહી રેહછ કે જી?" તેણે પુછયું.

"હાજી."

"તેવણ જીવતા તો છેની?"

"જીવતા?" જીલુડોસાં અજાયબીથી બોલ્યાં "અરે હારે મરૂં!"

"હવે ધાસ્તીમાંથી તદન દુર છ?"

"ધાસ્તી? હાજી."

"ડાકટર છેલ્લા કહારે આયાતા?"

"કાલે."

"ઠીક મને તેવણ આગલ લઈ જશો?"

"તમારૂં નામ શું જી?"

"મારાં નામની કંઇ જરૂર નથી."

"તમે જરા અહીં થોભશો? હું જઇને જમશેદજીને પહેલાં પુછી આઉં!" એ નવો આવનાર વળી કોણ હશે તેની ચટાપટી કરતાં જીલુ ડોસાં બોલ્યાં.

"નહી, નહી પુછવાની કઇજ જરૂર નથી. તેવણ મને મલશેજ. હું તેવણનો સગો છેઉં!"

હવે ડોસાં હાકાં! આએ તો કોઇ જબરો "જીદનું જાળુ" નીકળયો! તેવણ વધારે બોલવા વગર તે નવા આવનારને જમશેદજીના ઓરડા આગલ લઇ ગયાં અને પછી પોતે નીચે ઉતરી ગયાં! બારણાની કળમાંથી જોવા થોભ્યાં નહી! મોટી અજાયબી!

તે ધણીએ બારણું ઠોકયું અને અંદર ગયો. જમશેદ તેને જોઇને બે પગલાં હઠી ગયો. "કોણ? દીનશાહ તું કહાંથી ફુટી નીકરયો?"

દીનશાહ મેહેરહોમજી! તેઓ લગનની એક દહાડો અગાઉ! નાસીપાસી અને ફફડાટને મારે જમશેદનો ચેહરો જરદ મારી ગયો!

પ્રકરણ ૧૭ મું.

" હવે તમે પતોની તો બા ! "

"કોણ દીનશાહ? તું અહીં કહાંથી"? પોતાની નાસીપાસી મહા મુસીબતે છુપાવી, જેમતેમ હસતું મોહડું કરી જમશેદ પોતાનો હાથ લાંબો કીધો. "એકાએક આવવાનું શું કારણ?"

"એકાએક આવવાનું કારણ? તારી તરફનું હેત મને અહીં ઘસરી લાયું! તારી ચાકરી કરવા આયો! તું ધાસ્તીમાં છે ને તેથી મને જલદી ઘસરાવી મંગાવ્યો તાહરે હું આઉં નહી તો શું કરૂં? આખી રાત મેં ગારીમાં ઠઠન ઠઠન કીધું ને તુને જીવતો જોવશ કે નહી તેના ખ્યાલમાં એક મીનીટ સુતો નથી! પણ હું જોઉંછ કે તું તો હડતો કડતો જીવતો છે! શું રીતે તું ધાસ્તીમાં છે?" દીનશાહ તેને પગથી માથાં સુધી નેહાલીને બોલ્યો.

"ધાસ્તી? ઘસરાવી મંગાવ્યો? એ તું બકેછ શું?"

"આએ રહયું તે કાગજ! લેઓ વાંચો"! આમ બોલી દીનશાહે પેલું સુનાબઇ બાટલીવારાનું નનામું ચીઠ્ઠું ગજ-વામાંથી કહાડી જમશેદની આંખ સામે ધરયું," જમશેદ ઝટાક મારી તે કાગજયું લીધું, વાંચ્યું અને બીજીજ મીનીટે તે કારસ્તાન કોણના હતાં તે સમજી ગયો, ક્રોધને મારે તેની છાતી અંદરથી ઉકલાઇ જતી હતી. પણ બહારથી તેને શાંત મોહડું રાખ્યુ.

"કેમ? એની શુ મતલબ છે?" દીનશાહે પુછયું, "ધાસ્તી શુ છે? તુંતો તદન સારીકાની છે? એ કોણે લખ્યુ તે તું જાણુ છે કે?"

"ખચીત એટલી બધી તસ્દી લઇને તારીપર લખનાર કોણ છે તે મને ખ્યાલ આવતો નથી ! આહ પણ સબર !" એક મીનીટ વીચાર કરી તે બોલી ઉઠયો "હવે મને કઇ ધ્યાન આવેછ ! મને તો લાગે છે કે પેલી બઇરી જેને સારૂ તેં મને લખ્યુંતું તેનું આએ કામ છે ! સાંભળવા પ્રમાણે તે તારીપર કુરબાન થઇ ગઇ છે ને તુને અહી ધસરી મંગાવવાની આએ તાલ કીધી છે !"

"જા, જા, પેલાં ના કહાર !"

જમશેદે જોયું કે કાઇખી તાલતલાવટથી દીનશાહને ઉડાવવો તો ખરોજ એટલે તેને ઢોંગ ચાલુ રાખ્યાં.

"એ યસ ! હવે મને દીવાની જોત જેવું ખુલ્લું દેખાયછ ! એ બાઇ મારા ડાકટરને તાંહજ ઉતરેલી છે ને ડાકટરે મારી તબીયતની કંઇ વાત કીધી હોશે એટલે તેવણે ડાકટરનાજ બોલો ઠોકી મારી તુંને અહીં ખેંચાવી મંગાવ્યોછ! શું કરે ! તારા વગર ચેન નહીં પરયું હોશે !"

"અરે પણ તું એ બકેછ શું?" દીનશાહ પેહલાં ખરેખરજ કાંઇ સમજયો નહીં એટલે ગુંચવાઇને બોલ્યો "બાઇ કોણ ને વાત શું ? કેમ ? સહવારના પોહરમાં કાંઇ છાંટોપાણી લીધોછ કે ?"

"ચાલ હવે નાખે બણી જીભ ના લગાર ! બાનુબઇ માસીને તાંહ ખાવા ગીયો તાંહ પેલાં સુનાબાઇ બાટલીવાલા તારી પર મોહી પરયાતાં ને તેં મને લખ્યું તું તે વીસરી ગીયો કે?"

"અંહંહંહં ! તે બઇરી? હવે યાદ આવી! તે મારી પર મોહી પરી ! પુઉહહ ! " ઇમપોસીબલ !"

"અરે મારા દીકરા! આએ દુન્યામાં કંઇબી ચીજ "ઇમપોસીબલ" નથી તે હવે હું શીખ્યોછ! ઘેરાજ વખ્તમાં હું તારા લગનની બી વાત સાંભળું તો અજબ થાઉં નહીં!"

"ઇમપોસીબલ!" દીનશાહ ભાર મુકીને બોલ્યો "ચાલ્ય હવે એ બધી વાત રહેવા દે! કોઇએ મને સજ્જર ગધેરો બનાવ્યોછ! ચાલો કાંઇ નહીં ઘણે વખતે તુંને મળવાનું બન્યું. પણ હવે મને કંઈ ખાવાનું આપશે કે! કાલ સાંજનું કંઇ ખાધું નથી."

"હા હવરાં હું નાસ્તો મંગાઉ પન તું કોઈ હોટેલમાંજ રહે તો સારૂં. આએ તો ખાનગી ઘેર છે ને તાંહ મુદલ જગા નથી."

"હા, તું તદન સારો થાય તેટલાં કોઇ હોટલમાંજ ઉતરશ!" દીનશાહ બારીએથી બાહરનો દેખાવ જોતાં બોલ્યો. તેની પીઠ જમશેદ તરફ ફરેલી હતી તે ટકનો લાભ લઇ એક કાગજની કાપલી હીલ્લાપર લખીને જમશેદે તઇયાર કીધી. ને પછી દાદર આગળ જઇને જીલુડોસાંને બોલાવ્યા.

"જોવની જીલુડોસાં આએ મારા સગા કલકતેથી આયાછ તેવણુને સારૂં કાંઇ નાસ્તો બનાવીને ઉપર મોકલો ને આએ કાપલી છે તે હીલ્લાને આપજો.

જીલુડોસાં કાપલી લઇને નીચે રાંધણીમાં ગયાં. તેવણુના બાપના ભાગ્યેગ કે તે કાપલી ઉંઘાડીને તેવણુ વાંચી નહી! હીલ્લા રાંધણીમાં બેસીને ચોખા ચુંટતી હતી. આ નવો આવનાર ધણી કેવો હશે અને શું કરવા આવ્યો હશે તે જાણુવા માટે ઇંતેજાર બની રહી હતી. જમશેદને મોહડે આ દીનશાહ માટે તેણીએ ઘણું સાંભલ્યું હતું. મામા

કુટંબના કરતાં બે ભાઇઓ જેવા તેઓ હતા. દીનશાહ ઉમરમાં જમશેદ કરતાં પંદર વીસ વરસ વડો હતો અને જમશેદ ઉપર ઘણોજ પ્યાર હતો. દરેક વાતમાં દીનશાહની સલાહ પ્રમાણે જમશેદ ચાલતો હતો તે સઘળું હીલ્લા જાણતી હતી. વળી દીનશાહને બઇરાંને નામે તીરસ્કાર હતો, બઇરાંઓથી દુર નાહસ્તો અને પરણવા ના પાડતો હતો તેની જમશેદનેજ મોહડે હીલ્લાએ સાંભળયું હતું. એટલે પોતાના લગનની એકજ દહાડો અગાઉ એ દીનશાહ કાંય આવ્યો હશે તે માટે હીલ્લાને ગભરાટ થયો હતો. તે ભવાંનો ચીલ્લો ચહડાવી ચીંતાતુર બેઠી હતી તેવામાં જીલુડોસાંએ આવીને તેના હાથમાં કાપલી મુકી.

"એ વરી હું લખે? વાંચની હીલ્લા."

"માયજી" હીલ્લા કાપલી વાંચીને બોલી "એવણ લખેછ કે "તારા ઓરડામાંજ રહેજે. દીનશાહ અહીં આવેલા છે. તેની નજરે મુદલ પરતી ના."

"શું?" જીલુડોસાંએ પાછું પુછયું.

"એવણની મરજી છે કે દીનશાહ મને હાલ જોય નહીં. તેથી તેવણની નજરથી દુર મારા ઓરડામાંજ રહેવા મને કહેછ."

"ઓવાય! કોંય? ઘણી શરમ લાગેછ શું?" જીલુડોસાંનો "સ્ટીમ" ચહડવા માંડયો હતો.

"નહીંરે માયજી તેવું કંઇ નહીં!"

"તો તાહરે! એમ તુને ભરઇ છુપચ્ રહેવા કોંય કહેતો હોશે! માટે ઘેરના સગા આયા તેથી ગરીબરી બઇરીપર આએ જુલમ!"

દાદીશેઠ કુટુંબના વેહવાણુ દાખલ મોટે આંચરે ઘુસી, મોટાં ફેશનએબલ લોકમાં ભળાવાનો જીલુડોસાંને પોતાને અભખરો નહી હતો પણ પોતાની દીકરીને તો તેવી મોટે ઘેરની “લેડી” થઇને ફરતી જોવાની તો ડોસાંને ખરેજ હોસ હતી પણ તેમ કરવાને બદલે જમશેદ તેણીને છુપાવી સંતાવી ધાકી ધપોરીને રાખવા માંગતો હતો તે ખ્યાલ ડોસાંને મુદલ રૂચતો નહી હતો. તેવણ પોતાની રીત પ્રમાણે ભાશણ કરયાં ગયાં એટલે હીલ્લા નાખુશીથી બોલી. “માયજી તમે મને એવા એવા સવાલો પુછી કંટાલો ના આપો. મારા જમશેદની એવી મરજી છે ને તેની મરજીને થોડી ઘણી તાબે થવા હું બંધાયલી છેઉ! તેને જે વાજબી લાગશે તેજ કરશે.”

આ પછી ડોસાં વધારે કાંઇ બોલ્યાં નહી એટલે હીલ્લા ઉઠીને પોતાના ઓરડામાં ગઈ.

દીનશાજી શેઠ ભુખ્યા ડાંસ થયા હતા, તેવણ હવે નચીંત જીવે નાસ્તો કરવા બેઠા. તેને જમશેદ ઉપર ખરેખરૂં હેત હતું અને તે ધાસ્તીમાં છે એમ જાણી એકદમ દોડી આવ્યો હતો. તે કાગજ સુનાબાઇએજ લખ્યું હતું એમ માનવા તે હજી ના પાડતો હતો. ગમે તેણીએ લખ્યું હોય પણ જમશેદજીને જીવતો તથા સલામત જોયા પછી તેનું મન શાંત થયું. તેને નાસ્તો ખાતો મુકી જમશેદ પાસેના સુવાના ઓરડામાં ગયો, અને આ બલામાંથી કેમ છુટવું તેનો અંદેશો કરવા લાગ્યો એવામાં ડાકટર હસ્તા હસ્તા ત્યાં દાખલ થયા, પણ જમશેદનો ઘુખરાયલો ચેહરો જોઇ બીજીજ પળે તેવણનું હસ્વાનું બંધ પડી ગયું.

“અહ્લો? જમશેદ? કેમ શું છે? એ એમ વસણાયલી દાર જેવું મોહડું કાંય કીધુંછ?”

“આહ! ડાકટર! તદન કચુબર થઇ ગેઇછ”! જમશેદે ઘણુંજ કડવુ મોહડું કરી પેલું કાગજ જે તેના હાથમાંજ હતું તે ડાકટરની સામે ધરયું “આએ કોઇ લખનારે એવા એક માણસને અહીં ધસડી મંગાવ્યોછ કે જે તદનજ નહી આવવો જોઇતોતો!”

ડાકટર આ પોંટાલો કાંઈ સમજયા નહીં “અરે એ શું વરી પંચાતી?” તેવણુ તે કાગજયું બારી આગળ ઉજર-ડામાં લઈ ગયા અને ઘણીજ સંભાળથી ફેરવી ફેરવીને જોઇને બુમ પાડી ઉઠયા “અરે આએ તો મારા ઘેરમાં વપરાતાં કાગજમાંનું છે! આએ કાગજ તો મારા ઘેરમાંથી લખાયલું છે!”

“મેં ધારયુંતું જ! તમારા પરાણા સુનાબાઈ બાટલીવા-ળાએ લખ્યુંછ!”

“હા તમજ લાગેછ! મને લાગેછ કે તેવણે હાથે કરીને તમુને બુમ પરાવવા એ લખ્યુંછ!”

“ઠીક છે” જમશેદનો મીજાજ ચસકવા માંડયો હતો. “હું તેવણુને પુરો પરશ હાલ મને ટાઇમ નથી! પણ હવે એ મુશકેલીમાંથી કેમ પસાર થવું તેનો વીચાર કરવો જોઇયે! હીલ્લાં સાથ મારે પણવું તો ખરંજ! એક વખત ગાંઠ બંધાયો પછી હજાર દીનશાહ આવો કે લાખ સુના-બાઇ આવો, તે તોરવાની કોણુની મગદુર છે? મને તે ધાસ્તી એટલીજ લાગેછ કે રખે હીલ્લાં ગભરઇને મરી બેસે, એ પોરી બહુજ “પ્રાઉડ છે! બધું તઇયાર છે કે ડાકટર?”

“હા કાલે સહવારના નવ વાગે કીયાની બધી ગોઠવણ મેં કરાવીતી.”

તાહરે તો કંઈબી કરો ડાકટર, દીનશાહને ઉડાવવાને કંઈબી રસતો બતાવો?'

"એવણુ પાછા કહારે જવાના છે?"

"હું કંઈજ જાણુતો નથી. હજુ એની સાથે બરાબર વાતજ નથી થઈ. એ તો મને પોતાની સાથે હોટલમાં લઈ જવા માંગેછ."

"તાહરે હવે કેમ કરશું? ઉં! મેં કેવું મજાનું બધું ગોઠવયુંતું ને આએ કાંહા પીરા?"

"જો ડાકટર, કંઈબી ઉપાય કરો. કાલે સવારના નવ વાગે એને કંઈબી કરીને રોકી રાખો" લખ્ખો રૂપીઆની દોલતવાળો માલેતોઝાર શેઠયો આજે કાલાવાલા કરવા લાગ્યો.

"જો મને તો એકજ રસ્તો સુજે છે. તેમ કરવા સીવાય ઉપાયજ નથી, ને નહીં તો દીનશાહ જાય તાંહ સુધી લગન ગમે તો મુલતવી રાખો.

"નહીં નહીં, તેમ તો કદીબી નહીં."

"તાહરે જોવ એમ કરો. કાલે સહવારના ઘેરમાં આશીર વાદ સારવાને બદલે અગીયારીમાંજ ક્રીયા કરવાની ગોઠવણુ હું હમણા કરૂં. તમે સવારે મારી સાથે તાંહ આવો હું હીલ્લાંને જીલુબાઈનેબી હવરાં કેહુંછ તે લોક આપરી પછવારે તાંહ આવશે. લગનની ક્રીયા કરીને તમે પાધરા દીનશાહ આગળ હોટલમાં જજો ને એ રેહ તેટલા દહાડા તેની સાથે રેહજો. હીલ્લાં હાલ તુરત તો પોતાના માય સાથ પાછી અહીં આવશે દીનશાહ કલકતે જાય પછી તમે તમારી ધણીયાંણીને લઈને વાંદરે ઉપડી જજો!

"ઓહ! ડાકટર—"જમશેદ નાસીપાસીથી બોલ્યો.

"હા હું જાણુંછ કે તે જરા કઠંગુ છે ખરૂં પણ છુપાં લગન કરો તાહરે જરા તેની મુંશકેલીઓખી ખમવીજ જોઇયે."

"ઓલ રાઇટ! તમે જેમ કેહો તેમ! મને હાલ ફીલ્લાં તો નહીં મળશે તમે એને જરા બધું સમજાવજો."

હું હવરાં તેને મલુંછ. તમે તમારી પેટીઓ તઇયાર કરી રાખજો. તમારા ગીયા પછી જીલુ ડેસાં મોકલી આપશે.

"આહ! એવું થાયછ કે જાને પેલી તમારી પહરાણી સુનાબાઇ અહીં હોય તો તેનો તોટો—

"અરે અરે! એમ ઉશકેરાઓ ના, બઇરાં નામે બધાં એવાં! ચાલો હવે હું જઇને પેહેલાં તમારા એ દીનશાહજીને મલું સાહેબજી!"

દીનશાહજી પોતાના પેટનું તાહકું કરી તુરતનાજ પરવારયા હતા. "સાહેબજી, તમે મી૦ દીનશાહ કે? વેરી ગલેડ તુ સી યુ! જાઓ તમુને જમશેદ બોલાવેછ. કાલે સહવારે નવેક વાગે એવણુને હું પહેલવહેલા મારી સાથે ગારીમાં ફરવા લઈ જવા માગુંછ! હવરાં હવા સારી છે!"

'એમ કે? ઠીક તાહરે તો હું અહી ફેરો નહી આવશ!

"નહીં. હું તમુનેખી મારી ગારીમાં જગા આપતે પણ મારી નાહની બરૂમમાં બેજ સીત છે."

"કંઇ નહીં હું પછી એને મલશ!"

"હુંજ દશેક વાગે એને તમારાં હોટલમા તમારી આગળ મુકતો જવશ."

હેંકયું! પણ ડાકટર! એ મારો સદાનો જોલી કઝીન એવો ધુખરાયલો જેવો કેમ થઇ ગીયોછ? તબીયત બરાબર તો છેની?"

"તદન બરાબર! પણ એ તો મોટી સીકનેસ પછી એમ કોઈ વખત જરા થાય! તમે બીહો ના થોરા દહારામાં ઘોરા જેવા થશે સાહેબજી."

પ્રકરણ ૧૮ મું.

હીલ્લાંને લગનની ભેટ!

હીલ્લાં પોતાના ઓરડામાં સાડીની ઉપર કોર ટાંકતી બેઠી હતી. પોતાના લગન જેવે ટાંકણે પોતાની માતાને મદદ કરવાને બદલે તેણીને ફરજયાત કાંઈ પણ કામ વગર એકલું ઓરડામાં બેસવું પડયું હતું તેને લીધે આ હમેશની ઠંડી શાંત છોકરી આજે જરા અધીરી તેમજ ઉદાસ બની ગઇ હતી. પણ તોભી આ ભલી છોકરીએ ફરીઆદનો ટુકારો કહાડયો નહીં. પોતાની બડબડ કરતી માને ધીરજ આપી તેણી મુગે મોહડે પોતાના ઓરડામાં બેસી રહી. ડાકટરને ઓરડામાં દાખલ થતા જોઇ તેણીએ લગાર ઇંતેજારીથી ઉંચું જોયું. ડાકટરે હસીને માયાથી તેણીનો હાથ પકડયો.

"આજે આય દીનશાહજી આવી ચહડયા. એ જરા કઢંગું થયુંછ દીકરા, પણ કાંઈ નહીં જમશેદ મને તુંને કહેવા મોકલ્યોછ કે તેથી આપરી ગોઠવણમાં ખલલ થશે નહીં. કાલે લગન તો કરવાંનાજ, પણ પ્રોગ્રામમાં જરાક ફરક પડશે. મોબેદ અહીં ઘેર આવવાના ઉતા તેને બદલે તુને અગીયારીમાં જવું પડશે એટલુંજ."

હીલ્લાં કાંઈ બોલી નહીં પણ નીચી મુડીએ બેસી રહી એટલે ડાકટરે આગળ ચલાવ્યું. "જોની હીલ્લુ હાલ તર જમશેદ તમારાં લોકનાં લગન પ્રાઇવેટંજ રાખવા માંગેછ ફકત તેનું કુટુંબ જરા મગરૂર છે. ને તારા જેવી ગરીબરી છોકરી સાથ પન્ને તે વીચાર તે લોકને પસંદ નહી આવે તેથી———"

"હા, હા, હું સમજી, હું તે લોકને લાયકની નથી ને મારે જમશેદ સાથ પનવું નહી જોઇયે." આંખમાં આંસુ લાવી તેણી બોલી. 'આ હવે હું શું કરૂં?"

"તું તદ્દન લાયક છે દીકરા, પણ તે લોક તુને શું ઓરખે? તુ કેવી છે તે જોયા ઓરખ્યા વગર કેમ મત બાંધે? જમશેદ હાલ લગન જાહેર કરવા માંગતો નથી તેથી મનમાં જરાખી ઓછું લાવતી ના. તે બધી રીતે સાચો ને નેક મનસનીવાળો છે ને તારી ઉપર ખરે મનનો પ્યાર છે. તેને ખાતર તું જરા ધીરજ ધરજે ને હાલતરત તેની મરજી માફક કરવા તઇયાર થજે ને તે તુને સુખીજ કરશે. મારી તો પુરતી તે વીશે ખાત્રી છે નહીં તો હું, ડોસાભાઇ ડાકટર કોઇ દહાડેખી એવા કામમાં મદદ કરૂંખી? તેની ઉપર ભરૂસો રાખી તે જેમ કહે તેમ કરજે."

"હાજી મેં જમશેદને પ્રોમીસ આપીછ. તેવણુ જેમ કહે તેમ કરવા હું તઇયાર છું."

"તાહરે જો, ધ્યાનથી સાંભળ! આ જે તારાં જોઇતાં થોરાંક કપડાં "પેક" કરીને પેટી મારે નામની ટીકીટ મારી તઇયાર રાખજે. મારો વીશવાસુ સીપાઇ તમારા લોકના વાંદરાના બંગલામા લઇ જઇને મુકશે ને કુંચી પોતાની પાસે રાખશે તમે લોક તાંહ જાઓ તેટલો વખત તે તાંહજ રહેશે. પછી કાલે સહવારે નવ વાગે તું તારા માયજી સાથે અહીં મુનશીની અગીયારી છે તાંહ ગુપચુપ આવજે. માયજીને હું કેહુંછ ને તુંખી કહેજે કે સાથે કંઈજ સેસ સોપારા લાવે નહીં!"

મેસ સોપારા વગરનાં લગન! લગાર "ઓલ્ડ વ્યુઝ" ધરાવતી હીલ્લાંને તે વીચાર ઝાઝો પસંદ પડયો નહીં. તેણીએ સેહેજ મોહોડું કુમલાવ્યું પણ કાંઇ બોલી નહીં.

"દીકરા, હું જાણુંછ કે તે વીચાર તુંને ગમતો નથી પણ દાદીશેઠની વહુ અમથુંજ થવાયછ?" તેવણ તેનું માથું પસવારીને બોલયા "પછી સમજ, તુંબી કાંય ધ્યાન ખેંચાય તેવો ડરેસ કરતી ના, જાણે ફરવા યા તો કોઇને મલવા જવી હોય તેમ કપડાં પહેરજે. તાંહ અગીયારીમાં એક ઓરડો તમો લોકને મોબેદ બતાવશે તાંહ તમે લોક થોભજો હું જમશેદને લઇને જલદીથીજ આવી પુગશ. કીયા થઇ રહયા પછી હાલ તરત તો જમશેદ પોતાના ફુઇના છોકરા દીનસાહ આગળ હોટલમાં રહેવા જશે ને તુંને તારાં માયજી સાથ અહીં આવવું પરશે! દીનશાહ પાછો કલકતે જાય તાંહ સુધી એવી ગોઠવણ કીધા સીવાય બીજો છુટક નથી!"

હીલ્લા આ છેલ્લો ધડાકો સમજી માથે હાથ દઇને બેસી રહી. તેણીની આંખમાં પાણી આવી ગયાં જે જોઇ ડાક્ટર માયાથી બોલયા.

"થોડાજ દહાડા! બે ચાર દહાડામાં દીનશાહ તો જશે પછી જમશેદ તુંને વાંદરે લઇ જશે! ધીરજ પકરજે બધું સારૂંજ થશે! કાલે તું બરાબર ટાઇમે આવશેની?"

"હાજી."

ચાલ તાહરે હવે હું જાઉંછ! આજે ઘણું મોડુ થઇ ગયું. હજુ તો તારાં માયજી સાથ વાત કરવાની છે."

ગરીબડી, મુંગે મોહડેની અને શાંત હીલ્લાને સમજાવતાં તો વાર લાગયો નહી પણ તેણીના જીદ્દી, આકળાં અને "ધ્રુડીયાટીક" મા ને સમજાવવાનું કામ કેટલું મુશકેલ હતું તે ડાકટર બરાબર જાણુતા હતા. જીલુડોસાં રાંધણીમાં ફાંફાં મારતાં હતાં તયાં ડાકટર ગયા. ડાકટરની વાત સાંભળી પહેલાં તો તેવણ પોતાની રીત મુજબ બહુજ બખાળયાં. આખી માખી દીકરી પરણે અને તેવણુ સેસ નહી લે! કેવા અપસગન! "ઓ વાય! એ એમ કાંય ફાંફાં મરાવતા હોશો? એ એમ છાન પુતરાંના નાચ કાંય કરાવતા હોશો? જીભરૂ મારી હીરા જેવી દીકરી પન્નેછ કે એની દુસમનને નાતરૂં કરાવેછ? વગેરે વગેરે."

આખરે ડોસાભાઈ ડાકટરની ઘણી સમજાવટ પછી ડોસાં કબુલ થયાં "મારૂં શું જાયછ? એ પોતે ખુશી હોય તો એના સુખમાં હું ફાંચર મારશ નહી! હું એની પેટી તઇયાર કરૂંછ પછી તમે છેઓ ને એ છે."

"હવે કેવા ડાહયાં લાગાં? પણ જુવો ડોસાં, પેટી પેટારા લઇને હીલ્લાને જતાં આજુબાજુના જોઇને ચાવા ચીવી તો કરશેજ! તમે કાંઈ આટો ના બાકૂતાં. જો કોઇ પુછે તો કેહેજો કે હીલ્લાની તબીયત સારી નથી રહેતી તેથી મારા ફરમાવયાથી તમે હવા ફેરફાર કરવા કોઈ સગાંને તાંહ મોકલીછ! સમજયાં કે?"

"હા, બધું સમજયાં! મુવાં ષેન કોટકજ તો! હીલ્લુબી રાન ચરી ગેઈછ? એવી રીતે પનવા હા કહયુંજ શું કામ હોસે! મારી હીરા જેવી દીકરી સાથ જાહેરમાં પનતાં શરમ લાગેછ તો બુરખો કાંય નહી આઢતો?"

ડાકટર ગયા પછી હીલ્લા પોતાના ઓરડામાં પેટી પેક કરતી બેઠી. લગનની એક દીવસ આગમજ એક જુવાન કુમારી છોકરી જેવી જોઇયે તેવી ખુશાલ તેણી ન હતી. તેણીનો વાંક કહાડી શકાશે નહી કેમજે જુવાન કુમારી છોકરી ઓમાંથી કેટલી જણીઓ આવાં લગન પસંદ કરશે? તેણીનો જમશેદ ઉપર એટલો ખરે મનનો પ્યાર હતો કે તેને ખાતરજ તેણી સઘળી અગવડ ખમવા તઇયાર થઇ હતી. તેણી પોતાની થોડીક સાડીઓની ઘડી કરતી હતી, તેવામાં જીલુ ડોસાં ત્યાં દાખલ થયાં.

"એખલી એખલી કાંય પછારા મારેછ? લાવ મને આપ, હું પેટી ભરી આપું."

"ઓ માયજી માયજી, તમુને છોરી જવા મને નહી ગમતું!" હીલ્લા આંખમાં આંસુ લાવી પોતાની માતાને ગળે વળગી.

"દીકરી મારી? છુટ્ટું પરવા તો મનેબી નથી ગયતું પન મને એટલો સધ્યારો છે કે તું સારાં ખાનદાનમાં પન્નેછ! તું તો ગારી ઘોરે ફરશે ને મજાહ કરશે! તેને લાયકનીજ તુછે! રાંધણીમાં મારી સાથ ધકેલા ખાવા સરજાયલી ઉતીજ નહી! હું તો ધકેલા ખાઇને દહારા પુરા કરશ પણ તું જહાં હોય તાંહ સુખી રહેજે. તારી મોજ મજાહમાં ગરીબ માયને ભુલતી ના. મારીપર અવારનવાર લખ્યા કરજે ને બને તાહરે મલવા આવજે. કાંઇબી મુશકેલી માલમ પરે તો મને તરત લખજે. હું તે ઘરીએ આવીને ઉભી રહેવશ."

હીલ્લા પોતાની માના પાસામાં વધારે ચંપાઇને રડવા લાગી, પોતાની ૨૦—૨૨ વરસની ઉમરમાં તેણી પોતાની

માથી કદી છુટી પડી હતી નહી એટલે આજે તેણીને ઘણુંજ ભારી લાગતું હતું. "ઓ માયજી તમારેથી છુટું પડવા મને કેમ ગમશે!"

"એ તો દીકરા આપરામાં કહેવતજ છે કેની કે સાસરે જતાં સહુ કોઇને ભાવે પણ ઉંબર ઓરંગતાં આંસુ આવે! તેમ બે ત્રન દહાડા ભારી લાગશે પછી બધું ગમશે! ચાલ સારે સપરમે દહાડે એમ આંખ પાણી નહી કરીયે. ચાલ તારૂં શું પેક કરવાનું છે તે મને આપ, હું પેટીમાં મુકી આપું" રડતી દીકરીને પટાવતાં, માથું પસવારતાં તેવણ બોલ્યાં—તેવણની પોતાની આંખ્યોમાં પણ આસું હતાં "જો હવરાં તો ખપ જોગુંજ લેજે પછી હલ્લુ ધીરે બધું આવયા કરશે. હું રોજ તારો ઓરડો સાફસુફ રાખ્યા કરશ. તું અવારનવાર મારી આગળ આવશે તાહરે દીવાની જોત જેવો જોશે. આવશે કેની દીકરા?"

"હા, માયજી, વરી આવે નહીં તો શું?"

"જો હું તારી ગરીબરી માય મારાં પ્યરાં દીલના આસીરવાદ સીવાય વધારે શું આપું પણ—"

"બસ, મારાં વાહલાં માય, મને તમારા આસીરવાદજ જોઇયે છે. કપડાં જણુસ વગેરે તકસીદી ચીજો તો બેશુમાર અપાવવાની હાલતમાં મારા જમશેદ છે."

"મરૂંરે! મારી દીકરીને તો ખરેજ પાદશાહી વર મળયોછ! તું હીરા મોતી પેહેરી, ગારી મોરે ફરશે તે જોઇને હું ખુશ થયા કરશ! કાલને સારૂં કપરાં તઇયાર કીધાં કે? જો, હું. તુને એક મારી અસલની સારી આપુંછ તે કાલે પેહેરજે. સુઇસની ભરેલી સારી હવરાં તું રૂ૨૦૦ આપશે તોબી મલવાની નથી. ને બીજું કાંઇ હવરાં આપુંછ તે મારી તરફની

તુને લગનની નજીવી ભેટ છે. મારી ખુશી છે કે તે ચીજ તું હંમેશાં તારી પાસે રાખે! તારી ગરીબરી માયની યાદને ખાતર તે ચીજ તારે હંમેશાં પેહેરવી."

"તે શું માયજી?" હીલ્લાંએ અજાયબીથી પુછયું.

"ઉભી રહે. હું અબઘરી જઇને લઇ આઉં છ!" જીલુ ડોસાં ગયાં અને પાંચ મીનીટમાં હાથમાં સાડીનું પોટલું લઇને પાછાં આવ્યાં.

"લે દીકરા આએ સારી કાલે પેહેરજે ને આએ લાકીટ છે તે મારી તરફની લગનની નજીવી ભેટ દાખલ કબુલ રાખજે" આટલું બોલી એક નાહનો મખમલનો બાકસ ઉઘાડી જીલુ ડોસાંએ હીલ્લાંની નજર સામે ધરયો. તેની અંદર એક ઘણીજ સુંદર નકસીવાલી સુનાની લાકીટ મુકેલી હતી. આ લાકીટની કારીગરી બહુજ બારીક અને શોભતી હતી તથા તેની ઉપર કેટલાંક આબદાર મોતીઓ જડેલાં હતાં. તેનાં પછવાડેનાં ઢાંકણાં ઉપર એક ખુણામાં ઇંગ્રેજી હરફે જે. બી. અક્ષરો કોતરેલા હતા. તેવીજ નાજુક ઝીણી સોનાની સાંકળીમાં આ લાકીટ પોયલી હતી.

"મારી ખુશી છે કે એ લાકીટ તું હંમેશાં પહેરી રાખી મને યાદ કરયા કરે!"

"માયજી, એ ઘણી સરસ છે! મને ઘણી ગમેછ, તમે તમારે હાથે મારાં ગરાંમાં પહેરાવો" હીલ્લાં પોતાના બદીયાનના ઉપરનાં બટન ખોલી પોતાનું બરફ જેવું ગળું ઉઘાડું કરીને બોલી.

"કાંય તેને અંદર કાંય દાબેછ? બાહર રહેવા દેની."

"નહી માયજી, હાલ તુરત તો હું તેને કોઇની નજરે પરવા દેવા માંગતી નથી. તે મારે મનથી એટલી પવીત્ર છે.'

હીલ્લાની ફીલસુફી ઘણી વાર તેના ભોળાં માતાજી સમજી શકતાંજ ન હતાં. તેથી હવડાંબી વધુ તકરાર કરયા વગર તેવણે તે લાકીટ હીલ્લાંના ગળાંમાં પહેડાવી. હીલ્લાં પાછાં બટન પોરવતાં જોસથી બોલી "માયજી એ તમારી ભેટ ગમે તેવી નજીવી તમારે મનથી હોશે પણ મારે મનથી ઘણીજ કીમતી છે, તે હું સદા પહેરીને ફરશ! બીજી ગમે તેવી સરસ હીરા મોતીની જણસ પહેરવાબી કદી હું તેને મારાં ગળાંમાંથી કહાડરશ નહીં!"

ગરીબ બીચારી છોકરી! પોતાનાં ઉછળતાં સાચ્ચાં જીગરની ખરી લાગણીથી પોતાની માતાને અપાયલી આ તથા એવીજ કબુલાતો હવે પછીના તેણીના સંસાર સુખમાં કેવી આડી નડશે તે જો તેણી જાણતે તો તે કબુલાતો આપવા અગાઉ દશ વાર વીચાર કરતે!

પ્રકરણ ૧૯ મું.

દીનશાહજી બઈરાંને જોઇને મોહડાં કાંય મરડેછ?—હવે કેઠી સમજ પડી!

દીનશાહજી તો એવા ચીટકયા કે જમશેદના ઓરડામાં ગોયા ઘરબારજ માંડીને બેઠા. હીલ્લાંને આથી પોતાના ઓરડામાંજ ગોંધાઈ રહેવું પડયું અને એવી રીતે તેણીને ફરજયાત બંદીખાનું આપવાના વીચારથી જમશેદ આકળો વીકળો પડી ગયો. જેમ જેમ જમશેદે વધારે અકરવકડ કરવા માંડી તેમ તેમ દીનશાહ વધારે ને વધારેજ તેની પાસેનો પાસે રહયો. તબીયત કદાચ પાછી નાદરૂસત થઈ ગઈ હશે એમ ધારી તે વધારે જતન લેવા લાગયો એટલે જમશેદનું તદન પાકીને પસેહર થઈ ગયું.

દીનશાહનો જમશેદ ઉપર અત્યંત જીવ હતો. પોતાના ભીત્રાઇ કરતાં એક દીકરાની માફક તેને ગણુતો હતો. દીનશાહની પોતાની પાસે થોડોક છાંડો હતો અને તે કુંવારોજ હતો. પરણીને પસતાવાના કરતાં કુંવારા રહેવાનું તેણે પસંદ કીધું હતું. પરણેલી જીંદગીના ગેરફાયદાઓ તેણે જમશેદના મગજ ઉપરબી એવા ઠસાવ્યા હતા કે જમશેદ અત્યાર સુધી પરણવાનો વીચાર કીધો ન હતો અને હવે પછીબી કરે એવાતો ખ્યાલ દીનશાહના મગજમાં હતોજ નહીં. જમશેદ હમેશાં દીનશાહને જોઇને ઘણોજ ખુશી થતો હતો તેથી ઉલટું આજે જયારે તેને અકડવકડ કરતો તથા બરેલો જલેલો જોયો ત્યારે કુદરતીજ દીનશાહનું ધ્યાન ખેંચાયું. દીનશાહ તરેહવાર ગામ ગપાટાઓ લગાવી તેને વાતમાં રોકવાનું કરતો ત્યારે જમશેદ કાંસી કુસીને "હા ના" ના હુંકારા પુરીનેજ પટાવતો. ટુકમાં આજે તેને મનથી દીનશાહ સજડ કવાબમાં હાડકું થઇ પડયો હતો, દીનશાહની હાજરી બહુજ અણગમતી થઇ પડી હતી. પયારમાં પડેલાંઓના એજ હાલ હોયછે!

"કેમ જેમી શું છે, આજે કેટલો ડલ છે! જીવને ઠીક નથી લાગતું શું?" દીનશાહે પુછયું "મારૂં માને તો તું જલદીથી હવે કેથે બીજીગમ ચેંજપર નીકળી જા."

"તે નહી બને!" જમશેદ ધુખ્ખરાયલા સાદે બોલ્યો.

"નહી બને? ઉંહ! તે વરી શું?" દીનશાહ તેનો ઉશકેરાયલો ચેહરો તથા આકુળવ્યાકુળ જોઇને અજાયબીથી બોલ્યો "જમશેદ જેવા રંગીલા જવાનને મોહને એ બોલો મને ઘણા નવાઇ જેવા લાગે છે! અહીંજ ચીટકી રહેવાનું બીજું તો કંઇ કારણ નથી? સીકનેસને લીધે આટલો વખત રોકઇ રહયો હવે તો સારો થયો પછી શું છે?

જમશેદે કાંઇ જવાબ દીધો નહીં પણ જમીન તરફ જોઇને ઓરડામાં આમ તેમ ફેરા ખાવા લાગયો. દીનશાહ હવે બોધો. "જમશેદ સાચું કેહ બીજી કંઈ મુશકેલીમાં તો તું નથી? પૈસાની મુશકેલી તો તુને નહીંજ હોય પણ કોઇ રીતે—"

"છટ, છટ, છટ, એ શું બકબક કરયા કરેછ?"

"ધીરો પર, ઉસ્કેરા ના, દેખતવી રીતે તારાં મીજાંપર કંઇબી ભાર છે. મને તો લાગેછ કે આએ સીકનેસનુબી તેજ કારણ હોશે."

"હા, તેમજ છે. હવરાં મારાં મીજાંપર ખચીતજ બોજોછે."

"ઓહો! તે શું? મને ખુલ્લાં દીલથી કેહ હું તુને મદદ કરશ."

"તેં નાનપણમાં મને આપેલી કેળવણી, બધરાં જાતને ધીકકારવાની ફીલસુફી હાલ મારાં મીજાંપર "વરક કરેછ!" જમશેદથી વધારે તામોશ નહી થયું એટલે બોલી પડયો.

"બધરૂં! આખરે વરી બધરૂં આયું! દરેક વાતના હેઠાણમાં જોશો તો બધરૂંજ છે!"

"બસ, બસ, દીનશાહ હવે વધારે ના બોલનો મને તારા એ વીચારોથી ઘણું ખમવું પરયુંછ."

"તુંને ખમવું પરયુંછ તો મને નથી ખમવું પરયું?"

"તુંને? તુંને?" જમશેદ ફરતો ફરતો અટકી ગયો અને દીનશાહની સામે આવી બોલ્યો.

"હા મને! જમશેદ દીકરા સમાલજે જો કોઇ બધરીનીજ વાત હોય તો ચેતીને દુરજ રેહજે! તે તારૂં દીલ ભાંજી નાંખશે! હસ્તો રમતો હોશે તો તુને રરતો ચણાવારો

બનાવી મુકશે! મારી ગમ જો, આજની મારી હાલત એક બઇરીનેજ આભારી છે! તેવીજ એક બેવફા બઇરીએ મારૂં દીલ એક વખત તોરી નાખ્યું ને તેના પરીણામમાં હું આજે કુમારો છેઉં! ને બઇરાંને નામે ખાટો બટ મારી જાઉં છ!"

જમશેદ આજે આએ નવીજ વાત સાંભળી હતી. "શું તુંબી "લવ"માં પરીયોતો?"

"લવ! પુછઉ! કેહ કે બેવકુફ બન્યો તો! હા, થોરાં વરસની વાતપર હું ગધેરો બન્યો તો! મારી જીંદગીમાં એકજ છોકરીએ મને ઘેલો કીધો તો પણ આયંદે તેણે મારૂં દીલ ભાંજી નાંખ્યું! તાહરથી હું બઇરાં તરફ આવો કવરો થઇ ગીયોછ ને તેથીજં તે લોકથી દુર નાહસવાની હું તુનેબી સલાહ આપ્યા કરતોતો કે જેથી તુનેબી તેવો કવરો અનુભવ મળે નહીં"

"દીનશાહ! ઘણુંજ અજબ જેવું! આજે એ વાત તદન નવીજ સાંભળું છ! તેં મને કોઇ દહારો તે વાત કહી તો નહીં?"

"તુંને કહીને શું મારો રકાસ કરાઉં? તેમાં ફાયદો શું થતે? તે તો ઘણા વરસની વાત છે તું તાહરે ઘણો નાહલો ઉતો"

"ને તુને એક વખત તારા પ્યારમાં નાસીપાસી મળી તેથી તેં મનેબી ભડકાવી મુકયો?"

"હું બીધો કે રખે તું કોઇ તેવીના સપાટામાં આવી જાય! બઇરાં ઘણાજ ખોટાં! કોઇપર ભરોસો મુકાય નહીં! એક ગમથી તમારી મીઠી મીઠી વાત સાંભરે ને ધક બીજી ગમ દોરવે! ખોદા બઇરાંથી પનાહમાં રાખે!"

"અરે છેક તેમ નહીં" જમશેદ બોલ્યો. તેની દીલ્લાએ તેની ઉપર એવો સારો છાપ બેસાડયો હતો કે તેનો વીચાર હવે ફરી ગયો હતો "બધાંજ બઇરાં કાંઇ તેવાં નહીં હોય! એતો કોઈ તારે નસીબે તેવું અગરગચ્ચું આવી ગયું હોશે!"

"નહીં, નહીં તે ઘણીજ સારા ખાનદાનની ઉતી!"

"સારાં ખાનદાનની ઉતી તેથી શું થયું? તેથીજ કંઇ તે ઘણી ભલી હોવી જોઇએ એમ નથી ઠરતુ"

"અલબત, ખાનદાની લોહીની વાતજ જુદી છે."

"પણ ચાલ હવે ગુસ્સે ના થા. થયું શું તે તો કેહ તે બઇરાએ તુને હાથતાળી આપી કે? લગનનું પ્રામીસ આપીને તોરી નાંખ્યું કે? તે કોણ ઉતી? મારા ઓળખાણ માંની કોઇ ઉતી કે?" જમશેદ ઇંતેજારીથી સવાલો નાંખવા માંડયા. એ વાતમાં તેને એટલી ઉલટ આવી હતી કે તે પોતાની નાસીપાસી ભુલી ગયો હતો.

"જવા દે તે વાત હવે" દીનશાહ કંટાળીને બોલ્યો. "તે ઘણા દીવસની ભુલઈ ગયલી વાત તાજી કરવા હું માંગતો નથી. તેને મેં જેટલી કદુવા દીધીછ તેટલી થોરી! બનાવ બન્યા પછી હું આગળનો દીનશાહજ નથી."

"તે બીચારીને કદુવા દીધી તે તુનેજ નરી હોશે."

"તે તો કોણ જાણે પણ હું એટલું તો જાણુંછ કે મને દુ:ખી કરીને તે પોતે કંઇ સુખી થઈ નહીં. સાંભળેલા રીપોરટ પ્રમાણે તો તે બીચારીનો સંસારભી ઘણોજ હાલ હવાલ પસાર થયોછ. કર ને જો?"

"હવે તે બધું રહયું પણ દીનશાહ મારૂં હવે સાંભળી લે. આટલો વખત તો હું તારા કહયા પ્રમાણે ચાલયોછ.

તેં કેહયું તે ખોદાએ કહયું એમજ માનતોતો પણ હવે વધારે વખત એ બાબદમાં તારી સાથે હું મળતો થવશ નહીં. હું ધારૂંછ કે તું સજડ ભુલેછ."

"હું તો કોઈ બાબરીપર હવે વીશવાસ રાખતો નથી."

"પણ હું તો રાખુંછ! હવે પછી તારાં ને મારાં મતમાં ફેર પડી ગીયોછ!"

"કેમ બરચા? કંઈ લફરૂં લાગુંછ કે? એ આજે એમ કેમ કરેછ?" દીનશાહ અસંત અજાયબીથી બોલ્યો "તે કોણ છે સંભાળજે!"

"તે મારૂં કામ છે!"

"ખાલી જરા" ફ્લરટેશન"જ છેની?"

"હા, તું જે કેહ તે ખરૂં?"

"અં! તાહરે કંઇ દમ નહીં! હું જાણું કે કાકા કંઇ પનવા અદરાવાની વાત કરેછ કે શું!"

ખરી વાત કહી દેવાનું જમશેદની જબાંની ટીપ ઉપર આવ્યું હતું પણ તેની હીંમત ચાલી નહીં. તેણે ઉડાવનારો જવાબ દીધો "જો દીનશાહ જાહરે તેં ખરી અટકળ કીધીછ તાહરે તો તું જાણીને ઘણો અજબ થશે નહીં કે એવાજ જરા તરા લવ 'એફર'માં હાલ હું મજાહ કરૂંછ ને તેથી હાલ અહીંથી જવા માંગતો નથી. તેથી ડાહયો થઇને તુ હવરાં તો મને મુકી જા, પછી આપરે પાછા મળશું"

"ઠીક પણ સંભાળજે! કોઇ રીતે ફસી ના જતો! એ બધાં બઈરાં સરખાંજ!"

"તેની તું ફીકર ના કર! હું તે બાબદની તુને ખાતરી આપુંછ!"

"ઓલ રાઈટ! હું તો પરમ દહાડે બુધવારે આંઠ દશ દહાડા માથેરાન જવા માગુંછ ને તુંને લઇ જવા માગતોતો પણ તું નહી આવતો તો હું એકલો જવશ."

"હા, હા, જરૂર જા! તાંહથી આવીને મને મળજે પણ દીનશાહ હાલ તરત મારાં માયજી બેહનોને તું કઇ મારે સારૂં કેહતો ના હું! કંઇ વાતમાં દમ જેવું નથી ને તે લોકને કેહવામાં ફાયદો નહીં!"

હાલ તુરત તો સમાધાન થયું. જમશેદનું મન શાંત થયું. દીનશાહ હોટલમાં ગયા પછી તેણે મનમાં નકી ઠરાવ કીધો કે દીનશાહ માથેરાનથી આવ્યા પછી તેને વાંદરે પોતાને ત્યાં લઈ જઇને હીલ્લા સાથ ઓળખાણ કરાવવી.

* * *

સોમવારની સહવાર પડી. આપણી હીલ્લાની શાદીનો તે શુભ દીવસ છે. આહ! કેવી તે શાદી! નહી ઢોલ તાસા કે નહી બેંડ વાજાં, નહી ફુલ તોરણ કે નહી ચોક ચાદન, નહી સેસ સોપારા કે નહી હાર તુરા! સઘળું સુમશાન! જીજુડોસાંનું જો ચાલતે તો પોતાની એકપુરી દીકરીનાં લગન ટાંકણે ચાર દહાડા અગાઉથી ગીતની ગાયણો બેસાડતે, તથા ગોરી રીજમીટનું બેંડ મંગાવી પછવાડે મરઘીના પીજરાં ઉપર બેસાડીને વજડાવતે, પણ જમશેદે તેવી કંઇબી ગડબડ કરવાની સાફ ના પાડી હતી. ડોસાંનો તો જીવ બહુજ સુગાયો. તેવણે નાહનું જેવું ધરણુ જમાઇ સાથે લીધું પણ જમશેદની હઠ આગળ કાંઇ ચાલ્યું નહીં. તેવણે ફકત ચોક પુરી સગન કીધા અને બપોરના ધાનદાળ તથા દહી કરાવ્યું તે સીવાય વધારે તેવણ કાંઇબી કરી શક્યા નહીં.

બરાબર નવને ટકોરે હીલ્લા ભરેશ દીલ પોતાની મા સાથે અગીયારી જવા નીકળી. આજુબાજુનાઓનું ધ્યાન નહીં ખેંચાય તે મતલબે તેણીએ સાદો પોશાક પહેરયો હતો. ઘરેણામાં ફક્ત પોતાની માતાની આપેલી લાકીટ બદીયાનની હેઠળ છુપાવીને પહેડી હતી. જો કે દેખાદેખીના મોટા ખરચ અને ખાલી શેશીયારીનો હીલ્લાને અભખરો ન હતો, પણ એક જુવાન છોકરીની જીંદગીનો સઉથી અગત્યનો દીવસ શેહાદી, તે તદનજ આવો ગુપચુપ પસાર કરવાની વકી હીલ્લાંએ રાખી ન હતી. તેઓ અગીયારી જઇ એક ખાલી ઓરડામાં જમશેદની રાહ જોતાં બેઠાં. જીલુડોસાં પોતાની રીત પ્રમાણે મોબેદો સાથ તડાકા હાંકવા મંડી ગયાં. તેવણ પા કલાકબી મુગાં બેસે તો મોહડું ગંધાઇ આવે! હીલ્લાં બારી આગળ ઉભી હતી. તેણીનાં મનમાંથી શું વીચારો પસાર થતા હતા? પ્યાર, આશા, બીક તેમજ ઇંતેજારી તેણીના જીગરમાં લડાઇ કરતાં હતાં. તેણીનાં આ લગન સુખી નીવડશે કે? કીસમતનો રોહ તેણીને કયાં ઘસડી જતો હતો? તેણીની જીંદગીનો નવો સફો આજથી શરૂ થતો હતો! શરૂઆત કાંઇ ઘણીજ શુભ હવી નહીં. જમશેદના પોતાની તરફના અખંડ પ્યાર માટે તો તેણીને તલભારબી શક હતો નહીં, પણ આટલી ટુંક મુદતમાં તે શેહાણી છોકરી પોતાની ભોળી ભડભડી માતા માટેનો જમશેદનો અણગમો ખુલ્લી રીતે જોઇ શકી હતી. જમશેદ તેણીની પોતાની ઉપર જીવ આપનો હતો પણ તેણીની મા જીલુબાઇ સાથ લગાર સખત રીતે વરતતો હતો તે પણ તેણી ખુલ્લું જોઈ શકી હતી. પોતાનુંજ બોલેલું કરાવવા તથા પોતાનીજ મરજી માફક ચલાવવાની જમશેદની

ખાસીયત પણ હીલ્લાંને ભુલી રહી નહી હતી. બધરી જે કહે તે 'હાજી હા' કરવા જેવો બોસ્યું વર જમશેદ નહી હતો પણ મકકમ મનનો, કામ પડે તો લગાર સખ્તાઇથી કામ લઇને પણ પોતાનો બોલ ઉપર રાખનારો ધણી પોતાને મળયો હતો તે હીલ્લાં સમજતી હતી. વળી માટે પેરની રીતભાતો, ફેશનએબલ સોસાયટીના ફાંટાઓથી તે તદન અણજાણી હતી એટલે શરૂ થતી નવી જીંદગી માટે તેણીને ગભરાત લાગતો હતો

બરાબર ૯ા ને ટકોરે વરરાજા ડાકટર ડોસાભાઇ સાથે આવી લાગયા. તેણે સફેદ પાજની ડગલી તથા માથાં ઉપર શયાલનો ફેંટો પહેડયો હતો. તે હસ્તે ચેહેરે ઓરડામાં દાખલ થયો. આ ડરેસમાં તેને હીલ્લાંએ પહેલાજ જોયો તે એવો તો શોભઇતો દીસ્તો હતો કે હીલ્લાંની બીક તથા ગભરાટ સરવે ઉડી ગયાં.

બીજો અરધો કલાક ગયો, લગનની કીયા પુરી થઇ અને ડાકટર ડોસાભાઈ જીલુ ડોસાં તથા બીજા એક સાક્ષીની હજુરમાં આ બે જવાન આશાવંત જીવો જોડાઇને એક થયાં. મોટે ઘરે, ખુબ ધામધુમથી લગન કરવાના ખ્યાલમાં હરખાતી તથા ઘણાજ ઊંચા ખાનદાનની વહુ લાવવાની આશામાં મલકાતી પોતાની માતા તથા બેહનોને અણજાણ રાખી, પોતાના જુવાન રંગીલા દોસ્ત જમશેદની સાજવારીમાં ધુમ મચાવવાના મલીદા જમતા દોસ્તદારોને હાથ તાલી આપી, આ દાદીશેઠનો દીકરો આજે પોતાની મનની મુરતી હીલ્લા બુચીયા સાથ લગનના ગાંઠથી જોડાયો.

પ્રકરણ ૨૦—મું.

ઓ! એ છોકરી કોણ છે?"

વાંદરે "હીલ રોડ" ઉપર આવેલા એક નાહના પણ ખુશનુમા બંગલાના ડરોઇંગ રૂમમાં આપણી ફરેંન્ડ હીલ્લાં, મીસીસ જમશેદ દાદીશેઠ, બાઇએ બેઠી બેઠી કાંઇ ભરતકામ કરે છે. તેણીનાં લગન થયાને પંદર દીવસ થયા છે, અને હીલ્લાં પોતાનાં નવાં ઘરમાં ઠરીઠામ થઇ છે.

લગન પછી ત્રીજે દીને, બુધવારે સહવારના અગીયાર વાગે દીનશાહ માથેરાન ગયો. જમશેદે છુટકારાનો દમ ખેંચ્યો અને તેજ દીને બપોરે તે હીલ્લાંને લઇને વાંદરે પોતાના બંગલામાં રહેવા ગયો. અલબતાં ડાકટરે સરવે મેનીજ કીધી હતી એટલે આ નવાં જોડાંને આવકાર આપવા સઘળું તઇયાર હતું. બુધવારને દહાડે પોતાની દીકરીને સાસરે મોકળવા સંબંધમાં વળી સાસુ જમાઇને ટપાટપી થઇ. "બુધવાર અને બેઠી, ને માબાપને ન ભેટી" આ કહેવત અલબતાં વાંચનારાં ઘણાં ઉમરે પુગેલાં બાઇઓને માલમ હશે, તે કહેવતની શું ફીલસુફી છે તે ખોદાને ખબર પણ એટલું હું જાણુંછું કે ઘણાં અસલી વીચારના વહેમી માયો બુધવારને દીને પોતાની દીકરીને સાસરે મોકલવાનો વાંધો લે છે, તેનાં કારણમાં જણાવે છે કે બુધવારે સાસરે જાય તો તેણી પછી માબાપને પાછી ભેટી શકતી નથી. જીજુડોસાં એ વહેમથી ખાલી ન હતાં, વળી કોણ જાણે એ કહેવત તેવણના બાબમાં ખરી પડવાની કાંઇ આગાહી થઇ કે શું, કેમ જે તેવણે બુધવારે હીલ્લાંને જવા દેવા માટે ઘણોજ વાંધો લીધો. ફફડયાં, ચટકયાં બરબડયાં, રૂસાયાં,

પણ જમશેદ પોતાની હઠ છોડી નહીં. દીલ્લાંને પોતાને એવા કાંઇ વહેમ ન હતા એટલે તેણીએ પોતાની માતાને સમજાવી પટાવી ઠંડી પાડી અને અંતે તેવણુની રજા મેળવવામાં ફાવી.

તે વાતને પંદર દીવસ થયા છે. દીલ્લાં પોતાનાં નવાં મકાનમાં નવી જુની થઇ ગઇ છે. આ નાનકડું મકાન જમશેદ બહુ અચ્છા ટેસ્ટથી શણુગારયું હતું. દીલ્લાંને માટે એક નાહનો ઓરડો જુદો આપ્યો હતો તેમજ તેણીની દરેક સગવડો ઉપર સંભાળથી ધ્યાન આપ્યું હતું. તેણીની ખીદમતમાં એક જવાન મુસલમાની આયા નામે અમીના રાખી હતી. જેણીએ થોડા દહાડામાંજ બાઇનો પયાર તથા વીશવાસ ખેંચી લીધાં હતાં અને બાઇનો પડયો બોલ ઉપાડતી હતી. પહેલાં તો આ જાતની જીંદગી દીલ્લાંને બહુજ નવી લાગતી હતી. તેણીને પોતાની માનાં ગરીબડાં ઘરમાં દરેક ચીજ હાથે જાતે કરવાની ટેવ હતી. તેણી પોતાને ત્યાં સકાળે ઉઠી ચોક ચાંદન કરતી, ચાહ પાણી કરી હાથે રાંધતી અને એવીજ બીજી ઉદયોગી જીંદગીમાં વીસ વરસ પસાર કીધા પછી હાલની મોટે ઘેરની બાઇની અઇયાસી જીંદગીમાં પહેલાં તો તેણીએ અકર વકર કરવા માંડી. મોટે ઘેરની ફેશનએબલ બાઇઓની માફક આખો દહાડો કાંઇ પણ તેવાં કામ વગર હાથ જોડીને બેસ્તાં પહેલાં પહેલાં તેણીને બહુજ ભારી લાગયું પણ રફતે રફતે તેણીને આદત પડતી ગઇ.

વાંદરાનો તેઓનો બંગલો લગાર એકાંત હતો. આજુ બાજુના પારસી કુટુંબો આ નવાં ખુબસુરત જોડાં માટે તરેહવાર અટકળો કરતાં હતાં અને ઓળખાણ પાડવા ઇંતે-

જાર હતાં. પણુ જમશેદની મતલબ હાલતુરત બાહેરનાં લોક સાથ ઝાઝી મેળાવાની હતી નહીં. તે પોતે રોજ કોટમાં જતો અને સાંજે આવીને હીલ્લાંને ફરવા લઈ જતો, તે સીવાય બીજી કશી કંપની હીલ્લાંને મળતી ન હતી. તેણીને પોતાના જમશેદ સીવાય બીજી કંપની હાલ ભાવતી પણુ નહી હતી. પોતાના માટે પેરના સાસરીયાંવાળાંઓ સાથ મેળાવાની તેણીને મુદલ મતલબ નહી હતી. તેણી પોતાની નવી પરણેલી જીંદગીમાં સંતોશી હતી, હીરા જેવા ધણીના પ્યારમાં સુખી હતી, પૈસે ટકે ભરપુર હતી. તેણીનાં દીલમાં આગળના જેવોજ સાદો પણુ ધરખમ ડરેસ પહેરેલો હતો. સાડી બદીયાન વગેરે વધારે મોંઘી કીમતનાં હતાં. પગમાં સપાટને બદલે મખમલની સ્લીપર પહેરી હતી. અને માથા ઉપર માથુબાનું હતુંજ! જમશેદને પોતાને માથુબાનું પસંદ હતું. ડાબા હાથમાં હીરાની વીટી હતી તથા હાથમાં ચીતલ સાથે ઝીણી ઝીણી સોનાની બાંગડીઓ પહેરી હતી. ઉઘાડાં ગળાં ઉપર પોતાની માતાની આપેલી સુનનાની લાકીટ પહેરી હતી અને તે છુપાવવા માટે ઝીણો રેશમી "સ્કારફ" ગળાં ઉપર વીટાળયો હતો! બધાં સુખ ચેન છતાં આજે હીલ્લાંનો ચેહેરો ઉદાસ જણાતો હતો. કેમ વારૂ? પોતાની માતાની આપેલી લાકીટ તેણીની ઉદાશીનું કારણ હતું! પોતાના ધણી સાથ પ્રહેલવહેલાજ નાખુશ મતફેરનું કારણ આ લાકીટ હતી! લગન પછી તેણીએ તે લાકીટ ખુલ્લી પહેરવા માંડી, તેની ઉપર જમશેદની નજર પડી. તેની કારીગીરી એટલી નવાઇ જેવી હતી કે કોઇનુંબી ધ્યાન ખેંચાય. કુદરતી રીતે જમશેદે તે બાબદ હીલ્લાંને પુછયું. તે કોણુ તરફની ભેટ હતી અને હમેશાં પહેડી રાખવાની કબુલાત કોણુને આપી

હવી તે જયારે જમશેદ જાણ્યું ત્યારે તેનુ નસકોરૂં ચહડી ગયું, અને પોતાનો કચવાટ ખુલ્લો દેખાડયો. તે પોતાની ધણીઆણીને આ ડોસીથી અલગ કરવા માંગતો હતો. તેને બદલે ધણીઆણી તેજ અણુગમતી બછરીની ભેટ આખો વખત પ્યારથી સાથે લઇને ફરતી હતી! જમશેદ હીલ્લાંને આગ્રહ કીધો કે તે લાકીટ કહાડી નાંખવી. જો તે કહાડી નાંખે તો બીજી ઘણી વધારે કીમતી હીરા જડેલી લાકીટ લાવી આપવાની લાલચ બતાવી પણ હીલ્લાં મક્કમ રહી. પોતાની માતાએ પ્યારની લાગણીથી ભેટ આપેલી જણસ, તેવણુની યાદને ખાતર પહેડી રાખવા કબુલાત આપી હતી તે કબુલાત તોડવાની પોતાની નામરજી જણાવી. પોતાની માને એવી રીતે અપમાન કરવા હીલ્લાંએ ના પાડી. લગન પછી પહેલવહેલીજ વખત હીલ્લાંએ પોતાના ધણીની મરજી રાખવા ના કહયું. અલબતાં જમશેદને જરા ખભરાટ લાગ્યો પણ આટલા થોડા વખતમાંજ પોતાની ધણીઆણીને નારાજ કરવા તેનું દીલ ચાલ્યું નહીં. થોડો વખત પછી તે બાબદ પાછું હીલ્લાંને કહેવાનો વીચાર કરી તે મુગો રહયો. હીલ્લાંએ પણ પોતાના ધણીને તદન નારાજ કરવામાં ડહાપણ જોયું નહીં. તે સમજુ છોકરીએ વચલો મારગ લીધો, તદન કહાડી નાંખી પોતાની ગરીબડી માને હીણી નહીં પણ બાહાર દેખાય તેમ નહી પહેરતાં તેણીએ ઉપર શયાલ વીટાળી યા તો બદીયાનની નીચે છુપાવીને આ ભેટ તેણીએ પહેરવા માંડી.-લાકીટ જેવી નજીવી ચીજ પહેરવા નહી દે તે માટે નહીં પણ એ રીતે પોતાની માને તેણીનો ધણી હીણે તે ખ્યાલ હવે હીલ્લાંને બહુજ દુખી કરતો હતો, આજે તેણી દલગીર જેવી બારીએ ડોકાં તાણતી

બેઠી હતી. કેમકે જમશેદ પોતાની સાથે દીનશાહ મેહેર-હોમજીને જમવા લાવવાનો હતો. દીનશાહ માથેરાનથી પાછો ફરયો હતો અને આજે જમશેદને ત્યાં જમવા આવવાનો હતો. હીલ્લાંનો નાહનો માનીતો કુતરો જીપ બાઇના પગ આગળ ગોઠવાઇને બેઠો હતો.

ઠોકવારે બારણું ઠોકાયું અને જીપ પોતાના શેઠનો સાદ સાંભળી નીચે ઉતરી ગયો. તેના ભોંસવાનો અવાજ સમજી ઉપર બેઠેલી હીલ્લાં સમજી કે જમશેદ એખલો નહીં હતો પણ દીનશાહ સાથે આવ્યો હતો.

જમશેદ દીનશાહને લાઇબ્રેરીવાળા ઓરડામાં લઇ ગયો. "આવ દીનશાહ, આપરે હવરાં ઉપર જઇએ તે અગાઉ મારે તુંને બે બોલ કહેવાછ."

હજી સુધી જમશેદ પોતાના લગન બાબે દીનશાહને કહયું નહીં હતું. તે એક લેડીને મળવા દીનશાહને વાંદરે લઇ આવ્યો હતો પણ તે લેડી સાથ પોતે પરણેલો હતો એવું હજી તેને જણાવ્યું નહી હતું. પોતાની આ નબળાઈ માટે તે હવે શરમાવા લાગયો તેને દીલમાં લાગયું કે પોતાની ભોઠી પવીત્ર ધણીઆણીને એ રીતે તે ઘણોજ ગેરઇનસાફ કરતો હતો.

"જમશેદ, તું મને અહીં લાયોછ ખરો પણ ઉપર બેરી છે તેને શું નામે બોલાઉં?"

"શું નામ? મીસીસ જમશેદ, ઓફ કોરસ બીજું શું નામ!"

આ સાંભળી દીનશાહ મુછમાં હસ્યો તે જોઇ જમશેદનું પાકી ગયું. "જો બચ્ચા તું કંઇ આરં તીડું ફાડું ફાડું બકતો ના હું! તે કંઇ સાધારણ વલગર છોકરી નથી! મારી ધણીઆંણી દાખલ તેને બધું માન આપજે!"

આ પછી તેઓ ઉપર ગયા. દાદર આગળજ હીલ્લા ઉભી હતી. તેણીએ હસ્તે ચેહરે દીનશાહને આવકાર દીધો. "આએ મારા કઝીન દીનશાહ."

પણ દીનશાહનું ઠેકાણું કયાં હતું? તે હીલ્લાંને જોઇ ચમકયો અને હીલ્લાંનો લાંબો કીધેલો હાથ પકડી તેણીને ટગર ટગર ટીકવા લાગયો.

જમશેદે તે જોયું. પોતાની હીલ્લાંની ખુબસુરતીએ દીનશાહ ઉપર અસર કીધી હવી એમ સમજી તે મનમાં ખુશ થયો. જમશેદ બીહતો હતો કે રખે જમતાં જમતાં હીલ્લાં કાંઈ છબરડો કરે અને ફેશનએબલ સોસાયટીના વીવેકથી કાંઇ ઉલટું કરી પોતાની જાત જણાવે! પણ નહીં, હીલ્લાંએ "હોસતેસ" દાખલનો પોતાનો ભાગ એવા તો સફાઇથી અને નચીંતાઇથી બજાવ્યો કે જાણે કેટલાં કેટલાં વરસની તેવી સોસાયટીમાં ફરી હોય! જમશેદ અજબ થઇ ગયો અને દીનશાહનું મત જાણવા તેની ગમ બારીકીથી જોવા લાગયો. પણ દીનશાહ તો ભબરાઇજ ગયો હતો. પુરી પાધરી વાત કરવાને બદલે તે હીલ્લાં ગમ નજર ફેંકયા કરતો અને મુગો મુગો જમ્યા કરતો હતો. દીનશાહની આ રીતભાત જમશેદને એટલી નવી લાગી કે તે અધીરો પડી ગયો. ખાણું ખલાસ થયા પછી કાફી મંગાવવાને મસે તેણે હીલ્લાંને બાહર મોકલી. બે પીત્રાઇઓ એખલા પડયા તોબી દીનશાહે જબાં ખોલી નહીં. દીનશાહનું મત જાણવા જમશેદ ટીંગાઈ રહયો હતો. આખરે ડીકાનડરમાંથી વાઇનનું ગલાસ ભરતાં દીનશાહે જમશેદ ગમ ધારી ધારીને જોયું અને પછી ખોખરા ઢોલ જેવા સાદે એકદમ પુછયું.

"જમશેદ! એ બઇરી કોણ છે?"

જમશેદ નાસીપાસ થઇ ગયો. પોતાની હીલ્લાંને માટે વખાણના સખુનો સાંભળવાની તે પુર વકીમાં હતો તેને બદલે આવો કઢંગો સવાલ સમજી તેનો મીજાજ ચસકયો. “તે મારૂં કામ છે!” તેણે ખભરાઇને જવાબ દીધો “કાંય, તુંને કંઇ વાંધાભરેલું દીસેછ?”

“વાંધો કંઇજ નહીં! એકસીલંટ ગરલ: ઉલટું આએ કઢંગી હાલતને સારૂં તે મુદલ લાયક નથી એમ મને લાગેછ!”

દીનશાહ શું કહેવા માંગતો હતો તે જમશેદ સમજયો. તે એક છલાંગ મારી ઉભો થયો. તેનેથી વધુ વાર ચોળાયું નહીં “કઢંગી હાલત! એ તુ શું બકેછ? હાલત વીશે કંઇ ફીકર ના રાખો દીનશાજી શેઠ! તે મારી હકદાર ધણીઆણી છે!

“શું? ખરેખર?” દીનશાહે અજબ થઇને પુછયું.

“હા, ખરેખર! ચ હવે બધી વાત તુંને કેહું! હા, હું એની સાથ પનયોછ! તારાં મોટાં મોટાં ચેકચરોથી અને માયજીના વાંધાઓથી બીહને મેં છુપી રીતે લગન કીધ છ! તે મારા કરતાં દશ ઘણી વધારે સારા માણુસને લાયકની છે તે તું જોઇ શકયો હોશે.”

“હા, હા, તે તો બધું ખરૂં! તે ઘણી ખુબસુરત છે, ભલી છે તે બધી વાત ખરી પણ તે કોણ છે? જયારે તું તેને આપરાં કુટુંબમાં દાખલ કરવા લઇ આયો તાહરે તારાં કુટુંબને, અમે બધાંને જાણવાનો હક નથી કે તે કોણ છે? કહાંથી લાયો?”

“તે કોણ છે ને કહાંથી આવી તેની સાથે તમો લોકને કાંઇજ લાગતું વળગતું નથી. મારી ધણીઆણી તે છે એટલુંજ જાણવું તમો લોકને બસ છે. જો મારા ધણીઆણી દાખલ તેને કબુલ કરી, તેની સાથે તેવી રીતે વરતવા તમો

લોક તઇયાર હોવ તો ઠીકાઠીક, નહી તો પછી સાહેબ મેહેરબાન! તમુને ને મને કાંઇ લાગે વળગે નહીં! દીનશાહ, તારીપર મને મોટો વીશવાસ છે. તારીપર મારે ઘણો પ્યાર છે તેથી તું મને મદદ કરશે તોજ મારૂં કામ સેહેલું થશે."

"ને તેથીજ દરેક બારીક વીગત મારે જાણવી જોઇયે."

"નહીં, તેવીજ જો બોંહસ તું લઇ બેઠો હોય તો તારી તે બોંહસમાં હું તુને ફાવવા નહી દેવશ. એટલું જાણવું બસ છે કે તેની સાથ મારો મેલાપ થયો. તેં મને જે બઇરાંઓને વાસ્તે વીચારો આપીયાતા તે કરતાં ઉલટાજ ગુણો તેનામાં મેં જોયા. તેની સાથની ઓળખાણમાં મેં જોઇ લીધું કે તે જેટલી બહારથી હેંડસમ છે તેટલીજ અંદરખાનેથી‌ભી છે. તાહરે હવે તેવી એક મારી પસંદગીની ધણીઆણી પણવા શું મારે આખાં કુટુંબની પરવાનગી લેવા થોભવું ઉતું? એવી એક છોકરી સાથ પાણુવા માયજી તેમજ બધાં સગાં વાહલાંઓની કમીટી બેસાડવી ઉતી? નહીં. હવે એ તારી સામે છે. હું એની સાથ પણુયોછ. એની આગલી જીંદગી મેં તદન ભુસરી નાખીછ. તે આગલા બંધા સંબંધ મેં છુટા કીધાછ એટલે તે બધી હકીકત જાણવાથી તુને કંઇજ ફાયદો થવાનો નથી."

"અરે પણ એના કોઇ માય બાપ હોશેની! એ કીયાં કુટુંબની છે, કોણુની છોકરી છે તે દુન્યાને જણાવશે કે નહી?"

"હા, પણ તે હવરાં નહીં. તેનું કંઇ એવું ભપકાભરયું નામ નથી, તેવું ધડધડ કરતું ખાનદાન નથી તેથીજ હું હાલ જાહેર કરવા નથી માંગતો. આપણાં કુટુંબનાં બઇરાંઓ તરેહવાર એખીયલ ડાચાંઓ કરે તે વીચાર મને ગમતો

નથી. એના માય બાપ કોણ—આહ! જવા દે, તે વાત જવા દે," જમશેદને જીલુડોસાંની યાદ થતાં એક નીસાસો નાંખી બોલ્યો.

દીનશાહ તે નીસાસાપરથી અને બીજી વાત પરથી સમજી ગયો કે મીસીસ જમશેદ કોઇ ઘણાજ ઉંચાં ખાનદાનની નહી હતી.

"પણ હવે તું શું કરવા માંગેછ?" તેણે પુછ્યું.

"શું કરવા માંગુછ? હવરાં જે કરૂંછ તે! હાલ તો મને મારી આએ એકાંત જીંદગીને તેનું સુખજ જોઇયેછ. જો, આએ બંગલો મે ભારે રાખ્યોછ. મને અવારનવાર મારી મીલો તથા પ્રેસોના કામસર બાહરગામ જવું પડશે તેમ હું જવશ. કોઇ કોઇ વખત માયજી આગળ કલકતે જવશ તાહરે મારી હીલ્લાં અહીંજ રહેશે. હું જાણું છ કે મારૂં પોઝીશન ઘણુંજ કઢંગું છે પણ બીજો ઉપાય નથી. મને વધારે ના પુછ."

દીનશાહે જોયું કે જમશેદને વધારે દાબીને પુછવામાં ફાયદો હતો નહીં. તે જીદનું જાણું હતો આથી તેણે અખાડા કીધા પણ પોતાના ચોકસ કારણોને લીધે તેણે આ હીલ્લાં કોણની છોકરી હતી તે શોધી કહાડવાનો પકકો ઠરાવ મનમાં કીધો હતો.

"આએ છોકરી! બાઇ જોવ! કેટલું અજબ જેવું! હું શોધી નહી કાહડૂં તો હું દીનશાહ નહી પણ ગધેરો!" તે મનમાં પટપટીયો. તેણે જમશેદની વાત છુપી રાખવા અને હીલ્લાંનો ફરેંડ થઇ રહેવાની કબુલાત આપી. હીલ્લાંએ તેની ઉપર સારો છાપ બેસાડયો હતો અને તેની સાથ ઓળખાણ વધારવા તે આતુર હતો.

પ્રકરણ ૨૧ મું.

દુન્યા સુખી કે દુખી?

ચાર મહીના નીકળી ગયા. હીરલા પોતાની નવી જીંદગીમાં બધી રીતે સુખી હતી તોબી તેણી ખુશાલ દીસ્તી ન હતી. વાહલા ધણીનો અખંડ પ્યાર, રમકડાં જેવો સણુ-ગારેલો બંગલો, નોકર નફરો, પૈસા ટકા, ગાડી ઘોડા બધું હતું. આજુબાજુઓને મ.ાથી હીરલા જેવી નસીબવાળી કોઇજ ન હતી. પણ શું તેણી ખરેખર સુખી હતી? ના, પઇસા ટકા અને જરઝવેરાતથીજ દુન્યાનું સુખ મળતું નથી. તેણી પોતાની હાલની અઇયાસી જીંદગીથી કંટાળતી હતી. તેમજ પોતાના ખાવીંદ સીવાય બીજી કોઇની કંપની વગર એખલી પડી ગઇ હતી. જમશેદ પોતાના લગન છુપાવવા એટલો ઇંતેજાર હતો કે તેણીને કોઇ સાથ ભેળાવા દેતો ન હતો. હીરલાં એ બાબદમાં તેમજ બીજી દરેક બાબદમાં પોતાના ધણીની મરજી રાખતી હતી. તેઓની આ રીતની એકાંત જીંદગી પાડપાડોશીઓનું ધ્યાન ખેંચી રહી હતી. તેઓ સાથ ઓળખાણ પાડી વધારે વીગત જાણવા તલપાપડ થઇ રહેલા પડોશીઓ જયારે તેમ કરવામાં નીશફળ થયાં ત્યારે તેઓ તરેહવાર નીચ ગુલબાનો ઉરાડવા લાગ્યાં. એકજ દાખલો બસ થશે. તેઓથી બે ત્રણ બંગલા મુકીને મીસીસ માણેકબાઇ રહેતાં હતાં જેવણુની ચાર પરણવા લાયક કુંવારી છોકરીઓ હતી. તેત્રણ બીજાં એક બાઇ નામે મીસીસ બચુબાઇને અણુકા કરી પુછવા લાગયાં.

"એ આઓ પાસેના "રોઝલીલા"માં નવાં ભારૂત આયાંછ તે લોકને તમે ઓરખોછ કે? મરે વરી કંઇ અજબ જાતના છે."

"હું ઓરખતી નથી ને ઓરખવા માંગતીબી નથી" તેવણે શીલસુંદ્રી ચલાવી.

"કાંય?"

"અરે બધા ઘોટાળા છેરે! મી૦ ને મીસીસ કોણના? કોણ જાણે કોણની પોરી ઉંચકી લાયોછ!"

"એમ? તમે કેમ જાણ્યું?" મીસીસ માણેકબાઈના પેટમાં શેર દૂધ પીધા જેટલી તાહડક પડી હતી.

"મારી આયાને એ લોકના મીસતરી સાથે ઓરખાણ હોશે તેણે આયા આગળ વાત કીધી. કેહજે ઘેરમાં એક કોઈ માંદીદો અવારનવાર આવેછ તે સીવાય કોઈ બીજુ મળવા બેસવા આવતુંજ નથી. બઈરૂ તો નહીંજ પણ માંદીદા બચ્ચાંમાંનો કોઈ દહાડો દીસ્તાં નથી."

"તે વાત તમને આયાએ કહી કે?"

"હા, મેંજ પુછયું તાહરે તેણે બધી વાત કીધી."

ખરી વાત એ હતી કે હીલ્લાંના માસ્તરોને તથા બીજાં માણસોને આ કનવારખોરાં બાઈ અવારનવાર પઇસા કપડાં વગેરે આપી જમશેદના ઘરની અંદરથી પણી સુંવાની ખબર રાખતાં હતાં. હલકાં માણસોથી બીજી વળી શું રખાય? તેઓ ચળકતી ચાઇચાઇથી અંજાઇ શેઠ બાઇનું નીમક ખાઇ હરામ કરતાં હતાં. ફકત એક હીલ્લાંની આયા અમીના બાઇની ઘણીજ કદર ખાતી, તેણીને માટે કોઇ આડો સખુન બોલતું તો છછણી પડતી અને બીજાં માણસો સાથ, બાઇ તરફથી લડતી હતી.

"એ લોક કંઇ પનનેલાં નથીરે!" બચુબાઇએ વહાઇ લઇને ડાંગ મારી. "કોણ જાણે શું દારમાં કાઇ છે, નહી

તો આવી રૂપવંતી બઇરીને ઢાંકી ઢપોરી શું કરવા રાખે?"

"મેં તો સમજ્યું કે કોઇ માણસોબી એવા મામલાથી ટકતાં નથી ને ધોબીના વાગા બદલાયા કરેછ."

"કેહજે એ બઇરીપર કોઇના કાગળો અવારનવાર આવેછ તેબી પોતાના વરથી–અરે વર શાનો બરયોછ?–જમશેદજીથી છુપાવેછ. જવાબોબી હરૂસે લખેછ ને પોતેજ ટપાલમાં નાંખી આવેછ. માણસોનેબી આપતી નથી." વગેરે વગેરે.

આ નીંદાખોર નાપાક બઇરાંઓને તેઓની નીચ જીભલીથી લપ લપ કરતાં મુકી આપણે હીલ્લાં તરફ ફરીયે. તે બીચારીના કાન ઉપર પણ આ નીંદાના ભણકારા અવાર નવાર આવતા હતા. અલબતાં એક નીરદોશ પાક અબળાને માટે ગલીચ જબાંઓ જયારે આવા ખુમાટાઓ ફેલાવે ત્યારે તેણી બેચેન અને ઉદાશ બનવીજ જોઇએ પણ હીલ્લાંની હાલની બેચેની તથા ઉદાશીનું કારણ જુદુંજ હતું. તે કારણ તેની મા જીલુબાઇ હતી. બીજી બધી વાતમાં હીલ્લાંની મરજી રાખી, તેણીની ઉપર જીવ કહાડી આપનારો જમશેદ આ જીલુડોસાંના સંબંધમાં હીલ્લાં સાથે કાંઇ ઓરજ રીતે વરતતો હતો. દહાડે દહાડે તે બે જણ વચ્ચે આ જીલુડોસાંની વાતથી કચવાટ વધ્યો જતો હતો. જમશેદને દહાડે દહાડે પોતાની મા માટેનો અણગમો હીલ્લાં ખુલ્લો જોઇ શકતી હતી. તે એટલી હદ સુધી પોતાની સાસુને તુચ્છકારવા લાગ્યો હતો કે મા દીકરી વચ્ચેનો પત્રવહેવાર પણ ચાલુ રાખવા દેવા ખુશી નહતો. તેઓના લગન પછી મા દીકરાંનો મેળાપ તો થયો હતોજ નહીં પણ તેવણ ઉપર કાગળો લખે તે પણ જમશેદને પસંદ ન હતું. હીલ્લાં આથી બહુજ દુખી થતી હતી. જમશેદથી બીહને તેણી લાંબે લાંબે વખતે

કાગળોના જવાબ લખતી અને તેબી પોતે હાથેજ ટપાલમાં નાંખતી હતી. પોતાની મા સાથની આવી રીતની જુદાઇથી હીલ્લાંનું જીગર જળી જતું હતું. તેણીએ જમશેદને પટાવી સમજાવી જીલુબાઈ તરફ દીલ નરમ કરવા સમજાવ્યું પણ તે બાબદમાં જમશેદ હમેશાં મીજાજ ખોઇ દેતો હતો એટલે વધુ બોલવાનું તેણીએ માંડી વાલ્યું. એક ગમથી તેણીની માતા પોતાના કાગળોમાં હમેશાં હીલ્લાંની આવી બેદરકારી તથા કાગજ લખવાની આળસાઈ માટે તેણીને ઠપકો આપતી હતી, માટે ઘેર પરણી ગરીબ માયને ભુલી જવાનું આળ તેણી ઉપર મુકતી હતી.

હીલ્લાં પોતાના ઓરડામાં તેવુંજ મા તરફનું એક કાગજ વાંચતી બેઠી હતી. લગન થયા પછી દીકરી સાથ મેળાપ થયો હતો નહીં અને કાગળો પણ લાંબે વખતે આવતાં હતાં તે માટે આ કાગજમાં તેવણે ખુબ બળાપો કીધો હતો. દીકરી આવે માટે ઘેર પરણી તેથી પોતાનેબી પઇસા સંબંધી ઘણો ફાયદો થવાની વકીમાં તેવણ હતાં જે આશા મુદલ પાર પડી હતી નહીં તે માટેનો ખુબ ફફડાટ તેવણે બતાવ્યો હતો. વળી તેવણના પાડપાડોશીઓ હીલ્લાં કહાં ગઈ હતી ને વીશે ચાવાચીવી કરીને તેવણનું ભેજું માથું ખાઈ જતાં હતાં તેઓને શું ખોલાસો આપવો તે બાબદ તેવણે પુછાવ્યું હતું "દાદીશેઠને તોંહ પત્ની તેથી ગરીબ માયથી શરમાતી હોશે!" તેવણે કાગજમાં લખ્યું હતું. "મોટો દાદીશેઠને ઘેરનો વર ગરીબડી માય સાથ ભેરાવા ના કેહતો હોશે! તાહરે! લાર કરતો! જોરે પોરી, પગમાંનું ખાસરૂં પગમાંજ રખાયે, વરને ઘનો લાહરો નહીં આપીયે! હા, મારા જેવી

બુઢી બોખરી તારા ઘેરમાં આવે તે તારા વરને ભાવતું નહીં હોસે. પણ હું કાંઇ આવવા માંગુંછ? મારે કંઇ તારે ઘેર આવવું નથી પણ તેથી વંખી કાંય નહીં મને મળવા આવતી? બધાં જનેજન મને પૂછી પુછીને બેજાર કરેછ, મારેથી કંઈ ધસીને બોલાતું નથી ને જુઠું જુઠું બરાવવું પરેછ! તું તો મોટી દાદાજીને ઘેરની થઇને બેઠીછ! જરા ગરીબ માયને તો યાદ કરાયે! કોઇ દહારે કંઈ પાંચ પઈસા તો પછીયે! એવી એલપેટી ને દાધાખરી તું કેદારની થઇ ગેઇ! વરની શીખામણ પરમાણે ચાલતી હોશે, જા, જા, હારમાર થઇને મરશે" વગેરે વગેરે.

હિલ્લાં પોતાના કાગળોમાં હમેશાં જમશેદની ખુબ તારીફ કરતી, પોતાના વાડી બંગલા તથા ગાડી ઘોડા અને નોકર નફરો તથા પઈસા ટકાના બારાં ફુકતી, અને પોતાને એ રીતે ઘણીજ સુખી ચાતારવાની તજવીજ કરતી પણ તેથી તો ઉલટુંજ પરીણામ આવતું હતું. પોતાની દીકરી આટલી હદ સુધીની સુખચેનમાં રહી ગરીબડી માતાને ગરીબાઇમાંજ સબડવા દે, લોકોને નીચી ખતાડવામાંજ દહાડા પુરા કરવા દે તે વીચારથી તો તેવણના મનમાં સામું ઘણુંજ ઓછું આવતું હતું અને તેવણે આ છેલ્લાં કાગજમાં તે બાબેનો ખુબ બખાળો કહાડયો હતો.

હીલ્લાં એખલીજ હતી. તેણીએ હરખભેર તે કાગજ ઉઘાડયું પણ આખું વાંચીને તેણી દુખને મારે રડવા લાગી. બધી રીતનું સુખ ત્યારે આ સંતાપ! બે ગમની મરજી રાખતાં તે બીચારી ઘેરઇ ગઇ હતી. ધણી અને માતાએ બેમાંથી કોણની મરજી રાખવી તે માટે તેણી ગુંચવણમાં

પડી હતી. પઇસા ટકાની તો તેણી પાસે રેલછેલ હતી. જમશેદ તેણીને પોતાના અંગત ખરચ માટે એક ઘણીજ સારી રકમ દર મહીને આપતો હતો જે તેણીના સાદા ટેસ્ટને માટે જોઇએ તે કરતાં વધારે હતી. વળી તેણીના મોહડાંમાંથી બોલ પડતાંજ જોઇતી ખાજી દરેક ચીજો તુરત હાજર કરતો હતો પણ અફસોસ! પોતાની એ દોલતમાંથી પાંચ રૂપ્યાની નોટ પણ પોતાની માને મોકલવા, પોતાના ધણીથી છુપી રીતે મોકળવા, ભલી સાચી હીલ્લાંની હીમત ચાલતી ન હતી. તેણી મન ચાહે તેવી ભેટો તથા કપડાં પઇસા વગેરે પોતાની મા ઉપર મોકળવાને શકતીવાન હતી. પણ પોતાના ધણીની મરજી ઉપરાંત, તેને ઠગીને કાંઇબી કામ કરવા માટે હીલ્લાંનું દીલ સાફ ના પાડતું હતું.

"આહ! માયજી બીચારાં ખરી વાત શું જાણે? જાણતાં હોય તો આટલું સખ્ત મારીપર લખે નહીં! ઓ હવે શું કરૂં? જમશેદ, જમશેદ, બધી રીતે તમે મને આવું સુખ આપો ને મારાં માયનેજ કાંય હીણાછ? ઓ તેવણે તમારૂં શું બગારયું?"

હીલ્લાં, જમશેદની આવી સખતાઇ તથા નાકદર ચાલ માટે બહુજ દલગીર હતી. તે જમશેદ સાથ અવારનવાર તે બાબદ ઉગે મોહડે રેહતી અને પોતાની જનમ આપનારી માને આવું ઇનસલ્ટ કરવા માટે, તેણીને આવો બેરઇનસાફ થવા દેવા માટે જમશેદ સાથ મનમાં ખફા થતી હતી. તેની આવી એકલપેટાઇ જોઇ જમશેદ તરફનો અખંડ પ્યાર સેહેજ ઠંડો થઇ ગયો હતો. શાબાશ! હીલ્લાં! શાબાશ! માટે સાસરે પરણ્યાથા ઘણીક ચીબાવલી છોકરીઓને પોતાના

લગાર ગરીબ માબાપને નામની સુગ ભરાઈ જાય છે, તેવાં ગરીબ મા બાપને ત્યાં બે દહાડા થડાને રેહવાબી તેઓ માંગતી નથી તેમાંની છોકરી હીલ્લાં નહી હતી. તેણી પોતાની માને યાદ કરી ડુસ્કે ડુસ્કે રડવા લાગી. એવામાં જમશેદ આવી લાગ્યો અને હીલ્લાંને રડતી જોઈ માયાથી માથું પસવારી અજબ થઇ બોલ્યો.

"હીલ્લાં! શું છે? રરેછ કાંય?"

હીલ્લાંએ માનું કાગજ ગજવામાં છુપાવી દીધું અને આંસુ નુંછી નાંખી બોલી.

"માફ કરો, તમે કહારે આયા? મેં તમારાં પગલાં સમજયાં નહીં!" હીલ્લાં માથું ઉંચકી સેહેજ હસીને બોલી.

"પણ શું છે? મને નહી કેહ?"

"નહીરે કંઈ નહીં. હવરાં મારી તબીયત જરા ઠીક રેહતી નથીની તેથી જરા કોઈ વખ્ત એમ થાયછ! જો હવે હું તો હસુંછ!"

તબીયત ઠીક નથી કાંય રેહતી તેનું કારણ બચ્ચાંની માતાને સમજાવવાની જરૂર ન હશે. તેણી માતા થવાની ઉમેદવાર હતી એટલે તેને લીધેજ એમ બેચેન રેહતી હશે એમ સમજી જમશેદે તે બાહનું માન્યું. તેણે પ્યારથી હીલ્લાંને કીસ કરી તેણીના આંસુ નુછી નાખીને ઠંડી પાડી અને તેનાં આવાં વાહલથી હીલ્લાં બે ઘડી પોતાની મા માટેની મુઝવણો ભુલી ગઇ.

પ્રકરણ ૨૨—મું.

ચકમક!

પરણ્યા પછી છ મહીને જમશેદને પેહલવેહલું હીલ્લાંથી છુટું પડવુ પડયું. અમદાવાદ, નાગપોર, બીરાર તેમજ એવાં બીજાં ઠેકાણાંઓપર તેની પોતાની મીલો તથા કોટન પ્રેસો હતા. હજારો માણસો તેના હાથ તળે રોજી મેળવતાં હતાં. દરેક ઠેકાણે મોટા પગારના મેનેજરો રાખી તે પોતે અવારનવાર ફરતો રેહતો હતો. લગનને છ મહીના થયા પણ હજી તે પોતાની માતાને મલ્યો ન હતો એટલે તેવણુને તથા બેહેનોને મલી આવવા તેને મન કીધું. તેઓ બાહર ગામથી આવીને કલકતે હવે ઠડીઠામ થયાં હતાં અને જમશેદને તેડાવ્યા કરતાં હતાં. વધારે વખત તેઓને ઉડાવ્યા કરવામાં જમશેદ ડાહપણ જોયું નહીં. હીલ્લાંને તેની હાલની નાજુક હાલતમાં એખલી મુકી જવાનું જમશેદનું જરા મન થતુ નહતું પણ ઉપાય નહી હતો.

"ઓ! હું કેવું ઇચ્છુંછ કે હું તમારી સાથે આવી શકતે!" થોડા વખતને માટેબી જુદાં પડવાના વીચારથી હીલ્લાં દલગીર થઇને બોલી.

"હા, ડારલીંગ હુંબી તેમજ ઇચ્છુંછ, પણ તેમ બની શકતું નથી. જરા ધીરજ ધર, તેબી વખત આવશે." પોતાની ખુરશી પછવાડે ઉભેલી હીલ્લાંના બંધે હાથો પોતાના ગળાં આસપાસ વીંટાળી તે પ્યારથી બોલ્યો.

"તમે જશો તાહરે હું તદન એખલી શું કરશ? હું તો કોઇને ઓરખતી નથી."

"કાંય! પેસીના ડાકટર બેહેગામજીના વાઈફ ધનબાઈજી છે કેની? મને તે બાઇ ગમેછ ને તારી સાથ તેવણુને ઓરખાન પરછ તેથી હું ઘણો ખુશી છેઉં."

"હા, તેવણુ તો છે પણ—"

"પણ શું દીકરા? તેવણુ પાસેના પાસે છે તેથી મને ઘણી ધારજ છે. મારી ગેરહાજરીમાં કંઇબી કામ પરે તો તેવણુને બોલાવી મંગાવજે."

ડાકટર બેહેગામજી માદન અને તેમના ભલાં ધણીયાંણી ધનબાઈજી હીલ્લાંની પડોશમાંજ રેહતાં હતાં. હીલ્લાં તથા જમશેદને માટે પરવારતાં લોકો જે નીંદા ફેલાવતાં હતાં તે તેઓ મુદલ માનતાં નહી હતાં. હીલ્લાંને દુરથી જોઇને તેવણુ ઘણાંજ ખુશ થયાં હતાં અને એક દહાડે પોતેજ અચબુચ મલવા આવી ચહડીયાં. તેવણુની ઘણીજ માયાળુ વાતથી હીલ્લાં તથા જમશેદને હીમત આવી હતી અને થોડા દહાડામાં વળતી મુલાકાત આપી દોસ્તી ચાલુ રાખી હતી. તેવણુ ઉમરે પુગેલાં ચાર બચ્ચાંના માય હતાં, વળી ઘણાંજ નરમ સ્વભાવના અને માયળુ દીલનાં હતાં. હીલ્લાં ઉપર એક મા જેવો પ્યાર રાખતાં અને અવારનવાર તેણીને પોતાની સાથે ફરવા લઇ જતાં હતાં. હીલ્લાને તેની હાલની તબીયતમાં ખરેજ ઘણા મદદગાર થઇ પડયાં હતાં.

"તહમુને કેહતાં ભુલી ગઇ, જેમી કે, ડાકટર બેહેગામજીને તહાંથી પરમ દહારને સારૂં આપુને જમવાનું તેરૂં આયુંછ."

"જમવાનું તેરૂં! તાંહ આપુને કોણુ કોણુ મળશે?"

"તે હું કેમ જાણું? જવાબ લખવાનો છે. શું જવાબ લખું?"

"તું જવા માંગેછ? તારી જવાની ખુશી છે!"

"તમે કેહો તેમ."

"ઠીક આપરે જશું. તું હાનો જવાબ લખજે. મને એ ધનબાઇજી ગમેછ. મજાના ઘડી છે."

"તમે કલકતે કહારે જવા માંગોછ?" હીલ્લાંએ અચબુચ પુછયું."

"આંઠ દસ દહારામાં. આપરા લગનને છ મહીના થઈ ગીયા. ખોદા કેમ વખ્ત જાયછ! પણ હીલ્લાં તારી એ પન્નેલી લાઇફમાં તું સુખી છેની?"

"હા" હીલ્લાંએ ટુંકામાં જવાબ દીધો અને પછી એક લાંબો નીસાસો નાંખ્યો.

"કાંય, એમ નીસાસા કાંય નાંખેછ?" જમશેદ ચમ-કીને પુછયું.

"નહીં, નીસાસો શાનો? એતો અમથો મેં લાંબો દમ ખેંચયો. ચાલો મને આ ચીઠીનો જવાબ લખવા દેઓ. તમે હાનો જવાબ લખાવે છ તેથી હું ખુશી છેઉં. ધનબાઇજી મનેખી ઘણાં ગમેછ. એવણના વરખી મજાના છે."

"તે તો કોણ જાણે પણ હીલ્લુ આજે રાતે દીનશાહ જમવા આવવાનો છે હં!"

"અં! એમ કે? સારૂં!" હીલ્લાંએ લખતાં લખતાં ડોકું ઉંચકયા વગરજ જવાબ દીધો.

"તું એવી રીતે જવાબ દેછ કે જાણે દીનશાહ આવે તે તુંને પસંદ નહીં હોય તેમ! તે તો તુને ઘણુંજ વખા-ણેછ! તેને સાધારણ રીતે બઇરાંને નામે તાહરક છે પણ તારી ઉપર તો કુરબાન છે!"

"એ શું પેલાં કહારોછ જમશેદ!"

"ઘેલાં શાના? જોની તેવણ કાકા કલકતે જવાની વાત કરતા નથી ને કેવા દોર બાંધ્યા દર અઠવાડીએ અહીં આવેછ? તેણે તો મુંબઇમાં એક બંગલો ભારે રાખ્યો છે ન તારી ઉપર ખરે મનનો જીવ છે? હું તો ઘણીજ ખુશી છેઉં. કેટલું અજબ જેવું છે કે બીજાં બઇરાંઓના નામે મોહના મરડેછ ને તારૂં નામ સાંભરતાં એનેથી હસઇ હસઇ જવાયછ."

"હુ કોણ છેઉં, કોણની છોકરી છેઉં તે એવણ જાણેછ કે"

"નહીં. તે જાણવાનુ એને કંઇ કામબી નથી. તું મારી ધણીયાણી છે તેટલુંજ જાણવાનું એને ને બધાંને બસ છે. જો તું કોઈ દહાડો એની આગળ કંઇ બોલતી ના. મારી એવી ઇચ્છા છે."

"પણ એવણ મને પુછશે તો?"

"હીલ્લાં, મેં એક વખત તુને કહયુંની કે મારી મરજી છે કે તારા સંબંધમાં આગળની કંઇબી વાત તારે કોઇ આગળ કરવી નહીં."

હીલ્લાંના મનમાં જરા ઓછું આવ્યું. "કદાચ સુનાબાઇ બાટલીવાળા મારી મહેનત બચાવશે?" તેણીનો ચેહેરો ઉશકેરાઇને સેહેજ લાલ થયો હતો જે જમશેદના જોવામાં આવ્યો નહીં.

"એટલે? તે શું? સુનાબઇને વરી વચમાં કહાંથી લાવી? હીલ્લાં મને જવાબ દે!"

"આજે મારા સાંભળવામાં કંઈ આયુંછ તેપરથી કેહુંછ!" હીલ્લાં હજી લખતાં લખતાંજ બોલી.

"સાંભળવામાં આયુંછ? કોણથી સાંભળયું?"

"કાગજ પરથી"

"કાગજ? કાગજ કોણનું?"

"મારાં માયજીનું!"

બસ થઈ ચુકયું! જમશેદ ઠડાક કરતો ખુરશીપરથી ઉભો થયો. હીલ્લાંબી કાંઇ ઠડાવ મનમાં કરી ઉભી થઇ. એ બાબદ તડને ફડ બોલી આજે છેડો છોડવવાનો તેણીએ વીચાર કીધો હતો. ધીરજની હદ આવી રહી હતી. કોઇબી ચીજનો, કોઇબી વાતનો છેડો હોવોજ જોઇએ. હીલ્લાં કાંઇ એકદમ પોચી ન હતી. તેણી ઘણી સમજુ હતી અને દરેક વાતમાં પોતાના ધણીનો બોલ રાખી તેને માન આપવાની પોતાની ફરજ સમજતી હતી. પણ પોતાની માના સંબંધમાં જે ગેરઇનસાફ તેણીને થતો હતો તે માટે તેણીનું લોહી ઉકળયાજ કરતું હતું આજે તો હીંમતથી બોલવાનો તેણીએ વીચાર કીધો.

"એમ મારીપર ડોરા ના કહાડો જમશેદ, મારાં માયજીનું નામ સમજી એટલા ઉશકેરાઓ ના! શું હું તમારી ધણી-યાંણી થઇ તેથી તેવણની દીકરી દાખલનો મારો હક ગીઓ? હું તમુને ખરાં દીલથી ચાહુંછ, પણ શું તે નવા પ્યારમાં હું મારાં માયજી તરફનો જુનો પ્યાર ભુલી જાઉં? કદી નહીં!" હીલ્લાં પગ ઠોકીને બોલી. હીલ્લાંને આવી હીમતથી, આવી મજબુતાઇથી બોલતાં જમશેદે પહેલ વહેલીજ સાંભળી. પોતાની હમેશની શાંત, ગરીબ અને કહ્યાસરની ધણીઆણીને આજે નવાંજ રૂપમાં તેને જોઇ. તેણીમાંબી આટલો "સ્પીરીટ" હતો તે જમશેદે આજેજ જાણયું. આવી એક અણગમતી બાબદમાં પોતાની મરજી ઉપરાંત તેણીને માથું ઉંચકતાં જોઇ આજે તેનું મસ્તક

ફરી ગયું. તેણે પોતાનો કાબુ ખોહી દીધો. તે દાંતમાં કચ કચાવીને બોલ્યો.

"શું? હું આએ બધું શું સાંભરૂંછ? માયજી માયજીનું પીજન શું સાંભરૂંછ? શું તું મારી ઇચ્છા ઉપરાંત તેનીપર હજુ કાગજ લખેછ? શું તું મારા પ્યાર સાથે તે અનઘડ ડોસીનો પ્યાર સરખાવેછ. માઇ ગોડ! શું વાત એટલી બધી આગળ વધીછ?" તે ગુસ્સાથી લાલ લાલ થઇને બોલ્યો.

આણી ગમ હીલ્લાં જરાબી ડરી નહીં. તેણી આજે ખરૂં નઇ કરવાજ માંગતી હતી. જે મા સાથ વીસ વીસ વરસ કહાડેલા તે માતાને છ મહીનામાં એક વખત પણ મળાય નહીં, કાગજો લખાય નહીં તે બધો જુલમ તેણી વધુ વાર સાંખવા માંગતી ન હતી. પોતાની ગરીબડી માતાને વધુ "ઇનસલ્ટો" કરવા માંગતી ન હતી.

"હા, હું કાગજો લખુંછ! તમે મને મળવા નથી દેતા પણ કાગજો તો હું લખુંછ! તેમાં એટલું બધું નસકોરાં ચહડાવવા જેવું કંઇજ નથી!"

"હીલ્લા, મારૂં એક વખત સાંભરી લેઓ! તમારી પસંદગી કરો, તમારાં સુશીયાનાં માય અને હું એ બે વચે તમારી પસંદગી કરો!" તે પોતે માથાનો ફેરાવન હતો અને કોઇબી પોતાના હુકમ ઉપરાંત કામ કરે તે કદી શાંખી શકતો નહીં હતો. આજે હીલ્લાંએ તેને જે નવોજ રંગ દેખાડયો તે માટે તે બહુજ અજબ થયો અને મજબુત હાથે તેણીને દાબવા તે ઠઠડાવનારા સાદે બોલ્યો "બેમાંથી

એક વાત! જોઈએ તો મારાં વાહલાં ધણીઆણી દાખલ મારાજ પ્યારમાં અહીં રેહો, ને ગમે તો મને મુકી તમારાં માયજી આગળ જઈને રેહો! બે સાથે નહીં મળશે! મારી આગળ રહેવા માગતાં હોવ તો માયજીનો ખ્યાલ તમુને છોરવો પરશે!"

હીલ્લાએ તુરત જવાબ દીધો નહીં. તેણીની છાતી ઉઠલાતી હતી. તેણીના નાખનાં ફીફડાં ફડફડ ઉડતાં હતાં.

પ્રકરણ ૨૩—મું.

કોણ વધારે? માયજી કે ભરથાર?

બે માટી બઈરી અકેકને જોતાં ઉભાં રહયાં. ઘણોજ બારીક, સટોસટ તે મામલો હતો. હીલ્લાનો ખરેખર જમશેદ ઉપર પ્યાર હતો પણ આએ બાબદમાં આવી સખ્તાઈથી તેણી બહુજ નારાજ થઈ ગઈ હતી. ગમે તે ભોગેબી હવે તો જમશેદને જરા ચમકાવવા તે માંગતી હતી. તદન નરમ પડી જઈ જમશેદને ફાવતુ કરી આપવા તે માંગતી નહીં હતી. તે ટેબલ ઉપર હાથ ટેકવી મુગી ઉભી રહી. તેણીએ કાંઈ જવાબ નહીંજ આપ્યો એટલે જમશેદે તેણીને ઘભરાવા એક બીજોજ તોહ્લો લગાવ્યો.

"તું—તમે જાણોછ કે તમારાં એ માય પાસથી મેં તમુને વેચાતાં લીધાંછ? પઇસાની લાલચે કંઈબી "કંડીશન" વગર તેવણે તમુને આપેલાં છે?"

"વેચાતાં લીધાંછ? કંડીશન!" હીલ્લાનો કાંદો ખીલ્યો હતો. "તે શું?"

"તે શું? તે એમ કે લગન અગાઉ મેં એક ચોકસ રકમ એ ડોસીને આપીતી ને એવી "કંડીશન" કીધીતી કે હું જો તમારી સાથ પનનું તો ડોસાંને તમારી સાથ કંઇજ લાગેવરગે નહીં ને આપરા મારગમાંથી દુરજ રહે!"

હીલ્લાની આંખ્યો ગુસ્સાથી ચમક ચમક થતી હતી. તેણીની તે આંખ્યોમાં ધીક્કારની લાગણી ખુલ્લી દેખાતી હતી.

"ગરીબ બીચારાં મારાં માય! તમે તેની ભોલઇનો તાહરે લાભ લીધો! તેવણ બીચારાં અંગ્રેજી નહી સમજે ને તેવણ આગળ મોટા મોટા અંગ્રેજી બોલો બોલી તેવણને તમે ઠગ્યાં! તેવણને પૈસાની લાલચ બતાવી સરતોથી બાંધી લીધાં!"

"અલબત! પ્યારમાં બધી ઠગઇ ચાલે! મને તો તું જોઇતીતી, તારાં માય નહીં જોઇતાતાં! મેં તેવણને જે રકમ આપી તે લઇ તેવણ મારી સરતે કબુલ થયાં!"

"કબી હોયજ નહીં! તેવણ જરૂર તમારૂં બોલેલું સમજયાં નહી હોશે! તદન જુદોજ મીનીંગ ઉઠાવ્યો હોશે! પઇસાની લાલચે તેવણ કદીબી પોતાની દીકરીથી એમ સદા છુટાં પરવા માગેજ નહીં! મારાં માયજી ને હું બધાં ગરીબ હોઇશું પણ આબરૂદાર છઇયે! સમજ્યા! આહ! જમશેદ, જમશેદ! એક ગરીબ, અભણ બાઇને છેતરી આવી દગલબાજી તમે કરી શકોછ, પઇસાને જોરે તે બીચારીને આવી નીચ રીતે તમે ઠગી શકોછ તે જો હું પહેલાંથી જાણુતે તો તમારો પ્યાર કબુલ કરવા પહેલાં, તમારી સાથ પરણવા પહેલાં ચાર વખત વીચાર કરતે! એક ઝેરી નાગના ડંખથી બીહું તેમ બીહને પહેલાંથીજ હઠી જતે! મારા મરનાર બાપના સાગંદ ખાઇને કેહુંછ કે તમારો એવો ખવાસ

જાણતે તો હું કદી તમારી ધણીઆણી થવા હા કેહતે નહીં! ગરીબ લોકને હીણતાં, એક ધણીના તેવા પ્યાર કરતાં ખરી હેતવંતી માયાળુ માતાનોજ પ્યાર વધારે કીમતી ગણતે!"

"તું કોણ સાથ એવી તકોબરીથી વાત કરેછ તે સમજેછ કે?" જમશેદ એક છલાંગ મારી હીલ્લાની બાજુમાં ગયો અને તેણીની નાજુક કાંદી પોતાના રાઠોડી હાથમાં મજબુત પકડીને બહુજ ગુસ્સાથી બોલ્યો.

પણ હીલ્લા હઠી નહીં. તેણી કાંઇ એરજ ખીલી હતી. આ છોકરી પોતાની માને એટલા જોશથી ચાહતી હતી કે તેણીનો પ્યારજ આજે તેણીને હીમતવાન બનાવતો હતો. તે મગરૂરીથી નાખનાં ફીફડાં ફડકાવી બોલી "હા, હુ કોણ સાથ વાત કરૂંછ તે હું જાણુંછ! હું એક એવા માણસ સાથ વાત કરૂંછ કે જે માણસને મેં જીંદગીભર ચાહવા, માન આપવા અને તાબે થવાના કસમ લીધાછ! અને તેજ માણસ આજે મને ઠંડે પેટે કહેછ કે મારાં માયને ઠગી, જુઠું સમજાવી તેણે મને વેચાતી લીધીછ! તે માણસ સાથે હું વાત કરૂંછ! ઓ જમશેદ! તમારી સખત ચાલથી તમે પહેલા બે કસમ મારી પાસે તોડાવોછ! ફકત મારી મરજી ઉપરાંત તમુને તાબે થવા સીવાય બીજું મારી પાસ તમે મેળવી શકશો નહીં!"

"ઠીક છે, તે તાબેદારીજ તાહરે હું તમારી પાસ માંગુંછ, તે મેળવવાનો મારો હક છે. હવે પછી ધ્યાન રાખજો અને તમારી શોભણવી માયનું નામ આપરી વચ્ચે લેતાં ના!" તે ઘણીજ કરડાઇથી બોલ્યો. પોતાની પ્યારી હીલ્લા સાથ તેણીના આવા નાજુક વખતમાં આવી સખત રીતે ચાલતાં

ખરી રીતે તો તેનું જીગર અંદરખાનેથી જળતું હતું. પણ આજની હીલ્લાની રીતભાતથી અને બોલવા પરથી તેણે જોઇ લીધું કે તે ધારતો હતો તેટલી ગરીબ અને બોચ્યું હીલ્લા નહી હતી. વખત આવવે સામી થવાનું પાણી તેનામાં હતું. આએ વખત ઢીલી દોરી મુકી નાખતી કરે તો હીલ્લા વખત જવે પોતાની માને મળવા જવા માંગે યા તો મળવા ઘેરબી બોલાવે! એક વખત ડોસીનો પગ ઘેરમાં ઘલાયો તો તે કહાડવો મુશકેલ પડે એવી એવી બીહકો રાખી હાલ તે વધારે કરડો થતો હતો. "જયાં સુધી તમે મારાં ધણી-યાંણી દાખલ મારૂં નામ ધારણ કરોછ તાંહ સુધી આએ જીલુબાઇ સાથે કાગજપતર તમારે રાખવો નહીં એવો મારો હુકમ છે. મેં તમુને પહેલાંથીજ કહયુંતું તે યાદ હોશે કે હું એકજ બોલનો ઘણો જીદ્દી માણુસ છેઉં! મારા મોહનામાંથી બોલ નીકરે તે થવોજ જોઇએ! હવે જે તે વીચાર કરો! યાદ રાખજો કે તમે મારી સાથ પન્નેલાં છેઓ! યાદ રાખજો કે મારી તરફની ફરજો તમુને પહેલી બજાવવાની છે!"

અહીં જમશેદ થોભ્યો. હીલ્લાના જવાબને માટે રાહ જોતો બે મીનીટ મુગો રહયો. પણ હીલ્લા તો એક પુતલાંની માફક તેને ટીકતી ઉભીજ રહી. "આપરી પન્નેલી જીંદ-ગીમાં મને તીજું જોઇંતું નથી! આપરા પ્યારમાં એવાં બીજાં તીજાના ભાગ જોઇતા નથી. મેં જે સુખ ચેન, અને નચીંત જીંદગી તમુને આપીછ તે સારૂં મારો ઉપકાર માની, એવો એક નજીવો ભોગ આપવા તમારે તઇયાર રહેવું જોઇએ."

"સબર!" હીલ્લા એકદમ બોલી પડી "શું જનમ આપનારી પ્યારી માયને વીસારી મુકી, તેવણના પ્યારને ઠોકડે મારૂં એ શું તમે નજીવો ભોગ કહોછ? ઓ ખોદા! તેણી આસમાન ગમ હાથ ઉંચા કરી બોલી "આએ માટીદાઓ કેવી જાતના છે! કેવા સખ્ત દીલના છે કે આવી જાતના ભોગો પોતાની ધણીયાંણીઓ પાસે માંગેછ!"

"માટીદા તે માટીદાજ! તે લોકને સમજવાની શેખી તમે કરતાં ના! હું ફરીથી ભાર મુકીને કેહુંછ કે તમે પોતે, મેં આપેલા ઉંચા "પોઝીશન"ને બરાબર લાયક છેઓ પણ જીલુબાઇ જેવાં ડોસાં ડગરાંઓની હાજરી મારી હાલની જીંદગીમાં મને જોઇતી નથી. ફરીથી સાંભળો! બે ચીજ સાથે નહી બને, બે પ્યાર સાથે નહીંજ મળે. હું તમારી મુનસફી ઉપર મુકુંછ, જોઇએ તો મને છોરી ભલે તમારાં માય આગળ સદા જઇને રેહો, યા તો જો મારે તાંહ રેહવા માગતા હોવ, મારૂં નામ ચાલુ રાખવા માગતાં હોવ, તો માયનો ખ્યાલ છોરી દેઓ! હું ખોદાના કસમ ખાઇને કેહુંછ કે કોઇબી રીતે, હું તે બઇરી સાથનો તમારો સંબંધ ચાલુ રેહવા દેવશ નહીં!"

યા પરવર! હીલ્લા આ શું સાંભળતી હતી? સુનાબાઈ બાટલીવાળાજ ત્યારે અંતે ખરાં હતાં? છ મહીનાની વાત ઉપર કોલાબે જે સીક માણસે તેણી ઉપર વાહલ કીધું હતું તે આજ માણુસ હતો? હીલ્લા વીચારવા લાગી કે તેણી કાંઇ સ્વપનું તો નહી જોતી હતી? શું તેણીની સામે ઉભો રહી, લાલ પીળો થઇ જતો, હાથ ને પગ અફાળતો, ધાટકી સખુનો ઓચરતો આ માણુસ શું તેણીનો એક વખતનો પ્યારો જમશેદજ હતો? શું તેજ તેણીનો ધણી અને તેણીના બાળકનો પીતા હતો!

"નહીં, નહીં, ઓ નહીં!" હીલ્લાએ એકદમ ઉશકેરાઇને એક ચીસ પાડી "નહીં, ઓ પરવરદેગાર, મારૂં હવે પછી જનમનારૂં બચ્ચું જો આવીજ રીતે મને હીણી, મારો પીયાર ના કબુલ કરી મને દુઃખી કરવા આવવાનું હોય તો ઓ ખોદા! મને બચ્ચું જોઇતુંજ નથી! મારે માતા થવુંજ નથી! મારો પ્યાર તુચ્છકારી, મારી ઉપર દુઃખના ઝાડ તોડી પાડવા તે આવતું હોય તો તેવું નખાલસ, તેવું બેકદર, તેવું નીમકહરામ બચ્ચું મને આપતોજ ના! ઓ ખોદા! ઓ!"

આવી રીતે ખુબ ઉશકેરાઈ હીલ્લા કાનના બેહેર ફાટી જાય તેવી એક ચીસ પાડી જમીન ઉપર બેસુધ તુટી પડી! જમશેદે પુછેલા સવાલોના જવાબ આપીયા અગાઉ, મા અને ધણી વચ્ચે પસંદગી કરવા વીના તેણી એક લાકડાં માફક બેહોશ થઇને પડી.

"ઓ મારી ડારલીંગ! મેં તુને મારી નાખી! મેં તારૂં ખુન કીધું કે?" જમશેદ તેણીને આવી હાલતમાં જોઇ બહુજ ગભરાયો. ઘણો વાર સુધી હીલ્લા હોશીયાર થઈ નહી અને ડાકટરોની દોડાદોડી ચાલી.

* * * *

તેજ દહાડે રાતના દસ વાગ્યાનો વખત છે. જમશેદના બંગલામાં સરવે ચુપચાપ છે. સુવાના ઓરડામાં હીલ્લા બીછાણા ઉપર મોહત અને જીવત વચ્ચે ડોળા ખાતી પડેલી છે. તેણીએ પોતાના બચ્ચાંને દીધેલા કડુવા ફળી છે. પડવાના ધપકારા સાથે તેણીની નાજુક તબીયતને મોટું નુકશાન પુગવું છે અને તેણીનું વગર જનમેલું છ માસનું બાળક, આ ફાની દુન્યાની રોશની જોયા વગર, તેની લીલી સુકી ચાખ્યા વગર પોતાની માને ટાહડક આપ્યા વગરજ

આવ્યું ગયું છે! તેણીની જીંદગી મોટી ધાસ્તીમાં છે! ક્રસ્પીટાલની નરસ તેણીનાં માથાં આગળ ઉભી છે. મોટો ડાકટર અને પાસેના ડાકટર બેહરામજી નાડ ધરીને ઉભા છે. ડાકટરના ધણીઆણી ધનબાઇજી એક ખુણામાં ચુપચુપ ઉભાં છે! અને ડાકટરો મોંહ કુમળાવે છે તે જોઈ આંખ પાણી કરે છે! ત્યારે જમશેદ કયાં છે? તે પોતાના ઓરડામાં બીછાણા આગળ ગુટણ ઉપર પડયો છે! આ મગરૂર તુમાખી માણસને જબરો ફટકો પડયો છે! પોતાની તે મગરૂરી અને હેંકારીથી, પોતાની સખ્તાઇથી અને પોતાની જીદથી આજે તેણે પોતાનું ફુલ જેવું બાળક ખોયું છે અને સુન્ના જેવી મોહરદારને ખોઇ દેવાની ધાસ્તીમાં છે! આ દુઃખે તેને આજેજ બનાવ્યો છે! તે ફીકકા ફચ હોઠ સાથે, અને તસ તસ કરતી આંખ્યો સાથે ખુદાને યાદ કરતો ત્યાં ગુટણપર પડયો છે!

"ઓ ખોદા! મારી હીલ્લાને બચાવજે! ઓ! મારો ગુનાહ માફ કરજે! મને આજે સખ્ત સજા થઇ છે! મને માફ કર! મારી હીલ્લાને બચાવ! પરવરદેગાર! મારી હીલ્લા મને પાછી આપ!" તે બે હાથ જોડી ખોદાને યાદ કરે છે!

પોતાની ગોલાબ જેવી રાંક, નીરદોશ ધણીઆણીઓ ઉપર હદ બાહેરના સખ્ત થતા ધણીઓ, આ વાંચી ધડો લેજો! પોતાની સાચી હેતવંતી ધણીઆંણીઓને વગર કારણે સતાવતા ભરથારો આ વાંચી સુધરજો! પરવરદેગારે તમને માટીડા બનાવ્યા એટલે સ્ત્રી જાતી ઉપર જુલમ કરી ફાવી જતા કરૂર ખાવીંદો આ વાંચી તમારા ચાલ સુધારજો! કે જેથી ખોદા જમશેદના જેવો પસ્તાવો તમને નહી કરાવે, અને જમશેદના જેવું મનનું દુઃખ તમને નહી ખમવું પડે!

પ્રકરણ ૨૪—મું.

પાંચ વરસનો ગાળો.

છેલ્લા બનાવને પાંચ વરસ થઇ ગયાં છે. પોતાની જીવ સટોસટની માંદગીમાંથી હીલ્લા બચવા પામી હતી. બેહેરામજી ડાકટર, તેવણનાં ધણીઆણી, જમશેદ તથા આયા અમીનાની રાત દીવસની અથાગ મેહેનતને તેણીએ જસ આપ્યો અને કેટલાક દીવસની સખત ચીંતાતુર બીમારી પછી તેણી સાજી થઇ.

હજુ તેઓ વાંદરેજ રહેલાં હતાં. પાંચ વરસ વહી ગયાં પણ હજી જમશેદના કુટુંબમાં હીલ્લાનો પગપેસારો થયો નહી હતો. જમશેદને બહુજ ચાનક લાગી હતી અને હીલ્લા સાજી થયા પછી તેણીની માતાના સંબંધમાં જરા નરમ પડયો હતો. બનતાં સુધી તેઓ પોતાની વાતમાં જીજી ડોસાંનું નામ લેતાં ન હતાં.. હીલ્લા અવારનવાર કાગળો લખતી અને જમશેદ તે બાબદ નાખુશી કરી હતી. મા દીકરાંનો મેલાપ તો થયોજ ન હતો. "બુધવાર અને બેઠી માબાપને ન મેઠી" એ કહેવતની સચ્ચાઈ તેઓના સંબંધમાં જાણે ખરીજ પડી હતી અને જીજી ડોસાં અવારનવાર પોતાના કાગળોમાં તેની યાદ આપી બળાપો કરતાં હતાં. જમશેદના પોતાના કુટુંબ સાથ મળવાનો તેણીને મુદલ અભરખો ન હતો પણ પોતાની માને મળવા તો તેણીનો જીવ બહુજ તલપતો હતો. પણ જમશેદને કહેવા તેણીની હીમત ચાલતી ન હતી. તેણીની સખત માંદગી વખતે જમશેદે રાત દીવસની બડેખુટ મેહેનત કરી તેનો તેને બદલો મળયો. હીલ્લા સારી થઇ અને જમશેદને ઓળખી તેના ગળાં ઉપર પ્યારથી

હાથ નાંખી આગલી તેની સખ્ત ચાલ માટે માફ કરયું હતું, તે વખતે પોતાની માને બોલાવવા કહેવા હીલ્લાની જબાં ઉપર આવ્યું હતું. પણ નહી, તેણીની જબાં ઉપડી નહીં. જમશેદ પોતે જુઠાઇએબી જીલુડોસાંને જણાવવાની દરકાર નહી કીધી. એટલે હીલ્લા ચુપ થઈ ગઈ. એ રીતે પાંચ વરસમાં મળવા તો બન્યુંજ નહી પણ અવારનવાર કાગજો લખાતી હતી. જમશેદ આ પાંચ વરસમાં ત્રણ ચાર વખત પોતાની મા બેનોને મળી આવ્યો હતો તેમજ પોતાની મીલોના કામસર તેને વારંવાર બહારગામ જવું પડતું હતું. એ રીતે વરસના લગભગ ૬ મહીના હીલ્લા વાંદરાના પોતાના બંગલામાં એખલી પડતી હતી.

પોતાની માના ઠપકાનાં કાગજોના જવાબમાં તેણીએ ખુલ્લું લખ્યું હતું કે "માયજી, તમે બરાપો ના કરો, મારી હાલત જરા કઢંગી છે. મારા વરનો હુકમ મારે માથે ચહરાવવોજ જોઇયે. તેવણ ઘણા ભલા છે, મારી છેલ્લી સીકનેસમાં મારી કેવી ચાકરી કીધીછ! તે જો તમે જોતે તો આટલો ગુસ્સો નહીં કરતે! તાહરે હવે તેને ખાતર મારેબી તેવણના કહયા સર કરવું જોઇયે. તમે જરા ધીરજ ધરો. હું પટાવી સમજાવીને એવણને ઠેકાણે લાવશ! મારા પ્યારથી તેવણને જીતસ. તેટલાં હું દર મહીને તમારી ઉપર ચોકસ રકમ મોકલસ તે લેજો ને રાંધવા સાંધવાનાં પછારા મુકી દઇ જરા આશાએસ લેજો. મારો તમારી ઉપરનો પ્યાર અસલના જેવોજ છે, જરાબી કમતી થયો નથી તે ખાતરીથી માનજો, ને મારીપર વીશવાસ રાખજો. આજુબાજુનાઓ જો તમુને મારે વાસ્તે પુછીને ઘણો કંટાળો આપે તો હવે બેલાશક ખરી વાત કહેજો. સુનાબાઇ

આટલીવારા, દીનશાહ મેહેરહોમજીબી જાણેછ કે હું પન્નેલી છેઉં તાહરે તમે શું કરવા તે વાત નકામી છુપાવીને અકરાયા કરોછ? ઓ માયજી, બધું કરજો, પણ તમારી બોહસથી મને મારા ધણી સાથ વધારે અણબનાવ થાય ને અમારાં સુખમાં ખલલ પરે તેવું ના થવા દેતાં! મારે ખાતર તેવણને માફ કરજો!"

એ રીતે ડોસાંને જરા ઠંડાં પાડયાં હતાં. પાંચ વરસમાં હીલ્લામાં ફેરફાર થયો છે, તેણીની ખુબસુરતીમાં વધારો થયો છે, તેણી આજે એકલી પોતાના ઓરડામાં બેઠી છે. તેણીના દીલમાંનો ડરેસ જરા હાલહવાલ દીસે છે, તેનું કારણ દેખાઇતું છે, પોતાને જમશેદ તરફથી મળતા લવાજમમાંથી તેણી હવે દર મહીને પોતાની માને માટે મોટો ભાગ મોકળે છે. ડોસાંને એ રીતે મદદ મળવાથી તેવણ ખુશ થયાં અને ઓરડાઓ ભાડે આપવાનું માંડી વાળ્યું. પોતાની દીકરીની મુશકેલી તેવણ હવે સમજવા લાગ્યાં. જો કે દીકરીને મળવા અલબતાં ઘણુંજ ટવળતાં હતાં પણ તેણી સુખ ચેનમાં છે તેટલું જાણી મનને સંતોશ આપતાં હતાં. હીલ્લાએ આટલા વખતમાં પોતાના મીઠા સ્વભાવથી ઘણાનાં દીલ જીતી લીધાં હતાં. ડાકટરના ધનબાઇજી તથા દીનશાહ મેહરહોમજીની કંપની તેણીને મુખ્ય હતી. એ મુદતમાં એક બીજી બેટીનો જનમ હીલ્લાને ત્યાં થયો હતો. આ બુચી ચાર વરસની હતી. તે ખુબસુરત બચ્ચાં ઉપર જમશેદ પેલો પેસો હતો તેમજ દીનશાહનો પણ અત્યંત પ્યાર હતો. તે બચ્ચું દીનશાહને "કાકાજી"નાં માનભરયાં નામથી બોલાવતું હતું. દીનશાહની ખાસ ઇચ્છાથી આ બુચીનું નામ જર રાખવામાં આવ્યુ હતું.

જમશેદની ગેરહાજરીમાં હીલ્લાને આ રમકડું સારૂં મળ્યું હતું. તેણી સાથ રમવામાં તથા તેણીને સારી કેળવણી આપવામાં હીલ્લાનો ઘણો વખત પસાર થતો હતો. જીલુડોસાં આ નાનકડાં બેબીને જોવા તથા મલવા લાવવા વારંવાર લખ્યા કરતાં, અને બુચી પણ "મમછબી"ને ઘેર જવા ઉલટમાં આવી હતી. પણ બાવાજી "મમછબી"ને નામે એવા ઉછળતા હતા કે તે ખીચારીની હોંસ પુરી પડતીજ ન હતી. "બપઇજી"ને તો હીલ્લાએબી જોયાંજ ન હતાં, અને બપઇજીને પોતાને નાનકડી જરની હસ્તીની પણ ખબર ન હતી. જમશેદ આગળના કરતાં હવે વધારે વખત કલકતેથી ગેરહાજર રહેતો તેથી તેની મા બહુજ ફફડતી હતી. જમશેદની મા બેહનોને તેના લગનની કાંઈ અડછડતી વાત કાને આવી હતી. સુનાબાઇ બાટલીવારા ખુલ્લુ બોલવાની તો હીમત કરી શકયાં ન હતાં પણ અસેમસે બાનુબાઇ માસી આગળ વાત છેડી હતી. બાનુંબાઇ માસીથી હમાબાઈ દાદીશેઠના સાંભળવામાં આવ્યું હતું. જમશેદના માતા હમાબાઇએ તો તે વાત માનવા ધસીને ના પાડી હતી.

"જમશેદ પન્ને! ને તેબી આપુને જણાવ્યા વગર! કંઇ તું ઘેલી બેલી થઇછ બાનુ!" તેવણ ફછણીને બોલ્યાં "અરે મારા દીકરાને તો હું ધામધુમથી પન્નાવશ! આખાં ગામને જમવાનું ઇજન કરશ! એમ તે કેમ પણશે! રાન સુનઇતો મેટ છે!"

નાહની જરનો જનમ થયા પછી પોતાની માને પોતાના લગન બાબે લખીને, પોતાનાં બચ્ચાંને મેળવવા જમશેદનું ઘણું મન થયું, પોતાના બાપીકા ઘરમાં તે બચ્ચાંને જનું

આવતું કરવા, તે ધંધાર જેવા બંગલાને બચ્ચાંની વસ્તીથી વાજતું ગાજતું કરવાની જમશેદને ઘણી હોંશ હતી પણ "બપઇજી"નો મીજાજ બળેરે! એક રાંધી ખવાડનારીની ગરીબ છોકરી સાથ પોતાનો દીકરો પરણ્યો છે તે જાણી તેવણ કેમ અફડાતફડી કરે તેનો ખ્યાલ તે બરાબર કરી શકતો હતો એટલે તે હીમત હારી હજી મુગોજ બેઠો હતો. જરની મીજાજી ફુઇએો ગરીબડી ભાંજાઇને નામે કેવાં નસકોરાં ચહડાવે તે બરાબર જાણતો હતો અને તેથી અખાડા કરી જવામાંજ હાલ તો ડાહપણ વીચારતો હતો.

જરના જનમ વખતે પણ "માયજી" આગળ હાજર રહી શક્યાં નહી, એ હીલ્લાનો મોટો અફસોસ હતો. તે સુવાવડમાં પાસેના ડાકટરના ધણીઆણીએજ હીલ્લાના માની જગ્યા રાખી. તેટલા દહાડા તેવણ ત્યાંજ રહયાં અને હીલ્લાને પોતાની માની ગેરહાજરી થોડી ઘણીબી ભુલાવી. આ ધનબાઇજીને હીલ્લા ઉપર અતીશે પ્યાર હતો. તેવણ બીજે અને ત્રીજે હીલ્લાને મળવા આવતાં. હીલ્લા પોતાના ઓરડામાં એકલી બેઠી હતી. તેણીના હાથમાં એક કાગજ પકડેલું હતું જે વાંચી તેણી ગમગીન થઇ ગઇ હતી. એટલામાં બારણું ઉંઘાડી ધનબાઇજી દાખલ થયાં. હીલ્લાએ ચમકીને કાગજ ગજવામાં છુપાવી દીધું.

"કેમ દીકરા હીલ્લા, કંઇ ઘણા દહારા થયા દીસ્તી નથી? બેરામજીબી પુછીયા કરેછ" તેવણ ખુરસી ઉપર ગોઠવાઇને બોલ્યાં.

"હાજી, હવરાં જરા હું રોકાયલીજ રેહુંછ આજે રાતે મારા જમશેદ આવેછ"

"આં! પણ તેતું કંઇ તેથી ઘણી ખુશી જણાતી નથી!"

"હેં! એ શું બોલોછ?"

"હા, તું ના કહે તો શું થયું? આજે કંઇ ઘણી ઉદાશ દીસેછ! શું છે? કંઇ કારણ છે?"

"નહીરે! તેવું કંઇજ નહી ધનબાઇજી."

"પણ હું તો ખરૂં કેહુંછ હીલ્લુ કે તું ઉદાશ રહે તેમાં કંઇજ નવાઇ નથી. તારો વર તુને ઘણી એખ્લી નાખી ફરતો ફરેછ! એમ નહી થવું જોઇયે! જો, હું તો તારાં ભલાંમાંજ છેઉં! ને મને લાગેછ તે સાચ્ચું કેહી દેઉંછ! ગુસ્સો ના કરતી દીકરા!"

જમશેદને અવાર નવાર ફરજ્યાત જવું પડતું હતું. પોતાની મરજી ઉપરાંત હીલ્લાને મુકી માયજી આગળ જઇ રહેવાની તેને ફરજ પડતી હતી. કેમ જે નહીં તો તેવણ ગુસ્સો કરતાં હતાં. અલબતાં તે બધો અંદરખાનેનો મામલો ધનબાઇજી જાણતાં ન હતાં એટલે જમશેદની આવી બેદરકારી માટે નાખુશ થતાં હત

"કામ હોય તાહરે શું કરે? જવુંજ પરે?" હીલ્લા પોતાનો વરનો બચ્ચાવ કરવા બોલી.

"કામ? કામ હોય તો બઇરીનેબી કાંય નહી લઇ જાય? આવી દેખાવલી જુવાન બઇરીને એમ તદન એખ્લી નાખી જાય તે તો બા મને નથી ગમતું!"

હીલ્લાને ધનબાઇજી ઘણા ગમતાં હતાં પણ તેવણ જ્યારે આ બાબદમાં હીલ્લાને "લેક્ચર" આપતાં ત્યારે તેણી કંટાળતી હતી. તેથી હવડાં જ્યારે અરધો કલાક રહીને ધનબાઇજી ઘર જવા ઉઠયાં ત્યારે હીલ્લાએ છુટકારાનો દમ ખેંચ્યો.

પ્રકરણ ૨૫—મું.

દીનશાહની સલાહ.

ધનબાઇજી ગયા પછી હીલ્લા પાછી ઓરડાઇને બેઠી. તેણીનો જમશેદ કામસર અમદાવાદ ગયો હતો ત્યાંથી રાતે આવનાર હતો તેમજ દીનશાહ પણ જમવા આવનાર હતો. જમશેદ લગભગ મહીને દહાડે પાછો ફરનાર હતો તેથી તેને મળવાની ઉલટમાં તેની ધણીયાંણી ખુશાલ દીસ્તી ન હતી. હીલ્લા પડીને વમાસણ કરતી હતી તેવામાં નાહની જર ઓરડામાં નાચતી કુદતી દાખલ થઇ.

"માયથી, કાકાથી તાહરે આવતે?" તોતડી બોબડી જર બોલી.

"હમણા આવશે દીકર."

કાકાજીને તથા બાવાજીને મળવાની ઉલટમાં તેણી ખુશાળ હતી. દીનશાહની તે ઘણીજ માનીતી હતી. હંમેશનો સખત દીલનો દીનશાહ આ બચ્ચાંના પ્યારથી જુદીજ જાતનો માણસ બની ગયો હતો. તે તે બચ્ચાંને ખાંધ ઉપર લઇને કુદાવતો, તેને સારૂ પેપરમીટ અને ચાકલેટના દાબડાઓ લાવતો અને તરેહવાર રમકડાં અપાવતો હતો. દીનશાહનો સ્વભાવ જાતે સખત હતો નહી તે સામો ઘણોજ માયાળુ દીલનો હતો. બાહરથી રફ દેખાતાં શરીરમાં અંદર બહુજ નરમ હઇયું ઠડકતું હતું. થોડાં વરસની વાત ઉપર તેને પ્યારમાં મોટી નાસીપાસી મલી હતી. એકજ છોકરીને તેણે ખરાં દીલથી ચાહી હતી. તે છોકરીએ તેના પ્યારને સેવટે તુચ્છકારયો, અને બીજાજ ધણી સાથ પરણી ગઇ, ત્યારથી

દીનશાહને બઇરાંઓને નામે દુઃખ ભરાયું હતું. એકનું પાપ બધાંને નડયું હતું. એકે તેને દગો દીધો એટલે તે દુન્યાનાં બધાં બઇરાંઓ સાથ જાણે રૂસાઇ ગયો હતો. એક તેવી બેવફા નીકળી એટલે બધાંજ બઇરાંને તે સંકમાં તેણે મુકયાં હતાં. તે પોતાના વીચારો તેણે જમશેદના મન ઉપરથી ઠસાવ્યા હતા. પણ જ્યારે જમશેદ તેનેથી છુપી રીતે હીલ્લા સાથ પરણ્યો, જ્યારે દીનશાહે હીલ્લાને જોઇ, બરાબર ઓળખી ત્યારથી તેનુ દીલ જરા નરમ પડવા લાગ્યું હતું. હીલ્લાએ પહેલથીજ તેનું મન જીતી લીધું અને હીલ્લા તથા જમશેદનો સાચ્ચો દોસ્ત થઇ રેહવાનો તેણે ઠેડાવ કીધો. તે જે છોકરી સાથ અદરાયો હતો તેને થોડા મહીનાની "કોરટશીપ" પછી કોઇ બીજા સારા ખાનદાનના પણ લગાર ઉડાઉ છોકરા સાથ દોસ્તી પડી, અને દીનશાહને આપેલો કોલ તોડી તે જુવાન્યા સાથ પરણી ગઇ હતી. તેઓના લગ્ન સુખી નીવડયાં નહીં તે ધણી બહુ ઉડાઉ હતો, તેણે મોટું કરજ કીધું અને તેઓ બહુજ ગરીબ હાલતમાં આવી પડયાં. તે છોકરી પોતાના કુટુંબની મરજી ઉપરાંત આ ધણી સાથ પરણી હતી. વળી દીનશાહ જેવા સાથ આવી ચાલ ચલાવી તે માટે તેણીનું કુટુંબ બહુજ ખફા થયું અને તેણીને તદન ઓવારનીવાર કીધી હતી. ત્રણ વરસ હાલ હવાલીમાં કહાડયા પછી દીનશાહને તે બાઇ તરફથી ઘણીજ કાકલુદીનું એક કાગજ મલ્યું હતું જેમાં પોતાની કંગાળ જીંદગીની હકીકત લખી દીનશાહ પાસે માફ માંગી હતી. અને પોતા તરફથી પોતાના કુટુંબને સમજાવી મદદ કરવાની અરજ કીધી હતી. તેણીનો ધણી "સીકલી" થઇ ગયો હતો અને તેણીનું તથા એક બચ્ચાંનું

ગુજરાન કરવા તદનજ અશકત હતો. દીનશાહના પ્યારને હડકાતી કહાડવા માટે તેણીએ બહુ દલગીરી બતાવી હતી અને પોતાને મદદ કરવાની આજીજી કીધી હતી.

દીનશાહને આ કાગજ મલતાં તેની ઉપર કશીબી અસર થઇ નહીં. તે એટલો નાસીપાસ થયલો હતો કે તેણે તે કાગજના ટુકડા બુકલા કરી બાળી નાંખ્યું અને તેણીને પોતાની ભુલનો પસ્તાવો કરતી એમજ કંગાળ હાલતમાં સબડવા દીધી. થોડા મહીના પછી જયારે તેનો ઉશકેરાયલો જીવ ઠંડો પડયો અને આગલી મોહબતને ખાતર કાંઇબી કરવાનું મન કીધું ત્યારે તેણીના એડરેસ વગર કાંઇ કરી શકયો નહીં.

આ પોતાની બધી આગલી હકીકત દીનશાહે એક દીને હીલ્લાને કહી. હીલ્લાને પહેલાં આ દીનશાહ જરા ગમતો હતો નહીં. તેનો બહારનો દેખાવ કોઇનું દીલ જીતી લે તેવો હતો નહીં પણ ધીરે ધીરે તેની સાથ વધારે સમાગમમાં આવતાં હીલ્લા તેને બરાબર ઓળખવા શીખી. પોતાની નાની બુચી ઉપરનો તેનો હદ બહારનો પ્યાર જોઇ હીલ્લાનું મન પીગલ્યું. સુખે યા દુખે દીનશાહની મદદ તેઓને હતી. જમશેદની ગેરહાજરીમાંબી તે અવારનવાર વાંદરે આવી આ મા દીકરાંની ખબર રાખતો. હીલ્લાને માટે સારી સારી વાંચવાની ચોપડીઓ લાવતો અને તેણીનો વખત પસાર કરાવવામાં ઘણી મદદ કરતો હતો. જમશેદનો તેની ઉપર પુર વીશવાસ હતો અને દીનશાહ ખરેજ તે વીશવાસને લાયક માણસ હતો.

દીલ્લાના હાથમાંનું કાગળ જીજી ડોસાના પડોશી નાહશી બાઈ ડુબાશની છોકરી પીલુંનું હતું. છેલ્લા છેલ્લાં જીજી ડોસાંના પોતાની તરફના કાગળો બંધ થઈ ગયાં હતાં. તેવણુની તબીયત ઠીક ચાલતી ન હતી અને તેથી અવાર નવાર પાસેની પીરોજ પાસે કાગળ લખાવતાં હતાં. પહેલાં પહેલાં તો સેહેજ નાદરૂસ્ત તબીયતના સમાચાર આવતા હતા પણ છેલ્લાં આ કાગળમાં કાંઈ વધુ તબીયત બગડવાના સમાચાર પીરોજે લખ્યા હતા જે વાંચી તેણી આંખ પાણી કરતી બેઠી હતી. પોતાની વહાલી માની સીકનેસ વખતે તેવણુની સારવાર કરવા પોતે જઈ શકતી ન હતી તે વીચાર તેણીના મગજ ઉપર બહુજ દબાણ કરતો હતો અને કાંઈબી કરીને હવે તો દીનશાહને વાત કહી તેના તરફથી સલાહ લેવાનો તેણીએ વીચાર કીધો હતો.

બારણું ઠોકાયું અને દીનશાહજી હસ્તા હસ્તા દાખલ થયા. પોતાના આ સાચા ફ્રેન્ડને જોઈ દીલ્લા ખરેખર ખુશી થઈ. ફ્રેન્ડ! ગળા ઉપર હાથ નાખી સુન્નાની છરીએ તે ગળું કાપે તેવા ફ્રેન્ડ નહી! પણ કામ પડવે જીવ કહાડી આપનારો ફ્રેન્ડ! આહ! તેવા ફ્રેન્ડ આજે ડગલે ને પગલે મળતા નથીજ!

"મારી જર કહાં છે?" તેણુ આવતાંને વાર સવાલ નાંખ્યો. ગજવામાં એકું રમકડું અને ચાકલેટનો ડબ્બો તો તઈયાર હતોજ.

જર આવીને ગળે વળગી. થોડો વખત રમતગમતમાં ગાળ્યા પછી જયારે બે જણું પાછાં એખલાં પડયાં ત્યારે દીલ્લાએ ગજવામાંથી પીરોજનું કાગળ કહાડયું. તેણીના ચેહેરા ઉપર ઉદાશી તથા ચીંતા ખુલ્લી દખાતી હતી.

પોતાની માના સંબંધમાં કાંઇબી વાત દીનશાહ આગળ કરવાની જમશેદની મનાઇ હતી તે છતાં તે વાત દીનશાહને કેમ કહેવી તેના ગુચ્ચવાડામાં હીલ્લા હતી. દીનશાહે તે ગુંચવાડો જોયો અને પુછયું.

"શું છે હીલ્લા? કંઇ ઘણી ઉદાસ છે? એ કાગજ કોણનું છે?"

"મારાં માયજી સીક છે ને હું તેવણ આગળ જઇ શકતી નથી." હીલ્લા અચ્ચબુચ્ચ બોલી પડી.

"જઈ શકતી નથી? કાંય?"

"કાંય? તમે પુછોછ? આહ! દીનશાહ હું જાણુંછ કે જમશેદના હુકમ ઉપરાંત આએ વાત તમુને કહેવામાં હું ખોટું કરૂંછ પણ હું શું કરૂં! મારાં માયજી સીક છે, કદાચ મોહતના બીછાણાંપરબી હોય, ને હું તેવણની દીકરી તેવણ આગળ જઇ શકતી નથી. શું કરૂં? દીનશાહ, તમો મારી તરફથી જમશેદને નહી સમજાવો?'' હીલ્લા આંખમાં પાણી લાવી કરગરીને બોલી. તેણીને આવી રીતે ટવળતી જોતાં દીનશાહનું દીલ બહુજ દુખી થયું. "ઓ દીનશાહ એવણને સમજાવો. એવણને મારાં માયને નામે કોણ જાણે શું ભરકણ છે તે બસ તેવણનું નામબી મને લેવા દેતા નથી! અરે મારાં માયજી બીચારાં કેવાં મને મળવા લખ્યા કરેછ! તેવણ લખાવેછ કે આએ છેલ્લી સીકનેસથી તેવણ ઘણાંજ હાલહવાલ થઇ ગીયાંછ, બીછાણાંપરથી ઉઠીબી શકતાં નથી. મને ને મારાં બચ્ચાંને જોવાની ટગર કરીયા કરેછ એમ પીરોજ લખેછ. એક વખતબી આવીને મળી જવા ને મારાં બચ્ચાંને જોવા તેવણ કેવા કાલાવાલા કરેછ! અરે દીનશાહજી! તેવણની એ મરતી

વખતની ઇચ્છા હું પુરી પાડી શકતી નથી તેથી મારો જીવ બેતાબ મારી જાયછ! શું કરૂં?"

"શું તમારાં માય ધાસ્તીમાં છે?"

"હા, આએ છેલ્લા કાગજપરથી મને તેમ લાગેછ!"

"તાહરે તમે શું કરવા નહી જતાં? અલબતાં તમારે જવુંજ જોઇએ!"

"શું?" હીલ્લા અસંત અજાયબીથી બોલી "તમે મને એવી સલાહ આપોછ?"

"હા, નહી કાંય? જો જરૂર પરશે તો હું પોતે તુંને તાંહ લઇ જવશ!"

"તમે? અરે નહીં, નહી, તાહરે તો જરૂર જમશેદને તમારી સાથ બગાર થાય! તેમ તો હું નહીં થવા દેઉં!"

"જો જમશેદ તુંને દુઃખી કરશે તો તેમબી મને જમશેદ સાથે બગાર થશેજ!" દીનશાહ જુસ્સાથી બોલ્યો.

"ઓ દીનશાહ! તમે કેવા ભલા છેઓ! તમે કેવા મારા સાચા ફરેન્ડ છેઓ! અરે, અરે, મને કેહતાંબી શરમ લાગેછ કે જમશેદની આવી ચાલથી, મારી માય તરફના અણગમાથી મારો તેવણુ તરફનો પ્યાર ઠંડો થતો જાયછ! આજે તેવણુ રાતે અહીં આવવાના છે પણુ સાચું કેહુંછ કે મને જોઇએ તેવી ખુશાલી લાગતી નથી. હું કેવી દરેક બાબતમાં જમશેદની મરજી રાખુંછ, તેના દરેક સુખ દુઃખમાં ભાગ લેઉંછ, દરેક વાતમાં અમારા લોકના વીચાર સરખા છે, હું બધી રીતે સુખી છેઉં! મને કશી વાતની બીજી તુંભા નથી. ફકત ફકત આએ મારાં માયજીની વાતમાં હું બેહદ દુખી છેઉં! તે બાબદમાં અમો બે જણુા વચે મતફેર ચાલ્યાજ કરેછ. અત્યાર સુધી તો મેં એ જુલમ મુગે મોહને ખમ્યો,

પણ હવે તેવણુ સીક પરી ગીયાંછ તાહરે મારેથી એ જુદઈ નથી ખમાતી! શું કરૂં?" હીલ્ડા ડુસ્કે ડુસ્કે રડતાં બોલી.

"પણ હું કેહુંછની કે જુદઇ ના ખમો! જાઓ તમારાં માય આગળ જાઓ, એક દીકરી દાખલની તમારી ફરજ બજાવો! કોઇ વખત એવોબી આવે કે જહારે ફરજને ખાતર આપુને સાંમબે થવુંજ પરે!"

"નહીં, હું તેમ નહી કરવા માંગતી! સાંબે થવા નથી માંગતી! પોતાની ખુશીથીજ તે રજા આપે તેવું હું માગુંછ! તેના હુકમ ઉપરાંત તમારી સાથ આજે વાત કરવામાંજ મેં પહેલાં તો ગુનાહ કીધોછ. તેની સાંબે થવાની શીખામણ મને ના આપો!"

"તું સમજતી નથી હીલ્ડા! હું એમ કહેવા માંગુંછ કે તેના એકલપેટાપણાને ઉતેજન ના આપ! તે આજે બાબદમાં ઘણો એકલપેટો બનેછ! તું જેમ નરમ પરી જઇ તેનું કહયું કરશે તેમ તેમ તે વધારેજ જીદ્દી બનશે. તારી ફરજ બજાવ ને બીહ ના! કદાચ તું મને અજબ જાતનો માણુસ ધારશે! પણ તેણે, જહારે મારી બધી શીખામણો બાજુ મુકી માથું ઉંચકયું, મારી સલાહ ઉપરાંત પરણયો તાહરેજ મેં જાણ્યું કે તે ખરો ઉતો ને હું ખોટો ઉતો! તે તારી સાથ પણ્યો ને તાહરેજ મેં જોયું કે બઇરાં જાતના મારા વીચાર કેટલા ખોટા ઉતા! તેમ કોઇ કોઇ વખત જરા હુકમની ઉપરાંત કરવાથીબી ફાયદોજ થાયછ!"

હીલ્લાનું મન ડગમગ થવા લાગ્યું. આટલાં આટલાં વરસો સુધી પોતાના ધણીનો બોલ ઉપર રાખી તેને તાબે થઇને ચ્હાડવા પછી હવે તેની સામા થઇ, તેની મરજી ઉપરાંત, હોકમ ઉપરાંત કંઇબી કરવાની હીમત થતી નહતી. તેણી કાંઈબી જવાબ આપે તે અગાઉ બુચી જર ત્યાં દાખલ થઇ, તેણીના હાથમાં એક ટેલીગ્રામ પકડેલો હતો તે હીલ્લાને નામનો જમશેદ તરફથી હતો, જે તેણીએ નીચે પ્રમાણે વાંચ્યો.

"આજે આવી શકાતું નથી. માયજી સીક છે. કલકતે જવું પડેછ, પંદર દહાડા પછી આવશ. વધુ વીગત કાગજમાં."

પ્રકરણ ૨૬ મું.

દાદીશેઠને ત્યાંના.

મુંબઇથી કલકતે ટરેનમાં જતાં તો બે દહાડા થાય છે. પણ હું તમને આંખના પલકારામાં ત્યાં લઇ જઈ ઉભાં રાખીશ. જમશેદના મગરૂર મા હમાબાઈ દાદીશેઠ સાથ તમને ઓળખાણ કરાવીશ. તેવણ કલકતે પોતાના દીકરા જમશેદના બંગલામાં રહેતાં હતાં. આ 'દાદીશેઠ હોલ' કલકતાના 'ડેલહાઉઝી સ્કવેર' નામના બહુજ જાણીતા અને ફેશનએબલ લતા ઉપર આવેલો હતો. લગભગ ૧૫ એકરના વીસ્તારવાળી જગ્યા તથા બહુજ સુંદર બગીચામાં બાંધેલું આ મકાન ઘણુંજ રોણકદાર હતું. આ મીલકત બીજી બધી મીલકતો તથા દોલત સાથે જમશેદની માલેકી હતી, પણ હમાબાઇ જીવે જાગે ત્યાં સુધી ત્યાં રહે એવું જમશેદના બાપ પોતાના વીલમાં ફરમાવી ગયા હતા. બંગલાને બહુજ અચ્છા ટેસ્ટથી ટીપટાપ શણ-

ગારેલો હતો, અને માલીઓની નાની જેવી ફોજ રાખી બગીચાને પણ તેવોજ ટીપટાપ બનાવ્યો હતો. આ દાદી શેઠનું કુટુંબ કલકતામાં ઘણુંજ જાણીતું હતું. તેઓની ઓળખાણ બોહોળી હતી અને હમાબાઇ દાદીશેઠને, તેવણના દીકરાને, તેવણના સુંદર બંગલાને અને તેવણની મોટી દોલતને મળવા આવનારાંઓનો તોટોજ ન હતો. મોટી મોટી પરણવા લાયક કુંવારી દીકરીઓને લઇને તેમની માતાઓ મહીનામાં ઓછામાં ઓછા બે ત્રણ ફેરા દાદીશેઠ હોલમાં વીઝીટે આવતાં હતાં. હમાબાઈ દાદીશેઠ બડાં પક્કાં હતાં. તેવણ મનમાં સારી રીતે સમજતાં હતાં કે તે બધી ધરફડી પોતાની ઉપર નહી પણ તેવણના ખુબસુરત દીકરા જમશેદ ઉપર તથા તેની મોટી દોલત ઉપર હતી.

જમશેદની બેઉ બેનો મેહેરૂ તથા માણેક આ પાંચ વરસના અરસામાં પરણી ગઇ હતી. તેઓએ પોતાની માની મરજીનીજ પસંદગી કરી હતી. મેહેરૂનો વર સોરાબ મોટા શેઠ હતો તો ખાનદાની અને પઇસાવાળો પણ 'ઇડીયાટીક' હતો. ભેજાંમાં તો ભુસું હતું એટલે આખો દહાડો બાયલાની માફક ઘેરમાં અરડાયા કરી સાંજ પડતાં કલબોમાં જઇ દોસ્તદારો સાથ પાના, ચોપટ રમ્યા કરતો હતો. દેખાવમાંબી 'ઘાનાના ગાંસડા' જેવો અને બેવકુફ હતો; પણ સારાં નસીબે બાવા દમ બાંધીને આઇતા પઇસા મુકી ગયા હતા તેમાંથી ખાઇ પીને મજાહ ઉડાવતો હતો. મેહેરૂને ગરીબાઇને નામની સુગ હતી. મા તરફથીજ તેણીને તેવી કેળવણી મળી હતી. તેણી "આખે હાડકે"ની અભ્યાસી હતી. ચી-બાવલી અને ફેશનની શીશીયારીમાં મરી રહેલી હતી એટલે તેણીને આવો પૈસાવાળો વરજ જોઇતો હતો. માણેકનો વર

પેસી તાલુકદાર પણ હુમાબાઇ દાદીશેઠનીજ પસંદગીનો ખાનદાની અને પૈસાવાળો હતો. તે પોતે એક બારીસ્ટર હતો. લાંબા લાંબા જભ્ભા પહેરી કોરટમાં જઇ બાજઠો ભાંજયા કરતો અને જેવો કહે છે તેવો "ઇચમજી" હતો. મોટી મોટી મુછના આંકડા ચહડાવી, બઇરાંઓનાં મંડળો વચ્ચે બેસી ડફાંસો હાંકવામાં તથા કોહેલી રમુજો કરી તે બીચારાંઓને રીઝવવામાં તે જાણીતો હતો, જો કે મોટી-ડાઓના "સરકળમાં તો ધપ્પા ખાતાં ખાતાં બેજાર થતો હતો. આવા બે નમુનેદાર જમાઇઓ હુમાબાઇ દાદીશેઠ દીવો લઇને શોધી કહાડયા હતા. ધપ્પા ખાઓ કે ઝાડુ ખાઓ પણ તે જમાઇઓ પોતાની દીકરીઓને ગાડી ઘોડે મોટાં ફેશનએબલ લોકમાં ફેરવી શકતા હતા તેટલુંજ હુમાબાઇને મનથી બસ હતું. શીયાના શીખેલા અને ખભાંને જોરે કમાઇ ખાતા પણ ગરીબડા જમાઇઓને નામની તેવણને સુગ હતી. દીકરીઓને તો ઠેકાણે પાડી હતી એટલે પોતાની આગળ કોઇ તેવાંજ મોટાં કુટુંબની "કુન્યા વરણુની" વહુ લાવવાની ગણુત્રીમાં તેવણ હતાં. છેલ્લાં છેલ્લાં જમશેદનો તાંટયો કલકતામાં ઠરતોજ ન હતો. તે વરસના કેટલા કેટલા મહીના બહારનો બહાર ફરતો અને તેનું કારણ તેવણ સમજી શકતાં ન હતાં. તેવણ તેને તેડાવ તેડાવ કરતાં પણ જાત જાતનાં બહાનાંઓ કહાડી જમશેદ ઉડાવતો હતો.

જમશેદના મમાવા ખાનબહાદુર મનચેરજી બનાજીની પાંચ બેટીઓ બધી ઘણીજ ખુબસુરત હતી, અને તેથી સારેજ ઠેકાણે ઉંચકાઇ ગઇ હતી. તેમાં વડી બેટી હુમાબાઇ સઉમાં વધારે ખુબસુરત, સઉમાં વધારે મગરૂર અને ટેક વાળી હતી. પોતાના બાપના સરવ ગુણો તેણીનામાં ઉતરયા

હતા. તેણી કલકતામાં સઉથી જાણીતા અને મોટે ખાંચરેનાં કુટુંબો સાથ ફક્ત મેળાવતી. બીજાં પોતાથી ઉતરતાં ઘેરના બઇરાંઓને જોઇને ટીચકાં ચહડાવતી. તેણી પોતાની મગરૂરી અને એકલપેટાપણા માટે આખા કલકતામાં જાણીતી હતી. સાત વરસની ઘણીજ સુખી પરણેલી જીંદગી ગુજારયા પછી તેવણના વર બમનજી દાદીશેઠ પોતા પાછળ મોટી દોલત મુકી ગુજરી ગયા. હમાબાઇને પોતાની બેહનો ઉપર ઘણો પ્યાર હતો. તેઓને અવારનવાર પોતાને ત્યાં રાખી મોટાં મોટાં લોક સાથ મેળાવાની તક આપતાં હતાં. તેઓનાં મા તો ગુજરી ગયાં હતાં એટલે પોતાની નાહની કુંવારી બેહેનોને સારે ઠેકાણે ગોઠવવાની તેવણને ઘણી ઉલટ હતી. બીજી છોકરી બાનુબાઇ પણ થોડા વખતમાં બેજનજી તાલેવંત નામના એક ઘણાજ પઇસાવાળા અને કલકતાના જાણીતા શેઠયા સાથ પરણી ગઇ, ત્રીજી અને ચોથી છોકરીઓ, જેઓ સાથ આપણને કામ નથી, તેઓ પણ પરણી ગઇ. છેલ્લી અને સઉથી નાહની બેહેન જર કુંવારી રહી હતી. આ બેહેન ઉપર હમાબાઇને અતીશે પ્યાર હતો. જમશેદના મમાવા મીજાજના દાધાબળયા હતા એટલે આ નાહની દીકરી જર અવારનવાર પોતાનાં વડાં બેહેન હમાબાઇને ત્યાં રહેતી હતી. તેણી તે વખતે ફક્ત ૧૭ વરસની હતી. દેખાવમાં રમકડાં જેવી પણ જરા નાદાન હતી. દીનશાહ મેહરહોમજી પણ હમાબાઈને ત્યાં આવજાવ કરતા હતા તે દરમ્યાન તેવણ જર ઉપર પ્યારમાં પડયા અને હમાબાઇની રજાથી તેઓ અદરાયાં. દીનશાહની મરજી જલદી લગણ કરી નાખવાની હતી, પણ જરે આ વાત કાંઇ ધ્યાનપર લીધી નહીં. પરણેલી જીંદગીમાં એકદમ ગોઠવાઇ જવાન

કરતાં "કોરટશીપ"નો વખત તેણીને વધુ મીઠો લાગ્યો અને પોતાની ધણી ન્હાહની ઉમરનું બાહનું કહાડી દીલ નાખ્યા કીધી અને તે બાબદમાં આ બે જણ વચ્ચે સેહેજ કચરો પડયો. દીનશાહે થોભરો ચહડાવ્યો પણ રમતયાળ જરે કાંઇ દરકાર કીધી નહીં, વળી અધુરામાં પુરૂં તેજ વખતે જરની બીજી એક બેહેન જે મુંબઇ પરણેલી હતી તેને જરને પોતાને ત્યાં થોડા દહાડા બોલાવી. જર ગઇ અને ત્યાં ભાગચોઘડયે અરદેશર મુલ્લાંફીરોઝ નામના જુવાન્યા થ ઓળખાણ પડી તે બહુજ દેખાવલો હતો, અને જુવાન જરનું દીલ તેની ઉપર ખેંચાયું. આ અદી અલબતાં સારાં કુટુંબનો હતો પણ પઇસા સંબંધી હાલત ગરીબ હતી. તે પોતે એક લેખક હતો. ન્યુસપેપરોમાં, ચોપાન્યાંઓમાં લખાણો કરી તથા પુસ્તકો લખી પોતાનો ગુજારો કરતો હતો. વળી તેનો હાથબી લગાર છુટો હતો. જેટલું કમાય તે ખાઇ પીને ઉડાવતો હતો. જરે આ બધી વીગત કલકતે હમાબાઇને લખી, આ ધણી સાથ પરણવાની પોતાની ખુશી બતાવી અને દીનશાહ ઉપર લખી પોતાના પ્રામીસમાંથી છુટી થવાની અરજ કીધી. દીનશાહ તો ફફડેલોજ હતો એટલે તેણે તો તુરત છેડો છોડવી નાખ્યો પણ હમાબાઇએ, તે લગન માટે પોતાની રજા આપવા સાફ ના પાડી એટલુંજ નહી પણ બહુજ ગુસ્સે થઇ જરને એકદમ કલકતે પાછી મોકલી દેવા પોતાની બેહેન ઉપર લખ્યું. બીજી બેહેનો પૈસાની રેલછેલમાં ગાડી ઘોડે ફરે અને પોતાની સહુથી લાડકી બેહેન આવા ગરીબ માણુસ સાથ પરણી "હાથ ચાટી પેટ ભરવા"ની હાલતમાં રહે તે હમાબાઇને મુદલ ગળે ઉતરયું નહીં. મુલ્લાંફીરોઝના ખાનદાન માટે તેવણુને

કથો વાંધો હતો નહીં પણ તે માણસ પાસ પુરતા પૈસા ન હતા અને એક સાથ અદરાઈ, તેને પડતો મુકી બીજાનો ખ્યાલ કરે તે ખચ્ચીતજ નાપસંદ કરવાજોગ હતું, એટલે હમાબાઈ પોતે, બાનુબાઈ, જરના બાપ મનચેરજી શેઠ સરવ બહુજ જર ઉપર ખફા થયાં. જર આથી અકળાઈ ગઈ. કલકતે જઈ આ બધાંના તાણા ટપલામાં રહેવા કરતાં એક દીવસ આ બંધે નાદાનો મુંબઇમાંજ છુપાછુપ પરણી ગયાં.

હમાબાઈએ જયારે આ વાત જાણી ત્યારના તેવણના ગુસ્સાનું વરણન કરવું મુશકેલ છે. આવા પ્યારમાં અને લાડમાં ઉછારેલી તેવણની માનીતી બેહેને જયારે આવું કામ કીધું તેથી તેવણુની મગરૂરીને એવો તો સખ્ત ફટકો પડયો કે તેવણે તે બેહેનને સદંતર ઓવારનીવાર કરી નાંખી અને તેણીનું નામ પણ મોંહપર નહી લેવાના સોગંદ લીધા!

જર ઉતાવળે પરણી ધીરેથી પસ્તાઈ! તેઓ બે ત્રણ વરસ પોતાના ગરીબ સંસારે સુખી રહયાં. પહેલી મોહબતનો ઝટકો નરમ પડયા પછી ધીરે ધીરે પોતે લીધેલાં પગલાં માટે જર પસ્તાવા લાગી. માલેતોજાર બાપ બેહેનને ત્યાં અત્યંત લાડમાં અને અમનચમનમાં ઉછરેલી આ છોકરીને પોતાનો ગરીબડો સંસાર પછી કરડવા આવ્યો. અદીની તબીયત કાંઇ મજબુત હતી નહીં. તે પોતાનું અને બાળક બઇરીનું ગુજરાન કરવા અશકત થઇ પડયો, વળી રાંધવા સીધવા અને બીજું ઘરનું લડોરૂં કરતાં જરની પોતાની તબીયતબી લથડી પડી. જરના ભેજાંમાંબી ખાનદાની ઘુંઇ કાંઈ ઓછી નહી હતી. પોતાના કુટુંબ પાસે હાથ ઓળવા જવા કરતાં તેણે કંગાલ્યતમાં દહાડા પસાર કરવાનું પસંદ કીધું. અંતે જયારે "અણી ઉપર ધીક" આવી, અદી તદન

માંદગીને બીછાણે આડી પડયો ત્યારેજ આ છોકરીએ મદદ માટે હમાબાઇને લખ્યું. અલબતાં હમાબાઇ એટલાં ગુસ્સે થયાં હતાં કે તેવણે તે કાગજનો જવાબ વાળ્યા વગર કચરાની ટોપલીમાં નાખ્યું. જરે ઘણો વખત જવાબની રાહ જોઇ બીજું એક કાગજ બહુજ કાકલુદીનું દીનશાહ ઉપર લખ્યું. જે તેનેબી જવાબ લખ્યા વગર ફાડી નાખ્યું તે આપણે જાણીએ છીએ. એ રીતે જયારે પોતાની અપીલનો કશો જવાબ મળ્યો નહીં ત્યારે જરે વધુ લખવાનું માંડી વાળ્યું. ત્યાર પછી તેણીનું શું થયું, તેણી કયાં હતી તે વીશે તેણીના કુટુંબને કશી ખબર પડી હતી નહીં. તેણીની હસ્તીજ જાણે તેઓને મનથી નાબુદ થઇ ગઇ હતી.

દાદીશેઠ કુટુંબની આટલી ઓળખ આપી આપણે હમાબાઇ દાદીશેઠ તરફ પાછાં ફરીએ.

પ્રકરણ ૨૭ મું.

"તું કહારે પન્નેછ?"

સાંજના છ વાગ્યાનો વખત હતો. "દાદીશેઠ હોલ"ના પોતાના ખાસ રૂમમાં હમાબાઇ દાદીશેઠ પોતાના દીકરાની રાહ જોતાં બેઠાં હતાં. જયારે ઘણાંબી કાગજો લખવા છતાં જમશેદ કલકતે લાંબો વખત નહીંજ આવ્યો ત્યારે હમાબાઇએ તેને તાર કરીને તેડાવી મંગાવ્યો. છેલ્લો તે અમદાવાદ પોતાના કામસર ગયો હતો તે હમાબાઇ જાણતાં હતાં અને પોતાની તબીયત વધારે નાદરૂસ્ત થઇ જવાનો તાર તેની ઉપર તેવણે કરાવ્યો હતો. પોતાની મા અવારનવાર રૂમેટીકથી પીડાતી હતી તે જમશેદ જાણતો હતો; પણ આ

વાર વધુ સીક થવાનો તાર મળતાં તે ઘણીજ આનાકાનીએ કલકતે આવવા નીકળ્યો હતો. ઘણુ દીવસે તે પોતાની દીલ્લાને જઇને મલવાની ઉલટમાં હતો પણ માયજી તરફથી આવો તાર મળતાં મુંબઇ જવાનું મોકુફ કરી તેવી મતલબનો સંદેશો દીલ્લા ઉપર રવાના કીધો હતો, જે આપણે વાંચી ગયા છીએ.

જમશેદ સાંજે સાડાછ વાગે આવી પુગનાર હતો અને તેને મળવાની ઇંતેજારીમાં તેની મા બેઠી હતી. હમાબાઈ આશરે પંચાવન વરસના હશે; પણ સુખ ચેનમાં જીંદગી પસાર કરતાં હોવાથી પોતાની ઉમર કરતાં ઘણાં જુવાન દીસ્તાં હતાં. તેવણુ બહુજ શોભધતાં, ગોરાં ગોરાં અને પેંડા જેવાં હતાં. બાલ હજીબી કાળા ભમર સરખા હતા. દીલમાં કાળી બોડી સાડી, સફેદ પાજનું બદીયાન તથા પગમાં કાળાં રેશમી મોજાં અને કાળી મખમલની સપાટ સાથનો તેવણુનો ડરેસ સાદો અને સ્વચ્છ હતો. તેવણુબી પોતાના દીકરાનાં જેવાંજ જીદ્દી તથા મક્કમ મનનાં દેખાતાં હતાં. આખ્ખાં કુટુંબમાં હમાબાઇનુ ચલણુ વધારે હતું અને એવાં તો મગરૂર તથા ટેકવાળાં હતાં કે પોતાના દરજ્જાથી જરાબી વાકું ટીકું થાય તો તે તેવણુ ખમી શકતાં ન હતાં. પોતાના દીકરા જમશેદના લગન થવાની વાતના સંસારા તેવણુના કાન ઉપર પડીયા હતા, પણ તે તેવણુને એટલા તો બેહુંદા અને ન બને તેવા લાગ્યા હતા કે તુચ્છકારથી તે બીના તેવણે હસીજ કહાડી હતી. તેવણુનો લાડકો, શોભધતો દીકરો પરણુ ને તે હમાબાઇજ નહીં જાણુ? તે વાત માનવા તેવણુ ના પાડતાં હતાં અને જમશેદ આવે ત્યારે તેને થોડો વખ્ખત રોકી રાખી કોઈ સારી બઇરી

સાથ પરણાવી દેવાનીજ ગણત્રીમાં હાલ તેવણ બેઠાં હતાં તેવણની બેહેનની દીકરી દીનુને પોતાની વહુ બનાવવાની તેવણની ખરેખરી ઇચ્છા હતી; પણ જમશેદે તે વાત કાંઇ ધ્યાન ઉપર લીધી નહી હતી અને દીનું થાકી થાકીને બીજી ગમ પરણી ગઇ હતી. દીનું પરણી ગઇ, પણ બીજી બે ત્રણ છોકરીઓ પઇસાવાળી, ખુબસુરત તથા ખાનદાની તેવણના ધ્યાનમાં હતી; પણ તે પહેલાં આ લગન થવાનો ગપાટો શું હતો તેબી જમશેદને પુછી પોતાના મનની ખાત્રી કરવા માગતાં હતાં. જમશેદ કલકતે આવે ત્યારે તેને મળવા તથા તેનો વખત સોહોવાડવા થોડાંક પરોણાઓને હમાબાઇએ નોતરયાં હતાં. જમશેદના માસી બાનુંબાઇ, માસ બેજનજી, માસીની દીકરી દીનું તથા તેનો વર અને સાથે સુનાબાઇ બાટલીવાળા થોડા દહાડામાં દાદીશેઠ હોલમાં રહેવા આવનાર હતાં. જમશેદની બેઉ બેહેનો પણ તેઓના ધણીઓ સાથે આવનાર હતી. સુનાબાઇ બાટલીવાળાંને સાથે લઇ આવવા હમાબાઇએ પોતાનાં બેહનને ખાસ લખ્યું હતું. તેનું કારણ હતું, જમશેદના લગન થવા બાબેનો સંસારો આ સુનાબાઇથીજ પહેલવહેલો દાદીશેઠવાળાને કાને પડયો હતો, અને તેથી જમશેદ તથા સુનાબાઇને સાથે મોહડે મોહડું મળવી ખરૂં નરૂં જાણવાની તેવણે આ યુકતી રચી હતી. જો તે વાતમાં કાંઇબી સચ્ચાઇ હોય, તો સુનાબાઇને જોતાંજ જમશેદ ફુગલાઇ જાય, ગભરાઇ જાય, અથવા તો બીજી હજાર રીતે તેઓના ચેનચાળા ઉપરથી ખરી વાત જણાય એવી ગણત્રી કરીનેજ તેવણે સુનાબાઇને ખાસ ઇજન કીધું હતું. તેઓ બધાં આંઠ દહાડા પછી આવનાર હતાં, તેટલાં પોતાના દીકરાને પેટ ભરીને મળી વાત કરવાની ઇંતેજારીમાં તેવણ હતાં.

મોટી ટપર જેવી લાઇટોથી ઝળકી રહેલા ઓરડામાં એક સોફા ઉપર હુમાબાઇ અઢેલીને બેઠાં હતાં. જગેજગ રૂપાંના તેમજ કીમતી ચીનાઇ જાપાનીઝ વાઝોમાં સુંદર ફુલો ભરી મુકયાં હતાં. આખો ઓરડો બીજાં તેવાંજ કીમતી ફરનીચરથી શણગારેલો હતો. આ ઓરડો હુમાબાઇનો ખાસ વપરાશનો હતો. ઘરના કામકાજથી પરવારી તેવણ ફરસુદનો વખત આ ઓરડામાં પસાર કરતાં હતાં. એક ખુણામાં હુમાબાઇ બેઠાં હતાં તેની બરાબર પછવાડે એક કાળી અસલી નકસીની સીસમની કબટ મુકેલી હતી, જે હુમાબાઇની ઘણી માનીતી હતી. તેના ઉપરના નાહનાં નાહનાં ખાણાંઓમાં તેવણે પોતાનાં કુટુંબને લગતી આગલી યાદગારીની નાહની નાહની ચીજો સાચવી રાખી હતી.

"બાઇ, જમશેદજી આવી પુગાછ હું!" હુમાબાઇને ઘેરનાં કારભારણ કુંવરબાઇએ બરાબર સાડા છ વાગે આવી બાઇને વધાઇ આપી. આ કુંવરબાઇ ડોસાં ઘણાં વરસનાં જુનાં હુમાબાઇની નોકરીમાં હતાં. "વારૂ જાઓ, તેવણને અહીં મોકલો ને તમે તેના ઓરડામાં બધું બરાબર કરાવો."

થોડે વારે જમશેદ ત્યાં દાખલ થયો. માયજીએ તેને તાર કરીને ધસડાવી મંગાવ્યો હતો તેથી જેવો જોઇયે તેવો ખુશાળ તો તે હતોજ નહીં; તોબી પોતાની માને તે પ્યારથી ભેટયો. "આયો કે દીકરા" હુમાબાઇ તેને કોટી કરીને બોલ્યાં, "મારી તબીયત જરા ઠીક નહી ઉતી, પણ હવે તું આયોછ એટલે ઘોરા જેવી થઇ જવશ.

જમશેદે જોયું કે માયજી જેવાં જોઇએ તેવાં ટટણખાર અને લાલ તુટી જેવાં હતાં, માંદગીની નીશાણી, જરા પણ તેવણનાં મોંહ ઉપર દેખાતી ન હતી. પોતાની હીલ્લા તથા

નાહની દીકરી જરને જલદીથીજ જઇ મળવાનું બનશે તેના ખ્યાલથી તે ખુશી થઇ બોલ્યો.

"ઓલ રાઇટ! માયજી, હવે જલદીથી સારાં થઇ જાઓ! હવરાં ઘેરમાં કોઈ પહરાણાની ધમાલ નથી તો ઠીક છે."

"નહીં, મેં હાથે કરીને હવરાં કોઇને બોલાવ્યાં નથી કારણ કે મારે તારી સાથે ઘણી વાત કરવાની છે. તારા ઓરડામાં જઈ ફરાગાત થઇને આવ, પછી આપરે વાત કરીએ. જોઉં ઉભો થાની, ઘણે વખતે જોઉંછ તે કંઇ ફેરફાર થયો છે કે?"

"ઓ માયજી, મારી તબીયત તો હવરાં ઘણી સરસ ચાલેછ" આટલું બોલી જમશેદ હસીને ઉભો થયો. "ઓ મરૂંરે! મારો દીકરો તો કોઇબી માયનું હઇયું હરખાવે તેવો છે!"

"ઠેંકયુ માયજી! ચાલો હું જરા મારા ઓરડામાં જઇ આવું!"

જમશેદ ગીયા પછી હુમાબાઇનું જીગર મગરૂરીથી છલછલ થઇ રહયુ "આહ મારો કેવો ઘેર શોભીત દીકરો છે! હરવાઈ રાન દીનુ, જરા થોભી હોતે તો મારી વહુ કરતે! ચાલ કંઇ નહીં. હવે પણ એને હું એમ પાછો જવા દેવાની નથી."

જમશેદ કપડાં બદલીને પાછો આવ્યો અને ઠરીને બેસવાને બદલે ઓરડામાં મુકેલા સામનની "સરવે" કરવા માંડી. મુકેલું મેલલું ચુંઠ ચબડ કરવાની ખાનાં કબટો ઉંઘાડી તેમાં શું છે તે જોવાની અને સઘળું "બોરપોર" કરવાની તેની બચપણનીજ આદત હતી. તેની બહેનો પોતાની કબટો રમકડાંની માફક ગોઠવતી અને તેઓનો આ ભાઈ તે ઉઘાડી રહી ગઇ હોય તો સરવે ચુંઠી ચબડા, વાકું ટીકું કરી નાંખી તેઓને બુમ પડાવતો હતો. અલબતાં તે સરવે રમુજમાં હતું. કોઇથી કાંઇ કેઠે મુકાઇ ગયું હોય

કાંઇ ચીજ મળવી ન હોય ત્યારે જમશેદની આ ચવીત્રી આદત બહુજ કામ લાગતી હતી. ખાનાં કબટો ખોલવાની તેની ટેવથી ઘણીક વખત લાંબા વખતની ખોવાઇ ગયલી ચીજો મળી આવતી હતી. આજે જયારે સીધી પાધરી વાત કરવાને બદલે તેણે ટેબલના ખાનામાં પડેલી ચીજો તપાસવા માંડી ત્યારે તેની માં બોલી પડી.

"અરે પણ, એ તારી આદત હજુ નહીં ગઇ કે? જરા ઘણે વખતે આયો તો બેસીને વાત તો કર! શું ચુંઠયા કરેછ?"

"એ ચુંઠવાની આદત, માયજી યાદ છે? એક વખત તમુને કેવી કામ લાગીતી? મારાં મમઇજીની એક નાહલ્લી સખી જે ખોવઇ ગઇતી ને મળતીતી નહીં તે મેં કેવી ગોદાઉનમાં પરેલા પેલા કારા સીસમના બાકસમાંથી શોધી કહાડીતી"

"હા હા ખરેખર! તે વખતે તો તેં ખરચીત ફાયદોજ કીધો તો!" તેના માય હસીને બોલ્યાં "તારાં મમઇજીની તે સખી આબેહુબ છે ને મલી તો સારૂં થયું."

તે હવરાં કહાં છે? બાકસમાં છે કે?"

"નહીં, તે તો મેં બીજી સખીઓની સાથે એક મોટી ફરેમમાં જરાવીછ પણ તે પછી જોજે; હવરાં તો આઓ ખુરશી લઇને બેસ, મારે તારી સાથ કંઇ વાત કરવીછ."

જમશેદ ખુરશી લઇને નચીંત બેઠો. તેના માય બીજી કોઇબી વાતને બદલે તેને પરણાવવાની વાત કરવાના હશે એવો તેને તે વખતે જરાબી ખ્યાલ ગયો નહીં. તે પોતાની માનો સ્વભાવ જાણતો હતો. આટલાં આટલાં વરસો સુધી

દાદીશેઠ હોલમાં શેઠાણી દાખલ રાજ કીધા પછી, બધાં ઉપર સરવોપરી સત્તા ચલાવ્યા પછી, એક વહુને ઘરમાં લાવી પોતાની તે બધી સત્તા છોડી દેવા તઇયાર થાય એમ જમશેદ કદી માનતો ન હતો. એક મ્યાનમાં બે તલવાર રહેજ નહીં એ હમાબાઇ દાદીશેઠનો સદાનો "માટો" હતો. દાદીશેઠ હોલ ખરી રીતે તો જમશેદની મતા હતી અને હમાબાઇને તેવણુની જીંદગી સુધી ત્યાં રહેવાજ ફરમાવેલું હતું, અને કોઇ તેવી "ચોરીયામાર" વહુ આવે, સાસુની સત્તા હેઠળ રેહવા ના પાડે, તો પછી હમાબાઇ કાંઇ વહુના કારભાર તળે રેહવા માંગે નહીં તે સઘળું જમશેદ જાણુતો હતો. અને તેથી તેને હૈયે નેહ હતી. દાદીશેઠ હોલની શેઠાણી દાખલની જગ્યા રાજીખુશીથી ખાલી કરી વહુને આપવાની દોડાદોડીમાં હમાબાઈ દાદીશેઠ પડે તે વીચારજ જમશેદના મગજમાંથી દુર હતો.

હમાબાઇ તેની આ નચીંતાઇ જાણુતાં હતાં, તેવણુને ઘણુંક પુછવાનું હતું અને ઘણું જાણુવાનું હતું. જમશેદ પાસેની ટેબલ ઉપર પડેલી સીપના હાથાની છરી ઉંચકી પોતાના નખ "ત્રીમ" કરતો હતો. તેના માયજી શું વાત કહેવા માગતાં હતાં તેનો જરાબી વીચાર કરયા વગર તે પોતાની હીલ્લા અને દીકરી જર શું કરતાં હશે તેનો ખ્યાલ કરતો બેઠો હતો. વાત કેમ શરૂ કરવી, તેના અંદેશામાં હમાબાઈ થોડો વાર મુગાં બેસી રહયાં અને પછી એકાએક નીચલો સવાલ નાંખ્યો કે જેથી જમશેદ એકદમ ચમકી ઉઠયો અને હાથમાંની છરી ભોંયપર નાંખી દઇ, પોતાની માને ટગર ટગર ટોકવા લાગ્યો.

"જમશેદ દીકરા, હું આજે ઘણીજ અગતની વાત કરવા માંગુ છ, હવે તારે સેટલ થવું જોઇએ! તુ કહારે પરનેછ?"

પ્રકરણ ૨૮ મું.

મા અને દીકરો.

"કહાર પરનેછ? શું, માયજી? એ તમે શું બોલોછ?" પોતાને માયજીને મોહડે પરણવાની વાત સાંભળી જમશેદ એટલો ગભરાયો કે તેણે પોતાની સમયસુચકતા ખોહી દીધી અને અજાયબીથી બોલી પડયો, પણ બીજીજ પળે તેને ધ્યાન આવ્યું કે તે છબરડો કરતો હતો અને આડુતીડું બોલી માયજીનો શક ઉશકેરતો હતો. માયજીના ડોળા લગાર ચહડેલા જોઇ તેણે હસીને બેદરકારીથી વાત ફેરવી તોળી.

"જવા દેઓ માયજી વરી તમે એ અનગમતી વાત કહારી?"

"અનગમતી કાંય પણ? તુંને શું વાંધો છે?"

"વાંધો? તમે જાણોછ તો ખરાં કે અનગમતી વાતમાં ઉતરવાનો મને હમેશાં વાંધો છે!"

"મારા સવાલનો કંઇ એ જવાબ નથી."

"એ વાતજ મને ગમતી નથી ને તે હમેશાં હું ઉડાવવાની તજવીજ કરૂંછ તેજ મારો ખુલ્લો જવાબ છે."

જયારે પરણવાની વાતજ આટલી અણગમતી હતી ત્યારે તેવણુનો દીકરો લોકોના ગપાટા મુજબ પરણેલો નહીજ હતો એટલી હમાબાઇને ખાત્રી થઇ, "હું ધારૂંછ કે તું ઘણો એકલપેટો છે. હવે તો તારે પની અદરાઇને ઘેરીતા બારીતા થવાનો વીચાર કરવોજ જોઇયે! આએ તારા બાપીકાં મોટાં એસ્ટેટોને મોટી દોલતનું શું થશે તેનો કાંઇ વીચાર નથી?"

"બધો વીચાર છે પણ———" પોતાની દીલ્લા તથા નાની જરનો વીચાર આવતાં તે બોલતાં અચકી ગયો.

"પણ શુ? કેમ બા? કંઇ કોઈ રીતે બંધઇ તો નથી ગીયાની?"

"માયજી, એક વખત મારી વાત સાંભરી લેઓ. જો તમે મારી કંપની માગતાં હો, મને તમારી આગળ વધારે વખત રાખવા માંગતાં હોવ તો મેહેરબાની કરી એવી રીતની ચાવાચીવી ના કરીયા કરતાં! હવરાં પુછયા તેવા આડાતીરા સવાલો જો તમે મને પુછયા કરશો તો હું પાછો ચાલી જવશ!" જમશેદજીનો કાંદો ખીજ્યો હતો. "ટુકું ને ટચ! હું પનવાનો નથી!"

"વખતે તું પન્ની ચુકો હોશે!" હમાબાઇનો મીજાજ કયાં કમતી હતો! તેવણે લગાર ગુસ્સાના અવેશમાં યાહોમ તોહ્ફો લગાવ્યો.

જરા હીમતની જરૂર હતી. એક વખત જબાં ઉપડતે તો સરવે ખુલાસો થઇ જતે. માયજી ગુસ્સે થતે, રૂસાતે પણ જે તે છેડો આવતે! પોતાની હીલ્લા માટે કહી દેવાની આ તક ઘણી સરસ હતી એમ જમશેદને લાગ્યું પણ પોતાના લગનની વાત કહેતાં બીજા ઘણાક સવાલો ઉભા થાય, બીજા ઘણાક ખુલાસાઓ કરવા પડે, જીલુડોસાંનો ચીતાર આપવો પડે, જે બધું સાંભળતાં માયજી કોણ જાણે કેમ ઉછળે તે વીચારથી જમશેદ હઠી ગયો, મુગોજ રહી ગયો.

"તું જવાબ નહી આપતો? શું કાંઇ ખરેખર તેવી મોહોકાણ છે કે બા? બોલી દે?" હમાબાઇ પોતાના મનમાં તો એ વાત સદંતર પાયા વગરની માનતાં હતાં પણ તોબી તેવણે રમુજમાં હસીનેજ પુછયું.

"માયજી, હું કંઈભી તેવા સવાલોના જવાબો આપવા ના પાડું છું!" આટલો જવાબ દઈ વધારે લંબાણુ થતું અટકાવવાની મતલબથી તેણે ઓરડામાં પાછી ફેરી ફરવા માંડી અને મુકેલું ઉંચક મેલ કરવા માંડયું.

હમાબાઈ બેઠાં બેઠાં તેને જોવા લાગ્યાં. તેવણ એટલું તો જોઈ શક્યાં કે પોતાના દીકરા ઉપર આગળના જેવો કાબુ તેવણનો રહયો નહી હતો. આગળના જેવો કહયાસરનો તાબેદાર દીકરો હવે તે નહી હતો. પોતાની જાણ વગર તે પરણ્યો હોય તે વીચાર તો તેવણે હસીજ કહાડયો હતો પણ કોઈબી રીતે તેનું મન બીજી ગમ રોકાયલું હતુજ તેટલું તો તેવણે ચોકસ જોયું. આગળનો હસતો ખુશાલ અને નફકરો તેવણનો દીકરો આજે લગાર બેચેન અને બેધ્યાન હતોજ તે ચતુર માની નજરથી છુપું નહી રહયું. તેવણની આંખો તેની પાછળ પાછળજ દોડતી હતી. તેવણે જોયું કે જમશેદ ઓરડામાં ફરતો ફરતો અચ્ચુચ પોતાનાં મમાઈજી માણેકબાઈ બનાજીની સબી આગળ ચમકીને ઉભો રહી ગયો, અને એકી ટગરે તે સબીને ટીકવા લાગ્યો.

"એ વરી એને શું ચમકવા થઈ આયો? મમઈની સબીને શું ટીકયા કરે છે? શં છે જમશેદ? એ એમ ધારી ધારીને શું જોયા કરેછ?" ઘણો વાર જમશેદ ત્યાંથી બીસ્યોજ નહી તેથી તેવણે કંટાળીને પુછયું. "તારા મમઈની સબી છે!"

પણ જમશેદે આ સવાલો સાંભળયા નહી. તે તો સબીને જોઇ મનમાંજ પટપટવા લાગયો. આ સબી માણેકબાઈની જવાનીમાં લીધેલી હતી. તેવણ ઘણાં ખુબસુરત હતાં. "ઓ બોદા! કેવું અજબ જેવું! કેટલું મળતાપણું!"

"એવાય ! જમશેદ, ધસીને બોલની એમ સખી આગળ શાનો ચીટકી ગીયો ?"

"માયજી; આએ મારાં મમાઇજીની સખી ? એવણુની જીંદગીમાં કાંઇ જાણુવાજોગ બનાવ બનયો તો વારૂ ?"

"જાણુવાજોગ બનાવ? કંઇબી નહીં. એવણુ એક નમુનેદાર ધણીઆણી હતાં તેટલું હું જાણું છ ! દરેક આબરૂદાર બાનુની જીંદગી એવીજ સાદી ને સાફ હોય !"

"હા, હા, તે તો ખરૂં રે ! પણુ એવણુનો ચેહેરો કેવો મીઠો ને સુંદર છે ! એ જોઇને માયજી મને એક બીજી—એક બીજોજ ફરેસ્તો યાદ આયોછ ! કેટલું મળતા પણું ! એવણુની આંખમાં કાંઇ અજબ ચમકાટ દીસેછ કે જે ઘણો અસાધારણુ છે !"

સખી આગળથી ખીસી જમશેદ પેલી ખુણામાં મુકેલી કાળી નકસીની કબાટ આગળ ગયો, ભાગચોઘડીયે તે ઉઘાડીજ હતી અને તેનાં ખાનાં ઉઘાડી જમશેદ વળી પોતાની તપાસ શરૂ કીધી. તેમાં કાંઇ દમ જેવું ઝાઝું ન હતું. પોતાનાં છોકરાંઓ તથા બેહેનોના બચપણુની નાની નાની ચીજો તેવણુ તેમાં સાચવી રાખી હતી. સુન્નામાં જડેલી એક માણુકની નાની વીટી ત્યાં પડેલી હતી તે ઉંચકી જમશેદે પુછ્યું.

"એ આએ વીટી કાંય અહીં પરી છ? એ કોણુની છે માયજી ?"

તે વીટી ઉપર નજર પડતાં હુમાબાઇનો ચેહરો કુમળાઇ ગયો. તેવણુ એક નીસાસો નાંખ્યો અને ધીમેથી બોલ્યાં.

"એ વીટી? સમજ, એ વીટી પહેરનારીની જીંદગી જાણુવાજોગ બનાવોથી ભરપુર છે—હવી ! એ વીટી તારી નાહલ્લી માસી જરની છે !"

જમશેદ પોતાની આ નાહની માસીને જોઇજ ન હતી, અને તેણીને વીશે ઘણુંજ થોડું સાંભળ્યું હતું. કોઇ ઘરમાં તેણીનું નામ લેતું ન હતું એટલે આ માસીની જીંદગીનો મહાભારત બનાવ તથા તેણીને લગતી કશી વીગત જમશેદના સાંભળવામાં આવી ન હતી. જ્યારે જમશેદને ત્યાં બુચીનો જન્મ થયો અને તે બચ્ચાંનું નામ દીનશાહની ખાસ મરજીથી જર આપવામાં આવ્યું ત્યારેજ જમશેદે આ પોતાની માસીની હસ્તી વીશે હીલ્લાને મોહોડે સાંભળ્યું. દીનશાહે તે બધી વાત હીલ્લાને કહી હતી અને હીલ્લાથી જમશેદના સાંભળવામાં આવી. બીચારી એ માસીએ પોતાનાં અવીચારી પગલાંથી પોતાનાં કુટુંબની કેવી ખફગી ખેંચી લીધી હશે અને એવાં એક છુપાં લગનથી તેણી કેવી હાડમાર થઇ હશે તેનો વીચાર આવતાં જમશેદને દયા લાગી.

"પણ માયજી, તેવણનું પછી શું થયું?"

"કોણ જાણે! જે દહારની તે અમારી મરજી ઉપરાંત પેલા ભીખારી સાથ પન્ની ગેઇ ને દહારથી અમે સઘાંને મનથી તે મુવેલીજ છે!" પોતાની માનીતી બેહેનની યાદ થતાં હમાબાઇનો ડીબો ભરાઇ આવ્યો હતો, છતાં તેવણ જુસ્સાથી બોલ્યાં.

"વખતે તેવણ જીવતાં હોશે! વખતે રંડાયાં હોશે! બીચારાંએ પોતાના કામનો પસ્તાવો કીધોબી હોશે, માયજી તેવણની ખોળ કરવી જોઇય! અજબ છે કે તમે કોઇં દહારો તેવી તજવીજ કીધી નથી!"

હમાબાઇ દાદીશેઠે તીરસ્કારથી નાખનું ફીકડું ચહડાવ્યું! આહ! હમાબાઈ દાદીશેઠ! તમે ગરીબાઇમાં પાપ સમજો છો! તમને ખોદાએ પઇસાની રેલછેલમાં ઉધારયાં એટલે તમો ગરીબાઈ તરફ તીરસ્કાર બતાવો છો! ખેર! તમને અને તમારા જેવા વીચારો ધરાવતાં બીજાંઓને તેઓના વીચારો મુબારક! પરવરદેગાર તેવા કંગાલયતના દીવસો તમને નહી બતાવે!

"તેવી તજવીજ કરવાની મને કંઇ જરૂર? તે મારે મનથી સદાની મુવેલી છે!"

"તેવણ દેખાવમાં કોણના જેવાં હતાં?"

"તે દેખાવમાં ઘણી ખુબસુરત ને નાજુક હતી! અમે ચાર મોટાં બેહેનોના ઘાટમ મારા બાવાજી તે તારા મમાવાને ઘણા મળતા હતા પણ આએ જર તો ઘાટ ઘાટમમાં તદન તારાં મમઇ માણેકબાઇને મળતી આવતીતી. અમારા કરતાં તદન જુદીજ જાતનો તેનો ઘાટમ હતો. મારી તો તે ઘણીજ માનીતી હતી! માયજી ગુજરયા પછી ઘણી ખરી મારીજ આગળ રહેતીતી."

"ને તોબી તમે તેવણને એક બોલે જવા દીધાં?"

"તે જવા નહી દેઉં તો શું ધરી રાખું? મારા હોકમ ઉપરાંત, મને નાફરમાન થઇને કામ કરે તેને હું પાછી બોલાઉં? મેં તો તેને સુખી કરવા દરેક તજવીજ કીધી પણ તેને આરો મારગ લીધા પછી હું તેને વટારું? કભી નહી! કભી નહી! કોઇ કાલે નહી!"

પોતાની માને આટલી હદ સુધીની ઉશકેરાયલી જોઇ જમશેદજીબાના પાછળાં બાર ધપકયાં! એક છુપાં લગન માટે આવો કોપ ત્યાં પછી બીજાં તેવાંજ લગ-

નની વાત કહેવાની જબાંજ શી રીતે ઉપડે? મુલ્લાં-ફીરોઝ જેવાં જાણીતાં સારાં કુટુંબના પણ ગરીબ જમાઇ માટે આવો તીરસ્કાર તો પછી એક રાંધી ખવાડનારીની ગરીબડી છોકરીનાં પીછડાં તો કોણ જાણે કેમ વેરાય! ખરી વાત કહેવાનું જમશેદજીનું મન જરા ધચુપચુ હતું પણ માયજીના આ છેલ્લા તરારા પછી તો મુગા ગગડી રહેવાનુંજ ડાહપણ તેણે જોઈ લીધું. પોતાની ગરીબડી રાંક હીલ્લાને આવી ગુમાની મગરૂર માના તાણાટપલામાંથી બચાવી લેવા હાલ તુરત પોતાનાં લગ્નની વાત તદન છુપીજ રાખવાનો તેને મનથી ગાંઠ વાળયો.

"માયજી હું તો કેહુંછ કે આપરે હજુસુધી તેવણને શોધી કાહરવાની કંઈજ વેતરન નથી કીધી એ ઘણુંજ શરમ ભરેલું છે. આટલાં વરસો પછી તેવણની તે ભુલ માફ કરવીજ જોઇએ!"

"તેને આપરાં કુટુંબને કેટલું ખરાબ લગાર્યું?"

"ખરાબ લગાર્યું? કેમ? પનીને!"

"જે રીતે એને લગન કીધાં તે રીતે પનીને! છુપાં લગન કરીને!"

"તેમાં એટલું બધું શું ખોટું થયું? ગરીબાઈમાં કાંઈ પાપ નથી! તમે પૈસાવારાં હતાં ને તમે મદદ કરતે તો બધું બરાબર થતે!" આડકતરી રીતે પોતાનો કેસ રજુ કરતાં જમશેદ તકરાર કરવા લાગ્યો.

"મદદ કરૂં? હું મદદ કરૂં? ઘણો ડાહયો! સમજ કે તારીજ એક બેહન એવા કોઇ જુખરીબારસ સાથે નાહસી ગેઇ હોતે તો પછી તુને તે ગમતે કે?"

"ગમતે તો નહી પણ આવી રીતે તેને તદન આવારા નીવાર તો નહીજ કરતે! જહાં બેનાં દીલ એક થયાં પછી તેને જુદાં શું કામ પારવાં? હું નાહલ્લું જેવું લેક્ચર આપતે ને પછી પૈસાની મદદ કરતે!"

હમાબાઇ દાદીશેઠે દીકરાના આવા બોલો સાંભળી ખરી અજાયબીથી ડોળા ઉઘાડયા "ને પેલા બીજા જેવણુની સાથ તારી માસી અદરાયલી હતી તેનું કેમ? શું એવી ચાલ જરાબી લઇ ચલાવાય કે? નહી જમશેદ, નહી કોઇ દહારો નહી. આપરાં કુટુંબને આબરૂ ઘણીજ વાહલી છે તે વીસરી ના જા."

"હા, આબરૂ સાથ મીજાજ ને તકુબરીબી ઘણી વાહલી છે!" દાંતયાં પીસીને જમશેદ બોલ્યો.

તેના માય કાંઇ બોલ્યાં નહી, પણ બહુજ ચીંતાતુર ચેહરે બેસી રહયાં. આગળ જમશેદના બધા વીચાર તેના માયને મળતા હતા ને હવે બદલાઇ કેમ ગયા? તે આજે આવાં એક નાદાન ઉછાછળાં લગનને ટેકો આપતો હતો! શું તે મશકેરી કરતો હતો? હમાબાઇ તેના મનના વીચાર વાંચવાની તજવીજ કરતાં મુગાં બેસી રહયાં. તેને વાસ્તે જે ગપાટો આવ્યો હતો તેમાં સચ્ચાઇ તો નહી હોય? તે વીચારથી તેવણુ એટલાં તો નાસીપાસ અને ઉદાસ થઇ ગયાં કે ઉઠીને પોતાના ઓરડામાં ચાલી ગયાં અને જમ્યા વગર સુઇ ગયાં. પોતાના એકપુરા દીકરાએ તેવણુની મનની મુરાદ પાર પાડવા ધસીને ના પાડી! તેનું કારણ શું? તે શોધી કહાડવાની તજવીજમાં તેવણુ આખી રાત ધરફડી મારી.

જેવો જમશેદ એખલો પડયો કે હીલ્લા ઉપર કાગજ લખવા બેઠો. આખી સાંજ પોતાની મા સાથ એની એ તકરાર કરતાં તેનું મગજ ચળી આવ્યું હતું. આજે હીલ્લા ઉપર લખવાનું ખાસ કારણ હતું.

તેના સાંભળવામાં આવ્યું હતું કે કોલાબેના ડાકટર ડોસાભાઇની ચવીત્રી છોકરી નાજાં જે ડાકટર મસાની સાથે અંતે પરણી ગઈ હતી તે નવું પરણેલું જોડું વાંદરે જમશેદના બંગલાની નજદીકમાંજ રેહવા આવ્યું હતું. આ ડાકટર મસાની સાથ જમશેદને સેહજ ઓળખાણ હતી. અને ડાકટરની નાજાં કેવું ફાટું ઢોલ હતું તે તે જાણતો હતો. હવે આ કનવારખોરૂં જોડું લગોલગ આવી રહયું એ ખચીતજ કમનસીબ બનાવ હતો. આ નાજાં સાથે વધારે દોસ્તી નહી પાડતાં દુરજ રેહવાની ચેતવણી કાગજમાં હીલ્લાને આપવાની તેની ધારણા હતી. કાગજ પુરૂં થયું અને જમશેદ લાઇબ્રેરીમાં માથે હાથ દઈ એખલો બેસી રહયો.

પ્રકરણ ૨૯ મું.

હમાબાઇ દાદીશેઠે નાદરૂસ્ત તબીયતનું બાહણું કહાડી દીકરાને ધસડાવી મંગાવ્યો ખરો પણ તેવણે જોયું કે તેવણ જેમ વધારે કાંસકુસ કરતાં તેમ તેવણનો દીકરો કંટાળીને જલદી પાછો જવાની દોડાદોડીમાં પડયો હતો એટલે તેવણે પોતાની વલાણ બદલી નાંખી. તેવણ સીકનેસ પછાડી નાંખીને ઘોડા જેવાં થઇ ગયાં, અને પારટીઓ મળાવડાઓ અને ખાણાંઓ આપી જમશેદને વધારે વખત રોકી રાખવાની પેતરણમાં પડયાં. તેવણ બડાં પક્કાં હતાં.

લગનની અણગમતી વાતનું વધારે દબાણ હાલતુરત કરી તેને નહસાડી મુકવાના કરતાં રમતગમતોપર ધ્યાન લગાડી, વધારે કંપનીની મોજ તેને આપીને કલકતેજ રેહવાનું ખેંચાણ કરી આપવામાં તેવણે સલામતી જોઇ. આજુબાજુ રેહતાં તેવણના ઓળખાણના, તેવણને મનગમતાં ઉંચા ખાનદાનની જુવાન કુમારી છોકરીના સમાગમમાં તેને વધારે લાવીને તેમાંથી કોઇ ધણીઆણી પસંદ કરી લેવાનો તેને ચાનસ આપવા તેવણ માગતાં હતાં. જમશેદના આવ્યા પછી બીજે અઠવાડયે તેવણે એક ખાણું આપવાનો ઠડાવ કરી તેના તેડાંની ચીઠીઓ લખવા માંડી. કલકતાના દરેક જાણીતાં અને મોટાં કુટુંબોને તેવણે નોતરયાં હતાં. પોતાનાં બેહેન તથા છોકરીઓને જમાઇઓને અને સુનાબાઇ બાટલીવાળાને ચાર દહાડા અગાઉથી બોલાવીને પોતાના પહરોણા દાખલ રાખવા કાગજો લખ્યાં.

આ સઘળું તેવણે જમશેદને જણાવ્યા વગર કીધું. તેડાંઓ મોકલી ચુકયાં તે સઘળાં કબુલ થયાં! હમાબાઇ દાદીશેઠ જેવાં લખપતી બાનુનાં તેડાં કબુલ થાય તેમાં નવાઇ શી? એક તો ચકચકતી ચાઇચાઇનું ખેંચાણ, બીજું, જમશેદ જેવા ખુબસુરત, કુવારા જવાન્યાનું ખેંચાણ ત્યારે બાહેર પડેલાં બસો તેડાંમાંથી ફકત બેજ કુટુંબે તે કબુલ રાખવાની પોતાની અશકતી જણાવી તેમાં અજબ શું થવાનું? સઘળાં તરફથી હાના જવાબો ફરી વળ્યા પછી હમાબાઇએ તે વીશે જમશેદને જણાવ્યું. જમશેદની ગરદન સાબુત છટકાંમાં આવી. પોતાના માનમાં અપાયલાં આ ખાણાં માટે તેને ફરજ્યાત બીજા દશ દહાડા કલકતામાં રોકાઇ રહેવાની ફરજ પડી. પોતાને પહેલાંથી જણાવ્યા વગર આવી ગોઠવણ

ફરવા માટે તે મા સાથે ઘણો નાખુશ થયો. તેનો બધો જીવ પોતાની હીલ્લા તથા બચ્ચાંને મળવા ભરાઈ રહયો હતો અને તે જવાની ઉતાવળમાં હતો ત્યારે માયજીએ આએ "રોખરૂં" ઉભું કીધું!

"માયજી, જરા મને તમે પુછતાંબી નહી! હવે મને દશ પંદર દહારા રોકાઇ રહેવું પરશે!"

"વારૂં તે શું થયું? કદી મદી આવે તો મહીનો પંદર દહારા માય આગલ રહેવાય નહી કે? એ એવો રખરતો કહારથી થઇ ગીયો?"

"પણ ખાણું આપ્યું તો મારૂં શું કામ છે? તમે છેઓ કની?"

"શું બોલ્યો? તારૂં શું કામ છે? તુંને મળવા મેં બધાંને બોલાવ્યાં ને તુંજ હોય નહી તે કેવું સારૂં લાગે? બહાર ફરી ફરીને બધી રીતભાતબી મુકતો જાયછ કે? મુંબઇમાં શું ખાન દાટેલી છે કોણ જાણે?"

"પણ તમે કેમ જાણ્યું કે હું મુંબઈજ જવાનો છેઉ! મને કામ છે!"

"નહી તે કામબામ હું કંઈ સમજતી નથી. માય તરફની ફરજ પહેલી ને પછી કામ! તેરાં હું મોકલી ચુકી ને જવાબોબી આયાછ! હવે કંઇ જવાય નહી!"

જમશેદ ફફડી ચટકીને મુગો રહયો. કાંઈ અગત્યના કામનું બાહનું કહાડીને જવાનું તેનું ઘણું મન થયું પણ પછી ધીરજથી વીચાર કરતાં તેના ગેર ફાયદા તેણે જોયા, તેના માયજીના બોલવામાંબી સચાઇ હતી. કલકતાના એક જાણીતા શેઠયાના દીકરા દાખલની, ત્યાંની એસટેટોના માલેક દાખલની પોતાની ફરજોમાં તે છેલ્લાં છેલ્લાં ઘણો

પછાત પડયો હતો. તેના સંખ્યાબંધ ભાડુતો અને તેઓની સગવડો ઉપર પુરતું ધ્યાન તે આપતો નહતો. એસટેટોની મરામત તેમજ બીજી બધી કડાકુટનો બોજો હમાબાઇ ઉપર હાલ જાસ્તી પડતો હતો અને તેની વારંવારની આવી લાંબી ગેરહાજરીઓથી કલકતાનાં પારસી કુટુંબોમાં ચાવાચીવી બહુજ થયા કરતી હતી. જમશેદની ગેર હાજરીમાં દાદીશેઠ હોલના વીઝીટરોની સંખ્યા પણ બહુજ ઘટી જતી હતી. એ બધાં સામટાં કારણોથી તેની માનો જીવ બહુજ રંજીદા થતો હતો. આએ વખતે તો ગમે તે કરીને તેને પરણાવીનેજ જવા દેવો એવો તેવણે પક્કો નીશ્ચય કીધો હતો. જમશેદ જેમ પોતાના માના બોલવાની સચાઇ, અને તેવણની ફરીયાદોમાં વજુદ જોતો હતો તેમ બીજી ગમ તેને હાલ્લાનો ખયાલ આવતાં ભારે ગુંચવણમાં પડતો. તે મુંબઇથી ત્રણ મહીનાનો નીકળેલો હતો. બાહરગામોમાં પોતાના કામ માટે ગયો તયાંથી અહીં આવવું પડયું હતું. આટલો આટલો લાંબો વખત પોતાની નીરદોશ ધણીયાણીને એખલી મુકવાનો જોખમ તે જાણતો હતો, વળી તે મુગે મોહડેની ગરીબ ધણીયાણીને થતો ગેર ઇનસાફ પણ સમજી શકતો હતો. તે શું કરે! તેના હાથ તથા મોહડું તદન બંધ થઇ ગયાં હતાં. હીલ્લાના કાગજો રોજ આવતાં. તેણી આખા દહાડાનો હેવાલ વીસતારીને નીયમીત લખતી હતી. આહ? જમશેદની મોટી દોલત, ખુબસુરતી અને ખાનદાન છતાં તેની હાલત કાંઇ અદેખાઇ કરવા જેવી તો નહીજ હતી!

જમશેદના કલકતે આવ્યા પછી આઠ દહાડે તેના બાનુબાઈ માસી, માસા બેજનજી તથા સુનાબાઇ બાટલીવાળા દાદીશેઠ હોલમાં પરોણા દાખલ આવ્યાં. સુનાબાઇ બાટલીવાળાને

ઇજન કીધું છે તથા તેવણ આવવાનાં છે તે વાત હુમાબાઇએ પોતાના દીકરાથી છુપીજ રાખ્યા હતી. વળી જમશેદ કલકતે દાદીશેઠ હાલમાં છે તે પણ સુનાબાઇથી છુપુંજ રાખવાની તેવણે પોતાના બહેનને તાકીદ કીધી હતી. જમશેદને જો જરાબી તે વીશેનો સંસારો માલમ પડતે તો બેશક પોતાની માની ગમ તેવી ખફગી ખેંચીનેબી ત્યાંથી ચાલી જતે પણ માની કુનેહથા તે વીશે તેને કશું જણાયું નહીં. આ બે જણાને અચબુચ મોહડે મોહડું મળવી તેની અસર જોવાની તેવણની મતલબ હતી. તેઓની વાતચીત ઉપરથી એક બાજાં તરફની રીતભાત ઉપરથી તેવણ પોતાનું મત બાંધવા માગતાં હતાં.

તાલેવંતવાળાં, સુનાબાઇને લઇને સાંજે છ વાગે આવી પુગ્યાં. આ વેળા જમશેદ બહાર વીઝીટે ગયો હતો. તેઓ પોત પોતાના ઓરડામાં ફરાગાત થવા ગયાં હતાં અને નીચે હાલમાં હુમાબાઇ એખલાંજ બેઠાં હતાં. થોડે વારે ત્યાં મીસીસ બાનુબાઇ તાલેવંત દાખલ થયાં. આ બાનુબાઈ દેખાવમાં હુમાબાઇને મળતાંજ હતાં. હુમાબાઇ જયારે આસુદાં અને ગંભીર હતાં ત્યારે બાનુબાઈ સેહેજ પાતલાં અને હસમુખાં હતાં. તેવણ હુમાબાઇ કરતાં ચાર વરસ નાહનાં હતાં અને મોહડે તાહેલું જબરૂં હતું. તેવણ સારી દુન્યાની ખબર રાખતાં અને તેવણની તે નબળાઈ જાણી ઘણાં જણાંઓ પોતાના ખાનગી કુઠલાઓ તેવણ આગળ કરવા આવતાં. હુમાબાઇ દાદી શેઠના પેટમાં જયારે ખાનગી વાતોના કુવા ભરેલા હતા ત્યારે આ તેવણની બેહનથી કોઇની છુપી વાત બે કલાક પણ પેટમાં રાખી શકાતી નહવી. કુટુંબ, ખાનદાન અને પૈસાની મગરૂરી તેવણનામાં ઝાઝી

ન હતી. બેહનના છોકરાંઓ ઉપર ઘણો જીવ હતો અને જમશેદને પોતાનો જમાઇ કરવા ઘણુંજ ઇંતિજાર હતાં જો કે તેમાં નીશફળ થયાં હતાં. તેવણ માયાળુ જીવનાં અને કોઇને મદદ કરવા હંમેશાં તઇયાર હતાં. તેવણના વરખી બહુજ અસરાફ આદમી હતા. આ માટી બઇરીનું જોડું પઇસે ટકે તેમજ સંસારમાં દરેક રીતે સુખી હતું.

તેવણ ઓરડામાં દાખલ થયાં. બધાં નીચે આવે તે અગાઉ પોતાનાં બેહેન સાથે કાંઇ વાત કરવા તેવણ ઝડપમાં ઉતરી આવ્યાં હતાં.

"તું એખલીજ છે કે હમા? મારે તારી સાથ કંઇ વાત કરવાની છે."

હમાબાઇએ કોચ ઉપર તેવણને બેસવાની જગ્યા આપી બોલ્યાં "વરી શું વાત છે?"

"આએ સુનાબાઇ બાટલીવાળાએ મને જે વાત કેહીછ તે તારી આગળ કરવાની છે."

"સુનાબાઇ મરેરે એમના એમ! કંઇ કંઇ કુઠલા લાવ્યા કરેછ! તુંને એવા એવા કુઠલાઓ સાંભળવા ને કરવા ગમેછની તેથીજ બધાં તારી આગળ આવેછ! મને તો કોઇ નહી એવી વાતોથી કંટાલો આપતું?"

હમાબાઇનો પોતાની નાહની બેહેનો ઉપર ત્રાસ ઘણો હતો, સરવે બહેનો તેવણને માન આપીને ચાલતાં હતાં અને દરેક વાતમાં તેવણની સલાહ લેતાં હતાં.

"કુઠલો શાનો? સાંભળની! તારા જમશેદને સારૂ પેલો જે ગપાટો ઉડયોતોની તે બાબદ મેં એ સુનઇને દાબીને પુછયું."

"શું ગપાટો?"

"કે જમશેદ મુંબઇમાં કોઈ ક્ષમન છોકરી સાથ પન્યોછ કરીને! સુનાબાઈ કહેછ કે મુંબઇમાં તો બધાં તે વાત જાણેછ ને ખરી માનેછ! વરી સુનાબાઇ કહેછ કે એ છોકરીની પોતાની માયને મોહને તવણે તે વાત ખાતરી પુરવક સાંભરીછ! તે ડુકતીની માય પોત મગરૂરીથી બધા આગળ બોલેછ કે તેવણુની દીકરી દાદીશેઠના દીકરા સાથ પનીછ!" બાનુબાઇ ઘણુજ ધીમા સાદે હમાબાઇના કાનપર પડીને બોલ્યાં.

"છટ! છટ!" હમાબાઇના હોઠ ફડફડ ઉડતા હતા પણ તોબી તેવણે મકમ સાદે કહ્યું.

"હું એક બોલ માનતી નથી! બધી જુઠી વાત છે! તે પનેલો નથીજ! તે વીશેની ખાતરી એના પોતાને મોહને મને મલીછ! પણ તે છોકરી કોન? તેનું કાંઇ નામ નીશાન?" હમાબાઇથી પુછયા વગર નહીંજ રેહવાયું. એવી ઇંતેજારી નહી બતાવે તો તેવણુ બહરાં કેમ કેહેવાતે?

"નામ નીશાન? ખોદાને ખબર! કોઇ બીચારી તેવાંજ કુટુંબની છે! જો હુમા, ધીરજથી સાંભળજે, વરી આકરી વીકરી ના પરતી?" બાનુબાઇ બહુજ નજદીક જઇ ઘણુંજ ધીમા સાદે તેવણુના કાનમાં બોલ્યાં "સુનાબાઈ તો કહેછ કે એ છોકરીની માય તો લોકોને પઇસા લઇને રાંધી ખવારેછ ને છોકરીને એ સુનાબાઇ પોતે પોતાની આગળ ચાકરી રાખવા માંગતાંતાં તેટલાં આએ બનાવ બની ગીયો!"

પ્રકરણ ૩૦ મું.

ઉલટ પાલટ તપાસ.

પોતાની બેહેનના છેલ્લા બોલો સાંભળી હમાબાઇ તો સજડ થઇ ગયાં! બાનુબાઇને તો એ ગપાટો સાંભળવાથી પેટમાં જરા તાહડક પડી હતી, કેમ જે તેવણુની દીકરી સાથ પરણુવા જમશેદે ના પાડી હતી એટલે તેવણુ જમશેદના છુપાં લગનની વાતથી હમાબાઇ જેટલાં ખરાં દીલથી દુઃખી તો હતાંજ નહી અને ચસ લઇને વાત કરતાં હતાં. પોતાની અતીશે મગરૂર અને મોટાઇમાંજ મરી રહેલી બેહેનને એ રીતે જરાતરા ચટકો લગાડવાનીબી તેવણુની મતલબ હતી. ણુ હમાબાઈ! આહ! તેવણુના દીલમાં તો ખરે-ખરજ ચટકો લાગ્યો હતો! પોતાનો દીકરો એક રાંધી ખવાડનારી બઇરીની છોકરી સાથ પરણુ? હમાબાઈ દાદી-શેઠની વહુ તરીકે કોઈ ચાકરી કરીને પોતાનું પેટ ભરતી છોકરી લાવે! હમાબાઇને મનથી દુન્યાની સરવથી મોટી આફત તેવણુ ઉપર પડી હતી. તેવણુના હોઠ ઉજળા સપ થઈ ગયા પણુ તોબી આ તુમાખી બાઇએ પોતાનો તોર છોડયો નહી.

“સુનાબાઇએ કહયું ને તેં માન્યું? બાનુ, કે મારો દીકરો તેવી એક સાથ પન્યો? જા, તું માનતી હોય તો હું કેહુંછ કે તું તદ્દન મેટ છે!”

“અંદર કંઇબી સચ્ચઇ હોવીજ જોઇયે નહીતો એવી અફવા ઉડેજ નહી. સુનાબાઇ તો ખાત્રીથી કહેછ કે તે લોક પનયાંછ!”

બાનુબાઈએ જોયું કે હમાબાઈના ભવાંનો ચીલ્લો મજબુત ચહડયો હતો. પોતાની બેહેનને વધારે નહી ઉશકેરવા તેવણે વાત ફેરવી તોલી. કદાચ દાદરપરથી ઉતરતાં સુનાબાઈ બાટલીવાળાનાં પગલાં સાંભળીનેબી તેવણ વધુ બોલતાં અટકયાં હશે કેમજે સુનાબાઈએ એ વાત કરતાં બાનુબાઈને સમ સોગંદ આપ્યા હતા કે હમાબાઈને તે વાત કહેવી નહી! અને બાનુબાઈએ તે વાત પોતાના પેટમાંજ છુપી રાખવા કબુલાત આપી હતી!

બઈરાંઓની કબુલાત! બઈરાંઓની ખાનગી વાત! બાનુબાઈ જેવાં બઈરાંઓની કબુલાત ઉપર વીશવાસ મુકી પોતાની ખાનગી વાતો કહેનારાં અને બાનુબાઈ જેવાં બઈરાંઓના પેટમાં ખાનગી વાતો ખાનગીજ દબાયલી રહેશે એમ ધારનારાંઓ મારે મનથી સરગરદાન બેવકુફ છે! બાનુબાઈ અને સુનાબાઈ જેવાં, ગજ લાંબી જબાં ધરાવનારાં બઈરાંઓ, સાચવટને વળગી રહી પોતાની કબુલાત પાળશેજ તથા મુગું મોહડું રાખી સમ સોગંદ ખાઈને કહેલી તમારી ખાનગી વાત પેટમાંજ રાખશે એમ માનનારાંઓ બીચારાં કેવાં ઓલ્યાગપાટ, અલ્લાહના વાલીઓ હોવાં જોઈયે!

સુનાબાઈ બાટલીવાળા ઓરડામાં દખલ થયાં. છેલ્લાં પાંચ વરસમાં તેવણનામાં ઝાઝો ફરક પડીયો નહતો. કોઈ કોઈ ગમથી, ધ્યાનથી જોતાં "કાળાના સેહેજ ધોળા" થવા માંડયા હતા અને કપાળ ઉપર થોડીક કરચલી જણાતી હતી. પચાસની ભરતીમાં આવ્યા છતાંબી તેવણે પરણવાનો ખ્યાલ છોડયો ન હતો. આ બોહુળી દુન્યાયાં તેવણને પોતાની ધણીઆણી બનાવવા માટે દાંતમાં આંગળાં ખોસીને વર બેસી રહયો હતોજ એવું તેવણ નકી માનતાં હતાં. દાદીશેઠ

હોલમાં પહેરાણા દાખલ જવાની તેવણની મોટામાં મોટી ઉમેદ ઘણે વરસે હાલ પાર પડી હતી. દાદીશેઠ હોલનો જુવાન માલેક તો હાથમાંથી છટકી ગયો હતો પણ બને તો દીનશાહ ઉપર જાળ પાથરવાનો તેવણનો ઇરાદો હતો. પેલું છેલ્લું નનામું કાગજ લખ્યા પછી તેવણ દીનશાહને મલ્યાંજ ન હતાં.

હમાબાઇને આ સુનાબાઇ ઝઝાં ભાવતાં ન હતાં. પણ આજે વખતે પોતાની મતલબને માટે ખાસ તેવણને ઇજન કીધું હતું. પોતાની પાસે ખુરસી ઉપર તેવણને બેસાડી હમાબાઇએ બીજી ત્રીજી વાત કરવા માંડી. એવામાં બારણું ઉઘડયું અને દીનશાહજી મેહેરહોમજી ત્યાં દાખલ થયા.

"ઓહો દીનશાહ!" હમાબાઇ અચરતીથી બોલી ઉઠયાં "તું કહાંથી ફુટી નીકરયો? તું તો મુંબઇ ઉતોની?"

"હા, હું કાલેજ પાછો આયો!" દીનશાહ પોતાની પાઘડી કહાડતાં બોલ્યો. "મને બપોરે જમશેદ મલ્યોતો!"

આ વાત ચાલતી હતી તેટલાં સુનાંબાઇ બાળે ડોળે સામેની આરસીમાં જોઈ પોતાના બાલના પફ સરખા કરતાં હતાં. તેવણના ધારવા કરતાં જલદીથીજ તક મલી ગઈ હતી. "આએ સુનાબાઇ બાટલીવાળાને તુ ઓરખેછ કે?" હમાબાઇએ ઓળખાણ કરાવી. સુનાબાઈ હરખાઈ ગયાં. તેવણ જુઠું જુઠું હસ્યાં અને ઘણાજ મરોડથી સહેજ ડોકું નમાવી બોલ્યાં.

"અમે લોક આગળ મળેલાં છઇયે!" સુનાબાઇ ઉપર નજર પડતાં અને તેવણનું નામ સાંભલતાં દીનશાહને એવી તો અણગમતી યાદ થઈ આવી હતી કે તે તદન ઘુવડ જેવો બેસી રહયો.

"હાસતો, મારે ત્યાં ખાણાં ઉપર તમે લોક મલ્યાંતાં તે ભુલી ગીયો કે દીનશાહ?" બાનુબાઈ બોલ્યાં.

તોબી દીનશાહ ચવડયો નહી. સેહજ હાથ ઉંચકીને સલામ કરી તે મુગો બેસી રહયો. નનામું કાગજ લખી તેને ગચેડો બનાવવા માટે તે સુનાબાઇ ઉપર ખફા હતો.

જમવાનો વખત થયો અને જમશેદ ત્યાં દાખલ થયો. તે દોડાદોડીમાં પોતાના માસા માસીને ભેટયો. સુનાબાઈ તેને જોઇને ફગલાઈ ગયાં. જમશેદની નજર તેવણ ઉપર પડી નહી. તે ઉપર જતો હતો તેવામાં હમાબાઇએ પાછો બોલાવ્યો.

"કહાં જાયછ? આએ સુનાબઇ બાટલીવારા આયાંછની!"

સુનાબાઇ બાટલીવારાં! પોતાના સુખમાં ફાંચડ મારનારી આ બલાને પોતાના બાપીકાં ઘરમાં પેથી પડેલી જોઇ જમશેદના પેટમાં ચમટો તુટયો! તેની માની નજર તેની ઉપરજ હતી એટલે બાહરથી જમશેદે બહુજ શાંત દેખાવ રાખ્યો અને સુનાબાઇને સેહજ ડોકયું કીધું, જાણે સુનાબાઇ બાટલીવારાની હસ્તી આજેજ જાણી હોય તેવું ડોળ તેને બતાવયું. સુનાબાઇ પણ દમમાંજ ડોકું કરી બેસી રહયાં. દીનશાહ'ની તેવોજ "અનજાણી અમ્મા" થઇને બેઠો. હમાબાઇ પોતાની ધારણામાં નીશફળ થયાં. આ ત્રણની ત્રગડીએ આગલી ઓળખાણની કશી નીશાની બતાવી નહી. એમ કેમ? જો તેઓ એક બીજાને આગળના પીછાણતાં હતે, એક બીજાની છુપી વાતો જાણતાં હતે તો મેલાપ થતાં જરૂર ચોંકતે પણ તેને બદલે તદન અણજાણ્યાંની માફક તેઓ એક બીજાંને ટીકવા લાગ્યાં એટલે હમાબાઇ વીચારમાં પડીયાં તોબી તેવણે પોતાની પરીક્ષા અધુરી મુકી નહી. ખાતાં ખાતાં ટેબલ ઉપર વળી તેવણે શરૂ કીધું.

"તમે મુંબઇમાં કોલાબે રેહોછ નહી સુનાબાઈ?"

કોલાબાનું નામ સાંભલી જમશેદના કાન ઉભા થયા.

"હાજી, તમે કોઇ દહારો તાંહ ગીયાંછ કે?"

"અગાઉ ગેઇતી. મારો જમશેદ છેલ્લો તાંહ જઇને સીક પરી ગીયો તોની! મરે, એ આટલો સીક ને મને તો ખબરબી નહી પરી, પારકાંઓને હાથે એની સારવાર થતી જોઇ તમે મારે વાસ્તે શું ધારયું હોશે! પણ હું તે વખતે મારી છોકરીઓ સાથ બહારગામ ગેઇતી ને મને કોઇએ જણાવયુંજ નહી! પણ હવે તો મારે એક વખત જરૂર મુંબઇ જવુંછ! હું મુંબઇ આઉં તાહરે જે લોકોએ તારી અરદાસ્ત લીધી તે લોકને તાંહ મને લઇ જજે હં! જમશેદ, તે લોકનો ઉપકાર મારે માનવોછ!"

ઓ! જમશેદના મનની હાલત કોણ દરશાવી શકશે? તેની મા કેવું સફાઇથી આ બધું બોલતી હતી! તેવણુનો ઠેડવી ઠેડવીને બોલેલો એકક બોલ જમશેદની છાતીમાં કેવો સુઇયાની માફક ભોકાતો હતો તે કોણ જાણતું હતું? મા અને દીકરા બેઉ એકએકને બરાબર પુરાં પડે તેવાં હતાં! જમશેદ કાંઇ બોલ્યો નહી. તેની આંખ્યોમાં સુનાબાઇ આટલીવારા માટેનો ધીકાર ખુલ્લો ચમકતો હતો.

"તે લોક હજુ તાંહજ રેહછ કે?" હમાબાઇએ સુનાબાઇને પુછયું.

"તે લોક કોણ?"

"પેલા લોક, જે લોકે જમશેદની સીકનેસમાં સારવાર કીધી તે?"

"તે બધું મને કાંય પુછોછ? હમાબાઇ?" લુચ્છાં સુનાબાઇએ જમશેદ ગમ નજર ફેંકી પુછયું.

"કારણકે મારી બેન બાનુએ મને કહયું કે કોલાબે જહાં તમે રહેતાતા તે ઓરડો તમે ખાલી કરીને જમશેદને આપ્યોતો! તેને સીક તેજ ઘેરમાં તેજ ઓરડામાં ઉચકી ગીયાતા!"

"હા, તેમ ઉતું ખરૂં!" સુનાબાઇની હાલ ફતેહ હતી. પાંચ વરસની વાત ઉપર જમશેદે તેવણને પડતાં મુકી, હીલ્લાને પસંદ કીધી હતી તેનું વેર લેવાનો સારો દાવ હાથમાં આવયો હતો.

"તે વખતની તમારી એ મેહેરબાનીને સારૂં તમારો ઉપકાર માનવા હું ઇંતેજારજ ઉતી! તે લોક હજુ જીવેછ કે? તાંહજ રેહેછ કે? તે લોકનાં નામ શું છે?" હમાબાઇએ ઉપરાસાપરી સવાલો પુછવા માંડયા.

"હું ધારૂંછ કે બુઢાં જીલુબાઇ ખુચાયા હજુ જીવેછ! હું હવરાં કોલાબે નથી રેહતી પણ મેં સાંભરયુંછ! તેવણની છોકરી હીલ્લા તો પાંચ વરસ થયાં કોણ જાણે કહાં ગેપ થઇ ગેઇછ! તે કોઈ જાણતું નથી!" સુનાબાઇ બાટલીવારા બટાકા લઇને બોલ્યાં.

છેલ્લા બોલો સાંભળી દીનશાહ, જે અત્યાર સુધી મુગો મુગો તે બધી વાત સાંભળતો હતો, તે ચમકયો. સઘળી વાત ખુલ્લી કરી પોતાની માનીતી હીલ્લાને તેના સાસરયાં ઘરમાં મેળવવાને તે તલપી રહયો હતો પણ મુગોજ રહી ગયો, દીનશાહ કરતાં વધારે હમાંબાઇ ચમકયાં. છોકરી ગેપ થઇ ગઇ! તેવણનાં દીલમાં ફાળ પડી. "ગેપ થઇ ગેઇ? શું થયું? તે તમે નહી જાણતાં?"

આવા સીધા સવાલનો સીધો જવાબ દેવા સુનાબાઇની હીમત ચાલી નહી. સામે બેઠેલો જમશેદ મુહ્ મરડતો તેવણ ગમ એકી ટગરે એવા તો તીરસ્કારથી જોતો હતો કે આ હીચકારી ઓરત ધ્રુજવા લાગી. તેવણ અંતે બોલ્યાં "હું ધારૂંછ કે મારા કરતાં જમશેદજી તે બાબદનો વધારે સારો ખુલાસો કરશે! હું તો જમશેદજીને ઓરડા આપ્યા પછી તાંહ ગેઇજ નથી. તે લોકોનું શું થયું તે મારા કરતાં જમશેદજી વધારે કહી શકશે!"

જમશેદજીના ડોળા તો એવા તસતસ થતા હતા કે જો હાથમાં પીસ્તોલ હતે તો સુનાબાઇને ત્યાંના ત્યાંજ લાંબા કરી મુકતે.

"જમશેદ! તે લોકને તેં તે પછી જોયાંતાં કે?" હુમાબાઇએ સીધો સવાલ જમશેદને પુછયો.

જાણે ઉંઘમાંથી તરતનો ઉઠયો હોય તેમ ઝબકીને જમશેદ બોલ્યો "એ તમે લોક કોણની વાત કરોછ?"

"કોઇ જીલુબાઇ-જીલુબાઇ કોન જો?"

દાદીશેઠ ખાનદાનના બાઇ પોતાના વેહવાણનું નામ પણ ભુલી ગયાં હતાં!

"જીલુબાઇ બુચીયા!" સુનાબાઇએ તે નામની યાદ આપી.

"તે માય દીકરા વીશે તું કંઇ જાણેછ કે દીકરા?" દીકરા ગમ ધારી ધારીને જોઇને માયજીએ પુછયું.

"ઓ! તે લોકને વરે પુછોછ? તેવણને મેં તાહર પછી જોયાંબી નથી! મને એટલું યાદ છે કે મેં તે લોકને તે લોકની મેહનતનો પુરતો બદલો આપ્યોછ? ઉપકારનો બદલો મેં પુરેપુરો વાળયો છે, હવે તમે વધારે કંઇ કરી

શકશો નહી!" તે સુનાબાઇ ગમ એક કડી નજર નાંખી કડવાસથી બોલ્યો મતલબ કે "આવો જોઇયે, તમે જીતોછ કે હું!"

આ પછી તે આ બે જણુને વાત કરતાં મુકી દીનશાહ ગમ ફરયો.

"જો મેં શું કહયુંતું?" ખાણું ખલાસ થવા પછી હમાબાઇ પોતાના બેહેનને કહેવા લાગ્યાં "મારો જમશેદ કબી જુઠું બોલે નહી! મેં કેટલું ખુલ્લું કરીને પુછયું તેવું કંઇબી હોતે તો ગભરાઇને છબરડો કરતે! જા મારી તો ખાતરી છે કે એ પરણેલો નથી!"

"મરે હા, મનેબી તેમજ લાગેછ! સુનાબાઇ રાન ટોપ મારતી હોશે!" બાનુબાઇએ જવાબ દીધો.

પ્રકરણ ૩૧ મું.

હીલાનું કાગજ—હા કે ના?

દીનશાહ ગયા પછી હીલ્લા હાથમાં જમશેદનો ટેલીગ્રામ ધરીને બેસી રહી. દીનશાહની સલાહ પ્રમાણે ચાલી, પોતાના વરના હોકમ વગર માયને ત્યાં જવા તે ભલી છોકરીનું જીગર રાજી નહી હતું. ખરૂં ખોટું સમજવાની તેણીનામાં શકતી હતી, પોતાની મરતી માયની આગળ જઇ તેણીની સારવાર કરવાની પોતાની ફરજ સમજતી હતી, તે છતાં ધણીની ઉપરવારી થઇ, તેનો હોકમ તોડી તેને નાફરમાન થવા આ રાંક છોકરીનું હૈયું ના પાડતું હતું. હવે શું કરવું? આઠેક દીવસો તો તેણીએ ભારી અકળામણના પસાર કીધા, તેવામાં મુંબઇથી બીલુનું બીજું કાગજ આવ્યું

જેમાં જીલુબાઇની તબીયત વધારે ખરાબ થતી જવાની ખબર હતી. તેવણુને ચાલુ સખત તાપ આવ્યા કરતી હતી અને તેમાં પુષ્કળ નબળાઈ થઇ ગઇ હતી અને હારટ પણ ઘણુંજ નબળું પડતું જતું હતું, અને ડાકટરોએ બહુ સંભાળ લેવાની તાકીદ કીધી હતી. પીલુએ વધુ લખ્યું હતું કે જીલુ ડોસાં પોતાની દીકરી તથા તેના બચ્ચાંને મલવાનીજ તાહી ધરી બેઠાં હતાં અને કોઇ કોઇ વખત તાવની ઝુંમમાં પણ તેનો તેજ લવારો બકારો કરતાં હતાં. હીલ્લા આ કાગજ મળતાં ઝાર ઝાર રડી. તેને તેજ દહાડે મુંબઈ ઉપડી જવાનું તેણીએ મન કીધું પણ જરા શાંત થતાં વળી તેણીના રૂડા ગુણોએ તેણીને તેમ કરતાં અટકાવી. આહ! આએ જુઠી, ઠગારી, મતલબી દુન્યામાં હીલ્લા દાદીશેઠ જેવી છોકરીઓ કેટલી મળશે? ઘણીએ ના કહયું તો તેની બોહસ ઉપર તે કામ કરનારી ચીબાવલી, ચરકતી, ભેજાંની ફાટેલી, નાદાન છોકરીઓ, નાખ કાપે તો ગાડું ભરાય તેટલી મલી શકશે પણ હીલ્લા જેવી વફાદાર, કહયાસરની અને સમજુ છોકરીઓના કમભાગ્યે તોટાજ છે!

ઘણે વારે હીલ્લાને એક ખ્યાલ આવ્યો. જમશેદનો ટેલીગ્રામ પડેલો હતો તે પાછો વાંચતા તેણીએ જોયું કે પોતાની મા સીક હોવાથી તે કલકતે ગયો હતો. જ્યારે જમશેદ પોતે પોતાની માની માંદગી વીશે સાંભળી તેણીની આગળ દોડી ગયો ત્યારે શું હીલ્લાને તેમ જવાનો હક નહીં હતો? એવી દલીલ લાવી જમશેદ ઉપર એક આજીજીનું કાગજ લખી, પોતાની મરતી માને છેલ્લી એકજ વખત મળવા જવાની રજા મંગાવવાનો તેણીએ ઠડાવ કીધો.

"હા, જરૂર લખું, ને તેવણુનો જવાબ મંગાડ." રાતના નવ વાગ્યા હતા, સરવે માણસો વગેસગે થઈ ગયાં હતાં. તેણી લખવા બેઠી, પહેલાં બીજી ત્રીજી ખબરો લખ્યા બાદ તેણીએ પોતાની અગતયની વાત લખવા માંડી. નહીં આવવાનો તાર મળતાં પોતાને કેવી નાસીપાસી ઉપજી હતી તે જણાવી ઉમેરયું કે "સીક માય તરફની ફરજ અલબતાં ભુલવી નહી જોઇએ, એમજ તમેબી ધારોછની પ્યારા જમશેદ? તમે તે ખબર મલતાં તુરત તાંહ દોરી ગીયા તેજ બતાવેછ કે તમે તમારાં સીક માયની સારવાર કરવાની તમારી "ડયુટી" સમજોછ. તાહરે હવે મારે શું કરવું? મારાંબી માયજી બીચારાં ઘણાં સીક છે, તેવણ તો ડાક્ટરના કહેવા પ્રમાણે મોહતનાં બીછાણા ઉપર છે, મને તેવણ બોલાવે છે, મરવાની અગાઉ ફકત એકજ વખત, છેલ્લી વખત મને ને મારાં બચ્ચાંને મલવા તેવણ તલળેછ! મારો જીવ તાંહ જવા લાગી રહયોછ! નાહલી જરને લઇ જવા તમે નાજ કેહશો તો હું તેને લઇ નહીં જવશ પણ મને તો જવા દેઓ! જે તમે તમારા બાબમાં જરૂરનું વીચારો તે મારા બાબમાંબી થવું જોઇએ. હાલની તમારી અત્રેની ગેરહાજરીમાં તમે મને મુંબઇ મારાં માય આગળ જવાની રજા નહીં આપો? વીચાર કરજો કે તમારી સાથ પરનીછ તે દહારની હું મારાં માયને મળી નથી. લગનને દહારે સહવારના મેં તેવણ બીચારાંને કબુલાત આપીતી કે હું તેવણને ભુલશ નહીં, છોરશ નહીં! પણ તમારી મરજીને તાબે થઇ આટલો વખત તો હૂં રહી પણ હવે તેવણ મરી જશે ને મને સદાનો ઓરતો રહી જશે. મારે બદલે તમે પોતે હોવ તો શું કરો? મરતી માય આગળ છેલ્લી વખત

જાણ્યો કે નહીં ? હું તમને સાચુંજ લખુંછ કે તેવણ મરવાજ સુતાંછ! પ્યારા જમશેદ, હું કાલાવાલા કરીને લખુંછ કે આએ વખત મારી અરજ સાંભલજો ને મને જલદીથીજ હાનો જવાબ લખજો. હું જવાબની રાહ જોતી બેઠી થવશ.”

આ કાગજ લખતાં લખતાં તેણીની આંખોમાંથી ગડગડ આંસુઓ પડતાં હતાં. “ખચીત! ખચીત! આએ કાગજથી તો ધારેલી અસર થવીજ જોઇએ! જમશેદ કાંઇ એટલા સખ્ત દીલના નથી ને જરૂર પીગલશે!” તેણી કાગજ બંધ કરી એડરેસ કરતાં બરબડવા લાગી. કોઇ માણસો તે વખાતે હાજર નહીં હતાં તેથી સહવારના ટપાલમાં નાખવા રેહવા દઈ તેણી પોતાના સુવાના ઓરડામાં ગઇ જયાં નાહની જર પાળણામાં શાંત ઉંઘમાં ઉંઘાયલી હતી. આ સુંદર બચ્ચાં માટે મા અને બાપ બંધે મગરૂર હતાં. તેણીના ચેહરામાં જીલુબાઈ બુચીયા તરફનું સેહજ પણ મલતાપણું જણાતુ ન હતું, તેણી દેખાવમાં અને જરા રતી સ્વભાવ અને મગરૂરીમાં પકકી દાદીશેઠ હતી અને તેથી તેણીના બાપનો અતીશે પ્યાર હતો. આ બાળકને ધીમેથી એક પ્યાર ભરી ચુમી લઈ હીલ્લા સુતી ખરી પણ કાગજનો શું જવાબ આવશે, જમશેદ તેણીને રજા આપશે કે નહી તેના અંદેશામાંજ સારી રાત પસાર કીધી. સહવારના નાહની જરને સાથે લઇ તેણી કાગજ પોસ્ટ કરવા પગે ચાલતી નીકલી. બે ચાર બંગલા મુકયા પછી એક નાહના બંગલા આગળ સામનનાં ગાડાંઓ ખાલી થતાં હીલ્લાએ જોયાં. ડાકટર ડોસાભાઇની નાજાં પરણીને પોતાના વર સાથ ત્યાં રેહવા આવવાની

હતી તે તેણીએ જમશેદના કાગજપરથી જાણ્યું હતું તેમજ તે ચીબાવલી છોકરી સાથે જાઝી દોસ્તી નહી કરવાની ચેતવણી પણ મલી ચુકી હતી. જરા આગળ ચાલતાં એક ગ્રહસ્થ તથા બાનું સામા મળ્યાં. તે બાઇને હીલ્લાએ નાજાં દાખલ ઓળખી પણ તે જરને લઇને આગળ ચાલી ગઈ. નાજાંને પણ ઘણું વારે ધ્યાન આવ્યું "અરે નસલી, નસલી આએ તો હીલ્લા બુચીયા છે!" તે પાછું ફરીને જોતાં બોલી ઉઠી.

"હીલ્લા બુચીયા! તે કોણ?"

"પેલી કોલાબે અમારી પાસે જીલુબાઇ બુચીયા રેહતીતી તેની છોકરી! જમશેદ દાદીશેઠ સાથ પની ગેઇ તે!"

નસરવાનજીબા પણ ખુબસુરત ચેહરાના વખાણનાર હતા! તેવણે પાછું ફરીને હીલ્લા તરફ જોયું. "કોણ પેલા જમશેદ દાદીશેઠ! તેની સાથે તો મને સેહજસાહજ ઓરખાણ છે! શું તે આએ છોકરી સાથ પન્યોછ?"

"હા, બાવા તો કેહછ! તેવણ લગનમાંખી ગીયાતા! પણ તમે કોઇ આગળ બોલતા ના જો. બાવાએ એ વાત ઘણીજ ખાનગી રાખવા કેહીછ!"

"જમશેદ મને પોરા દહારાની વાતપરજ મલ્યોતો! મારી સાથ કેટલી વાત કીધી પન પોતાના લગનની તો કંઇ વાત કીધી નહી!"

"નહીંજ તો! પોતાના લગન છુપાંજ રાખ્યાંછ! પોતાના કરતાં ઉતરતાં કુટુંબની છોકરી સાથ પનયાછ તે શરમ લાગેછ! એની માય તો લોકોને પૈસા લઇને રાંધી ખવારેછ!"

નાજાં બઈરાં જાતની અદેખાઇથી ખાલી ન હતી. પોતે એક ડાકટરની છોકરીને બસો રૂપ્યા કમાતા ડાકટર સાથ પરણવું પડયું જ્યારે આવી એક ગરીબની છોકરી લખો રૂપ્યાના દાદીશેઠના દીકરા સાથ પરણી ગઇ એ જુલમ નહીં તો બીજું શું?

"અરે એ જમશેદ એવો તો મગરૂર ને તુમાખી છે? કોઇબી છોકરી એની સાથ પનવા માગેજ નહી! એ તો બીચારી હીલ્લા દલદેસરીમાંથી છુટવા પની ગેઇ!"

દરાખ ખાટ્ટી છે! નવાજબાઇ મસાની! દરાખ ઘણીજ ખાટ્ટી છે!!

"એવણુ કાકા હવરાં મુંબઇમાં ને મુંબઇમાંજ પરયા પાંઠરયા રહેછ તે પરથીજ અમે બધા ધારતાતા કે કંઇબી બેંચાણ હોશેજ!"

"મરે એ લોક કાંહ રહેતાં હોશે? અહીં વાંદરેજ રહેછ તે તો હું જાણુંછ! ઉભા રેહો આએ ટપાલવારો જાયછ તેને પુછું! એઇ સીપાઈ દાદા જરા ઉભા રહેવ! ઇકરે જમશેદજી દાદીશેઠ કુઠે રેહેતે તે તુમાલા ખબર હય?" નાજાં ટપાલવાળાના હાથમાં એક પાવલી મુકી બોલી.

"જમશેદજી દાદીશેઠ! હોઇ બાઇ તે તો ઇકડે "રોઝ વીલા" બંગલા મદી રાહતો!"

સીપાઇ ગયા પછી નાજાં હરખાઇને બોલી "રોઝ વીલા! તે તો આપરી પાસેનો તીજોજ બંગલો, નસલી! વાહ કેવી મજાહ! શું સંજોગ! આપરે મલવા જઇશું કે?"

"અલબતાં નહી! આપરે શાના મળવા જઇએ? તે તો દેખઈતી રીતે આપુને ઉડાવવા માંગેછ. ગરજ હોશે તો આવશે! એને મેં ખુલ્લું કહયુતું કે અમે વાંદરે બંગલો લીધોછ તોબી એવો લુચ્છો છે કે મને એક બોલ કહયો નહી."

"નહીં કહયું તો આછી પીગ! હું કંઈ એ હીલ્લાંને મારી "ટી પારટી" ઓમાં બોલાવવાનીજ નથી! આજે દાદીશેઠને તાંહ પત્ની તેથી શું થયું? એ છોકરી કોણની તે કેમ હું ભુલી જાઉં?"

"ચાલ લાહેરી ના કર! નાજાં! છોકરી કોણની તે સાથ આપને શું કામ છે? આવી ખુબસુરત છોકરી છે ને જમશેદ તદન ગધેરો છે! તેને દુનયામાં આગળ પારતાં શરમાયછ શાનો! કોઇનીબી બાજુ શોભાવે તેવી છોકરી છે!"

નવાજબાઇએ જોયું કે નસરવાનજીબાને ખેંચી ધરવાની જરૂર હતી. તેવણે એક ચમટો હાથની બાજુમાં અમરાવ્યો અને રોહસાંમાં બોલ્યાં.

"ચાલો, નસરવાનજી હવે સીધા સીધા સામ્બુ જોઇને ચાલો! પારકાં બઇરાંઓ ઉપર એમ આરી તીરી નજર નહીં દોરાવ્યે!"

હીલ્લાને માટે આ બધી વાત ચાલતી હતી પણ તે બીચારી પોતાનાજ વીચારોમાં લીન થઇ આગળ વધતી હતી. ટપાલના થાંભલા આગળ જઈ તેણીએ જર પાસે તે કાગજ અંદર નખાવ્યું અને આશાવંત દીલે પાછી પોતાને બંગલે ફરી. તે પોતાનીજ જંજાળોમાં એટલી રોકાયલી હતી કે નાજાં તથા તેણીના વરની હસ્તીબી ભુલી ગઇ. કાગજનો શું જવાબ આવશે તેનીજ ચટાપટીમાં હાલ તુરત તો તેણી હતી.

"ઓ ખોદા! શું જવાબ આવશે? શું જવાબ લખશે? હા કે ના? હા કે ના?"

પ્રકરણ ૩૨ મું.

છેલ્લે પાટલે!

એમ કાંય હશે કે આપણે પોતે ફફડેલાં ચટકેલાં હોઇએ છીયે ત્યારે વધારે ને વધારેજ ફફડવાનાં કારણો ઉપરાસાપરી મળયાં જાય છે? એમ કાંય હશે કે આપણે પોતે ખુશાલ "મુડ"માં હોતા નથી ત્યારે આપણને સઘળુંજ આડું દીસે છે અને સારી દુન્યા સાથ "બચકાં બાંધવા" માગયે છીયે? જમશેદ દાદીશેઠની હાલત તેવીજ હતી. ખાણાંની ટેબલ ઉપરથી તે ફફડેલો ચટકેલો ઉઠયો. તેના માયજીએ તેને આડાતીડા કઢંગા સવાલો પુછીને બેજાર કીધો હતો, સુનાબાઇ બાટલીવાળાએ હાથે કરીને જાણી જોઇને તેને ઉશકેરવા જીલુબાઇનું નામ વચમાં લાવી તેનો રીત્તો ઉછળાવી મુકયો હતો. તે પોતાનાં માયજી ઉપર જેટલો ગુસ્સે થયો હતો તેના કરતાં દશગણો વધારે સુનાબાઇ ઉપર અને દશ હજારગણો વધારે ગરીબ બીચારાં જીલુડોસાં ઉપર થયો હતો. આ જીલુડોસાં જમશેદને મનથી દુનયાનું એક મોટામાં મોટું "નયુસંસ" હતું. પોતાની બધી રીતની સુખી જીંદગીમાં આ જીલુડોસાંને તે એક મોટાંમાં મોટી નહી દુર થઇ શકે તેવી નડતર સમજતો હતો. આ ઘરડી ડોસી જો વચમાં નહી હતે તો તે પોતાની ધણીયાણીને પોતાના કુટુંબમાં દાખલ કરી શકતે, આ બઇરી જો તેની સાસુ નહી હતે તો તે હીલ્લાને વગર શરમાવે પોતાની સોસાયટીમાં ફેરવી શકતે એમ તે માનતો હતો. દુનયાનો કાયદો એવોજ છે! આ દોરંગી દુનયાના ઢંગ એવાજ છે! ઘણે લાંબે વખતે પોતાના સાસુનું

અણુગમતું નામ સાંભળી આ માલેતોઝાર જમાઈનું મગરૂર લોહી ઉછાળો મારી રહયું હતું! ખાણું ખલાસ થયા પછી તે દીનશાહ સાથ એખલો લાઈબ્રેરીમાં બેસી તેજ બખાળા કહાડતો હતો. તે આવો ધુખરાયલો બેઠો હતો તેવામાં કમનસીબે માણસે આવી તેના હાથમાં હીલ્લાનું કાગજ મુકયું, કે જેમાં પોતાની મરતી મા આગળ જવાની આજીજી તેણીએ કીધી હતી.

દીનશાહ ઉઠીને પોતાના ઓરડામાં સુવા ચાલી ગયો. જમશેદે ઝડપમાં કાગજ ઉઘાડયું. તે પોતાના ઘરની, ધણીયાણીની તેમજ દીકરીની ખબર અંતર જાણવા આતુર હતો. આખું કાગજ પુરૂં થયું. આગમાં તેલ નખાયું! દાંતો કચકચાવી, ટેબલ ઉપર હાથ અફાળી તેણે તે કાગજ પોતાના હાથમાં મરડી મચડી નાખ્યું.

"માય આગળ જાય? કદી નહી, કબી નહી! મારો જીવ જાય તોબી નહી! મરવા સુતીછ? મરવા દે! જેમ જલદી જાય તેમ બેહતર! દુનયામાંનું પાપ ઓછું થશે!"

સુવા જવાની અગાઉ તેણે જવાબ લખી કહાડયો આખું કાગજ બીજી ત્રીજી એલારપેલારની ખબરો તથા વાતોથી ભરયા પછી હીલ્લાની કાકલુદીનો જવાબ ફકત નીચલી ચાર લાઈનમાં તેણે કાગજને છેડે લખ્યો.

"તારી અરજ મેં વાંચીછ. દલગીર છેઉં કે હું રજા આપી શકતો નથી. તારી પહેલી ફરજ હાલ તારાં બચ્ચાં તરફની છે, કે જેને નોકરીની બેદરકારી ઉપર નાંખી તું જઈ શકે નહીં. મહેરબાની કરી, તદન નહીં બને તેવું સમજી, એ વીચાર તારા મગજમાંથી એકદમ દુર કરી નાંખજે!"

બસ! બીજો એક બોલ વધારે નહીં!

તેણીનો ટળવળતાં જીગરમાંથી નીકળેલી ફરીયાદનો કેવો ટુંકો પણ ટેચ જવાબ! ત્રીજે દીને જ્યારે તે કાગળ તેણીને મળ્યું ત્યારે અરે! કેવી ધ્રુજતી આંગળીઓથી તેણીએ ઉઘાડ્યું! કેવી આતુર અને આશાવંત આંખોથી તેણીએ તે કાગળમાં ચાર પડો વાંચ્યો અને બહુજ અધીરાઇથી તેણીએ તે કાગળ પુરૂં કરી છેલ્લી તે અગેલની ચાર લાઇને વાંચી ત્યારે અરે પરવરદાર! તેણીની નાસીપાસી કોણ ચીતારી શકશે? તેણીની છાતીમાં ઉછળતી ઉથલપાથલ લાગણીઓનો ખ્યાલ કોણ કરી શકશે? અરે, જાલમી, સખ્ત દીલના ભરથાર! અરે ગુમાની, અકલચટા, નાકદર માણસ! તારી ગોલાબ જેવી, રાંક, મુંગે મોહડે તાબેદાર ધણીઆણી આવા સંજોગો વચ્ચે જો તારા હુકમનો અનાદર કરે તો તેમાં તું કોણનો વાંક જોશે! બચીતંજ તારો! બેશક, હજાર દસ હજાર વખત તારો કસુર ગણાશે!

હીલ્લાની આંખમાંથી ગડગડ આંસુઓ ખરી પડયાં અને ખુરસીના હાથા ઉપર માથું ટેકવી તેણી ચીરાયલાં જીગરથી નીસાસાપર નીસાસા નાખવા લાગી. શું કરવું તે તેણીને સુઝ પડતું ન હતું. ઘડીમાં તેજ દહાડે પેટી પેક કરી ઉપડી જવાનું મન કરતી તો બીજે મીનીટે તેણી ડગમગી જતી. જમશેદની આવી ગેરઇનસાફીથી, ઘાતકીપણાંથી તેણીનો પ્યાર સદંતર ઉડી ગયો.

બીજા ત્રણ દહાડા આવી ડામાડોળ સ્થીતીમાં નીકળી ગયા. તેણી ઘણીજ બેચેન બની ગઇ, અવારનવાર એકલી એકલી રડતાં આંખનાં પોપચાં સુજી આવ્યાં અને હાલહવાલ થઇ ગઇ. તે ધારા પ્રમાણે રોજ જમશેદ ઉપર કાગળ લખતી. તે કાગળોમાંથી આગળનો પ્યાર ભર્યો જુસ્સો

નીકળી ગયો હતો. પ્યારના મીઠા બોલો તથા ભાશા ગેરહાજર હતાં. તે ફક્ત ટુકમાં પોતાનાં બચ્ચાંની ખબર અંતર લખતી. પોતા વીશે એક બોલ પણ લખવાની કાળજી રાખતી ન હતી.

આવી તેણીની બેચેની અને ગમગીની તેણીનાં ભલાં પાડોશી ધનબાઇજી માદનનું ધ્યાન નહી ખેંચે એ કેમ બને? તેવણ પામી ગયાં કે કંઇબી મજબુત કારણ હતું ખરૂંજ. તેવણ અવારનવાર હીલ્લા આગળ આવતાં અને હીલ્લાને ઘણીજ ઉદાસ જોતાં, પણ તેણીએ મન ખોલીને ફરબ વાત તેવણને કહી નહી, પોતાની મુશકેલી તેવણને જણાવી નહી ત્યારે આ માયાળુ દીલનાં બાઇએ પોતાના વર બેહેરામજી આગળ વાત કીધી.

"ઓ વાય! બેહેરામજી, તમેબી શું ચોપડાઓ સાથ હાન્યા કરોછ? જરા પેલી છોકરીને જોવની!"

વરસાદના દહાડા હતા એટલે ડાકટર એક જુનો ગરમ ડગલો પેહેડી ઇઝીચેર ઉપર ફરાગાત વાંચતા બેઠા હતા. ધણીઆણીનો ધડાકો સમજી તેવણે ડોકું ઉંચકયું "વરી શું છે? છોકરી કોણ?"

"કોણ વરી? પેલી હીલ્લુજ તો! બધી હાલહવાલ થઇ ગેઇછ ને તમે તો કંઇ જોતાજ નથી?"

"હાલહવાલ? મને તો તેવું કંઈ નહી લાગતું!" તેવણ ચોપડી બાજુ મુકી આંખપરથી ચશમો કહાડી બોલ્યા "શું છે શું?"

"તે હું શું જાણું? કંઈ ઘસીને બોલતી હોય તો કેની? મને તો લાગેછ કે કંઇ વરની પંચાતી છે! તે ઘણો

દાબાબરયો છે! આજે કેટલા કેટલા મહીના થયા તેને એખલીં મુકીને દોરતો ફરેછ! ને તે બીચારી તદન બરાપો કરીને ઝુરેછ!"

"એમ કે? ચાલ હું જઇને મળી આઉં!" આટલું બોલી ડાક્ટરે ચાલવા માંડયું.

"અરે પણ જરા ડગલો તો બદલો! એ કહાં ચાલ્યા?"

"ડગલો! અરે ચાલરે! એને શું થયું? આજેજ કબટમાંથી કહાડીને સવારે પેહેરીયોને!" ડાક્ટર તે ડગલો, જેની બાંહે ફક્ત ચાર આંગળજ ટુકી પડી ગઇ હતી અને આગલા ભાગ ઉપર ટુવાએ ફક્ત બેજ આંધરાં પાડયાં હતાં, તે તપાસીને બોલ્યા.

"જાઓ, જાઓ તમારી આઇબાઇના સીના ના સેરવો! મુવો અખંતર જેવો ટુકો ટચક જેવો ડગલો પહેરીને જતાં શરમબી નહી લાગતી કે? કહારો, કહારો દીલમાંથી ને બાયને આપી દેઓ! ને બીજા નવા ડગલા સીવરાવો!"

"ઉંહ! નવો ડગલો! એને શું કુતરાએ કડયો? એવી અકરીકટ મને નહી ગમે! મને બધાં ઓરખેછ! કંઇ નવાં કપડાંથી નથી ઓરખાવાનો. આવો મજાહનો ડગલો છે! જો જવા દે, વરી. બદલવાની ઘણી આળસ લાગેછ!"

"નહી, કહાડો દીલમાંથી! મુવા ખાંડી ખાંડીના કબટો ભરીને કપરાં છે ને હાથે કરીને એવા એબદસા જેવા ફરોછ! લાવો હું કહારી આપું!"

ધણીઆણીએ ખેંચી તાણીને ડગલો દીલમાંથી કહાડયો અને નવો પહેડાવી તઇયાર કીધા.

"મેરા રાખીને બલામંદર પુછ્યું છું! હું જો આવત પણ મ જનુમ લઈ તો મને બોલીને બોલશે નહી.'

ડાકટરે હીલ્લાને ત્યાં જઈ બારણું ઠોકયું ત્યારે બપોરના બાર વાગ્યા હતા. થોડે વારે હીલ્લા લડડતી પડડતી મોટાં જેવી લાલ આંખ્યો સાથે ત્યાં આવી. ઘણુ દહાડે તેણીનો આ અવતાર જોઇ ડાકટર ખરેખર ગભરાયા. તેણીનો હાથ પોતાના હાથમાં લઇ તેવણે માયાથી પુછયું "શું છે! હીલ્લા? તુંને શું છે?"

પોતાનું દુઃખ રડવા હીલ્લા પોતે ચાલી ચલાવીને કોઇને ત્યાં કદી જતે નહી પણ આવા માયાળુ ખરેખરા કદરદાન અને સાચા ફ્રેંન્ડ જયારે પોતે પુછવા આવી ચહડીયા ત્યારે હીલ્લાથી વધુ વાર તામોશ થયું નહી. તે જવાબ આપ્યા વગર ધસો ધસ રડી પડી.

"અરે, અરે, હીલ્લા શું છે? એમ કાંય કરેછ? બોલ, ખુલાસાથી બોલ! તારૂં જે દુઃખ હોય, તારી જે મુશકેલી હોય તે મને હીમતથી ખુલ્લાં દીલથી કહે! બીહ ના મારેથી બનતી મદદ તુંને આપશ. સારીજ સલાહ આપશ!"

"ઓ, તમે કેવા ભલા છેઓ! કેવા મેહેરબાન છેઓ! ઓ ડાકટર હું ખરેખર મુશકેલીમાં છેઉં! મારી વાત સાંભળો ને મને સલાહ આપો!" આ પછી હીલ્લાએ રડતાં રડતાં પોતાની મુશકેલીની વાત કહી. ડાકટર તેણીની વાત સાંભળી ઘણાજ દુઃખી થયા. જમશેદને માટે, તેની ચાલ માટે તેવણુને ઘણોજ ધીક્કાર પેદા થયો. "દીકરા ખચીત તારૂં પોઝીશન ઘણુંજ કઠંણું છે પણ લે તું મારી સલાહ—"

"હા, હા, ડાકટર" હીલ્લા તેવણુના બેહુ હાથ પકડી આજીજીથી બોલી "હા. મને તમારી સલાહની ઘણીજ જરૂર છે. મારે શું કરવું તે મને કેહો."

“તાહરે તો મારી સાથે આવવું જોઇએ કે તારે વાગં આવાજથી મારૂં આગળ જવું! આવતામાં તારો દૂર વાસ્તુ થશે, મારા તેનો ભેજામાં હું સાથે સુદ્ધાં! ને પીઠનું સાંભળ, જો મારી એ સલાહ પ્રમાણે ચાલવાથી તું તે કંઇ આફત પડે, કંઇપણ અગવડમાં ઉતરવું પડે, કંઇપણ મુશ્કેલી આવી પડે તો યાદ રાખજે કે મારૂં ઘેર તારે માટે ખુલ્લું છે! હું મારી તરફથી ને મારાં ધણીયાણી તરફથી કહુંછ કે મારૂં ઘેર તે તારૂં જ સમજજે!”

“અરે ડાક્ટર, તમે કેવા ભલા છો! તમારો ઉપકાર હું કેમ વાળશ! પણ મારૂં બચ્ચું—મારી જર—”

“તારા બેબીને ગમે તો મારાં વાઇફ આગળ મુકી જા.”

ઊલ્લાએ ડોકું ધુણાવ્યું “નહી તેને એકલી મુકી જાઉં તે જમશેદને મુદલ ગમે નહીં. હું એને મારી સાથ લઇ જવા માંગુછ, મારાં માયજી એને જોવા માંગેછ.”

“ઠીક તાહરે લઇ જા. તારી ગેરહાજરીમાં મારી ધન તારૂં ઘેર તપાસશે. તેની તું ફીકર કરવી ના.”

હજી હીલ્લા ધ્રુજપજુ હતી. હજીપણ આ કાકરી છોકરી ધણીના હુકમ ઉપરાંત આ પગલું ભરવા ડગમગતી હતી. તેણી કાંઇ જવાબ દે તે અગાઉ બારણું ઉઘાડી આયા આમીના અંદર આવી. “બાઇ કોઇ બૈરાં તમુને મળવા આયાંસ.”

“બૈરાં? તે વળી કોણ હોશે! વારૂં જા, તેવણને અહીં મોકલ! ડાક્ટર તમે જરા થોભજો હું! મારે નકી ગોઠવણ તમારી સાથ કરવાની છે.”

થોડે વારે આપણી ચવીત્રી ફ્રેન્ડ નાજાં ત્યાં દાખલ થઇ. હીલ્લા તેણીને જોઇને ફીકી પડી ગઇ કેમજે એ લપ-લંપખોરી છોકરી સાથ વધુ સબંધમાં નહીં આવવાનો જંમશેદનો હુકમ હતો, પણ તોબી તેણીએ હાથ લાંબો કરી શેકહેંડ કીધી. "તમે મને ઓરખોછ કે? હીલ્લા? હું મીસીસ મસાની, તમારા મુંબઇના ડાકટર ડોસાભાઇની છોકરી નાજાં!"

"ઓહો! હું તમુંને જોઇને ઘણી ખુશી થઇછ." હીલ્લાએ નરમાશથી જવાબ દીધો પણ આ મુલાકાતનો સંસારો જમશેદના કાનપર પડતાં શું પરીણામ આવે તે ખ્યાલથી તેણી અંદરખાનેથી ધ્રુજતી હતી.

"જોકે આએ મારી પેહેલીજ મુલાકાત છે પણ મને એક નાખુશ ખબર લાવવાની ફરજ પરીછ તેથી ઘણી દલગીર છેઉં!" નાજાં બોલી અને તે નાખુશ ખબર કહેવાને બદલે ડાકટરને ટીકવા પડી.

"કંઇ ફીકર નહીં એવણ મારા ફ્રેંડ છે. તમે જે હોય તે બોલી દેઓ! શું ખબર છે? મારાં માયજીને સારૂં કાંઇ છે? શું તેવણ ગુજરી ગીયાં?" હીલ્લા ડડડડ ધ્રુજતી પુછવા લાગી.

"નહીં ગુજરી નથી ગીયાં! તમે ગભરાઓ ના! મારા બાવાજી તરફથી એક ટેલીગ્રામ મને મલ્યોછ. તેવણ જાણેછ કે હું અહીં તમારી પાસે રેહુંછ તેથી તેવણે મારીપર તાર કીધોછ!"

"શું તાર છે?"

નાજાંએ તાર ગજવામાંથી કહાડયો અને હીલ્લાને વાંચી સંભળાવ્યો જેની મતલબ નાચે પ્રમાણે હતી:—

"કંઈબી કરીને હીલ્લાને મલજો. તેને કહેજો કે તેના માય હવે ઘણા દહાડા જીવશે નહી. તેવણ હીલ્લાને મળવા માગ્યા કરેછ. હીલ્લાને મારી તરફથીબી કહેજો કે જેમ બને તેમ જલદી આવે!"

હીલ્લાની આંખે અંધારા આવી ગયાં. તેણીએ એક હાથે ખુરસી પકડી અને બીજા હાથ આંખ્યોપર મુકયો. બીજી મીનીટે તે હુશયાર થઇ. "બસ હવરાં સુધી હું ધચુપચુ ઉતી પણ આએ તારે મારો વીચાર મક્કમ કીધોછ! હું બીજી એક મીનીટ હવે ખોવાની નથી. હું જાઉંછ! ચાલો નવાજબાઇ, મને માફ કરજો. તમે આએ તસ્દી લીધીછ તે સારૂં તમારો ઉપકાર માનુછ. સાહબજી."

નાજાં ગયા પછી ડાકટર પણ જવા ઉઠયા "તું જલદીથી તારી તઇયારી કર! હું ને મારી ધન બેહુ જણ થોડા વખતમાં પાછાં અહીં આવયેછ ને તારી સાથ સ્ટેશનપર આવી તુને ટરેનમાં બરાબર ગોઠવી આપશું. સાહેબજી."

પ્રકરણ ૩૩ મું.

મા દીકરાંનો મેળાપ!

ડાકટર ગયા પછી હીલ્લાએ ઝડપમાં પેટીઓ પેક કરવા માંડી. તેમજ નાની જરનાં કપડાં પેક કરવાનો હુકમ અમીનાને આપ્યો. બાઇનાં ભેજાંમાં એકદમ કેમ વારૂં આવ્યું તે નીમકહલાલ આયા સમજી શકી નાહી. તે ગુંચ-વાઇને બાઇ ગમ જોવા લાગી.

"જોયા ના કર અમીના, જલધીથી બધું તઇયાર કર! ચાર વાગાની ટરેનમાં જવાનું છે. ઘણા અગતનાં કામસર જવાનું છે!"

આગબોટનો ધમધમાટ! બાજુના બજારનો બંધ સમજી ઘણી નહી. પણ બાજુના ડ્રાયવર કોકેય લિપટથી આ ભાડાઆર આવાક ઓપ્યો સમજી કે કાંઈ નાખશે બનાવના પાણી આ મુસાફરી ઉભી થઈ હતી. તેણીએ ઝડપમાં થોડું તકરાર કીધું. ઘરના બીજા માણસો તેમજ આજુબાજુનાઓ તેણી ક્યાં જતાં હતાં તે માટે પૂછપરછ કરવા લાગ્યાં, પણ તે કોઈની ધમકીથી નરમ પાડવાની ઈચ્છા રાખી લીધી નહી. ડાક્ટર અને તેમનાં ધણીઆણી આવી લાગ્યાં. પોતાના ઘરનો તેમજ નોકરોનો ચારજ ધનબાઈજીને સોંપી તેઓ સરવે સ્ટેશનપર ગયાં. જર બહુજ ખુશીમાં હતી, "મમ્મીજી" ને મળવા તેણી આગગાડીમાં જતી હતી. તેમજ તેણીની આંખે જે સઘળું નવું નવું નજરે પડતું હતું તેથી તે બચ્ચું બહાર ખુશાલ હતું, સ્ટેશન ઉપર પહોંચતાં ડાક્ટરે ફરસ્ટ ક્લાસની ટીકીટો લઈ હીલ્લાને સેકંડ ક્લાસમાં બરાબર બેસાડી

ઘંટ વાગ્યો અને ટ્રેન ઉપડવાની તઈયારીમાં હતી. ડાક્ટર બારીમાં ડોકું ઘાલી હળવેથી હીલ્લાને કહ્યું. "કંઈબી મુશ્કેલી પડે તો અમારે ત્યાં આવવાની પ્રામીસ ભુલતી ના."

"હા, દીકરા" ધનબાઈજી બોલ્યાં "યાદ રાખજે. મારું ઘેર સદાનું તારુંજ સમજજે. ખોદા તેવું કામ પાડે નહિં પણ તારી કબુલાત ભુલતી ના."

હીલ્લાની આંખમાં પાણી આવી ગયાં. આ ભલાં જોડાંની મહેરબાનીની માટે ઉપકાર માને તે અગાઉ ટ્રેન ઉપડી ગઈ.

સારાં નસીબે હીલ્લા પોતાના ક્લાસમાં એકલીજ હતી. જર તો આયા અમીનાના ખોળા ઉપર બેસી બારીની બહારનો દેખાવ જોતી હતી, એટલે હીલ્લા પોતાના ખુણામાં એકલી બેસી વમાસણ કરવા લાગી. સહવારથી ગરબડ અને

ધાંધલમાં તેણીને વીચાર કરવાનો વખત મળ્યો ન હતો પણ હવે ગાડીમાં એકલી પડતાં તેણીના મગજમાંથી તરેહવાર વીચારો પસાર થઈ ગયા. જમશેદના હુકમ ઉપરાંત તેણીએ આજે આ પગલું ભર્યું હતું. તેની સખ્ત મનાઈ છતાં તેનાં બચ્ચાંને તે લઈ જતી હતી. તેણીએ છેલ્લા બે ચાર દીવસો થયા જમશેદ ઉપર કાગળ પણ લખ્યુ ન હતું. વાદરૂં છોડી પોતાની મા આગળ જવાની આશાએ તે બાબદ લખવાની તેણીની હીંમત ચાલી ન હતી અને મામજી આગળ જઈ પુછયા પુછી તે વીશે જમશેદને લખી જણાવવાની હીલ્લાની ધારણા હતી. તે કાગજ મળવા પછીના જમશે-દના ગુસ્સાનો ખ્યાલ આવતાંજ તેણી થડથડ કાંપવા લાગી, તેમજ તેણીની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં.

"મમા, મમા, શું છે? તમે લલોત તાંય?" પોતાની માતાને રડતાં જોઈ બુચી જર આયાના ખોળા ઉપરથી ઉતરી મમા આગળ આવી તેણીનાં ગળાં ઉપર હાથ વીંટાળીને પુછવા લાગી.

હીલ્લા જવાબ આપવાને બદલે તે બચ્ચાંને પાસામાં ચાંપી વધારેજ રડવા લાગી. ઓ! તેણીની નાફરમાની માટે શીક્ષા કરવા જમશેદ તે બચ્ચાંને તેણીની પાસથી છીણવી લે તો? તેણીના એકના એક પ્યારાં બચ્ચાંને પોતાની પાસે નહી રહેવા દે તો! જાણે તેણીના હાથમાંથી કોઈ તે બચ્ચાંને હવડાંજ છીણવી જતું હોય તેમ હીલ્લા જરને ચાંપીને પકડી રહી. જર પણ માતાની ગોદમાં નચીંત ઉંઘવા પડી. સામી બેઠેલી આમીના આ તમાસો ગુપચુપ બેસીને જોયા કરતી હતી. પોતાની બીહાઈજીનો ઉદાસ રડતો ચેહરો જોઈ તેણી પામી ગઈ કે આજની મુસાફરી કાંઈ કારણજ નાસ્હથી

સંજોગો વચ્ચે ઉભી થઇ હતી. આ વફાદાર નોકર પોતાની માનીતી બાઇની મુશ્કેલીઓ તથા દલગીરીનાં કારણો સમજવા લાગી હતી. હીલ્લા અવારનવાર પોતાના કાગળો તથા મનીઓરડરો અમીના મારફતે ટપાલમાં મોકલતી હતી એટલે જીલુબાઇ ખુરચીયાનું નામ તેણીને અણજાણ્યું ન હતું, જોકે આ જીલુબાઈ સાથે પોતાની બાઇને શી રીતનો સંબંધ હતો તે અમીના હજી જાણતી ન હતી.

તેઓ સાંજે સાડાપાંચ વાગે કોલાબાંના સ્ટેશન ઉપર ઉતરયાં અને સીધાં જીલુડોસાંને ત્યાં નહી જતાં એક હોટલમાં ઉતારો લીધો.

"અમીના, જોની હવરાં હું એક બાઇ ઘણું સીક છે તેવણ આગળ જાઉંછ. તું બેબીને લઇને અહીંજ રેહજે ને તેને જીવની કાની સંભાળજે." હોટલનો એક હવાવાળો ઓરડો લઇ તેમાં ગોઠવાયા પછી હીલ્લા બોલી, "તું જરને જમારજે ને પછી પોહરાવી દેજે, કદાચ મને આખી રાત તાંહ રોકાવું પરશે."

"પણ બાઇ, હુંબી આઉંની! બેબીને લઇ જાઓની."

"નહી અમીના, તે બાઇ ઘણુંજ સીક છે તેથી હવરાં રાત પરી હું બેબીને તાંહ લઇ જવા નથી માંગતી. તેવણ જો જરા ઠીક હોશે તો કાલે સહવારના હું એને મારી સાથ તાંહ લઇ જવશ. હવરા તો તું એને સંભાળજે. મને તારી ઉપર પુરતો વીસવાસ છે."

"બાઇ તમે નચીંતે જાઓ. હુ બેબીને વીહલી નહી મુકસ."

"મમા મમા તમે તાં ધાઓ ?" જર હીલ્લાને ગળે વળગી પુછવા લાગી.

"કોઇ સીક છે તાંહ હું જાઉંછ દીકરા."

"જો હું આઉં? માયથી હું બી આઉં? મને લઇ ધાઓ?"

"નહીં દીકરી હવરાં નહી, તું હવરાં તો પોહરી જા. કાલે હું તુંને લઇ જવશ."

જર પોતાની માને છોડતાં છોડે નહી. હીલ્લા પણ તેણીને કોટી કરીને ધસાધસ રડવા લાગી. પોતાના શરીરમાંથી એક ગોસ્તનો ટુકડો કાપીને ફેંકી દેતાં જે દુઃખ થાય તેવીજ રીતનાં દુઃખથી જલતાં જીગરે તેણીએ તે બચ્ચાંને જમીન ઉપર મુકયું અને અમીનાને સોંપી તેણી પોતાની માતાને ત્યાં જવા નીકળી. ભાડેની ગાડામાં દસ મીનીટમાં તેણી પોતાના તે જુના ઘર આગળ આવી પુગી અને ઓટલા ઉપરનું બારણું થોકયું, જે પાસેના નાહાલીબાઇ દુબાશે આવીને ઉઘાડયું.

"ઓ? કોણ, હીલ્લા? તું વાંકી વરેરે? આખરે આવી કે? તારાં માય બોલ બોલ કરયા કરેછની! જલદી આવીયે કેની?"

"મારેથી જલદી અવાયું નહી. શું કરૂં? મારા માયજી કાંહ છે?"

"ઉપર છે. પેલા જમશેદજી દાદીશેઠ ઉતરયાતાની તે ઓરડામાં તેવણને રાખ્યાંછ. મારી પીલુ તેવણ આગળ છે. તું તો ગેઇ તે પાંચ વરસ સુધી મોહનુંજ નહી દેખારયું! મારી પીલુ આગળ નહી હોતે તો તારાં માય શું કરતે?"

"તેવણ હવરાં કેમ છે?"

"જીલુડોસાંના બેજાંપર કંઇ ભાર છે" નહાલીડોસાંએ ખબર આપી: તેવણ તુંનેજ મલવા માંગેછ ને તુંનેજ કાંઇ

વાત કેહવા માંગેછ! કંઈ અગતની ખાનગી વાત તુને કેહવા માંગેછ! ડાક્તરે, મેં, પીલુએ એવણને સમજાવીને ઘણું કહયું કે જે કેહવાનું હોય તે અમુને કેહો. જો હિલ્લા વખતસર નહી આવે તો એમ કહીશું પણ નહી તેવણ માનતાંજ નથી."

"તેવણ મને શું કહેવા માગેછ?"

"કોન જાને! બસ બોલ બોલ કરેછ કે "મારી હિલ્લા કહારે આવશે, કહારે આવશે, કાંય નહીં આવતી? હું મરી જવશ પછી આવશે કે? મારે હાજી અગતની વાત કહેવીછ" કાલે તો મારી પીલુને કહેતાંતાં કે હિલ્લાને જે વાત એવણ કહેવા માંગેછ તે એવણે પોતે મહીના દાહારાની વાત પર લખીને તે કાગજોનું એક બંડલ બનાવ્યુંછ. તે બંડલ તેવણે કહાં છુપું મુકયું તેખી મારી પીલુને એવણે કહયુંછ ને તેની પાસે સોગંદ લીધાછ કે જો તું નહીંજ આવે, ને તે વાત તુંને મોહને મોહનું કહયા વગરજ જો તેવણ મરી જાય તો પછી તેવણના ગુજરવા બાદ તે બંડળ તારાજ હાથમાં ઠાવું આપવું! ચાલ તું આવી તો સારૂં થયું, જરા બેસ. હું પહેલાં જઇને પીલુને બોલાવી લાઉં! પન હિલ્લા લોક તો કહેછ કે તું પેલા જમશેદજી સાથ પન્નીછ. ખરી વાત કે?"

"હા, હા, ખરી વાત, હું પન્નેલી છેઉં, પન મને જવા દેઓની!"

"હા, ચાલ હું પીલુને તેરૂં પણ કેહજે તારે તાંહ એક દીકરીખી છે તે કહાં છે તેને નહીં લાવી?"

"ઓ ખોદાને ખાતર જલદી જાઓ ને પીલુને મોકલો, નહીં તો મને ઉપર જવા દેઓ!" હિલ્લા હવે આખીરી

પડી ગઈ, એટલે આ કુટકડીઓ ડાસા ઉપર ગયા. થોડે વારે પાછું ભાન હીલ્ડાને આવ્યા પડી. "ઓ હીલ્ડા તું આવી કે! ચાલ સારૂં થયું. બીચારી તોરાં માય તારી ઘણીજ ટગર ટગર કરીયા કરેછ. તુમે મલ્યા વગર, કંઈ ખાનગી વાત તુંને કહેવા માગેછ. તે કહયા વગર, એવણનો જીવ જવાનો નથી. ચાલ આપરે ઉપર જઇએ."

"હું ધારૂંછ કે હું એકલીજ જાઉં તો સારૂં."

"હા, હા, ચાલ હું મારા માયને બાહર બોલાવી લઉં!"

નાહલ્લીબાઇને ઓરડામાંથી બાહરે કહાડી હીલ્ડા અંદર પોતાની માય આગળ ગઈ, ઓરડામાં ઓજપ હતો અને જીલુ ડોસાં બીછાણા ઉપર પડી કાંસતાં હતાં. "આવતી નહીં કે? ઓ હીલ્ડુ, હીલ્ડુ કહારે આવશે?"

"માયજી, માયજી" હીલ્ડા ઘણાજ ધીરાં પગલાંએ બીછાણા આગળ ગઇ અને પોતાના નાજુક હાથો તેવણની આસપાસ પ્યારથી વીંટાલી ઘણાજ જુસ્સાથી બોલી. તેણીએ પોતાનો ભરાઇ આવેલો ડીઓ માહ મુશીબતે ખેંચી રાખ્યો હતો. પાંચ વરસે આ મા દીકરાંનો મેલાપ થયો. જીલુ ડોસાંએ હીલ્ડાનો સાદ તુરત ઓળખ્યો અને કાંઇ પણ બોલવા વગર તેણીને કોટી કરી ગડગડ રડવા લાગ્યાં. પાંચેક મીનીટ એવી રીતે પોતાનાં ભરાઇ આવેલાં હઇયાં ખાલી કીધા પછી હીલ્ડા બોલી "માયજી હું તમારી દીકરી તમારી આગળ આવીછ."

"ઓ મારી દીકરી, મારી હીલ્ડુ, મારી ગાય! હું જાણુંછ દીકરા કે તું જલદી નહી આવી તે તારો વાંક નથી. હરવાયા વરોનો એવોજ જુલમ રહેછ! પન્યા એટલે તો વરનું કહયું કરવુંજ પરે! તેથીજ હું પોતે કોઈ દહારે

પની નથી!" તેવણ આંખ્યો બંધ રાખીને બોલ્યાં. હીલ્લા ચોંકી. પોતે કોઈ દહાડો પરણ્યાંજ નથી એવા બોલો તેવણને મોહોંડે સાંભળી હીલ્લા સમજી કે તેવણ તાપની ઝુમમાં લવારો બકારો કરતાં હતાં. "માયજી તમે ફિકરો ના, શાંત થઈને પોહરી જાઓ. જો હું હવે તમારી સારવાર કરવા તમારી આગળ રહેવા આવીછ. તમે તાવની ઝુમમાં ભલતું ભલતું બોલોછ."

"નહી, નહી, હું તાપની ઝુમમાં નથી બોલતી. હું ખરૂંજ બોલુંછ! હું તદન હુશીયારીમાં છેઉં, હીલ્લા! હું ખરેખર કોઇ દહારો પનીજ નથી! હું તો કુંવારીજ છેઉં—"

"માયજી, માયજી—"

"હીલ્લા મને બોલતાં અટકાવ ના! મને બોલવા દે! ઓ મારી દીકરી, તું મને મારી ખરી દીકરી કરતાં વધારે પ્યારી છે! દીકરી, અત્યાર સુધી ખરી વાત મેં તુને કેહી નહી તેથી ખોદાએ મને માફ કરે ને તુંબી માફ કરજે પણ હું મરી જાઉં તાહરેજ તે બધી ખરી વાત કહેવાના મેં કસમ લીધાતા!"

"બધી ખરી વાત? શું વાત માયજી?" માયજી ખચીતજ બેભાનીમાં લવારો બકારો કરતાં હતાં એમ હીલ્લાએ ધારયું. પણ નહી, માયજીની આંખ્યો ખુલ્લી હતી. તેવણ તદન સાવધ હતાં. "અત્યાર સુધી હું બોલી નહી કે રખે તારો પ્યાર ખોઇ દેઉં પણ હવે મરતી વખત કેહુંછ કે હું કંઇ પનેલી નથી! તું કંઈ મારી ખરેખરી દીકરી છેજ નહી!"

પ્રકરણ ૩૪ મું.

"હું કોણની દીકરી છેઉં?"

"તું કાંઇ મારી દીકરી નથી. હું કાંઇ તારી ખરી માય નથી!" જીલુ ડોસાંના આ બોલો સાંભળી હીલ્લા ખુરસી ઉપરથી ઉછળીને ઉભી થઇ.

"હું તમારી દીકરી નહી? માયજી એ તમે શું બોલોછ? હું તમારી દીકરી નથી તાહરે હું કોણની દીકરી છેઉં?" હીલ્લા તેવણના દીલ ઉપર વાંકી વળીને બોલી.

"કોણ જાણે—તું ખરેખરી કોણની છોકરી છે તે મને ખબર નથી. તારાં માયબાપનું નામ હું જાણતી નથી. તું ઘણીજ નાહલ્લી ઉતી તાહરે તું મને મળીછ ને ત્યારથી મેં તુંને ઉધારીછ! તું મને કેમ મળી, કાંહ મળી તે બધો હેવાલ ઘણો લાંબો ને દુઃખભરેલો છે! તુંને તે બધી વાત હું કહેવશ. જો હું થોરા દહારા વધારે જીવું—એ—એ" આટલું બોલતાં જીલુડોસાં તદન થાકી ગયાં.

"માયજી, તમે હવરાં ના વાત કરો. ઘણું ના બોલો, તમે ઠાકી જાઓછ!"

"હા, મારેથી બોલાતું નથી. મેં મહીના દહાડાની વાતપર તે તારી બધી હકીકત લખી રાખીછ ને આએ કબાટમાં ઉપરના ફાંડયા ઉપર સીલ કરીને તે પાકીટ મુકેલું છે. મેં મારૂં વીલ કીધુંછ તેખી તેની સાથેજ છે. મેં પીલુને સોગંદ આપીને કહયુંતું કે હું મરી જાઉં તેની આગાઉ જો તું નહીજ આવે તો પછી તે પાકીટ તારા હાથમાં ઠાવું આપવું!"

આટલું બોલી જીજુ ડોસા બેહોશ થઇને પડયાં. હીલ્લા આ વાત સાંભળી બે ઘડી સજ્જડ થઇ ગઇ. જીજુ ડોસાં તેણીની મા નહી! આહ! જે માને ખાતર આટલી આટલી ધાંપલીઓ અને પંચાતીઓમાંથી તેણીને પસાર થવું પડતું હતું તે શું ખરેખર તેણીની મા નહીં હતી? તેણી મુગી મુગી માથે હાથ દઇ તે મરવા સુતેલાં ડોસાંને ટીકતી બેઠી. તેવણ પોતાનાં મનની વાત હીલ્લાને કહીને માથાંપરનો ભાર ઓછો કરયો: હતો. અટલે હવે હાંકીને શાંત ઉંઘમાં પડયાં હતાં. તેજ સેજ ને ઓરડો હતો કે જયાં પાંચ વરસની વાત ઉપર તેણી જંમશેદ દાદીશેઠને તાવની ઝુમમાં લવારો બકારો કરતો સાંભળતી બેઠી હતી. તેજ ઓરડામાં તે મોતને કાંઠે આવેલા ધણીની જીવતોડ સારવાર કરીને તેણીએ બંચાવ્યો હતો. તેજ ઓરડામાં તેણીની જીંદગીમાં ઉથલપાથલ કરનારા બનાવો એક પછી એક બન્યા હતા અને હવે છેલ્લે તેજ ઓરડામાં તેણીની ફરજી લીધેલી મા, તેણીની હવે પછીની જીંદગીમાં બીજી કંઇક ઉથલપાથલ કરી નાખે તેવી વાત કહી અંતે મરવા સુતી હતી!

દુરથી આવતા દરીયાના મોજાના અવાજો તથા જીજુ ડોસાંના કઠણાઇથી ચાલતા દમના અવાજ સીવાય ત્યાં સઘળું શાંત હતું. હીલ્લા આંખમાં આંસુઓ સાથે પોતાની હાલતનો વીચાર કરતી બેઠી. પોતે ધણીનો હુકમ તોડી મા આગળ આવી, માને મલી અને હવે તે વાત પોતાના ધણીને કેમ જણાવવી તેનો ભારે સંતાપ તેણીને પેદા થયો. પોતાની ઉછળતી છાતી ઉપર હાથ મુકી શાંત કરવા જતાં જીજુ ડોસાંની આપેલી પેલી બાઝીટ તેણીને યાદ આવી. ગળામાંથી કાહડી તેણીએ તે બારીકીથી તપાસવા માંડી.

આવી સુંદર, કીમતી અને શોભતી લાકીટ જીલુ ડોસાંના હાથમાં કેમ આવી તે માટે હીલ્લા હંમેશાં અજબ થતી હતી. તેના ઢાંકણા ઉપર ઇંગ્રેજી જે. બી. અક્ષરો કોતરેલા હતા. દેખાતી રીતે તો જીલુબાઈ બુચીયાનાજ નામના તે અક્ષરો હતા. જીલુ ડોસાંએ આપતી વખતે માની યાદગારીમાં પેહેરી રાખવાની કબુલાત હીલ્લા પાસે લીધી હતી. કઇ મા?

"આએ લાકીટ, મારા ખરાં માયની હોવી જોઇયે! પણ જીલુમાય તો મને કહે છે કે મારાં ખરાં માયબાપનું નામ તેવણ જાણતાં નથી ત્યારે આએ જે. બી. અંક્ષરો કોણના હોશે? શું જીલુમાયે પોતાનાં નામના અક્ષરો કોતરાવી મને આપી હોશે? મરે, એ શું ગુંચવારો! જીલુમાય કાંઈ આવી કીમતી ચીજ પછવારે પઇસા વેર નહી તાહરે એ કોણની હોશે?"

ઘણોબી વીચાર કરતાં હીલ્લાનો ગુંચવાડો ભાગ્યો નહી. આવી સુંદર તેસટવાળી જણસ પહેરનારી કોઈ તેવીજ સુધરેલા તેસટની લેડી હોવી જોઇયે. હીલ્લાને તે ઉપરથી બીજોજ વીચાર આવ્યો. કાંય નહી તેણીની મા કોઇ તેવાં ઉંચા ખાનદાનની લેડીજ હોય? આહ! હીલ્લાના દીલમાં કંઇક નવી ઉલટ તથા આશા આવી. પોતાને ખાતર નહી પણ જમશેદને ખાતર તે વીચારથી તેણી લગાર ખુશ થઈ. તેવું જો જણાય તો તેઓ બંને વચ્ચેના મતફેરનો કેવો અંત આવી જાય? અહીં આવવા માટે જમશેદ તેણીને જરૂર માફ કરે અને કેવું બધું સમાધાન થાય? પણ તે કેમ બને? જીલુ ડોસાં પોતે તેણીના માબાપનું નામ જાણતા ન હતાં તો એ ભરમ કેવી રીતે ખુલ્લો થઇ શકે?

જીલુ ડોસાં તો હજી લાકડાં જેવા પડયા હતાં. તેવણ આ દુન્યાં અને પેલી દુન્યા વચ્ચે ડોળા ખાતાં હતાં. હીલ્લા ટેબલ ઉપરની બતી સળગાવી જમશેદ ઉપર લખ્વા બેઠી. તેણીએ ગડબડમાં છેલ્લા ચાર દહાડા થયા જમશેદ ઉપર કાગજ લખ્યું ન હતું પણ હવે લખ્યા વગર છુટકજ ન હતો. કેમ શરૂ કરવું કેમ જણાવવું તે મોટી મુશકેલી હતી. અંતે ઘણે વારે જીલુ ડોસાની અત્યંત ખરાબ તબીયત વીશે લખી તેણીએ ઉમેર્યું કે "તમુને પાંચ વરસની વાત ઉપર જે ઓરડામાં સીક ઉંચકી લાવા હતા તેજ ઓરડામાં બેસીને હું આએ તમારી ઉપર લખું છ. તેજ ઓરડામાં મેં તમારી કેવી ચાકરી કીધીતી તેનો ખયાલ મનમાં લાવી મારી ઉપર ઘણા સખત થતા ના! હું મારાં મરતાં માયની કાકલુદીથીજ અહીં તમારી રજા વગર આવીછ. આપરા બચ્ચાંને એખલું મુકવા તમે મને ના લખ્યું તેથી હું તેનેબી મારી સાથે લાવીછ અને અમીનાની સાથે હોટલમાં રાખીછ. હવરાં રાત છે ને હું મારા માય આગળ તેવણની સારવાર કરવા રહીછ પણ સહવારના સકારેથી હોટલમાં જઇ જરને મલી તે કેમ છે તે આએ કાગજમાં ઉમેરશ.

મારાં આએ જીલુમાયના સંબંધમાં આપુને બે જણાને સંસારમાં એટલી કચકચ થયા કીધીછ કે આજે તેના સંબંધની એક અગતની ખબર અહીં લખવાની લાલચ હું થોભાવી શકતી નથી. કમનસીબે હજુ સુધી હું મારા જનમની કાંઇબી ખુશી થવા જોગ ખબર યા હેવાલ તમુને આપી શકતી નથી. મેં મારા મરતા માય, (હું તેવણને તેજ પ્યારાં નામથી બોલાવશ) ને મોહડે એટલો ખોલાસો સાંભળયોછ કે હું તેવણની પોતાની ખરેખરી દીકરી નથી! હું

પોતે તે બાબદ તદન બેદરકાર છેઉં પણ તમે, કે જેવણુ મારાં બીચારાં ગરીબ માયને આટલા હીણતા હતા, તમે, કે જેવણુને ખાનદાન તથા લોહીની આટલી મગરૂરી છે, તેવણુને ખાતર જરારતી ખુશી છેઉં. મેં હજુ બધી બારીક વીગત જાણી નથી. તે બધી વાત કરવા જેટલી શકતી માય-જીમાં રહી નથી. પણ એટલું તો મેં જાણ્યુંછ કે હું ઘણુંજ નાહલું બચું ઉતું તયારથી મારા ખરાં માય બાપથી વીખુટી પરીછ અને આએ મારાં બીજાં ધરમ માયે મને પોતાની દીકરી તરીકે રાખી, પાળી પોશીને મોટી કીધીછ. એક ખરાં માયનીજ જગા રાખી તેવાજ પ્યારથી તેવીજ કાળજીથી અને તેવાજ લાડથી મને તેવણે ઉધારીછ! એક ખરાં માયનીજ લાગણીથી તેવણે મારાં સુખ દુઃખ કહાર-યાંછ અને એક ખરી માયની ખોટ મને આજ સુધી જાણવા દીધી નથી. તેવાંજ માયાળુ જીગરની લાગણીથી તેવણે તમારીબી બરદાસત લીધી હતી અને તે છતાં આવાં માયાળુ, આવાં કાળજીવારાં, આવાં ભલાં એક બાઇને તમે તર-છોડયાં છે? ખોદા તમારૂં ભલું કરે!"

તેણીએ કાગજ પુરૂં કીધું. સહવારના હોટલમાં જઇ પોતાનાં બચ્ચાંને મળીને તે વીશે બે બોલ ઉમેરવાની મતલબથી તેણીએ કાગજ ઉંઘાડુંજ રહેવા દીધું. જીલુ ડોસાં હજી હીલ્યા ચાલ્યા વગર પડયાં હતાં. તેવણ દેખઇતી રીતે બેભાનીમાં પડેલાં હતાં. ત્યાં પાસેજ મુકેલા બીજા કોચ ઉપર હીલ્લા અબેટાઇ. પીલુને તેણીએ ઘેર મોકલી હતી. એક કલાક અગાઉ બાહેર જ્યાં સઘળું શાંત હતું તેને બદલે રૂતુ બદલાઇને તોફાની થઈ હતી. વાદળ ઘમઘોર ઘેરાઇ આવ્યું હતું અને પવનના સુસવાટા ફુંકાઇ રહયા

હતા. અવારનવાર વીજળીના ચમકારા થતા હતા. ન ધારેલું તોફાન ચહડી આવ્યું હતું. બીચારાં મરવા સુતેલાં જીલુ ડોસાંને આ બાહેર ચાલતી ગર્જનાનું ભાન ન હતું. તેવણે પોતાના વખતમાં જાત જાતના તોફાનો જોયાં હતાં અને હવે તેમના દહાડા ભરાઇ ચુક્યા હતા! બીચારી હીલ્લાજ આ ચહડી આવેલાં તોફાનની ગર્જના સમજતી બેઠી હતી. તેણીની છાતીમાં હાલ ઉછળતાં તોફાન આગળ આ કુદરતી તોફાન શું બીસાદમાં હતું? વાદળની ગરજના અને વીજળીના ચમકારાઓ તેણીને કાંઇ આગાહી કરતા હોય તેમ તેણીને લાગ્યું અને હેબતાઇને તેણી લાકડાંની માફક રાતના અંધકારમાં મરવા સુતેલી પોતાની માની સામે બેસી રહી!

પ્રકરણ ૩૫ મું.

હમાબાઇની "ઇવનીંગ પારટી" સોસાયટીના મેમાણો.

હમાબાઇ દાદીશેઠની ખાતરી થઈ ચુકી હતી. તેવણનો દીકરો પરણેલો નહીજ હતો એવું તેવણ હવે પકું માનવા લાગ્યાં અને તેથી દીકરાને માટે સારી જેવી ધણીયાણી શોધી કહાડી તેને ઠેકાણે પાડવાની સઘળી વેતરણમાં પડયાં તેવણે પોતાના મનમાં તો પોતાને માટે લાયક વહુ શોધી કહાડીજ હતી. કલકતામાંજ રહેતા જાણીતા લખપતી શેઠ બમનજી દારાબશેઠની ખુબસુરત, જુવાન અને કેળવાયલી દીકરી બાનુને પોતાની વહુ દાખલ દાદીશેઠ હોલમાં લાવવા

હમાબાઇ દાદીશેઠની ખરી ઇચ્છા હતી. પોતે તો વહુની પસંદગી કરી ચુકયાં હતાં અને જમશેદની પોતાની પસંદગીનીજ ખોટી હતી. આ છોકરીને જમશેદની નજરે પાડવા તથા મેળાપ કરાવવાની મકસદથી હમાબાઇએ એક મોટી "ઇવનીંગ પારટી" ના નોતરાં બાહેર પાડયાં.

"જો બાનુ દારાબશેઠની મોહાની મારા જમશેદને નહી લાગે, તે છોકરી જો તેનું દીલ નહી જીતે તો પછી હું નાચાર છેઉ! પોતાની ખુબસુરતીને સારૂં આખાં કલકતામાં હાલ એ છોકરી વખણાયછ તે જો જમશેદને પસંદ નહી પરશે તો મારે પછી એને પરણાવવાના ખ્યાલપર પુરો મુકવો પરશે!"

તેવણ દોલતમાં રેલછેલ કરતા હતા ગાડી ઘોડાઓ તથા મોટરો ફડકાવી ધામધુમ કરતા હતા એટલે હમાબાઈ દાદીશેઠ તેવણની દીકરીને પોતાની વહુ કરવા તદન લાયક ધારતાં હતાં. બમનજી શેઠની પરણવા લાયક ત્રણ મોટી દીકરીઓ હતી પણ સઉથી નાની બાનુ જે ફકત અઢાર વરસની હવી તેજ ખુબસુરતીમાં સરવથી ચહડીયાતી હતી. બમનજી શેઠ અને તેમના ધણીયાંણી પીરોજબાઇને જમશેદ દાદીશેઠ કરતાં વધુ સરસ જમાઇ કયાંથી મળે? અલબતા તેઓ તેમજ કલકતાનાં બીજાં કુટુંબો આ બીલ્લું પકડવા એક બીજાં

સાથે હરીફાઈ કરી રહ્યાં હતાં. જમશેદ કલકતે આવ્યા પછી તેની ઉપર ખાણું અને પારટીઓના તેડાં રોજના આવવા લાગ્યાં હતાં અને દાદીશેઠ હોલમાં મળવા આવનારાંઓનો રેલો પાછો શરૂ થયો હતો. પોતાનો દીકરો પરણવાજ ખાસ આવ્યો છે એવી મતલબની વાતો તે મળવા આવનારાંઓ આગળ હમાબાઈ અસેમસે કરતાં એટલે ઉમેદવારો વચ્ચે જબરી ઉલટ ફેલાઈ હતી. બાનુ દારાબશેઠ સર્વ ઉમેદવારોમાં પેહલી હતી. તેણીના માબાપ તથા હમાબાઈ પોતે તેણીની એ ઉમેદને ટેકો આપતાં અને જાણે જમશેદ સાથ તેણીનું ગોઠવાઈજ ગયું હોય તેવી રીતે તેઓ તેણીને ઉતેજન આપતાં હતાં. હમાબાઈ અવારનવાર તેણીને સહવારથી પોતાને ત્યાં તેડાવતાં અને ઘણો પ્યાર કરતાં એટલે કુદરતી રીતે તે છોકરી આશાવંત બની રહી હતી.

હમાબાઈએ આજની પોતાની પારટી ઘણીજ "સીલેક્ટ" રાખી હતી. રેંજીપેંજી દરેકને તેડાં કરી ઘર ભરી નાખવાને બદલે બધાં "ધપધપ્યાં" ઓનેજ નોતરયાં હતાં. પોતાને એબ લાગે તેવા કોઈ હલકા ધંધામાંથી આગળ વધેલા, ગરીબાઈમાંથી વધી પૈસાવાળા થયલા કુટુંબોને તેવણે આજની પોતાની પારટીમાંથી દુરજ રાખ્યાં હતાં. કોઇબી જાતના વેપારમાં પડેલાઓને નામની તેવણને ભારી સુગ હતી. કાંદા પતેતાના યા કોલસાના યા તો કંઇબી તેવી જાતના વેપારમાં પૈસાવાળા થયલાઓને નામનો તેવણને તીરસ્કાર હતો અને તેવાં કુટુંબોને તેવણે પારટી-માંથી "બોયકોટ" કીધાં હતાં! ફક્ત ઉંચ કુટુંબના તેવાંજ અસલી ખાનદાની લોહી ધરાવનારાં, ફેશનએબલ, જાણીતા અને તાલેવંત કુટુંબો, કે જેઓ સાથની સગાઇથી

પોતાને શોભા મળે, તેવાનેજ તારી તારીને નોતરયા હતાં! પછી તેવા કુટુંબના બાપદાદાઓએ પોટાં વીલો કરી, બાઇ બાવરાંઓને રડાવી, દોલત એકઠી કીધી હોય તો શું થયું? એ મગરૂર અભીમાની અને લાભી ઇનશાન તારો ઇનસાફ કયાં છે? તારા લોભનો થોભ કયાં છે?”

રાતના નવ વાગેના ઇજનો હતાં. હુમાબાઇ દાદીશેઠ, તેવણુના બેન, સુનાબાઈ વગેરે તેની સઘળી તૈયારીઓમાં પડયાં હતાં. દીનશાહ પણ જમશેદના આગ્રહથી દાદીશેઠ હોલમાંજ રહેલા હતો. જમશેદે તેને બોંહસ કરી રાખ્યો હતો કેમ જે સુનાબાઇ બાટલીવાળા દીનશાહ ઉપર જાળ ચાંઠરવા તરેહવાર ફાંફાં મારી રહયાં હતાં તે જોઇ જમશેદને રમુજ પડતી હતી. જેમ હુમાબાઇ દાદીશેઠ પોતાના દીકરાને પરણાવવાનાજ વીચારથી તરેહવાર યુકતીઓ રચતાં હતાં તેમ બીજી મેર સુનાબાઇ બાટલીવાળા પોતાનીજ ગતમાં લાટતાં હતાં. ઘણે વરસે જયારે દાદીશેઠ હોલમાં પહરાણા ઉતરવાની ઉમેદ પાર પડી ત્યારે તો તે તકનો લાભ લઇ દીનશાહ સાથ પરણીજ જવાના તેવણુ મલીદા જમયા કરતાં હતાં. દીનશાહને તો તેવણુને નામની “અભાત્રી” હતી પણ સુનાબાઈ બાલના પફ ઉપસાવી, પાઉડરના લેપડા કરી, એસ્કી કપડાં પેહડી, તેમજ નાજુક નખરાંથી ચીબાં થઇ તેને લલચાવવાની જે પેરવીઓ કરતાં તે તમાશો ખરેજ જોવા લાયક હનો. આખો દહાડો વગર મીનીંગની ટકટક કરી ભેજું ખાયા કરે તેઓની નજરે તે કાંઇ દીસતું ન હતું પણ મુગે મોહડે અને બાળે ડોળે જોનારાઓને અલબતાં તે ફારસોથી ઘણી ગમત પડતી હતી.

પારટીને દીને રાતે આઠ વાગે છડીઓ પોતપોતાના ઓરડાઓમાં સાડી તેમજ બદીયાનો સાથે પછાડા મારતાં હતાં ત્યારે નીચે લાઇબ્રેરીમાં જમશેદ તથા દીનશાહ એખલા વાતે બેઠા હતા. જમશેદને આ સઘળી ધમુખ્ખર કરડવા આવતી હતી. તે ખુખરાયલો જેવોજ હતો તેવામાં દીનશાહે પુછ્યું. "કેમ આજે તારે તાંહથી કંઇ કાગજ આયું કે?"

"નહીં આજેખી કંઇજ કાગજ નથી."

"નહીં? એમ કેમ?" દીનશાહે ચીંતાથી પુછ્યું "હીલ્લા આગળ તો રોજ લખ્તીતી ને હવરાં છેલ્લા ચાર દહાડા થયા શું થયું? કોઇ સીકતો નથી?"

છેલ્લા ત્રણ દહાડા કાગજ નહી મલ્યાથી જમશેદ અકર-વકરમાં હતોજ તેમાં દીનશાહના આ બોલથી પુરો બેચેન થઇ ગયો "કોણ જાને શું છે તે! પન જો કાલે સહવાર સુધીમાં કંઇ કાગજ નહીં મળશે તો હું કાલે ઉપરી જવશ. કેમજે મારો જીવ મુદલ લાગતો નથી."

"ગરીબ બીચારી હીલ્લા! તેને કેવો ગેરઇનસાફ થાયછ!"

"હા, પન હું શું કરૂં? મારો ઉપાય નથી!"

"એ તો બીચારી ઘણી ભલી છે, નહીં તો કોઇ બીજી હોય તો કોણ જાણે કેમ કરે!"

"અરે પણ હું કેમ કરૂં? પેલાં મારાં માયને તું નહી ઓળખતો? તેવણ—"

હજુ તો જમશેદ પુરૂં કરે તે અગાઉ સુનાબાઇ બાટલીવાળાં હસ્તાં હસ્તાં ત્યાં દાખલ થયાં. તેવણ ઠઠેરો કરીનેજ ઉતરીયાં હતાં. અગલી હેલ જેવી મોટી મોટી અસલી કરબી કોર પહેરી હતી કેમ જે તેની ફેશન હતી! આજે તેવણ

પહેલવહેલું માથુબાનું કહાડી નાખ્યું હતું અને કાનમાં લાંબાં લટકતાં એરીંગ પહેરીયાં હતાં! દીનશાહને આંજી નાંખવા તેવણે આ બધી જંજાળ કીધી પણ દીનશાહ એવો અભાગ્યો હતો! તેણે તો ઝાંખીને સુનાબાઇ ગમ જોયું નહી પણ મોહડું મરડી બારીએ જઇને ઉભો, સુનાબાઇ કાંઈ પાછાં હઠે તેવાં નહી હતાં. તેવણ બારી આગળ ગયાં અને દીનશાહનાં ખભાં ઉપર હાથ મુકી બોલ્યાં.

'મેં સાંભળયું તમે કાલે મુંબઇ જાઓછ!" તેવણ ડાચું ફસકારીને બોલ્યાં.

"હા" દીનશાહે ટુકમાંજ જવાબ દીધો "કેમ કંઇ ઘડી ઘડી મુંબઇ દોરોછ તે તાંહ કંઇ ખેંચાણ હોશે સુનાબાઇએ પુછયું."

"હા, તેબી ખરૂ."

સુનાબાઇ ચાટ પડી ગયાં. તેવણ હવે જમશેદ આગળ ગયાં. તે મુગો મુગો બીલીયરડના બોલ સાથે રમત કરીને આ તમાશો જોઇ મુછમાં હસ્યા કરતો હતો.

"તમેબી જવાના કે? જમશેદ!"

"જોઇયે કંઇ નકી નથી! ચાલ દીનશાહ આપણે હવે ડરાઇંગ રૂમમાં જઇયે લોક આવવા માંડશે!"

નવ વાગ્યા અને પહરાણાઓ આવવા માંડયાં જેઓને હમાબાઇ જમશેદ વગેરે આવકાર દેવા ઉભાં હતાં. સાડા નવને સુમારે શેઠ બમનજી દારાબશેઠ પોતાના ધણીઆંણી તથા દીકરીઓ સાથ આવી લાગયાં. હમાબાઇએ જમશેદ સાથ સરવની ઓળખાણ કરાવી. બાનુંને જોઇને જમશેદ ચમકયો તેણીને નાહની ફ્રાક પહેરતી તેણે છેલ્લી જોઇ હતી. ત્યાર પછી તે બાહરનો બહાર ફરતો હોવાથી આ છોકરીને

તેણુ જોઈજ ન હતી. તેણીની ખુબસુરતીએ સારોજ છાપ બેસાડેલો પકકાં હમાબાઈ જોઈ શકયાં. સીધી સોટા જેવી ગોરા અણીયાળા ચહેરાવાળી અને કાળી ભમર સરખી આંખવાળી તે ખરેજ ઘણી સુંદર છોકરી હતી. તેણીએ ઘણીજ સંભાળથી અને ઘણાજ સારા તેસ્ટથી ડરેસ કીધો હતો. ઘણાજ મીઠાસથી હસીને તેણીએ જમશેદને નમન કીધું. બીજી ઘણીક સીલ્લા અને પીલ્લાઓ લાલ પીળી સાડીઓ અને જર ઝવેરાત પહેરી, દાદીશેઠ હોલના માલેકને ખેંચવા ત્યાં હાજર થઇ હતી પણ બાનુંની બરાબરી કોઇ કરી શકે તેમ ન હતું. હમાબાઈ તાલતલાવટ કરી બાનુ તથા જમશેદને સાથેના સાથેજ રાખતાં હતાં. રીફ્રેશમેંટ વગેરે આપવા પણ તેવણે જમશેદનેજ સાથે મોકલ્યો. થોડાજ વખતમાં તે ચકચક થતા હોલમાં હાજર રહેલાંઓએ આ બે જણનું જોડું ગોઠવી પણ દીધું હતું! તે બે જણાને સાથેના સાથે ફરતાં જોઈ તેમજ જમશેદને તેણીની સાથે હસી હસીને વાત કરતાં જોઈ બીજી ઘણીક પરણવા લાયક છોકરીઓએ નાસીપાસ થઇ પુરો મુકીબી દીધો! ઘણીક અદેખાઇથી બળી રહેલી માતાઓ બાનુંની તરેહવાર ખોડ ખાપણ શોધવા મંડી ગઇ અને ટુકમાં પરવારતાંઓએ તે બે જણાને પરણાવી અદરાવીબી મુકયાં! જમશેદ પણ આવો એક સુંદર ચેહેરો વખાણ્યા વીના રહયો નહીં.

"આ! ધિટસ એ ફાઇન ગર્લ! ઓ હાઉ આઇ વીશ—રીયલી વીશ—અરે પણ સબર! એ હું શું મેટની કાની વીચાર કરૂંછ! મારી હીલ્લા! મારી પ્યારી હીલ્લા! મને માફ કરજે! એક ઘડીભરબી તુંને વીસરવા સારૂં મને માફ કરજે! મારી ડારલીંગ જર! ઓ! તે હવરાં શું કરતી

હોશે? બે જણા એખલાં શું કરતાં હોશે! કાગજ કેમ નથી આયું? સારી કાની તો હોશેની?"

આવા વીચારોથી જમશેદ પાછો ધુવડ જેવો થઇ ગયો બાનુને છોડી તે એક ખુણામાં એખલો જઇને બેઠો. તેને હઇયે તેની દીકરી ચડુડી આવી હતી. ઝગઝગતી લાઇટ છતાં તેને સઘળું હવે કાળુ કાળુ દીસતું હતું. દુરથી બાનુના ગાવાનો સાદ આવતો હતો. તેણીના મીઠા સાદમાં પણ હવે જમશેદને કાંઇ ખેંચાણ લાગયું નહી, થોડે થોડે વારે તેની નજર સામે નાહની જર જાણે આવીને ખડી રહેતી. તે કાંઇ વહેમી ન હતો પણ આજે તે કાઇ ન સમજ પડે તેવી લાગણીથી તદન બેચેન બની ગયો. ઘરથી કાંઈ કાગજ નહી મલ્યાથી તે બહુજ ઉદાસ થઇ ગયો હતો.

અંતે સરવે પુરૂં થયું. પહરાણાઓ પોતાને ઘરે બારે ગયાં. ઘેરના પણ સરવે વગે સગે થઇ ગયાં. ફક્ત મા દીકરાંજ હોલમાં એખલાં હતાં. હમાબાઇ દાદીશેઠનો જીવ ખુશાલ હતો.

"કેમ દીકરા! બધું સમાધાનીથી પસાર થયું કેની? બાનુને જોઇ? તારો શું વીચાર છે? કેવી છે?"

પણ જમશેદનું ધક ચરવા ગયું હતું "છે મજાંની છે સારી છોકરી છે! પણ માયજી તમુને કાંઇ અરચણ નહી હોય તો હું કાલે જવા માગુંછ! આઠેક દહાડામાં જરૂર પાછો આવશ?"

"કાલે? કાંઇ ઘેલો બેલો થયોછ? આજે બુધવાર થયો આવતા બુધવારે એ દારાબશેઠવારાને ત્યાં આપુને જમવા જવાનું છે તે ભુલી ગીયો કે?

"પણ માયજી તેટલાં તો હું પાછો આવશ જરૂર આવશ."

"નહી નહી, તે કાંઇ બને નહી તું એક વખત જાય પછી કાંઇ જલદી આવેજ નહી મને કબુલાત આપ કે હવરાં પંદર દહાડા જવાની વાતજ નહી કરશે.

"તે નહી બને માયજી, હું સહવારના ટપાલની વાત જોઉં છ! તેમાં શું કાગળો આવેછ તેપર બધો આધાર છે! ચાલો ગુડ નાઇટ!"

* * *

બીજે દીને સહવારના સાત વાગેના ઝઝકળાંમાં જમશેદ તથા દીનશાહ ચાહ પીવા બેઠા હતા દીનશાહ તે દીવસ સહવારની સાડા આઠની ટરેનમાં મુંબઇ જનાર હતો ટેબલ ઉપર ટપાલના કાગળો પડેલાં હતાં તે ઇંતેજારીથી તપાસી જમશેદે એક નીસાસો નાંખ્યો "ઓ ગોડ! આજેબી કાગજ નથી! હીલ્લાનું કાંઇ કાગજ નથી? શું થયું? એમ કેમ?

"કંઇબી ભુલ હોશે! જરા ધીરજ ધર!"

"નહી, નહી. હવે ધીરજ નહી રખાતી! હું અહીંથી તારબી કરી શકતો નથી! બસ એ તે એજ! હુંબી હવરાં તારી સાથ આઉં છ! માયજીને હવરાં કહેવાની જરૂર નથી મુંબઇ જઇને લખશ!"

માયજી તો નચીંતે પોહરેલાં હતાં અને તેવણુને તથા કોઇનેબી જણાવયા વગર દીનશાહ અને જમશેદ સાડાં આઠની ટરેનમાં મુંબઇ નીકલી ચાલ્યા.

હમાબાઇ દાદીશેઠ! એક ઘોડાને તેની મરજી ઉપ્રાંત પાણી તમો પાઇ શકવાના છેઓ? નહી! તેમજ ખોદાની કુદરતને તમો આડો હાથ કરી અટકાવી શકવાના છેઓ? નહી અને નહીજ! છઠીના લખાયલા લેખ તમો ભુસારી નાંખી શકવાના છેઓ! નહીં નહીં અને નહીજ!

પ્રકરણ ૩૬ મું.

નાસો ગોસો.!

ટરેનમાં આખો વખત જમશેદે અકરવકર કરયા કીધી. હીલ્લા તરફથી કાગજ નહીં મલવાનું કારણ શું! તેણીના છેલ્લાં એકાદ બે કાગજો જમશેદના ગજવામાં હતાં તે ઉંઘાડીને વાંચતાં તેને પહેલીજ વખત માલમ પડયું કે તે કાગજોમાંથી પ્યાર અને મીઠાસના બોલો ગેરહાજર હતા. શું હીલ્લા તેનેથી કંટાલી ગઇ હશે? શું તેના પ્યારથી ધરાઇ ગઇ હશે? તેણી હંમેશની એવી નરમ તથા તાબેદાર હતી કે હાલ તે મક્કમ મન બતાવી પોતાના હુકમ ઉપરાંત માયને મળવા ગઇ હોય તે ખ્યાલ તો જમશેદના મગજમાંથી સદંતર દુર હતો.

"નહીં, નહીં, મારી પ્યારી હીલ્લા! કદાચ મારા ના લખવાથી જરા નાખુશ થઇ હશે! કંઈ નહીં હું જતાંને વાર પટાવી લેવશ!" જમશેદે મનમાં સધયારો લીધો.

જમશેદજી દાદીશેઠને કદાચ ખબર નહીં હશે કે ગમે તેવી ફરેસ્તાઇ ખસલતની ઓરતની ધીરજનોબી છેડો હોય છે! તેવણ કદાચ જાણતા નહીં હશે કે ગમે તેવી નરમ ખવાસની ભલી ઓરતને પણ તેવા સંજોગો વચ્ચે માથું ઉંચકવુજ પડે છે! ને તે સંજોગોબી કેવા! મરતી માય સાથનો છેલ્લો મેલાપ! આહ! માય! માય જેવો મીઠો મેવો આ દુન્યામાં બીજો કયો છે! પોતાની હેતવંતી, પ્યારી, કાળજીવાળી માતાની હઇયાતીમાં તેની જરૂરીયાતનો ખ્યાલ જમશેદજીને નહીજ આવે તે બનવા જોગ છે.

"તું પાછો કલકતે કહારે જવાનો વીચાર રાખેછ જેમી?" મુંબઇ નજદીક આવતાં દીનશાહે પુછયું. તેઓની આ બે

દીવસની મુસાફરી કાંઇ ખુશાલ હતી નહીં. જમશેદને ઘણોજ વીચારવંત અને મુગો જોઇ દીનશાહ પણ ચુપજ રહયો હતો.

"હું બનતાં સુધી ત્રણ ચાર દહાડામાં પાછો જઇશ! જોઇએ ઘેરમાં કેવો મામલો છે."

દીનશાહને બીજોજ અંદેશો થયા કરતો હતો. દીનશાહની સલાહ પ્રમાણે ચાલીને હીલ્લા પોતાની માય આગળ તો નહીં ગેઇ હોય? તેમ જો બન્યું હોય ને જમશેદ ઘેર જતાં તે ખાલી જોય તો કોણ જાણે શું થાય તે વીચારથી દીનશાહ બેચેન થઇ ગગો! અને આથી તેણે બનતાં સુધી જમશેદની નજદીકજ રેહવાનો ઠરાવ મન સાથે કીધો. દુરથી તેની દરેક હીલચાલ ઉપર નજર રાખી, જરૂર પડે તો હીલ્લાની મદદે જવાનો વીચાર કરી તે મુગોજ બેઠો.

વાંદરાનું સ્ટેશન આવી લાગતાં બેહુ જણા ઉતરયા અને જુદી જુદી ભાડેની ગાડીમાં બેઠા, કાંઇ પોતાનાજ કામનું બાહનું કહાડી દીનશાહ પણ વાંદરેજ ઉતરયો, જમશેદ પોતાના ખ્યાલોમાં એટલો ચકચુર હતો કે તેણે દીનશાહની હીલચાલની જરાબી દરકાર કીધી નહીં. જમશેદની ગાડી આગળ જવા દઇ દીનશાહે પોતાના ગાડીવાળાને હુકમ કીધો કે આગલી ગાડીની પાછળ પાછળજ જવું અને તેને નજર આગળથી દુર જવા દેવી નહીં. બપોરના એક વાગે જમશેદ પોતાના બંગલાના દરવાજા આગળ આવી પુગ્યો. દીનશાહે દુરથી ગાડી બાજુએ થોભાવી અને નજદીકમાંજ આવેલી એક દુકાનમાં કાંઇ ખરીદવાને મસે ઘુસ્યો. જમશેદનો બંગલો રોઝવીલા તેને દીસ્તો હતો. જમશેદના પાછા ફરવાની રાહ-જોતો તે દુકાનમાંજ ઉભો હતો તેવામાં ભાગ

ચોખડીએ ડાકટર બહેરામજી માદનનાં ધણીયાણી ધનબાઇજી તેજ દુકાનમાં આવી ચહડયાં.

"કોણ! દીનશાહજી? તમે અહીં કહાંથી ફુટી નીકરયા?" ધનબાઇજીએ અજાયબીથી પુછયું."

આવા ન ધારેલા સવાલથી દીનશાહ પહેલાં તો ફગલાઇ ગયો પણ પછી ધીરજથી જવાબ દીધો, "હું તો જરા હીલ્લા દાદીશેઠને તાંહ મલવા જતો તો!"

"હીલ્લા દાદીશેઠ! તાહરે તમુને ખબર નથી! હીલ્લા અહીં કહાં છે? તે તો કોઇ પોતાના સીક ફ્રેન્ડને મલવા ગેઇછ ને જરૂને‌ભી લઇ ગેઇ છે!"

દીનશાહ ચમકયા! ઓ! ત્યારે તેનીજ બીહીક ખરી હતી! "ઓહો એમ કે? ચાલો તાહરે સાહેબજી! માફ કરજો, જરા અગતના કામસર જવું પરેછ! સાહેબજી!" ધનબાઇજીને ડાચુ વકાસતાં ઉભાં રાખી દીનશાહ ધસારા બંધ બાહર નીકળી ગયા અને ગાડીમાં બેસી જમશેદના બંગલા આગળ જઇ જોરમાં બારણું ઠોકયું.

જમશેદ જમવાના ઓરડામાં ખુરશી ઉપર બેઠેલો હતો. તેના ચહેરા ઉપરથી લોહીનું ટીપેટીપું ઉડી ગયું હતું, તેના ઉજળા સપ જેવા હોઠો ચીડ તથા નાસીપાસીને મારે ફડ ફડ ઉડતા હતા અને આંખોમાં જાણે ખુન વરસી રહયું હતું. તે દીનશાહને જોઇ ડડાક દેતો ઉભો થયો.

"તું અહીં કયાંથી આયો? તુને ખબર ઉતી કે? હુ અહીં આવીને જોઉછ તો બેઉ જણુ નહી મળે? ઘેર માણસો પર બેદાદ નાખી ચાલી ગેઇછ? માણસો જાણતાં નથી કે કહાં ગેઇછ પણ હું જાણુંછ—હું બધું જાણુંછ—એ નાફરમાનીનો સ્વાદ તુંએ ચાખશે—એ ફરાશથી મારા ઘેરમાં

પગ નહી મુકી શકશે—તુને ખબર હતી કે? એ જવાની છે તે તું જાણતો તો કે? નહી તો મારી પછવાડે અહીં કેમ આયો?" જમશેદ લાલ પીળો થઈ હાથ અને પગ અફાળવા લાગ્યો.

"જરા શાંત થા જેમી! મને કંઇ ખબર નહી હતી પણ કાગજ નહી મલ્યાથી હુંબી ઇંતેજારજ થઇ ગયોતો અને તેથીજ જરા આવીને ખબર કહાડવાનું મેં મન કીધું! જો હવરા મને રસ્તામાં પાસેના ડાકટરનાં વાઇફ ધનબાઇજી મલ્યાં તેવણે મને કહયું કે હીલ્લા એના કોઇ સીક ફરેન્ડને મળવા ગઇછ—હું ધારૂંછ કે એના માય-"

"શ-શ-ચુપ! માય આગળ ગેઇછ! એની મગદુર શું કે મારા હોકમ વગર જાય! પોતે ગેઇ ને મારા બચ્ચાંનેબી સાથે લઈ ગેઇ! ઓ ગોડ! મારા હાથમાં એ ડોસી—

"બસ જમશેદ એટલો બધો ઉશકેરા ના! જરા દુન્યાની વાજબી રીતે ચાલ!"

"દુન્યાની રીતે! મને દુન્યા સાથ શું લાગેછ વરગેછ?" તે આકળો ભુત થઇને બોલ્યો "મેં શું તેને ગરીબાઇમાં સબરતી નથી ઉંચકી લીધી? મેં તેને કેટલી વખત અમારા બે જણ વચ્ચે પસંદગી કરવા નથી કહયું? મેં તેને એક વખત નહી પણ અનેક વખત કહયુંછ કે જો માય આગળ જાય તો પછી તાંહજ રહે! તેમ એ હવે રહેશે પણ મારૂં બચ્ચું! મારી નાહલ્લી જર! તે તો મારીજ આગળ રહેશે! પોતે તો તે ગંધાતી હવામાં ગેઇછ. પણ મારા સુના જેવાં બચ્ચાંને તે ઝેરી હવામાં હું એક દહાડોબી નહી રહેવા દેવશ! આજને આજ જઇને મારા બેબીને જો હું મારી સાથે પાછું નહી લઇ આઉં તો હું જમશેદ નહી પણ

ગધેરા!" જમશેદ એટલો તો ઉશકેરાઇ ગયો હતો કે દીનશાહ ગભરાયો. "જરા શાંત થા જમશેદ, જરા માણુ-સઇપણું બતાવ! એમ એકદમ દયા વગરનો હેવાન ના બની જા!"

"માણુસાઇપણું? હેવાન!" જમશેદ ગુસ્સાથી દાંતયા કચકચાવીને બોલ્યો. તેનો હંમેશનો હસ્તો ખુબસુરત ચેહરો. અતીશે ગુસ્સાથી વીકાળ અને કદરખીહામણો બની ગયો હતો. "મારી સામ્બેની આમ્મે નાફરમાનીનો સ્વાદ હું બરાબર પેલીને ચખારશ! હું હવરાંને હવરાંજ કોલાબે જાઉંછ ને મારાં બચ્ચાંને તો તે નાપાક ઘેરમાંથી ખેંચી લાઉંછ! દીનશાહ, મારીપર એક મેહેરબાની કર, તું કલકતે પાછો જા, ને મારાં માયને સમજાવી લે! હું કહયા વગર ચાલી આયોછ તેનો તું તારે ગમે તે ખોલાસો કરજે! હું તારી પછવારે મારી જરને લઇને તાંહ આવશ પછી ભલેને તાંહના લોક ગમે તે બોલે! હું મારાં બચ્ચાંને હવે વીહલું મુકવાનો નથીજ! પોતે તો ગેઇ પણ મારાં ફુલ જેવાં બચ્ચાંને સાથે લઇ ગેઇ! શેમ! ડીઝએેસફુલ! ખોદાના કસમ ખાઇને કેહુંછ કે એ વાંક સારૂં હું પેલીને માફ કરવાનો નથી!" "બસ બસ બસ" દીનશાહ તેને પટાવતો બોલ્યો "હવે ઘણું થયું. જો તું મારી સલાહ માન ને મને તારી સાથે આવવા દે."

"નહીં અમથું ભેજું ના ખા. હું એખલોજ જવશ, પણ જો તું મારી ઉપર ઉપકારજ કરવા માગતો હોય તો હું કેહું, તેમ કર. કલકતે જા ને મારાં માયજીને બધી વાત કેહીને તઇયાર કર. હું કેહુંછ તેમ કરશે કે?"

"નહી." દીનશાહે જવાબ દીધો.

17

'નહી? કાંય નહી?"

"તારી હીલચાલ શું છે તે મને પેહલાં જાણવા દે. તારી ધણીયાણીને વાસ્તે તું હવરાં એવી રીતે બોલેછ કે તે સાંભળતાંબી મને શરમ લાગેછ. હું તો તુંને ખરેખરૂં ખુલ્લું કેહુંછ કે તેના જેવી સાથ પનવામાં તું ખરેજ ભાગ્યશાળી છે. પણ તું હવરાં તેની સાથે ઘણીજ ખરાબ રીતે વરતેછ."

"હું મારા જીવનો ધણી છેઉં! તું બોલનાર કોણ! હું મારે ગમે તે કરશ."

"હા પણ હવરાં તારાં મીજાંનું ઠેકાણું નથી. મારી સલાહ માન. આએ એક વખત તું તારી ડીકરાની સારી સમજ પર વીશવાસ મુક. મારી તો ખાતરી છે કે જે વાજબી હોશે તેજ તે કરશે! વાસ્તે ડાહયો થઇ તું પોતે હવરાં મારી સાથ કલકતે પાછો ફર. તાંહ જરૂર કંઇ કાગજ આપરા આયા પછી આવીને પરયું હોશે. બીચારી, તેની મુશકેલીની વખતે તો જરા દયા કર!"

"મુશકેલી! પુઉહ! બધું નોનસનસ! તેણે મારા હોકમ ઉપરાંત કામ કીધુંછ! મારાં બચ્ચાંને—"

"ચુપ! મારૂં બચ્ચું મારૂં બચ્ચું શું કરયા કરેછ? બચ્ચાંને નાખીને કેટલા કેટલા મહીના બાહર રખરેછ તાહરે બચ્ચું નહી યાદ આવતું કે?" દીનશાહ હવે છેડાયો. "તારૂં બચ્ચું છે ને તેનું નથી શું? આખો વખત તેની સાથેની સાથે રહી તેને ઉધારનાર તો તેની માય છે! તારા કરતાં તેનો હક ઘણો વધારે છે!"

"પણ—"

"પણ બન કંઇ નહી. તે જે કરેછ તે વાજબીજ છે! તું આજે એક ગ્રહસ્થ નહી પણ એક "લોફર"ની માફક વાત કરેછ! મારૂં તો ખાલેસ મત છે કે હીલ્લા જેવી નરમ સ્વભાવની ફરેસ્તાઇ ખસલતની ધણીયાંણીને તું જરાબી લાયકનો નથી. તુને કોઇ વીછણ જેવી, નાખ પકરીને ચલાવે તેવી વાઉ બાઇરી જોઇતીતી, તેજ તારી આએ એકલપેટાઇનો સ્વાદ બરાબર દેખારતે!"

"વારૂં વારૂં, હોશે, હવે ઘણો ડાહયો ના થા! તું કલકતે જાયછ કે નહી?"

"કલકતે જાઉં તે એજ શરતે કે તું તારાં બચ્ચાં સાથ તારી ધણીયાણીનેબી તાંહ લઇ આવે!"

"ઇમપોસીબલ! જા, નહી તો ઓછી પીરા? તું તાહરે રસ્તે જા, હું મારૂં સુજયું કરશ! ચાલ સાહેબજી!"

દીનશાહને એખલો મુકી જમશેદ ઓરડામાંથી ચાલી ગયો. દીનશાહ તેની આવી ચાલથી બહુજ દુખી તેમજ ગુસ્સે થયો હતો. જમશેદ જો કોલાબે જવા નીકળે તો તેની પછવાડેજ ત્યાં જવાના વીચારથી તે પાછો બંગલામાંથી બાહર નીકલ્યો અને પેલીજ દુકાનમાં પાછો ધુસ્યો. સારા સંજોગે ડાકટર બેહરામજી માદન ત્યાંથી પસાર થતા હતા તેવણ દીનશાહને જોઇને અંદર ધુસી આવ્યા.

"ઓહો! દીનશાહ કેમ છેઓ?"

"સારી કાની ઠેંકયુ! આજે તમારા લોકનોજ મળાપ થયા કરેછ! તમારાં ધણીયાંણી સવારના અહીં મલ્યાંતાં!"

"હા, તેવણે મને કહયું કે તમે હીલ્લાને મળવા આયાતા! શરમભરયું! તમે તો એ લોકના ફરેનડ છેઓ તેથી ખુલ્લું

કહુંછ કે જમશેદની ચાલ ધીકકારવા જોગ છે. હીલ્લાએ મને બધી વાત કહીછ ને મેંજ તેને જવાની સલાહ આપીછ ને એટલુંબી કહયુંછ કે જો કંઇબી અરચન પરે તો મારે આં સુખે આવવું. ઘણુંજ ગેરઇનસાફ છે!"

"હા, તે હું જાણુંછ પણ શું કરૂં એ બાબતમાં હુ કંઇજ સમજાવી નથી શકતો!"

આ વાત ચાલતી હતી તેવામાં જમશેદની ગાડી આંથી પસાર થઈ ગઈ. "ઓ લઓ એ ચાલ્યો, હું એની પછ વારે હવરાં કોલાબે જાઉંછ! વખતે મારૂં કંઈ કામ પડશે!'

"હા, જાઓ પણ જો કંઇબી કામ અમારૂં પરે તો જરૂર મને લખજો. હું રાહ જોવસ!"

"જરૂર! સાહેબજી!"

આ વખતે બહાર વળી તોફાન જેવું થઇ રહયું હતુ વાદળ ઘેરાઇ આવી વીજળીના ચમકારા અને ગગડાટથી સરવે ધમધમી રહયું હતું. ગોયા જમશેદના આ પગલાંથી કુદરત પણ રૂઠી હતી! વરસાદના છાટાં પડવા માંડયા હતા પણ તે સરવની દરકાર કરવા વીના દીનશાહ ગાડીમાં બેસીને સ્ટેશન તરફ હંકારી ગયો અને જમશેદને આગલી ત્રેનમાં જવા દઇ અરધા કલાકમાં જઇ બીજી પછવાડેની ત્રેનમા ચહડી બેઠો.

પ્રકરણ ૩૭ મું.

આ ફાની દુન્યાને છેલ્લી સલામ.

જયારે દીનશાહ અને જમશેદ વચ્ચે ગયા પ્રકરણમાં વાંચી ગયા પ્રમાણેનો નાસોગોસો રમાતો હતો તેજ દીવસે અને તેજ વખતે જીલુ ડોસાંએ બેભાનીમાંથી જાગી, પોતાની આંખયો ઉઘાડી. તેવણ દહાડે દહાડે બહુજ નબળાં થતાં જતાં હતાં. તેવણની આ દુન્યાની ટુક મુસાફરી પુરી થવા આવી હતી. અને તે દુન્યાને છેલ્લી સલામ કરતાં હતાં. પીલુ અને હીલ્લા આ તેવણની છેલ્લી તાણતોડ જોતાં ત્યાં બેઠેલાં હતાં.

"હીલ્લા" તેવણે ઘણાજ ધીમા સાદે હાંક મારી.

"કાંય માયજી?"

"ઓ તું મને હજુ માયજીજ બોલવેછ!—જીવતી—રહેજે મારી દીકરી—હું તો હવે જાઉંછ!—તારી માય મરેછ—અ"—જીલુ ડોસાં આટલું બોલતાં હાંફી ગયાં. બાહેર વાદળ ઘેરાયલું હતું અને ગરજના ચાલુ હતી. પણ તે બધાં ઉપર જીલુ ડોસાંનું ધ્યાન ન હતું. હીલ્લા તેવણનો ધ્રુજતો હાથ પોતાના હાથમાં રાખી વાંકી વળી હતી.

"તારી દીકરી—અં—તારૂં બચ્ચું—કાંહ છે? મને જોવા —હી દેતી?—મારી—ઓ—આગળ નહી આવતી?" જીલુડોસાં —મ તેમ બોલ્યા.

"હા માયજી હું તેને હવરાં બોલાવી મંગાઉં! જાતો પીલાં, તું હવરાં જા ને હોટલમાંથી મારી જરને તાબરતોબ ગાડીમાં બેસારીને લઇ આવ!

"હા, હું અબઘરી જાઉં, પણ હીલ્લા, એવણ બીચાંરાંનો છેલ્લો દમ ચાલેછ. હું ડાકટરને બી બોલાવતી આઉં? જરને લાવવામાં કંઇ ફાયદો નથી. હું નહી ધારતી કે એવણ તેટલો વખત—"

"કંઇ નહી, કંઇ નહી" હીલ્લા પોતાના આંસુઓ લુછતાં બોલી "તું તેને જઇને લઇ આવ! એટલો તો મારા જીવને સંધ્યારો રહેશે કે તેવણની મરજી માફક હું લઇ આવી. અરે પણ સબર! આએ આવી હવામાં તું તેને કેમ લાવશે? કેવું તોફાન થઇ રહયુંછ! જો જરા બરાબર ગરમ પેહરાવી, ગારીનો પરડો ચહરાવીને લાવજે હં! સાથે અમીનાને બી લઇ આવજે."

"હા, હું તારી આગળ મારાં માયજીને મોકલુંછ. મને તો લાગેછ કે એવણ બીચારાં બે કલાકબી કહારશે નહી!"

પીલુ ગઈ અને હીલ્લા એખલી તે મોદતના બીછાણા આગળ બેઠી. બાહેર સઘળું કાળું થઇ રહયું હતું, દુરથી તોફાની દરીયાના મોજા ઉછળતા સંભળાતા હતા. જયારે જીજુ ડોસાં પોતાનો છેલ્લો દમ ખેંચતાં અરધી બેભાનીમાં પડયાં હતાં. તેવણ અવારનવાર બેભાનીમાં કાંઈ કાંઇ બડબડતાં હતાં. હીલ્લા, જમશેદ, પીલુ તેમજ સારી દુન્યાની જંજાળ તેમના મગજમાંથી દુર હતાં! હીલ્લા રડતી આંખે તેવણને નીહાલતી બેસી રહી. થોડે વારે જીજુંડોસાંએ પોતાનો હાથ સેહજ ઝડપમાં ઉંચકયો અને ડોળા ઉંઘાડયા. હીલ્લા ઝડપમાં ઉઠી આગળ ગેઇ.

"માયજી, માયજી, શું છે? કંઇ કેહોછ? મને બોલાવોછ?"

પણ નહી, જીલુંડોસાંએ હીલ્લાને મુદલ ઓળખી નહી. તેણીનો સાદ સાંભળ્યો નહી. તેવણના ડોળા ઉઘાડા હતા પણ તેવણ ખાલી હવામાંજ ટીકતાં હતાં તેવણના હોઠ હીલવા લાગયા અને ઘણાજ ધીમા સાદે બડબડવા લાગયાં. હીલ્લા પોતાના કાન નજદીક લઇ જઇ ધયાનથી સાંભળવા લાગી

"હા—તે મને એમજ મલીતી—બીચારી કેવી નાહલ્લી ને—પતલી—કેવી ભુખે તવળતી—કેવી બીચારી એખલી ભાંયપર બેસી—પેલા બે મરી ગયલાને—એ—જોયા કરતીતી!—ઓ ખોદા—"

અહીં જીલુ ડોસાં દબાઇ ગયાં. તેવણે એક નીસાસો નાંખ્યો અને બોલતાં બંધ થઇ ગયાં. હીલ્લા સમજી કે તેવણ ગુજરી ગયાં—પણ નહી, દશેક મીનીટે વળી તેવણનો સાદ સંભળાયો.

"ઓ તે દેખાવ!—હું તે કેમ ભુલી જાઉં?—તાંહ પેલી છરી—તાંહ પેલું લોહીનું—ઓ માયરે—"

અહીં જીલુંડોસાં કમકમવા લાગયાં. હીલ્લાએ તુરત ઉઠી એક ચમચી બ્રાંડી પાણી તેવણના મોહડામાં રેડયો. જોઇતી અસર થઇ. જીલુડોસાં વળી જરા હોશયાર થયાં અને બોલવા લાગયાં.

"તાંહ પેલું લોહીનું—ખાબોચ્યું—તે બચ્ચાંના હાથ કેવા લોહીમાં—લપટઇને લાલ થયલા ઉતા—કુરતુંબી ખરડઇ ગીયુંતુ—ઓ તે દેખાવ—ઓ અં—કેમ—અં—ભુલું ઓ માય—તે બચ્ચું મે લીધું ઉધારચું પાળયું તે એક માટે ઘેરની બાઇ—લેડી છે—જીવતી રેહ—સુખી—રેહ—મા—રી—દીક—રી—મા—રી હી—લ્લુ ——"

બસ ખલાસ! પોતાની તે કરી લીધેલી દીકરીનુંજ નામ મોંઢ ઉપર લઇ હસ્તા હોઠ સાથેજ જીલુ ડોસાંએ પોતાનો જીવ મુકયો! હીલ્લા તેવણુનો હાથ પકડી, બીછાણા આગળ ગુટણ ઉપર પડી રડવા લાગી. માયજી ગયાં! તેવણે છેલ્લી બેભાનીમાં તેણીની જીંદગીનો છુપયો સફો થોડો ઘણો ખુલ્લો કીધો હતો. તેવણુના ભાગા તુટા બોલો ઉપરથી તેણી એટલું તો સમજી કે તેણીનીજ બચ્ચપણુની હકીકત તેવણુ બોલ્યાં હતાં. છરી અને પોહીના ખાબો:ચ્યાંને પોતાનાં બચ્ચપણુ સાથ શું નીસબત હશે તે તેણી સમજી શકી નહી પણુ એટલુ તો તેણીની નજર આગળ ખુલ્લું થયું હતું કે પોતાના ખરાં માયબાપના ગુજરી જવા સાથ આ ધરમ માયે તેણીને બચ્ચપણુથી પાળી પોશી કાલજીથી ઉધારી હતી અને હવે તેણીને દુનયાની બધી મુશકેલીઓ સામે ટક્કર ઝીલવા એખલીજ [illegible] ચાલ્યાં ગયાં હતાં! તેણી અરધો કલાક સુધી પોતાની આ ધરમ માના શરીરને વળગી ખુબ રડીને પોતાનું ભરાઇ આવેલું હઇયું ખાલી કીધું અને પછી દાદર આગળ જઇ નાહલ્લી ડોસાંને હાંક મારી.

“ઓ નાહલ્લીબઇ મારાં માયજી ગીયાં? મને એખલી મુકી ગીયાં!” હીલ્લા તેવણુને વળગીને રડવા લાગી. નાહલ્લી ડોસાંની આંખો ભરાઇ આવી. “ચાલ દીકરા હવે એમ નહી કરીયે!” તેવણુ તેણીનું માથું પેટમ ચાંપી બોલ્યાં “ચાલ તું જરા બેસ. અમે લોક હવે બધી ગોઠવણુ કરીયેછ! જો નીચે પીલુનો સાદ આવેછ. તારી ખુચીને લઇ આવી હોશે.”

હીરલા ઓરડાની બાહાર ગઈ અને જરને ઉંચકી પેટમાં દાબી.

"ઓ પીલુ, બાહર કેવું તોફાન છે! કેવો પવન ને ગગરાટ થાયછ! મારી દીકરી ભીંજાઇ કે? તું બી ભીંજાઇ કે?"

"નહી હું ઘણીજ સંભાલીને એને ઓઢારી પોઢારીને લાવીછ. પણ ખરેખર એ આજે કુદરત કાંય એમ રૂઠતી હોશે?"

"બીચારાં મારાં માયજીને કહારતી વખતે કાલે ઉઘરી જાએ તો સારૂં! બધું થઇ ચુકુંછ. પીલુ હવે જરને તાંહ લઇ જવામાં ફાયદો નથી. જા તું ને તારાં માય તાંહ બોલાવેછ. હું અહીં પાસેના ઓરડામાં છેઉં, કંઇ કામ હોય તો બોલાવજે. એવણનાં કપરાં ચપરાં બધાં કબાટમાં આગળજ છે.

"હા, તે બધું મને ખબર છે બીચારાં એવણે મને પહેલાંથીજ દેખારી મુકયુંછ!"

પીલુ ગયા પછી હીરલા દીકરીને પેટમાં ચાંપી રડવા લાગી. તેણીને પહેડાવેલો ઓવરકોટ તથા ગરમ ટોપી કહાડી ટેબલ ઉપર મુકયાં અને પછી પુછવા લાગી.

"મારી દીકરીને ગમયુંતું કે? સોહોવાયુંતું કે? અમીના એ ડાહી થઇતી કે?"

"મમાયજી, આપલે ઘેર કહાલે ઘતું?"

ને વીજળી બંધ પરે ને આ!ખરે ...

હું દીકરા!"

ને પપાયજીબી આવછે તે?"

"હા પપાજી આવશે!"

જાણે કુદરતનેઓ પપાનું નામ અણગમતું હોય તેમ એક જબરદસ્ત કડાકો આ વખતે થયો. જર બહુજ બીહી અને પોતાની માના પાસામાં ભરાઇ ગઇ. વરસાદ જોરમાં પડતો હતો. પાસેના ઓરડામાં પેલા બે મા દીકરા જીલુ ડોસાંને ઠેકાણે પાડવાની ગરબડમાં હતાં ત્યારે આ મા દીકરાં મુગાં મુગાં એકેકને વળગીને બેઠાં હતાં. થોડે વારે એક ગાડી ધસારાબંધ આવીને જીલુડોસાંના ઘર આગળ ઉભી રહી ગઈ.

"ડાકટર આયા હોશે!" હીલ્લાં બોલુ "બીચારા ઘણા મોડા આયા! જા અમીના તું નીચે જા ને તેવણને કેહ કે બધું ખલાસ થયું છ. એક કલાક થયો તેવણ બીચાગં ગુજરી ગીયાંછ?"

"પણ બાઈ તેવણ ઉપર આવવા માંગે તો?"

"તો આવવા દેજે! તેવણને ઉપર મોકલી તું હવે નીચેજ રહેજે હવે તુંને ઉપર આવવા નહી દેશે!"

અમીના નીચે ગઇ અને નીચેનું બારણું ઉઘાડયું. કોઇ ગાડીમાંથી ઉતરી અંદર આવયું તે હીલ્લાએ સંભળયું. થોડે વારે અમીના દોડતી ઉપર પાછી ધસી આવી. તેણી ઉજળી વાખ જેવી થઈ ગઇ હતી. "ઓ બાઇ, બાઇ એ તો આપરા શેઠ છે!" તેણી હાંફતાં હાંફતાં બોલી.

હીલ્લાની છાતીમાં ફાળ પડી આવી પણ આ નોકરના દેખતાં તેણીએ અજબ જેવી હીમત બતાવી. તેણીએ ઘણાજ શાંત અને મકકમ અવાજે અમીનાને કહયુ. "વારૂ શેઠ આયા તો શું થયું? તેમાં એટલી બધી ગભરાયછ શાની? તેવણ કહાં છે?

"નીચેના ઓરડામાં છે."

"જા જઇને તેવણને ઉપર મોકલ!"

બીજી દશ મીનીટ પસાર થઇ. દાદર ઉપર ઝડપમાં ધભર ધભર ચડ્ડવાનો સાદ સંભળાયો. બીજી મીનીટે હીલ્લાના ઓરડાનું બારણું ઉઘડયું. વીક્રાળ વાઘ જેવા તસતસ થતા ડોળા સાથે જમશેદ ત્યાં દાખલ થયો. પોતાની પાછળ બારણું પાછું બંધ કીધું અને ફુંફારા મારતો હીલ્લાની સામે આવીને ઉભો.

પ્રકરણ ૩૮ મું.

અકસમાત! કજીયા કુસંપનો ભોગ!

ધણી ધણીયાંણી છ માસના અંતર પછી પાછાં સામ સામા થયાં. હીલ્લા કાંઇ પણ બોલ્યા વગર, પોતાની દીકરીને પોતાની ગોદમાંજ દાબેલી રાખીને ઉઠીને ઉભી થઇ. છ મહીનાની જુદાઇ પછી તેઓ મળયાં પણ શું મેળાપ! જમશેદના લાલચોળ ડોળા તથા ફડફડ ઉડતાં નાખનાં ફીફડાંજ હીલ્લાને મુગી કરવા પુરતાં હતાં. તેણી તેના ચેહેરા ઉપરથીજ પામી ગઇ કે તેણીનો વાંક માફ થવાની વકી મુદલ હતી નહી. નહી આવો કે જાવો, કે નહી પ્યારભરી મુલાકાત! હદ બાહેરનો ગુસ્સો, કડવાસ, અને બેદરકારીની લાગણીથી આ બે એક વખતનાં હેતવંતાં ધણી ધણીયાંણી એકએકને ઢીકતાં થંભ થઇને ઉભાં. અંતે જમશેદે ચુપકીદી તોડી. તે ખોખરા ઢોલ જેવા સાદે બોલ્યો.

"હું આએ બચ્ચાંને આએ ઘેરમાંથી લઇ જવા આયોછ! એના કપરાં પાછાં પેહેરાવો એ મારી સાથે આવશે. એને મારે અહીં રાખવી નથી!"

"પપા! પપાજી!" બુચી જર પોતાના બાપને લાંબે વખતે જોઇ એકદમ ખુશાલીમાં આવી ગઇ અને પોતાની માના પાસામાંથી કુદી બાપની આગળ દોડી. જમશેદે તેને પ્યારથી ચુમ્મી લીધી.

"જમશેદ, જેમી, તમે મારી સાથ આવી રીતે વરતોછ?" હીલ્ડા ફીકકી પડી જઇને બોલી. તેણીનીજ ધાસ્તી ખરી પડી હતી. તે તેણીનાં બચ્ચાંથી વીખુટીજ પાડવા આવયો હતો. "તમે મારાં બચ્ચાંને લઇ જવા આયાછ? તે નહી બનશે! તમે તેને લઇ જઇ શકશો નહીંજ!"

"નહીજ લઇ શકશ? ઉંહ! એટલું બધું? ઠીક છે જોઇશું!"

આટલું બોલી ટેબલ ઉપર પડેલો જરનો ઓવરકોટ તથા ટોપી ઉંચકી જમશેદ તેણીને ડરેસ કરવા માંડયો, હીલ્ડા તે જોઇ ઉશકેરાઇને બોલી.

"તમે શું કરવા માંગોછ? તમે એને કહાં લઇ જવા માંગોછ? તમે મારાં બચ્ચાંને મારી પાસથી છીનવી લઇ જઇ શકશો નહી! એ મારી છે! એ છોકરી મારી છે! તમે આએ ઓરડામાંથી એને લઇ જશો તો હું મરી જવશ!" તે કનનસીબ, દુઃખી માતા એક ચીસ પાડીને બોલી અને ધસારાબંધ દોડીને તેણી ઓરડાનાં બંધ બારણાંને અઢેલીને ઉભી તથા તેને બાહર જતો અટકાવવા પોતાના બંને હાથો લાંબા કીધા!

પોતાની માને આવી રીતે દુઃખી થઇ ચીચયારી પાડતી જોઇ નાહની જર ગભરાઇ ગઇ. તેણીએ પણ બીહને ચીસ પાડી રડવા માંડયું. ઓરડામાં કીલયાન થઇ ગયું પણ આણીમેર જમશેદ જીવપર આવયો હતો. તેણે જરને પોતાના ડાબા હાથમાં ઉંચકી, અને જમણા હાથે બારણાંને અઢેલીને ઉભેલી પોતાની ધણીયાંણીને ખભાંમાંથી પકડી બાજુ કરી નાંખી.

"એ મારાં બચ્ચાં! એ મારી જર! મારાં બેખી! ખોદા મારાં બચ્ચાંને સમાલજે!" હીલ્લાએ જરને પકડવા જતાં બુમાબુમ કરી મુકી. તેણીનો ઓવરકોટ મજબુત ધરી રહી. પણ એક ઉશકેરાયલા, ઝનુની રાઠોડી મરદના જોર આગલ એક નાજુક નબળી અબલા કેટલો વખત ટકી શકે? તેણે એક ઝટાક મારી હીલ્લાના હાથમાંથી કોટ છોડવયો અને એક આંચકો મારી તેણીને બાજુ હડસેલી દીધી. હીલ્લાનું માથું ત્યાં મુકેલા સોફા કોચ સાથે અફળાયું અને પછી તેણી જમીન ઉપર તુટી પડી. જમશેદ, પોતે કીધેલી ઇજાની દરકાર કરયા વગર, તેણીની ગમ નજર નાખ્યા વગર, માય આગળ જવા રડતી જરને હાથમાં ઉપાડી દાદર ઉપરથી ધસારાબંધ નીચે ઉતરી ગયો તથા ગાડીમાં બેસી ગાડીવાળાને હાંકવા ફરમાવ્યું.

બાહેર તોફાન ચાલુજ હતું, વરસાદ જોરમાં પડતો હતો તથા વીજળીના ચમકારાઓ સાથે વાદળની ગર્જના કાનના બેહેર ફાડી નાખતા હતા.

આંખના પલકારામાં આ સઘળું બની ગયું. જમશેદનો ગુસ્સો તદન "બોઇલીંગ પોઇંટ" ઉપર ચહડયો હતો. ગુસ્સાના અવેશમાં તે આઘું પાછું જોવા, યા વીચાર કરવા

ચોભચોજ નહીં. તે જો જરા ધીરજથી વીચાર કરતે તો કદાચ ઉલટુંજ પરીણામ આવતે. તે જો જરા ધીરજ ધરતે, શાંત થતે, હીલ્લા સાથ લંબાણુ વાત કરી ખુલાસો માંગતે તો તે જે વાત સાંભળતે તેથી સઘળો મામલોજ ઉલટાઈ જતે પણ તે તો દીવાનાની કાની ધસ્યો ગયો. વાંદરેથી કોલાબે આવતાં હીલ્લાને તેની નાફરમાની માટે શું શીક્ષા કરવી તેનો વીચાર આખે રસ્તે કરવા કીધો. પરીણામમાં તે તેણીનાં બચ્ચાંનેજ ઉપાડી જવાના ઠરાવ ઉપર આવ્યો હીલ્લાને પોતાને એકબી ઠપકાનો યા ગુસ્સાનો બોલ કહયા વગર જરનેજ ઉંચકી લઈ જવામાં સરવથી મોટી શીક્ષા થશે એમ તેણે નક્કી માન્યું અને તે ઉપરજ તેણે અમલ કીધો.

તેના જીગરમાં કીનો તથા ધીક્કાર એવાં તો જડ ઘાલી બેઠાં હતાં કે ધણીયાંણીને શીક્ષા કરવાની તલબમાં તેણે વરસાદ ઠંડક કે ભીનાશ કશાંનો વીચાર કીધો નહી. પોતાનાં બચ્ચાંની તંદરોસ્તીનોબી ખ્યાલ તેણે પળવાર કીધો નહી, પાણીથી ભીંજાઈ તણાઇ ગયલી ગાડામાંજ તે જરને લઇને બેસી ગયો.

"હાંક! એકદમ સ્ટેશન તરફ હાંક!" તેણે ગાડાવાળાને ફરમાવ્યું.

"શેઠ, કાંઇ! હાંકું? આએ તોફાન જરા નરમ પરવા દેઓ! પછી આપરે જઇયે! નહી તો ઘોરો ચોંકશે!"

"હાંક! એકદમ હાંક! વખત ના ખો!" જમશેદે અધીરાઇથી પાછી બુમ પાડી. જર હજી પણ રડાને ગોદયારાં કરતી હતી તથા માયજી અને અમીના પાસે જવા અફડા તફડી કરતી હતી. તેણીને મજબુત ધરતાં

જમશેદે ઉશકેરાઇને બુમ પાડી. તોફાન! જમશેદના મગજમાં તે વખતે એવું મજબુત તોફાન ચહડી આવ્યું હતું કે તેને બહારના તોફાનની કયાં પરવા હતી? જરની ફીર્યાદીઓ તથા રડવાના અવાજો તેને એવો ચોંકેલો રાખતા હતા કે તે બાહેરની ગરજના સાંભળતોખી કયાં હતો?

"હાંક બસ એકદમ હાંક" તેણે પોકાર કીધો.

"હાંકુ! ઠીક છે તાહરે લઓ!" આટલું બોલી ગાડીવાળાએ એક મજબુત ચાબકનો ઝપાટો ઘોડાને લગાવ્યો. વરસાદ ધોધમાર પડતો હતો, અને ઘોડાએ તો ચાર પગે દોડવા માંડયું. તેઓ ભાએગે થોડાંક કદમ આગળ વધયાં હશે, એવામાં એક મોટો વીજળીનો ચમકારો થયો અને તેની પાછળ એક કડાકો એવો તો જબરદસ્ત થયો કે ઘોડો ચમકયો. ઘોડાવાળાએ હાથમાંની લગામ છોડી દીધી અને ઘોડો તો જીવ લઇને નાહસવા લાગયો.

જમશેદ ગભરાઇને જરને બાજુની સીટ ઉપર બેસાડી દીધી અને પોતે ઉભો થઈ ઘોડાવાલાને હીલવી કહાડયો. "એ તું કરેછ શું? કંઇ અફારી મુકવા માંગેછ શું?"

પણ ઘોડાવાળાની સુધી કહાં હતી? તેણે પોતાનો કાબુ તદન ખોઇ દીધો હતો, ઘોડો બીહને એવો તો ઝડપમાં દોડતો હતો કે જો તેને થોભાવે નહી તો ગાડી કશાં સાથે અફળાઇને ચુરેચુરા થવાનોજ સંભવ હતો. રસ્તા ઉપરના લોકોએ તેઓની ધાસ્તી જોઇ, થોડાંક હીમતી માણસોએ ઘોડાને થોભાવવાની તજવીજ કીધી પણ વ્યર્થ! સ્ટેશન તરફનાજ રસ્તા ઉપર ઘોડો મેડની માફક દોડવા લાગ્યો! જમશેદની ધાસ્તીનો પાર ન હતો. તે ઉજળા

ઉજળા હોઠ સાથે પાવડા ઉપર ઉભો રહી નીચે કુદકો મારવાની વેતરણ કરતો હતો તેવામાં બાજુની ગલીમાંથી એક ગાડું અચબુચ નીકળી આવ્યું, અને તેની સાથે જમશેદની ગાડી જોરમાં અફળાઇ ત્યાં એક મોટી હોનારત પળવારમાં બની ગઇ. ગાડી તદન ઉંધી વળી ગઇ. ઘોડાવાળો ઉંડીને એકગમ બાહેર પડયો અને જમશેદ પણ બેહોશ થઇને તુટી પડયો. ગાડીનો ચુરો થઇ ગયો હતો. ત્યાં એકઠાં મળેલાં લોકો જમશેદને ઉંચકી પાસેના હોટલમાં લઇ ગયાં.

"અરરરર! ગરીબ બીચારી! આએ કેવી સુંદર છોકરી છે!" જમશેદને બીસાડયા પછી ભાંગેલી ગાડી બાજુ કરતાં નાહની જર ઉપર લોકની નજર પડતાં એક જણે બુમ પાડી.

"અરે ખોદાએ! બીચારી એ તો મરી ગેઇછ! ચટ, ચટ, ચટ! બીચારી ગાડી તળે દબાઇને ખલાસ થઇ ગેઇછ! તોબાહ!"

તેઓ તે બચ્ચાંનેબી ઉચકીને જમશેદવાળાજ હોટલમાં લઇ ગયાં અને હોટલવાળાનાં ધણીયાંણી જેવણ એકબુઝરોગ માયાળુ બાઇ હતાં તેવણના હાથમાં સુપ્રયું.

"અરે બલા જાનેર! કેવું ગોલાબ જેવું બચ્ચું ને આએ શું હાલ!" તેવણ તેણીને એક બીછાના ઉપર મુકતાં બળાપો કરવા લાગ્યાં.

તેવણ બીચારાં શું જાણે કે માબાપ વચ્ચેની પંચાતીનો તે એક ભોગ હતો! તેવણ શું જાણે કે ખાલી જીદ, હેંકારી અને ગુસ્સાના પરીણામમાં તે ફુલ બાળકે પોતાનો

સુના જેવો પ્રાણુ ખોહયો હતો! આહ! તેવણુ શું જાણે! કયાંથી જાણે!

"સેઓ ડાકટર આયા! જરા એવણુને તપાસવા દેઓ!"

બીજી મીનીટે આપણા જુના ફ્રેન્ડ ડાકટર ડોસાભાઇ ત્યાં દાખલ થયા. બુચીની નાડ તપાસી હાર્ટ તપાસ્યું અને પછી દલગીરીથી બોલ્યા.

"ખલાસ! બીચારી ગુજરી ગેઇછ! એ કોણુની છોકરી છે કોણુ જાણે!"

"પાસેના ઓરડામાં એક બીજા ગ્રહસ્થનેબી લઇ આયાછ તેવણુની સાથે એ છોકરી ઉતી!" બાઇએ ખબર આપી "આવોની તેવણુનેબી જુવોની."

ડાકટર ઓરડામાં ગયા, અને જમશેદને ઓળખી બોલી ઉઠયા. "ઑ કોણુ! જમશેદ દાદીશેઠ! અરરર! આએ એની છોકરી? હવે કેમ થશે? ગરીબ બીચારી હીલ્લા! જાહરે જાણુશે તાહરે કોણુ જાણે કેમ કરશે?"

જમશેદ તો હજી બેભાનીમાંજ હતો. તેને કશી ઇજા થઇ ન હતી પણુ "શોક" લાગ્યો હતો. ડાકટરે તેને હુશયાર કરવાના સઘળા ઉપાયો લીધા અને અરધા કલાકમાં જમશેદે આંખ્યો ઉઘાડી.

આ હોનારતની બીના થોડાજ કલાકમાં ગામમાં પસરી ગઇ. ન્યુસપેપરવાળાઓને સારો ખોરાક મળયો. એકાદ બે ન્યુસપેપરમાં તો ઘણીજ લંબાણ વીગત આપવામાં આવી હતી. જમશેદ દાદીશેઠ, તેની ધણીયાંણી તથા બચ્ચાંના નામ નીશાન તથા ઓળખ આપી, તેઓના ફુલ બચ્ચાંના આવી રીતના અંત માટે દલગીરી બતાવી હતી.

આવી રીતે જે બીના પાંચ પાંચ વરસો સુધી જમશેદ કાંઈ કાંઈ રીતે છુપાવી રાખી હતી તે અંતે જગ જાહેર થઈ ગઈ. ન્યુસપેપરના હેવાલો પરથી દુનયાના મોટા ભાગે જાણ્યું કે કલકતાનો જાણીતો શેઠયો જમશેદ દાદાશેઠ પરણેલો હતો!

કજયા કુસંપ! તારૂં મોહડું જ કાળું છે!

પ્રકરણ ૩૯ મું.

અમીના જે નીચેજ બેઠી હતી તેણીએ ઉપર ચાલતી ચીસાચીસના અવાજો સાંભળયા અને ગાડીને પાછી ઘર આગળથી હંકારી જતાં જોઈ. નાહલી બાઈ તથા બીલુ પછવાડે જીલુ ડોસાંને નહવાડવા વગેરેની ગડબડમાં પડયાં હતાં એટલે આ બધી ગડબડ તેઓના સાંભળવામાં આવી નહી.

ઘણા વખત સુધી હીલ્લાએ અમીનાને બોલાવી નહી એટલે તે ગભરાઈ. "શેઠ તો બેબીને લઇ ગીયા ને બાઇએ મને સાથે નહી મોકલી! કેવું અજબ જેવું? બાઈ મને બોલાવતાં કેમ નહી? હું જઈને જોઉં તો ખરી!"

અમીના ઉપર ચહડી ગઈ. અને હીલ્લાના ઓરડાનું બારણું ઉઘાડયું. હીલ્લા સોફાની ઉપર હવામાં ટીકતી લાકડાંની માફક બેઠી હતી. એક મારબલના પુતળાં જેવો તેણીનો ચેહરો સફેદ તથા સ્થીર હતો. અમીના અકળાઈ ગઈ.

"બાઈ બાઈ, શું છે? બોલની એમ કાંય કરેછ?"

પણ હીલ્લાએ સુલભ જવાબ આપ્યો નહીં. દેખાઇતી રીતે તેણી હોશયારીમાં હતી. શું બનાવ બન્યો હતો તે તેણીને ભાન હતું પણ જવાબ દેવાને બદલે તેણી અમીનાને ટીકવા લાગી.

"એ બાઈબાઇ, ઉપર આવો જલદી આવો!" અમીના બીહને નાહલ્લી ડોસાંને બોલાવી લાવી. "મારી બાઇને કંઇ થયું છ!"

નાહલ્લીબાઇ ઉપર દોડી આવ્યાં. હીલ્લાને બેફામ જેવી જોઇ તેવણે બ્રાંડી પાણી પાયો, તથા કોલનવોટર વગેરે સુંઘાડયું.

"જોની આયા, ઘણા દહારા રાત દહારાના ઉજાગરાથી એ થાકી ગેઈછ. આપરે એને પાસે મારા ઘેરમાં લઇ જઇએ. અહીં હવે તારેથી નહી રહેવાય!"

નાહલ્લીબાઈ તથા અમીના હીલ્લાને પટાવી સમજાવી પાસે નાહલ્લી બાઈના ઘેરમાં લઇ ગયાં. અને બીછાણાં ઉપર સુવાડી અમીનાને પાસે બેસાડી. "કંઇ કામ હોય તો હુ પાસે છેઉં! હવરાં ડાક્ટર આવશે તેવણનેબી હું મોકલી આપુંછ! પણ હા ખરા, નાહલ્લી બુચી કહાં છે?"

"તેને તો શેઠ પોતાની સાથે લઇ ગીયા."

"મરે આવાં તોફાનમાં બચ્ચાંને લઇ ગીયા! ઓંજીયાં કોટકજ તો! ચાલ હવે એ જરા હોશયાર છે! હું જાઉછ! તું અહીંજ રહેજે. હું હવરાં પાછી આઉંછ!"

નાહલ્લી બાઇ ગયા પછી પાએક કલાકે હીલ્લાએ ધીમે સાદે હાંક મારી.

"અમીના, આમીના."

"જી બાઇ, મને કંઇ કેહોછો?"

"તુ જા! તું પાછી એકદમ વાંદરે જા! તારા શેઠ આજે જરને પાછી જરૂર તાંહ લઇ જશે, તેની મારી ખાત્રી છે! બસ તું એકદમ તે લોકની પછવારે જા! વખત ના ખો! હું બેસુધ થઇ ગઇ તેમાં કેટલો વખત નીકરી ગીયો! મને શું થયુંતું? હું બેશુધ થઇતી કે?"

"બાઇ તમે ચીંતા ના કરો! હું હવરાંજ જાઉંછ! પણ બાઈ તમે એખલાં છેઓ!"

"નહી, તેનું કંઇ નહી, પાસેની પીલુ મારી આગળ રહેશે. આએ બાઇ ગુજરી ગીયાંછ તેવણુને કાલ કહાડશે, પછી ચાર દહાડા આહીં રહીને બધું બરાબર ગોઠવી આવશ. તુ મારી જર આગળ હોશે તો મારો જીવ નચીંત રહેશે. મારી દીકરી કેમ છે તે જોઇને પાસેના ધનબાઇજી પાસે એક કાગજ મારી ઉપર લખાવજે."

"વારૂ બાઇ હું જતાં જતાં રસ્તામાં હોટલ આવે ત્યાંથી બેબીનાં કપરાંની પેટીબી લેતી જાઉં!"

"નહી, નહાં તે હવરાં નહી. તે બધો વખત નકામો જશે, તે બધું રહેવા દે! હું પછી મોકલસ, હવરાં તો તું સીધીજ સ્ટેશનપર જા! ઓ મારી જર! મારાં બચ્ચાં! હું તુંને હવે કયારે મલશ!" હીલ્લા રડવા લાગી.

હીલ્લાને સધ્યારો આપી અમીના જવા નીકળી. જતાં જતાં તેણી પાસેના ઘરમાં પીલુને કહેતી ગઇ. વરસાદ હજી પડતો હતો પણ તે કશાંનીબી દરકાર કરવા વગર આ નીમકહલાલ નોકર સ્ટેશન ઉપર જવા નીકળી પડી.

રસ્તામાં હોટેલ આવ્યું જયાં તેણીનો શેઠ અરધો બેભા-નીમાં હજી પડેલો હતો તથા તેણીની પ્યારી જર મુવેલી પડેલી હતી! તે સીધી સ્ટેશન ઉપર ગઇ, વાંદરે જવાની ટીકીટ લઈ ટ્રેનની વાટ જોતી બેઠી. દસ મીનીટમાં મુંબઇથી એક ટ્રેન આવી લાગી જેની અંદરથી દીનશાહ ઉતરયો. દીનશાહવાલી ટ્રેનના પઇડાં રસ્તામાં રપુચક્કર થવાને સબબે તેની ટ્રેન દોહડ કલાક લેટ થઇ હતી. કુદરતા સંજોગો એવાજ છે! દીનશાહની ટ્રેન જો વખ્તસર આવી હતે તો કદાચ જમશેદની ગાડીનો અકસમાત નહી બનવા પામતે! ધણી ધણીયાંણીની વચ્ચે પડી તે કાંઇ સમજુતી કરાવતે, જરને વરસાદ પાણીમાં જતાં અટકાવતે અને આવી દુઃખ-દાયક હોનારત બનવી અટકતે, નીરદોષ જીવનો બચાવ થતે! પણ ખોદાની કુદરત આગળ માનવી જાત નાચાર છે!

અમીનાએ દીનશાહને તુરત ઓળખ્યો, તે ઉઠીને તેની આગળ ગઇ.

"અલ્લો? અમીના તુ કહાંથી ફુટી નીકરી? તારી બાઇ કહાં છે? જર કહાં છે?"

"ઓ સાહેબ, તમે મલ્યા તો સારૂં થયું! તમે મારા શેઠને જોયાછ? તેવણુ અહીં આયા ને વરસાદ પાણીમાં બેખીને બાઇ આગળથી લઇ ગીયાછ! બાઇ તો અરધાં દીવાના જેવાં થઇ ગીયાંછ! ને મને બેખીની પછવારે જવા મોકલીછ! શેઠની ગારી તો ઉપરી ગેઇ હોશે!"

દીનશાહની છાતી ઠડક ઠડક થવા લાગી—ત્યારે અંતે જમશેદ તેવો ઘાતકી બન્યો ખરો!

"જરા સબર! આપરે સ્ટેશનમાસ્ટરને પુછયે!"

સ્ટેશનમાસ્તરને જમશેદ તથા જરના દેખાવનું બારીક વરણન આપી દીનશાહે પુછ્યું પણ તેવાં કોઈને ટ્રેનમાં જતાં સ્ટેશનમાસ્ટરે જોયાં નહી હતાં.

"તે શેઠનું નામ શું ઉતું? સાહેબ?" સ્ટેશનમાસ્તરે અચબુચ પુછ્યું.

"જમશેદજી દાદીશેઠ!"

"અરરરર! તે શેઠને વરે પુછોછ? હવરાંજ તે શેઠની ગાડીને મોટો અકસમાત થયલો મેં સાંભરયો! તે લોકોને અહીંના સ્ટેશન હોટલમાં લઇ ગીયાછ. શેઠને કાંઇ ઝાઝી ઇજા થઇ નથી પણ ગરીબ બીચારી છોકરી તો——"

દીનશાહનો ઘભરાયલો ઉજળો ચેહેરો જોઇ સ્ટેશનમાસ્તર બોલતાં અટકી ગયો.

"છોકરીને શું થયું?" દીનશાહે ધ્રુજતે સાદે પુછ્યું.

"સાહેબ કંઇ મોટી હોનારત થઇછ ખરી. શું નુકશાન થયુંછ તે મને બરાબર ખબર નથી. અહીં વચમાં સ્ટેશન હોટલ છે. તાંહ બેહુ જણને લઇ ગીયાછ!"

દીનશાહ વધુ સાંભળવા ઉભો રહયો નહીં. "ચાલ અમીના."

"હું તાહરે વાંદરે નહી જાઉં શેઠ?" અમીનાએ પુછ્યું.

"નહી, નહી, તું ચાલ મારી સાથે."

તેઓ ગાડીમાં બેઠાં અને મુગાં મુગાં સ્ટેશન હોટલ આગલ ઉતરયાં.

પ્રકરણ ૪૦ મું.

પસ્તાવો હમેશાં મોડો હોય છે!

એક તડાકામાં દીનશાહ સઘળો મામલો સમજી ગયો. હોટલમાં જર હજી બીછાણા ઉપરજ પડેલી હતી. તેણીના દીલ ઉપર સફેદ ચાદર ઓહાડી હતી. તેણીનો સુંદર હસ્તો નીરદોશ ચેહેરો જોઈ દીનશાહનું હઇયું ભરાઇ આવ્યું.

"ઓ જમશેદ! જમશેદ! આએ તારૂં કામ છે! આએ તુંને તારી હડીલાઇની સજા છે!" તે ગમખ્વાર જીવે ત્યાં ઉભો હતો તેવામાં હોટલવાળાનાં ધણીયાંણી બચુબાઇ અંદર આવ્યાં.

"બા તમે કોઇ સગા છેઓ કે? એ બીચારીને ઠેકાણે પારવા અમે ખોટી થયા કરીયેછ!"

"પેલા બીજા શેઠ કહાં છે?"

"તેવણને ડાકટરે ઉપરના ઓરડામાં રાખવા કહયાછે ને હવરાં આએ બુચીના ગુજરવાની વાત તેવણને કહેવાબી ના કહી ગીયાછ. તેવણને તદન શાંત રાખવા કહયુંછ! તમે કોણ થાઓ બા!"

"હું એ લોકનો સગો છેઉં! બધી પ્રાટતી કીયાનો હુકમ આપજો!"

"હા બાવા, એ બચ્ચાંને પાસે મારા ઘેરમાં લઇ જઇએછ ને તાંહાંજ બધી ગોઠવણ કરાવીયેછ—અહીં હોટલમાં કાંઇ જગા નથી." તે ભલાં બાઇએ લાગણીથી કહ્યું.

"વારૂજી તમારી મોટી મેહેરબાની! હું હવરાં એના બાપ આગળ જાઉંછ ને પછી તમારે તાંહ આઉંછ!"

આ પછી અમીનાને આ માઠા બનાવની ખબર આપી, તેણીને રડતી મુકી દીનશાહ ઉપર જમશેદ આગળ ગયો.

જમશેદ હજી બીછાણામાંજ હતો. તે હજુ પુરી સુધીમાં આવયો ન હતો. તેણે સુધીમાં આવતાં પેહેલો સવાલ પોતાનાં બચ્ચાં માટે પુછયો હતો. તેણી કયાં હતી અને કેમ હતી તે માટે ઘણી ઇંતેજારીથી પુછયું હતું અને હોટલવાલાઓએ તેને ઉડાવનારો જવાબ દીધો હતો કે તેણીને નીચેના ઓરડામાં રાખી હતી.

આ સાંભળી જમશેદને જરા સધધારો આવયો હતો. ડાકટરે તેને ઉઠવા ના કહયું હતું પણ જરાબી ટટાર થતાં પહેલાં નીચે જર આગળ જવા તે માંગતો હતો. આવાં તોફાનમાં ગાડી જોરમાં હંકરાવવા માટે તેને મનમાં પસ્તાવો લાગયો હતો પણ તેનું બચ્ચું સહીસલામત હતું એમ ધારી તે જરા શાંત થયો, તેની બુચી પેલાં જીલુબાઇ ડોસાંના ઘેરમાં નહી હતી પણ તેજ હોટલમાં પોતાની નજદીક હતી તે વીચારથી તે વધારે નચીંત થયો.

આવી છકડ ખાધી તોબી આ મગરૂર માણુસની હેંકારી ગઇ ન હતી; તેનાં જીગરનો ધીકકાર તથા ગુસ્સો ઓછો થયો ન હતો!

દીનશાહને જોઇ જમશેદને બધો મામલો પાછો જોસબંધ યાદ આવ્યો. તેજ દીને સહવારના તે વાંદરે દીનશાહને મુકી આવયો હતો તેનું તેને ભાન આવયું.

"તું વરી અહીં કહાંથી આયો?" જમશેદ પુછયું.

"તારી સંભાળ લેવા."

"ઠેંકયુ, દીનશાહ! પણ તેં મારી જરને જોઇ કે?"

"હા, મેં તેને જોઇ છે!" પોતાની છાતીમાં ભરાઈ આવેલું દુઃખનું ડચકું જેમ તેમ દાબતાં દીનશાહે જવાબ દીધો.

"પણ તે કહાં છે? એને ઘણું લાગુંછ કે?"

દીનશાહે તુરત જવાબ દીધો નહીં એટલે જમશેદ જરાવાર થોભી પાછો સવાલ નાખ્યો. "તે હવરાં કહાં છે?"

"છે નીચે છે."

"તું કોઇને કેહ કે મારી જરને ઉપર લઇ આવે! જો વરી, તેને મળવામાં મારો જીવ ભરાઇ રહયોછ! ડાકટર મને ઉઠવા નથી દેતો! પેલી હોટલવાલી બાઇને કેહ."

"હવરાં નહીં! પછી હલ્લુ ધીરે."

"અમે લોક અહીં છઇયે તે તેં કેમ જાણયું દીનશાહ?"

"રસતામાં આવતાં મેં સાંભળયું, પણ જમશેદ, તારી વાઇફ અહીં છે. તેને મળવા તું નહી માગતો? હું જઇને તેને અહીં લઇં આઉં?"

જમશેદ છલાંગ મારીને ઉઠયો "તેને અહીં લઇ આવે? નહી! કંઇ જરૂર નથી! એને લીધેજ આએ બધું થવા પામયુંછ! તેને અહીં નહીં આવવાનો મારો સખ્ત હોકમ ઉતો ને મારાં બચ્ચાંને અહીં નહી લાવવા મેં તેને ખતી ખતીને લખ્યુંતું! તેને અહીં લાવે? કબુ નહી!"

"વારૂ વારૂ ચાલ, અમથો ઉશકેરા ના." દીનશાહ તેને ઠંડો પાડતાં બોલ્યો.

રાતે દસ વાગે જમશેદ તદન તટાર થયો અને નીચે જઇ પોતાનાં બચ્ચાંને મળવાનીજ બોહસ ધરી બેઠો. તરેહવાર બાહણા કહાડી થોડોવાર તો દીનશાહે તેને ઉડાવયા કીધો પણ પછી વધુવાર તેને એ માઠા બનાવથી અણજાણયો રાખવામાં દીનશાહે ડાહપણ જોયું નહીં.

"જા, દીનશાહ, જઈને ખબર કહાર કે તે હોટલના કીયા રૂમમાં છે!"

"વારૂ હું જઈને બરોબર ખબર કહારી આઉં ને પછી તુંને લઈ જાઉં."

હોટલના ઓટલા ઉપર અમીના કળ ખાઈને રડતી હતી. નાહની જરને હોટલવાળાં બચુબાઈ પોતાના ઘરમાં લઈ ગયાં હતાં, જયાં સરવે કીયાકામ ચાલતું હતું. બીજે દીને સહવારના પાયદસ્ત કહાડવાની હતી.

દીનશાહ બહુજ ગમગીન દીલે સેજદો કરી પાછો જમશેદ આગળ ગયો. આ આફતની ખબર મોડે વહેલે કહેવાની તો ખરીજ એટલે ધીરજથી કહેવાની મતલબથી તે અંદર ગયો.

"કાંય? ખબર કહારી કે? કીયા ઓરડામાં છે? શું છે એવો ઉજરો પુની જેવો કેમ થઈ ગીયોછ?" જમશેદ ઉપરાસાપરી સવાલો નાખ્યા.

"જમશેદ, જેમી મને કહે કે તું હવરાં તદન સારીકાની છે? તારામાં ખમવાની શકતી—"

"ખમવાની? શું ખમવાની? ધસીને બોલ દીનશાહ શું છે?"

"તેને જોવાની હીમત છે? આજે "એકસીડંટ"માં તે બીચારીને—"

"તેને શું થયું? તે બીચારીને શું છે?" જમશેદ ધાસ્તીને મારે કાંપતો બોલ્યો "મને બધાંએ તો કહયું કે સારી કાની છે! તેને કંઈજ દરદ નથી થતું એમ મને તો કહયું!"

"હવે દરદ નથીજ થતું! શાંત થા, ને ચાલ મારી સાથે આવ ને તેને છેલ્લી મળ! બધું ખલાસ થયું છ જમશેદ!" દીનશાહ તેને પટાવતાં બોલ્યો.

મોહતના જેવો ફીકાસ જમશેદના ચેહેરા ઉપર ફરી વળ્યો. તે દીવાનાની માફક કાંઇ પણ બોલ્યા વગર દીનશાહની ખાંધ ઉપર હાથ મુકી પાસે બચુબાઇનાં ઘરમાં ગયો, જયાં નાહની જર પથર ઉપર પડેલી હતી. તે સુંદર બાળકનો મીઠો ચેહેરો હજીબી જાણે બાપને જોઇને હસ્તોજ હતો!

"ઓહો?" એકજ નજર તેણીની ઉપર ફેંકી એક જીગરતોડ નીસાસો નાંખી જમશેદ બેસુદ્ધ થઇને દીનશાહના દીલ ઉપર ઢળી પડયો.

થોડે વારે હોશયારીમાં આવતાં ધસાધસ રડી પોતાનું દીલ ખાલી કીધું. "ઓ દીનશાહ! દીનશાહ! બસ એક પીસતોલ લાવી તું મારા માથામાં માર! બધાં ગીયાં! બઇરી બચ્ચું બેઉ ગીયાં! મેં બેઉનાં ખુન કીધાં! ઓ હીલ્લા! હીલ્લા! તારાં બચ્ચાંને મેં મારી નાંખ્યું છ! હવે તું મને કેમ માફ કરશે? હવે હું તારી નજર સામએ કેમ આવશ! ઓ હીલ્લા આએ ફટકો તું કેમ ખમશે?"

સારી રાત એ રીતે કળાપીત કરી જમશેદે માથાં અફાળી નાખ્યાં! દીનશાહ તેને દીલાસો દેતો આખી રાત તેની આગળ બેસી રહયો.

* * * *

બીજે દીને સહવારના જીલુબાઇ બુચીયા તથા જર દાદીશેઠ બંનેની પાયદસ્નો સાથેજ નીકળી. આ દુન્યામાં તો તેઓ મળવા પામ્યાંજ નહી પણ પેલી દુનીયાની કુચ એકજ

વખતે શરૂ કીધી. હીલ્લાની તબીયત એટલી તો નબળી અને નાદરૂસ્ત થઈ હતી કે ડાકટરે તેણીને મુદલ ઉઠવાજ નહી દીધી. પણ દીકરીને કહાડતી વખતે જમશેદની હાલત દયા ખાવાજોગ હતી. આવો એક તુમાખી ગુસ્સાવાળો અને જોરેમંદ માણસબી મોહત આગળ નાચાર થઈ ગયો. તેના છાતી ફાડી નાંખે તેવાં રડવાથી સરવે લોકની આંખોમાં પણ પાણી આવી ગયાં.

પ્રકરણ ૪૧ મું.

સુનાબાઇનાં વધુ કારસતાન!

તેજ દીવસે રાતે હીલ્લાએ પાસે સુતેલી પીલુને હાંક મારી.

"પીલુ પીલુ જરા બતી સળગાવ."

"હા, હીલ્લા શું છે?" પીલુએ જોયું કે હીલ્લા બીવેલી જેવી ફાટેલા ડોળાએ ટગર ટગર હવામાં ટીકયા કરતી હતી.

"પીલુ, મને લાગેછ કે કંઇબી ખરાબ બનાવ બન્યોછ. મને આગાહી થાયછ કે હું મારી જરને હવે જોવા પામશ નહી!"

"જા જા હીલ્લુ, ગાંડી! એવું નહી બોલીયે! એમ માનવાનું તુંને શું કારણ?"

"હું ઉંઘાયલી હતી ને મને એક ઘણો ખરાબ સપનો આયો તેથી હું જાગી ઉઠી. સપનામાં મને બેહસ્તનો દેખાવ દીસ્યો. તાંહ મારાં માયજીબી હતાં. તેવણ જાણે મારી આગળ આયાં ને મને કહયું કે "તારી દીકરીને પેલી દુનયામાં મને તેં નહી મેળવી પણ હવે ખોદાયજી તેને

બોલાવે છે! હું તેને લેવા આવીશ. તુ આવશે તાંહ સુધી હું તેની સંભાળ લેવશ" એમ બોલી માયજી જતાં રહયાં! આ પીલુ, પીલુ, મારી ખાતરીજ થઇછ કે મારી દીકરીને કંઇ માઠો બનાવ બનયોછ! તેના જાનને હાણી આવીછ! આ હવે શું કરૂં!" આટલું બોલી હીલ્લા રડવા લાગી. પીલુએ ઘણીબી પટાવી દીલાસો આપ્યો. પણ તેણી શાંત થઇ નહીં.

સહવાર પડતાં તેણીને સખ્ત તાવ ચહડી અને તાપની ઝુમમાં તરેહવાર લવારો બકારો કરવા લાગી. ડાકટરે તપાસીને મત આપયું કે તે બીજાંની તાવ હતી. પીલુ તેણીની આગળ રહી. થોડે વારે અમીના આવી લાગી, અને પોતાની બાઇને આવી સીક જોઈ હોટલમાં જઇ દીનશાહને ખબર આપી.

"ચટ-ચટ-ચટ! બધી મુશકેલીઓ સામટીજ આવેછ! અહીં તારા શેઠ માથું દાખીને સુતાછ તે ઉઠતા નથી, તેને એખલો મુકી આવવાની બનતું નથી. હવે શું કરીયે? જરા સબર, એક પ્લાન છે. હું હવરાંજ એના માયજી ઉપર તાર કરૂં કે જમશેદ આગળ આવે!"

દીનશાહે એક તાર કલકતે હમાબાઇ દાદીશેઠ ઉપર લખી કહાડયો. હોટલનું એડરેસ આપી જમશેદના ત્યાં ઘણાં સીક થઇ જવાની ખબર આપી અને તેવણને જમશેદ આગળ મુંબઇ આવવાની અરજ કીધી.

"લે અમીના આઓ તાર અહીંની આફીસમાં જઇ તું આપી આવ ને પછી તું તારાં બાઇ આગળ જઇ તેવણની સારવાર કર! ડાકટરના હુકમ પ્રમાણે બધું કરજે. હું બબે કલાકે ખબર પુછાવ્યા કરશ! તારાં બાઇની આવી અડચણના

વખતમાં તેવણને નીમકહલાલ રેહેજે! હું તારી મેહેનત ભુલશ નહી!"

અમીના તાર લઇને ગઈ અને દીનશાહ જઇને જમશેદ આગળ બેઠો. બુચીની પાયદસ્ત કહાડયા પછી તે કાંઇબી બોલ્યા ચાલ્યા વગર માથાં ઉપર તકીયો દાબીને પોલ્યા ઉપર પડયો હતો.

* * * *

દીનશાહનો ટેલીગ્રામ હમાબાઇ દાદીશેઠને મળે તે આગાઉ મુંબઇનું વરતમાનપત્ર જેની અંદર જમશેદ દાદીશેઠની ગાડાને થયલા અકસમાતની બારીક વીગત આવી હતી તેની એક કાપી સુનાબાઇ બાટલીવાળાને મળી. તેવણ તે ન્યુસપેપરનાં ઘરાક હતાં અને હાલ કલકતે પોતાની કાપી મંગાવતાં હતાં. આ પત્રમાં તે હોનારતની બારીક વીગત, જમશેદજી દાદીશેઠ અને તેવણનાં ધણીયાંણી બચ્ચાંની ઓળખ વગેરે લંબાણથી આપવામાં આવ્યું હતું.

"આહ! હવે બચ્ચા તું સપાટામાં આયો!" તે ફકરો વાંચીને સુનાબાઇ મલકાઇ ગયાં. "પેલાં હેંકરાઇમાં મરી રહેલા હમાબાઇનેબી સારી સજા છે!"

સુનાબાઇના હાથમાં ખાસ્સો દાવ આવ્યો હતો. આવી એક મહાભારત ખબર પહેલવહેલાં કહેવાનું માન તેવણને ફાળે આવ્યું હતું. તેવણે અત્યાર સુધી બાનુબાઇ આગળ અસેમસે વાત કરીયા કીધી હતી, અને એવા એવા ગપાટાઓ લાવવા માટે હમાબાઇ તેવણ સાથ જરા ઉંચે મનેજ ફરતાં હતાં, અને સુનાબાઇને જુઠઠામાં ખપાવી તેવણનું બોલેલું માનવા સાફ ના પાડયું હતું. પણ હવે આ ન્યુસપેપરની

વીગતથી તેવણુના હાથ મજબુત થયા હતા. જમશેદ તે દીવસે ખાણુાની ટેબલ ઉપર સરવે બીના નાખુકર જઇ તેવણુને ફજેત કીધાં હતાં પણુ હવે તેનું વેર લેવાની સારી તક મળી હતી. કાંઇબી કરીને એ ખબર હમાબાઇને આપવી તો ખરી. હમાબાઇને એકદમ ગુસ્સે કરી દાદીશેઠ હોલ માંથી પોતાના તાંટયા સદાના કાપી નાખવા તેવણુ માંગતા નહીં હતાં. ઘણી સીફત અને સફાઇથી તે વાત પોતાને મોહડે મોહડું હમાબાઇનેં કહેવાના ઇરાદાથી તેવણે તુરત એક ચીઠી નીચે પ્રમાણે લખી કહાડી.

"મેહરબાન બાઇજી હમાબાઇ,

મારા સાંભળવામાં કાંઇક નાખુશ ખબર આજે આવી છે. તમારી પહરોણુાગત તળે હું હાલ રહેલી છઉં, તેવા વખતમાં તે ખબર હું તમારેથી છુપાવી શકતી નથી, મને લાગેછ કે મારે તે છુપાવવી નહીંજ જોઇએ. હું તમારી સાથે ખાનગીમાં વાત કરવા માગુંછ. તમારી ફરસુદે તમારા ઓરડામાં આઉં?"

લા૦ સુનાબાઇ બાટલીવાળા.

હમાબાઈ દાદીશેઠ ફફડી ચટકી રહયાં હતાં. તેવણુનો દીકરો કહયા પુછયા વગર, મળયા ભેટયા વગર એકદમ ચાલી ગયો તેથી તેવણુ ઘણુા ગુસ્સે થયાં હતાં એવી રીતે બધી પારટીઓ અને ખાણુાઓમાં હાજરી આપવાને બદલે જમશેદને એકાએક કલકતેથી ચાલી જવાનું શું કારણ મળ્યું તે માટે પારપાડોશીમાં તરેહવાર ચાવાચીવી ચાલી રહી હતી અને તે સઘળાંઓ આગળ તરેહવાર ઠીંગડાં મારી, ખુલાસાઓ કરવાનું અણુગમતું કામ હમાબાઇને માથે આવ્યું

હતું તેમાં તેવણ પુરાં બળી જળી રહયાં હતાં. તેવણ જેમ બને તેમ જલદીથી જમશેદને ઠેકાણે પડેલો જોવા માંગતાં હતાં અને તેને માટે તેવણ જાત જાતની યુકતીઓ રચતાં પણ જમશેદ તેવણની સર્વે ગણત્રીઓ ઉંધીજ વાળતો હતો.

સહવારના નાસ્તાની અગાઉ હમાબાઈ પોતાના સુવાના ઓરડામાં હતાં ત્યારે આયાએ આવી સુનાબાઇની ચીઠી તેવણના હાથમાં મુકી.

"મરે વરી શું કહેવા માંગતી હોશે?" સુનાબાઈની ચીઠી વાંચી. હમાબાઇને ધસ્કો પડયો. "વરી શું કોણ જાણે, "તેરા કુત્તા મેરી કોડારી" લાવી હોશે! કંઇ જમસેદનાજ સંબંધમાં તો નહી હોય!"

નાસ્તો પુરો થયા પછી તેવણે સુનાબાઇને પોતાના ખાનગી ઓરડામાં બોલાવી મંગાવ્યાં. મુંબઇના તે ન્યુસ-પેપરનું પાનું ઘડી કરીને સુનાબાઇએ પોતાના ગજવામાં મુકયું અને પછી હમાબાઇના ઓરડામાં ગયાં. તેવણે પોતાની વાત શરૂ કરવા આગમજ તરેહવાર ઓફીશલ ડાચાંઓ કીધાં, ભવાં ઉપર ચહડાવી, ડોળા આસમાનસે ચહડાવયા, જે જોઇ હમાબાઇના ગળી ગયાં.

"શું છે સુનાબાઈ શું નાખુશ ખબર તમે લાયાંછ?"

"શું કરૂં હમાબાઇજી, તમુને કેમ કેહું! મારો તો જીવ એવો બરેછ પણ——"

અહીં સુનાબાઇએ ગજવામાંથી રૂમાલ કહાડી જુઠી જુઠી આંખો લુછવા માંડી. "આપરે તો બે બેહનો જેવાં છઇયે પણ શું કરૂં——"

અહીં હુમાબાઇથી વધુ વાર તામોશ થયું નહીં, તેવણુ હંમેશનાં આકળાં હતાં તેમાં સુનાબાઇના ચેનચાળાથી પુરાં છછણી પડયાં.

"ઓવાય! સુનાબાઇ! એ શું બેનકોટક? એ એમ દાહરમાં ઘાલીને શાનુ વગોળયા કરેછ? ધસધસ બોલી દેઓની? બેહન ને બાઇનું પીજન શું કર્યા કરેછ?"

હુમાબાઇએ એમ કરડી ખાધાં એટલે સુનાબાઇનું આંખ નાક નુછવાનું બંધ પડયું. તેવણે ચાટ જેવાં રૂમાલ પાછો ગજવામાં મુકી દીધો "અં! રાન લાર કરવી! હજુ ભેજાંમાંની રાઇ ગેઇજ નથી! ઉભી રેહ! હવરાં તારી તુમાખી ઉડારી મુકુંછ!" સુનાબાઈ મનમાં ફફડીયાં અને ગજવામાંથી પેલું નયુસપેપર ખેંચી કહાડયું, અને મોટેથી બોલ્યાં "હું ઘણી દલગીર છેઉં પણ મારે કહેવુંજ જોઇએ. જુવોની મુંબઇમાં છપાતું આએ નયુસપેપર આજે સહવારે મને મલ્યુંછ! તમારા જમશેદજી મુંબઇ કાંય જતા રહયા તેનો ખોલાસો એમાંથી તમુને મળશે! તમારા દીકરા તદન સહીસલામત છે પણ તેનું બચ્ચું—"

"બચ્ચું? તેનું બચ્ચું? એ તું બકેછ શું?" હુમાબાઇએ નયુસપેપર સુનાબાઈના હાથમાંથી ઝુટાવી લીધું અને ગભરાટમાં બોલી પડયાં.

"ચસ્મા વગર મને વાંચવાનું દીસ્તું નથી. જરા તમે મોટેથી વાંચી સંભળાવોની એમાં શું છાપયુંછ!"

સુનાબાઇએ ન્યુસપેપર હાથમાં લીધું અને એક નાનો જેવો ખુંખાર મારી નીચે પ્રમાણે વાંચ્યું.

"ગંભીર અકસ્માત—એક બાળકનું નીપજેલું મરણ.

આજે સાંજે ત્રણ વાગે કોલાબા સ્ટેશનની નજદીકમાં એક ગંભીર હોનારત થવા પામી છે. મી૦ જમશેદજી બમનજી દાદીશેઠ નામના એક ગ્રહસ્થ ભાડેની ગાડીમાં પોતાની બાળક બેટી જરબાઈની સાથે જતા હતા તેવામાં તેવણુની ગાડીનો ઘોડો વીજળીના કડાકાથી ચમકીને નાહસવા લાગ્યો. ઘોડાવાળાના હાથમાં કાબુ રહયો નહી અને પરીણામમાં ગાડી એક ગાડાં સાથે અથડીને ઉંધી વળી ગઇ. મી૦ જમશેદજી ગાડીમાંથી કુદી પડયા. તેવણુને દમ જેવી ઇજા થઇ નથી પણ તેવણુની નાની બેટી ગાડી તળે દબાઇને મરણ પામી છે. આ મી૦ જમશેદજી દાદીશેઠ કલકતાના રહેવાશી છે. તેવણુનાં ધણીઆણી ખુચીયાં કુટુબનાં અને ગરીબ માબાપનાં દીકરી છે. આવી સુંદર નાની બેટીનાં આવાં દુઃખદાયક મરણથી જે સંતાપ અને દુઃખ મી૦ અને મીસીસ દાદીશેઠને થયું છે તેમાં અમો ખરાં દીલથી ભાગ લઇયે છીયે."

પ્રકરણ ૪૨ મું.

હડહડતા કસમ !

હમાબાઈ દાદીશેઠને સખત ફટકો પડીયો હતો. નયુસ-પેપરમાંની બીના સાંભળી તેવણ થોડો વખત લાકડાં જેવાં થઇ ગયાં અને રડી પડવાનુંજ બાકી રાખયું હતું પણ તોબી પોતાની તે હાર તથા નબળાઇ કોઇ બીજાને જણા-વવા મુદલ ખુશી ન હતાં. તેવણુ સુનાબાઇના દેખતાં બહુજ હીમત રાખી અને ધીમેથી બોલ્યાં.

"તમારી ઘણી મેહેરબાની થઇ સુનાબાઇ, આએ ખબર મને આપવા તમારી ઉપકારી છેઉં. આએ નયુસપેપર જરાવાર અહીં મુકી જશો?"

"હાજી લએ."

"ઠેંકયું" હમાબાઇ ઠસ્સામાંજ કોચ ઉપરથી ઉઠી ઉભાં થતાં બોલ્યાં "હવે તમારી રજા હોય તો હું જરા મારા સુવાના ઓરડામાં જાઉંછ."

સુનાબાઇ ઓરડામાંથી બાહેર પડયાં "મરેરે! કેવી સખત દીલની બઇરી છે! એના પેટમાંનું જરા પાણીબી નથી હીલયું! આએ ખબરથી કાંઇ એવણુને ઘણું લાગું હોય તેમ જણાયું નહીં." ઘણું લાગયું નહી! નાસીપાસી બેજાલત અને ચીડને મારે હમાબાઇ દાદીશેઠે સુનાબાઇના જવા પછી કેમ માથાં કુટયાં, પોતાના એકપુરા દીકરાને કેમ કદુવા દીધી તથા પોતાની વહુ અને વેહવાણને કેવા સખત બોલો બોલી પોતાનું ભરાઇ આવેલું હઇયું ખાલી કીધું તે જો સુનાબાઇના જોવામાં આવતે તો તેવણ પોતાની તે ની ખુશાલીમાં સીલીંગ સુધી કુદતે!

"એબ લગારી!! પોતાના ખાનદાનનું નામ ડુબારયું! રાંધી ખવાડનારીની છોકરી સાથ પનયો! હું એને કદી કદી માફ કરશ નહીં! તે ગરીબની છોકરીજ હોતે તો હું કદાચ માફ કરતે, તે જરા છેલ છબીલી છકેલી હોતે તો તેબી હું લઇ ચલાવતે પણ રાંધનારીની છોકરી, એક બબરચીની છોકરી! એવો હલકો ધંધો કરનારની છોકરી મારી પછી દાદીશેઠ હોલમાં રાજ કરવા આવે! ઓ ખોદા! હવે શું કરૂં! કેમ કરૂં! મારૂં મોહનું———"

આએ ઠેકાણે બારણું ઠોકાયું અને બાનુબાઇ હાથમાં એક ન્યુસપેપર લઇ ઉશ્કેરાયલા ચેહેરા સાથ ત્યાં દાખલ થયાં. તેવણને જોઇને હમાબાઇએ પાછો પોતાનો ચેહેરો જરા શાંત કીધો.

"તું હવે પાછું એ પીજન કરતી ના! મને બધું ખબર છે! તારીપર એ ન્યુસપેપર કોણે મોકલ્યું?"

"અરે એ તો કલકતાનાં બધાં પેપરોમાં આજે છપાઇ ગીયુંછ! બેજનજીએ આજે સવારનાં પેપરમાં આએ ફકરો વાંચ્યો."

"કલકતાનાં બધાં પેપરોમાં? શું એટલી ઝડપમાં બધી વાત ફેલાઇ ગેઇછ?"

મેં તુને કહયુંતું કે એ વાતમાં કંઇબી સચ્ચાઇ હોવીજ જોઇયે ને તું માનતીતી નહી! પણ તુંને કોણે કહયું?"

"સુનાબાઇએ મુંબઇનાં પેપરમાં આવેલો આએ ફકરો મને વંચાવ્યો."

"સુનાબાઇએ? ઉં તેવણ આએ વખત પહેલાં મારી આગળ નહી આયાં ને તારીજ આગળ સીધાં પુગી વરયાં કે? ઠીક છે!" સઉથી પહેલાં પોતાને એ અગત્યની ખબર સુનાબાઇએ નહી આપી તેથી સુનાબાઇના મનમાં ઓછું આવી ગયું.

"ઓ ખોદા! આએ કેવી નાલેશી! સારાં ગામમાં બધે ડાંઉં ડાંઉં થઇ ગેઇ! મારેથી એ ખમાય નહીં! હું હવે અહીંના લોકને મોહવુંજ કેમ બતાઉં? મારો લખોપતી દીકરો આવી રીતે પરણે? લોકોને પઇસા લઇને રાંધી ખવારનારી મારા દીકરાની સાસુ? તેનો ખ્યાલ આવતાંજ મારૂં મિજાજ ફરી આવેછ! એટલું સારૂં છે કે તે પારીયું મરી ગીયુંછ!"

"પણ હવે તું શું કરવા માંગેછ?"

"શું કરવા માંગુંછ? હું કલકતામાં રહેવા નથી માંગતી! હું મારી બધી ગોઠવણ કરી હાલ તુરત તો પુને મારી મેહેરાંને તાંહ રહેવા જવશ! આએ દાદીશેઠ હોલ જમશેદની માલકી છે! તે ભલે પોતાની બઇરી થતીને લઇને અહીં રહેવા આવે! હું હવે અહીં પાછો પગ નથી મુકવાની!! એ છોકરી, એ બઇરી સુનાબાઇને તાંહ ચાકરી રહેવાની ઉતી નહીં?"

"હા, તેવું કંઇ ઉતું ખરૂં!"

"ઉં! ને તેવી એક સાથ એ પની બેઠોછ!"

"કદાચ તું ધારેછ તેટલું બધું ધીકકારવા જોગ નહી હોશે! જો હમા, મારૂં તો મત છે કે હવે જહારે બધી વાત બહાર આવીછ તાહરે તો હવે જરા તરા નાખતી કરી તેને આપણા કુટુંબમાં દાખલ કરવીજ જોઇયે! જમશેદ જો મારો દીકરો હોતે તે હું તો તેમજ કરતે! તું પોતે જો તારી વહુને—"

"શશશશઅ! ચુપ રહે! વહુને બહુ મારી આગળ કરતી ના! એવાજ જો વીચાર ઉતા તો આપરી જરે આવાં લગન કીધાં તેને તમે કાંય નહી માફ કીધું?"

"હા, પણ મને તો પછી તેનો ઘણોજ પસ્તાવો લાગ્યા કીધો. તારે લીધે અમુનેબી તેમજ કરવું પરયું! પણ હવે મારી સલાહ માન! તું જમશેદને લખ! તેની બઇરીને બોલાવ! આપરે ખુલ્લા હાથે તેને આવકાર દઇશું તો કલકતાના બધાં લોકબી તેમજ કરશે."

"તું તારે ગમે તે કર! તારૂં માથું ફોડીને પોતી કહારથી તોબી તું મને મારા ઠરાવથી ફેરવી શકવાની નથી. હું ખોદાના કસમ ખાઈને કેહુંછ કે હું કદીબી તેને મારા! ઘેરમાં લાવવાની નથી! તે જહાં સુધી જીવતી હોશે તાંહ સુધી હું મારા દીકરાનેબી ઓળખવાની નથી! તમે જો આપરાં કુટુંબને ખરાબ લગારવા માગતાં હોવ તો ભલે મારે વધારે કંઈજ કહેવું નથી!"

જરા નરમ દીલ બતાવી જમશેદને માફ કરી તેની ધણીઆંણીને તેડવા બાનુંબાઈએ હમાબાઈને ઘણું સમજાવ્યુ પણ પથર ઉપર પાણી! વધુ જવાબ આપવાને બદલે હમાબાઈએ પોતાનાં કારભારણને બોલાવ્યાં.

"હું કાલે પુને આપરાં મેહેરબાઈને તાંહ જાઉછ તેથી બધી પેટીઓ વગેરે ભરાવીને તઈયાર રાખજો! - બાનુંબાઈ, આવતા બિસ્પતવારને સારૂં પારટીઓનાં તેરાં ચાપરે બહાર પારવાંછ તે બધાંને જરા ચીઠીઓ લખીને ના કહેવારજો. બધાંએ ન્યુસપેપર વાંચ્યું તો હોશેજ એટલે બોલાસાની જરૂર નથી!"

આ ઠેકાણે મસાલચી હાથમાં દીનશાહનો તાર લઈ આવ્યો જેમ જમશેદની સીકનેસની ખબર આપી, તેની આગળ હમાબાઈને બોલાવ્યાં હતાં. હમાબાઈએ ખાટડું બટ જેવું ડાચું કરી તે તાર વાંચ્યો અને કાંઈબી બોલવા વગર બાનુબાઈના હાથમાં મુકયો.

"ઓ હમા! હવે તો તારેથી ના કહેવાયજ નહી! તે આવો સીક છે તાંહ તારે જવુંજ જોઈયે! જા, હમાબાઈ, જા, તેની આગળ તું જા!"

"જાઉં! જમશેદ આગળ હવે જાઉં! કદી નહી! તે મરવા કાંય નહી સુતો હોય તોબી નહી!" હમાબાઇ દાંત પીસીને બોલ્યાં.

"અરે, હમા, હમા! શું બોલેછ તેનો તો જરા વીચાર કર!"

"શું બોલુંછ? હું જે એક વખત બોલીછ તે પાછુ બોલવા તઇયાર છેઉં! સાંભળ, હરહરતા કસમ ખાઇને આજે તુને કેહુંછ કે તે મોતના બીછાણાંપર છે એવું હું સાંભળું તોબી હું તેની આગળ જવશ નહી!"

વધારે તકરાર કરવી ફોકટ હવી, "ઠીક છે જમશેદ જો પોતાની બઇરીને લઇને અહીં આવશે તો મારી તરફથી ને મારા બેજનજી તરફથી તે લોકને સારોજ આવકાર મળશે! ચાલી ચલાવીને હું પેહલી તેને મળવા જવસ નહી પણ મારે તાંહ લાવશે તો હું તો ખુશીથી તેને આવકાર દેવશ!" બાનુબાઇ બોલ્યાં. તેવણનો જીવ જમશેદ ઉપર ઘણો હતો અને તેને ખાતર તેની બઇરી સાથબી મળી જવા ઘણાં ઇંતેજાર હતાં. જમશેદ પોતાની ધણીયાંણીને લઇને કલકતે આવે ત્યારે તેને બનતી મદદ આપવાના વીચારથી તેવણ હાલ ચુપજ બેઠાં. હમાબાઇએ તારનો જવાબ પોતે કશો વાળયો નહી પણ પોતે પોતાની દીકરીને ત્યાં પુને એકાદ બે દીવસમાં જવાનાં હતાં તે મતલબનું કાગજ કારભારી પાસે દીનશાહ ઉપર લખાવ્યું.

"દાદીશેઠ હોલ"માના પરોણાઓ વીખેરાઇ ગયાં. સુનાબાઇને આવી સુંદર જગ્યા તથા આવી મોજમજાહ છોડીને જવાનું ભારી પડયું. તેવણે બાનુબાઇ તરફથી તેવણને ત્યાં આવીને રહેવાના ઇજનની વકી રાખી પણ ચાટ પડી ગયાં. આવી એક અગત્યની ખબર પોતાને પહેલાં નહી કહી તેથી

બાનુબાઇ ફફડીયાં હતાં અને તેથીજ સુનાબાઇને પોતાને ત્યાં બોલાવ્યાં નહી. સુનાબાઇને મોડેથી માલમ પડયું કે પેલું નુસપેપર હમાબાઇને બતાવવામાં તેવણે ભુલ કીધી હતી. એવી રીતે તે ખબર આપી દેવાની ઉતાવળ કરી તેવણે કાપ્યું કાપ્યું હતું કેમ જે તેથી કરીને તેવણે હમાબાઇની ખફગી ખેંચી લીધી એટલુંજ નહીં પણ બાનુબાઇની ગુજ સુજમાંથી પણ બાકાત રહી ગયાં. તેવણે વીહલે મોહડે પાછાં મુંબઇ જવાની તઇયારી કરવા માંડી.

બીજે દીને સવારના "દાદીશેઠ હોલ" ખાલી થઇ ગયો. બાનુબાઈ અને બેજનજી પોતાને બંગલે ગયાં. સુનાબાઇ મુંબઇ ગયાં અને તે સરવના જવા પછી હમાબાઇ દાદીશેઠ, પોતાના દીકરા અને વહુને માટે દાદીશેઠ હોલ ખાલી કરી, પોતાની દીકરી મેહેરબાઇને ત્યાં પુને જવા ઉપડી ગયાં.

પ્રકરણ ૪૩—મું.

"તું બાકસમાંથી પાછી કાંય નીકરી?"

હવે સમજયાં?

જીલુડોસાંના કોલાબેના નાહનાં ઘરના ઓરડામાં જમશેદ રડમસ જેવો બેઠો હતો. તે પોતાની નાહની વહાલી દીકરીના મોહોત પછી જાણે અરધો દેવાના જેવો થઈ ગયો હતો. તે તુમાખી મગરૂર મીજાજી માણસ કુદરતના આ ફટકાથી આજેજ બની મોમ મીસાલ નરમ પડી ગયો હતો. તે પોતાનાં પ્યારાં બચ્ચાંની મીઠી પટપટ તેમજ મીઠી ચુમીઓ વગર સાવજ બની ગયો હતો. પોતાની ખાલી જીદ અને

હેંકારીના પરીણામમાં તે બચ્ચું મરણ પામ્યું હતું તે વીચારથી હવે તે હદબાહેર પસ્તાતો હતો. વળી તેની ધણીયાંણી પણ બહુ આજારી હતી અને તેણીની આગળ તે જઇ શકતો ન હતો, એટલે તે જીજુડોસાંને ત્યાં જઇ ખબર પુછાવતો અને વારંવાર એક નાહનાં બચ્ચાંની માફક ડીઆ ખેંચતો હતો. દીનશાહ તેની સાથેનો સાથેજ રહયોજ હતો. પોતાની અથાગ દોલત, ખાનદાન વગેરે જમશેદને હવે અકારાં પડયાં હતાં અને જો પોતાનાં પ્યારાં બચ્ચાંને કોઇ પાછું જીવતું સહીસલામત લાવી આપે તો પોતાની દોલતનો મે ભાગ આપી દેવા તઇયાર હતો! બચ્ચાંનો પ્યાર એવોજ છે! જ્યાં સુધી "પેટનો ચમટો તુટે" નહી ત્યાં સુધી તેનો ખ્યાલ બીજાંને આવેજ નહીં?

આ જફાએ તેને નવોજ માણુસ બનાવયો હતો. તેણે મનમાં ગાંઠ વાળયો કે હવે વધુ વાર પોતાનાં લગન છુપાવવાં નહી. ન્યુસપેપરોમાં થયલી છાપાછાપીની વાત જમશેદ જાણતો ન હતો. તેણે ઠરાવ કીધો કે હીલ્લા સારી થતાં તુરત તેણીને કલકતે લઇ જવી. પોતાનાં એકપુરાં બચ્ચાંનો આવી રીતે કચ્ચડઘાણ કહાડી નાખવા હીલ્લા તેને માફ કરે તે વીશે તેને ઘણો શક હતો પણ બધું સમાધાન થયા પછી હીલ્લાને કલકતે લઇ જઇ, બધા લોકમાં મેળવી, સરવે રીતનું સુખ આપવાના તેણે કસમ લીધા. તે એટલાં સુધી હવે પસ્તાયો હતો કે જીજુ ડોસાંનાં મરણુની ખબર સાંભળી તેવણુની સરવે કીયા કામનો આખાં વરસનો ખરચ પોતેજ આપવાની ખુશી દેખાડી હતી અને તે રીતે તેવણુ તરફ ચલાવેલી સખત ચાલ તથા ગેરઇનસાફનો જાણે બદલો વાળયો હતો.

"શીરીનની કંઇ ખબર મળી?" તેણે સામે બેઠેલા દીનશાહને પુછયું.

"છે, હજુ કંઈ સારો સુધારો લાગતો નથી."

"હું જાઉં? તેની આગળ જાઉં?"

"નહી હવરાં નહી. તેની સારવાર બરાબર થાયછ! હવરાં તેને કોઇબી રીતે ઉશકેરવા ડાકટરે ના કહયુંછ!"

"પણ તેની આગળ કોણ છે?"

"ડાકટર બેહરામજી માદન ને તેવણનાં ધણીયાંણી આવેલાં છે ને તેની આગળ સારવાર કરવા રહયાંછ!"

"ખોદા તે લોકનું ભલું કરે! જર ગુજરી ગેઇછ તે તે જાણેછ કે?"

"નહી હજુ કહયું નથી!"

"અરે ખોદા! તે વાત જાણશે તાહરે શું કરશે? અરે તે મને કેમ માફ કરશે?"

શીરીનને હજુ તાવ આવતી હતી અને પુશકળ નબળી થઇ ગઇ હતી. તેણીને નાહનીની ડોસાંનાજ ઘરમાં રાખી હતી, અને ડાકટર બેહરામજી અને તેવણનાં ધણીયાંણી ધનબાઇજી વાંદરેથી આવી તેણીની આગળ રહયાં હતાં તેઓ જમશેદને શીરીના આગળ જવા દેતાં ન હતાં. તે રોજ પાસે જીજુડોસાંના ઘરમાં આવીને બેસતો તથા અમીના પાસે ખબર મંગાવયા કરતો હતો.

"તમે બે તન મહીના શીરીનને મારી બરદાસ્તમાં રહેવા દેઓ!" ધનબાઇજીએ તેને સલાહ આપી. "ને પછી તે તદન સારી થઈ તમારે તાંહ આવશે! તેટલાં હાલ તમારે તેને મળવા માંગવું નહી કે કંઇ લખવુંબી નહી!"

"હા, તમે જેમ કેહો તેમ! ફક્ત એ સાજી થાય ને મને માફ કરે તેટલુંજ હું માગુંછ."

"જેવી એ જરાબી ટટાર થશે કે અમે લોક એને અમારી સાથે કેઠે દરીયે કીનારે ચેન્જપર લઇ જવા માગયેછ! એને ચેન્જની તેમજ આસાએશની ઘણી જરૂર છે."

મહીના દહાડાની ચીંતાતુર બીમારી પછી હીલ્લા જરા જરા સુધરવા માંડી. તેણીને ડાકટર અને તેવણનાં માયાળુ ધણીયાંણીની સંભાળ હેઠળ સોંપી દીનશાહ તથા જમશેદ કલકતે ગયા. હુમાબાઇ સરવ મામલો જાણયા પછી દાદીશેઠ હોલ છોડી પોતાની દીકરીને ત્યાં રેહવા ગયાં હતાં તે વાત દીનશાહને મોહડે જમશેદે સાંભળી. જમશેદને પોતાને પણ ચેન્જની ઘણી જરૂર હતી અને દીનશાહ તેને અસ્ટમપસ્ટમ સમજાવી કલકતે ઘસડી ગયો. દીનશાહે આગળથી લખ્યું હતું તેથી બાનુબાઇ માસી તથા બેજનજી માસા તેઓને આવકાર દેવા દાદીશેઠ હોલમાં હાજર હતાં. બાનુબાઇ માસીને જમશેદ મુગે મોહડે ભેટયો. તેવણેંબી તેના દુ:ખના વખતમાં કાંઇબી સવાલો પુછી તેને વધારે દુ:ખી કરવાનું વાજબી ધારયું નહી. જમશેદના કલકતે આવવાની ખબર પડતાં સરવે આડોશીપાડોશીઓ તેને દીલાસો દેવા, ખરૂં પુછાવો તો "દાદીશેઠ હોલ"માં શું રાહઘાટ છે તે જોવા તથા જાણવા રોજના આવવા લાગ્યાં. જમશેદની ખબર પુછવાને મસે "દાદીશેઠ હોલ"માં રહેનારાઓના ચેનચાળા જોવા તેઓ વધુ આવતાં હતાં. હુમાબાઇ ઘર છોરી ચાલી ગયાં, પારટીઓ બંધ પડી અને જમશેદ, પોતાની ધણીયાંણી વગર એખલો કલકતે આવયો એ સઘળા બનાવો પાર પડોશીઓને ચકચારનું બોટું આપવા પુરતા હતા. એવા

મામલાને માટે ઘણુંજ થોડાં ખરેખરાં દલગીર હતાં, બાકીનાં બીજાંઓ હમાબાઇ દાદીશેઠના કહેવાતાં બઢેખાં ફરેનડો તો મનમાં ખુશીજ થયાં હતાં. પારકાના સુખમાં ખરેખર ખુશ થાય એવો ફરેસ્તો આએ દુનયામાં કયાં છે? બતાવો! કોઇની નીંદામાં ભાગ નહી લે અને તેને ચુંથીને ચાહલો નહી કરે તેવું ફરેસ્તાઇ ખસલતનું ઇનશાન કયાં છે? બતાવો! સોમાંથી ભાગ્યે એકજ તેવું તમને દીસશે!

જમશેદ તો પોતાના ઓરડામાં ભરાઇ રહેતો અને કોઇને મળવા ના પાડતો હતો. બાનુંબાઇ તે સરવેને મળવા દાદીશેઠ હોલમાંજ રહેલાં હતાં. તેવણે એક દીવસે દીનશાહને પુછયું."જહારે તું કેહછ તેવી મજાની છોકરી હીલ્લા છે તાહરે આટલાં આટલાં વરસ તેને છુપાવી કાંય રાખી?"

"તમે કારણ સારીકાની જાણોછ! હમાબાઇને તમે નહી ઓરખતાં?"

"હા, તેવણનીજ પંખાતી છે. પણ દીનશાહ મારે નામે તું જમશેદને કહેજે કે જહારેબી એ પોતાની ધણીયાણીને લઇને આવશે તાહરે હું તો તેને સારો આવકાર આપવા તઇયાર છેઉં! હું ધારતીતીજ કે જમશેદ એકદમ કોઇ તેવી સાથ કબી પન્નેજ નહી!! હવરાં તો બીચારી સીક છે પણ ખોદા કરે ને જલદી સારી થાય ને આપરૂં ઘેર હસ્તું બનાવે!"

દીનશાહ કાંઇ બોલ્યો નહી. હવે તો સઘળો આધાર હીલ્લાની પોતાનીજ ઉપર રહયો હતો. પોતાનાં પ્યારાં બચ્ચાંના આવા અંત માટે જાણ્યા પછી તેણી શું કરે, પોતાના ધણી તરફ કેવી રીતે વરતે, દાદીશેઠ હોલમાં આવે કે નહી તે માટે દીનશાહ મુદલ ખાત્રીપુરવક હતો નહી.

જમશેદ પોતાના ઓરડામાં એખસોાજ ઝુરતો બેઠો હતો. તે સઘળા મામલા માટે ખરે મને હવે પસ્તાવા લાગ્યો હતો. તેની પાસેની એક ટેબલ ઉપર તેને નામનાં ઉખેડયા વગરનાં કેટલાંક કાગળો પડેલાં હતાં. તેની ઉપર નજર પડતાં બેધ્યાન પણાંમાંજ તેણે કાગળો એકપછી એક ઉંચકી સરનામા વાંચવા માંડયાં. સરવથી છેલ્લું કાગજ ઉંચકીને જોતાં જમશેદ ચમકયો, તે તો હીલ્લાનું કાગજ હતું! હીલ્લાના સુંદર મરોડદાર અક્ષર તેણે તુરત ઓળખ્યા! તેની ઉપરનો પોસ્ટ મારક તપાસતાં તેને માલમ પડયું કે તે કલકતા છોડીને દીનશાહ સાથ મુંબઇ જવા નીકળયો તેજ દહાડાનું તે કાગજ હતું! તેઓના ઉપડી ગયા પછી બપોરના ટપાલમાં તે કાગજ આવીને પડી રહયું હતું, ઝડપમાં તેણે તે કાગજ ઉઘાડી વાંચ્યું, પોતાની મરતી મા આગળ જઇ પુગ્યા પછી હીલ્લાએ લખેલું તે કાગજ હતું જેમાં પોતે જીલુડોસાંની છોકરી નહી હોવાની બાબદ તેણીએ લખી હતી.

હીલ્લા જીલુડોસાંની ખરેખરી દીકરી નહી! આ વાંચતાં જમશેદે એક સરદ હાય મારી ને કાગજ મુકી દીધું. અરે!! એ બાબદ આટલાં આટલાં વરસ કેવી નાખુશ પંચાતીઓ તેઓ વચ્ચે થઇ, તેજ "સ્તુપીડ" મતફેરના પરીણામમાં તેઓના ફુલ બાળકનો જીવ ગયો, અને વાહલી ધણીયાંણી સાથ આવો અણબનાવ થયો અને અંતે તે બધું થઇ રહયા પછી પાસો આવી રીતે ફેરવાઇ ગયો! જમશેદ રડમસ જેવો ટેબલ ઉપર માથું નાખી બેસી રહયો. કેવારે દીનશાહ ત્યાં આવયો.

"વાંચ, દીનશાહ આએ વાંચ! આપરે ગીયા પછી આએ કાગજ આયું હોશે! અરે, જરા જલદી કાંય નહી મળયું હોશે!"

"હીલ્લા જીલુડાસાંની છોકરી નહી?" હીલ્લાનું કાગજ વાંચી દીનશાહ અજાયબીથી પોકારી ઉઠયો. તેના ભેજામાં કાંઇ જુદાજ ખ્યાલો દોડતા હતા. તેના ભેજાંમાં તરેહવાર શકો ઉભા થયા હતા પણ બરાબર ખાત્રી કરયા વગર હાલ તે મુંગોજ રહયો.

"જો હવરાંજ ડાકટરનાં ધનબાઇજીનું કાગજ આયુંછ કે હીલ્લા સુધરતી જાયછ ને આઠ દસ દાહારામાં તે પોક એને લઇને પંચગની જવાનાં છે. પછી તું શું કરવા માંગેછ? વાંદરે પાછો જવા ધારેછ?"

"તે હવરાં હું કંઇજ કહી શકતો નથી. હીલ્લા સારી થયા પછી તે જે કેહેશે તેમ કરવાનું."

"જો મારૂં માને તો તેને અહીંજ લઇ આવજે."

દીનશાહની આ સલાહને બાનુબાઇએ પણ ટેકો આપ્યો.

"જમશેદ, કેમ તારી હીલ્લા કેમ છે? તારાં બચ્ચાંના ગુજરવાની વાત તેને હજુ કહી કે નહી?"

"નહી હજી નથી કહી, અમારા ફરેંડો ના કહેછ કે હવરાં જણાવવા જેવી મજબુત તે નથી પણ જયારેબી તેને એ વાત તે પોક કહેશે કે તુરત મને જણાવશે."

તેઓ વાત કરતાં હતાં તે ઓરડામાં જમશેદનાં મમઇ માણેકબાઇની સબી ટાંગેલી હતી. તે બાનુબાઇને બતાવી જમશેદે પુછયું "આએ સબી વાશે તમારૂં શું મત? બાનુ માસી?"

"કોણ? માયજી? આપરા ખાનદાનમાં જે સારૂં રંગરૂપ છે તે વારસો એવણ તરફથી આપુને મળયો છે. વરી એવણના જેવાં સમજુ, ઠાવકાં ને ધીરજવાળાં બઇરાં થોરાંજ હોશે. તેવાં એક માયને વાસ્તે મગરૂર છેઉ બીજું શું ધારૂં?"

"વારૂ ને હવે આએ સખીને સારૂં શું ધારોછ?" પોતાના ઘડીયાળના છેડામાં લટકતી એક બાકીટ ઉંઘાડી હીલ્લાની નાહનની સખી બતાવતાં તે બોલ્યો આ સખી અત્યારસુધી તેણે કોઇને બતાવી ન હતી, તે સખી જોઇ બાનુબાઇ ચોંકયાં "અરે ખોદા! કેટલું મળતાપણું! એ કોણ?"

"એ મારી હીલ્લા!"

"અજબ જેવું! તદન માણેકબાઇ માયને મળતો ચ્હેરો છે!"

"હા, જે દહાડે પહેલી મેં હીલ્લાને જોઇ તાહરેજ મનેબી એ મળતાપણું દેખાયું. હું ઘણો સીક પરયો ને બેસુધ હાલતમાં એ લોકના ઘેરમાં મને ઉંચકી ગયા. જયારે હું જરા સુધીમાં આયો ને હીલ્લાને મેં જોઈ તેવુંજ મને તે મળતાપણું દીસ્યું કેમ જે હીલ્લાએ મને ઘણી વખત કહયુંછ કે તે વખતે તાપની ઝુમમાં હું તેને પુછયાજ કરતોતો કે "તું બાકસમાંથી કાંય નીકરી? કેમ નીકરી? કહારે નીકરી?" બીચારી હીલ્લા કંઇ સમજી નહીં કે હું શું પુછતો તો!"

"પણ મરે, હુંબી નહી સમજતી! બાકસ શાનો? કીયો બાકસ?"

"તમે નહીં જાણતાં કે? આએ મમઈજીની સખી ખોબઇ ગેઇતી તે મેં એક વખત નીચેના ગોડાઉનમાં સીસમના બાકસમાં પરેલી શોધી કહારીતી! હીલ્લાને જોઇને તે સખીજ મને યાદ આવી ગેઇ ને તાપની ઝુમમાં તેજ બકારો કરીયા કીધો!"

"મરેરે! મરેરે! કેવું અજબ જેવું! ને પછી તું તેની સાથ પનયો? એની સખી જોયા પછી મને કંઇ હવે અજાયબી લાગતી નથી! અજાયબી એટલીજ લાગેછ કે તારાં મમઇને મળતી કેટલી આવેછ?"

આ ઠેકાણે દીનશાહ એક તાર લઇ આવ્યો. "ધનબાઇનો તાર આયોછ. હીલ્લાને જરના ગુજરવાની ખબર તે પોંકે કહીછ."

પ્રકરણ ૪૪ મું.

બાલનું ગુચકું.

જયારે હીલ્લા જરા હોશયારીમાં આવી કે તેણીની પહેલી નજર ધનબાઇજી ઉપર પડી. તેવણ ત્યાં કેમ આવી લાગ્યાં, અમીનાને જર આગળ મોકલી તે કેમ પાછી આવી વગેરે સવાલો તેણીના મનમાંથી પસાર થવા લાગ્યા. તે કાંઇબી બોલ્યા ચાલ્યા વગર બીછાણાં ઉપર પડી રહેતી અને કોઇ સાથ વાત કરવાની કાળજી બતાવતી નહી. ધનબાઇજી કે અમીના યા કોઇબી કાંઇ પુછે તેના ટુકમાં હા નાથી જવાબો આપતી પણ પોતાના બચ્ચાં યા ધણી માટે કાંઇજ પુછતી હતી નહી. ધનબાઇજી, બેહરામજી ડાકટર તથા બીજાંઓ આવો મામલો જોઇ ગભરાયાં. તે મન ખુલ્લું કરીને રડે તોજ તેણીને ફાયદો થાય, તેણીનું મગજ ખુલ્લું થાય એમ ડાકટર બેહરામજી ધારતા હતા. ધનબાઇજી તથા તેવણના વર, જમશેદને બોલાવી હીલ્લા સાથ મેળવવા ઘણા આતુર હતા, પણ તે બાબદ હીલ્લાની

પોતાની મરજી જાણ્યા વગર કાંઇબી કરવા બીહતાં હતાં. હીલ્લા કાંઇબી પુછે, જમશેદને બોલાવવા કેહ યાતો વાંદરે જવા માંગે તેની રાહ તેઓ જોતાં બેઠાં હતાં પણ ના, હીલ્લા તો લાકડુંજ થઇ ગઇ હતી. તેણી સાવજ જેવી થઇ ગઇ હતી. આવી રીતે મનમાં ને મનમાંજ બળાપો કરયા કીધાથી તેણીની આવી નબળી હાલતમાં, ભેજાંની હાલત બગડવાની ધાસ્તી તેઓ રાખતાં હતાં. અમીના, પીલુ વગેરે તેણીની સાથ તરેહવાર વાતો કરી મન વેરવાનું કરતાં પણ હીલ્લા કશી વાતમાં ઉલટથી ભાગ લેતી ન હતી અથવા તો કશાંબી કામમાં મન રોકવા માગતી ન હતી. નવી જગ્યા તથા નવી હવાના ચેનજથીજ ફાયદો થશે એમ ધારી તેઓ તેણીને પંચગણી લઇ જવાની સરવે તઇયારી કરતાં હતાં. હીલ્લાએ ત્યાં જવાબી કશો વાંધો લીધો નહી.

જવાની થોડા દહાડા અગાઉ હીલ્લા ઇઝીચેર ઉપર બેસીને ઝુરતી હતી. ધનબાઇજી તેણીની આગળ આવી એક નાહના "સ્ટુલ" ઉપર બેઠાં.

"તુ જાગેછ કે દીકરા? હું જાણ્યું કે ઉંઘઇ ગેઇ હોશે"

હીલ્લા સેહેજ હસી પણ કાંઇ જવાબ દીધો નહી.

"જો આજે સનવાર છે. "જામે"ની વાત તારી આગળ વાંચું?"

હીલ્લાએ ડોકું ધુણાવી ના પાડી. ધનબાઇજીને તેણીનો દેખાવ ગમ્યો નહી. કાંઇબી કરીને હાલની તેણીની સુસ્તી દુર કરવાના વીચારથી તેવણ તેણીનો હાથ પકડી માયાથી બોલ્યાં.

"હીલ્લા, દીકરા, તુંને હવરાં કેમ લાગેછ? સારીકાની છેની? મારી સાથે જરા વાત કરની."

"મારેથી બોલાતું નથી" અંતે હીલ્લા ધીમે સાદે બોલી. "મારૂં શરીર જીવતું છે પણ મારૂં અંદરનું દીલ જાણે મરી ગીયુંછ, બે કટકા થઇ ગીયુંછ!"

"નહી, નહી એમ ના બોલ! તું જુવાન બચ્ચું છે! તું જલદીથીજ ટટાર થશે. તુને આપણે દુનયામાં જીવવાની જરૂર છે!"

"કોણને ખાતર? કોણને ખાતર મારે જીવવાની જરૂર છે?" હીલ્લા ઉશ્કેરાઇને બોલી.

"જો તારો હીરા જેવો ધણી—"

ધણીનુ નામ સાંભળતાં એક કંપારી હીલ્લાના દીલમાંથી પસાર થઇ ગઇ. તેણી બીધેલી જેવી મુગી બેસી રહી. ધનબાઇજીએ તે જોયું પણ તોબી તેવણ બોલયાં "હું તારા વરને, તારા જમશેદને તેરાઉં? તારી આગળ બોલાઉં?"

"ઓ નહી, નહી, નહી!" હીલ્લા ઠડ ઠડ ધ્રુજતાં બોલી "હુ હવે તેવણને મળી શકશ નહીં."

"ચાલ વારૂ કંઈ નહી તું કહેશે તહારેજ બોલાવશ. ઠંડી પર!" ધનબાઇજી તેણીનું માથું પસવારતાં બોલ્યાં.

તેજ દહાડે સાંજે પીલુ તેણીના ઓરડામાં આવી. જીલુ ડોસાં જે પેકેટ સીલ કરીને તેણીના સ્વાધીનમાં આપી ગયાં હતાં તે હીલ્લાના હાથમાં આપી તેણીના દીલમાં નવી ઉલટ આપવાની તેણીની મતલબ હતી.

"ઓ પીલુ તું છે કે?" હીલ્લા તેણીને જોઇ ખુશી થઇને બોલી.

"હા, તું કેમ છે? સારીકાની છે? તું હવરાં જરા ઠીક દીસે છે જોની તુ પંચગની જાય તે અગાઉ આય હુ

તુંને આપવા આવીછ. બીચારાં જીલુડોસાં લખી ગીયાંછ તે તું વાંચતી નહી કે?"

"હા હા હવરાં નહી, પછી વાંચશ! તું એ પાકીટ અમીનાને આપ કે ઠાવું રાખે! પીલુ મારા માયજીની બધી ક્રીયા બરાબર થાયછ કે? તું જોયછ કે?"

"અરે હારે સઉથી સરસ રીતે થાયછ! બધા રૂપાંનાજ વાસણો વગેરે ઇજાવવાનો હુકમ આપ્યોછ!"

"એટલોબધો ખરચ કાંઇ એવણના પોતાના રૂપયામાંથી થાય નહી તું કેહજે કે જે આંકરા થાય તે મારીપર—"

"અરે તેવણના પોતાના રૂપયામાંથી એક અરધીબી ખરચાવી નથી, તું જાણતી નથી કે? બધો આખાં વરસનો ખરચ તો તારા જમશેદજીએ આપવા કહયોછ તું જાણતી નહી કે?"

"નહી, મને કોણ કહે?"

"હારે, બીચારા તેવણ રોજ અહીં આવતાતા ને જીલુ ડોસાંના ગુજરવાથી ઘણાજ દલગીર થયાતા!"

આએ હીલ્લાને માટે નવીજ ખબર હતી! જમશેદ જીલુડોસાંના મરણનો ખરચ કરે અને દલગીરી બતાવે! તેણી કાંઇ બોલી નહી પણ થોડે વારે ઘણાજ ફીકકા ચેહેરા સાથે તેણીએ પીલુને ધીમેથી પુછયું.

"મારી જર, મારૂં બેખી તેવણ સાથે હતું કે?"

પીલુ ગભરાઇ ગઇ પણ તેણીએ ટુકમાંજ જવાબ દીધો. "નહી."

હીલ્લાએ નાસીપાસીથી ડોકયું નાખી દીધું અને આંખ્યો બંધ કરી દીધી.

બીજા ચાર દહાડા પછી ધનબાઇજી, બેરામજી ડાકટર તથા અમીના હીલ્લાને લઇને પંચગની ઉપડી ગયાં. જમશેદને તે બાબદ લખી જણાવ્યું હતું. પંચગણીમાં તેઓનો નાનો સુંદર બંગલો હતો. હીલ્લા આખો દહાડો બાગમાં એક ઇઝીચેર ઉપર પડી રહેતી હતી. તેણીની તબીયત સુધરતી જતી હતી. ખોરાક બરાબર લેતી, ફરવા જતી અને રાતના બરાબર ઉંઘતી પણ તોબી હજી તેણી કોઇ સાથ મન ખોલીને વાત કરતી હતી નહી. તેણીએ હજી પોતાનાં બચ્ચાં માટે ખરી ખુંખારીને કોઇને પુછયું ન હતું તેઓ બધાં અવારનવાર જમશેદની વાત કરતાં પણ બુચી જરનું નામ દેતાં ન હતાં તે ઉપરથી હીલ્લા પામી ગઇ હતી કે તેણીનું બચ્ચું હયાત નહી હતું. અંતે એક દીવસ બેહેરામજી ડાકટર પોતે તેણીની આગળ એ વાત કહેવા ગયા.

"કેમ હીલ્લા હવે તુંને જરા ઠીક લાગેછની? જો હવે તો જલદીથી તુંને તારે ઘેર જવાનું. નહી, તારાં ઘેરનું નામ સાંભળી એમ ધ્રુજ ના! તારૂં ઘેર તારી વાટ જોયછ! તાંહ તુંને આવકાર આપવા બધાં ખોટી થાયછ! ફકટ એકજ—"

અહીં ડાકટર પોતે ગળગળી પડયા. હીલ્લા તો લાકડાં જેવી થઇ ગઇ હતી.

"ફકત એકજ જણ તુને નહી મળશે. એકજ ચેહેરો જે તુંને ઘણો પ્યારો ઉતો તે તાંહ નહી દીસશે! ખોદાએ તેને બોલાવી લીધીછ."

ડાકટરની પોતાની આંખ્યોમાંથી તડ તડ આંસુ પડતાં હતાં પણ હીલ્લાની આંખ્યો સુકી ટસ હતી.

"તે એક ઘણોજ ખરાબ અકસમાત હતો! ઘોરો ચોંકયો ને ગારી ઉથલાઇ ગઇ. ગરીબ બીચારી કાંઇ ઘણું દુઃખ ખમવું પરયુંજ નહી!"

હજીબી હીલ્લા રડી નહી યા કાંઇ બોલી નહી. એક ઘેલાં આદમીની માફક તેણી હવામાં ટીકવા લાગી. ઘણા વાર સુધી હીલ્લા કંઇ બોલી નહી એટલે ડાકટર પાછા અંદર ગયા. તેવણને હીલ્લાના મગજની હાલત માટે બહુ ધાસ્તી હતી.

"આહ! મારૂં ઘેર!" તેવણના જયા પછી હીલ્લા બરબડવા લાગી. "મારાં બચ્ચાં વગરનું ઘેર! એ હવે કેમ કરૂં? હું કહાં જાઉં? મારો વર—માગ જમશેદ દલગીર થયા? બધો ખરચ કીધો! અરે પણ તેવણ હજુ મારી સાથ ગુસ્સે છે? મને લખતા કેમ નહી? મને બોલાવતા કેમ નહી?"

"બાઇ હવે ઠંડી નીકરીછ ને તમુને ધનબાઇજી અંદર બોલાવેછ" અમીનાએ આવી તેણીને ચમકાવી.

હીલ્લા પોતાના ઓરડામાં ગઇ "બાઇ હું તુમારે સારૂં કાંઇ લઇ આવીછ." ઓરડાનું બારણું બંધ કરી અમીના આગળ આવીને ધીમેથી બોલી "જુવો."

અહીં અમીનાએ પોતાનાં ગજવાંમાંથી એક એનવીલોપ ખેંચી કહાડયું અને તેમાંથી કરચલીવાળાં બાલનું એક સુંદર ગુચ્છું કહાડી હીલ્લા સામે ધરયું.

"એ કાંહુથી લાવી?"

"એ બેબીના માથાંપરથી મેં છેલ્લે દહાડે કાપી લીધું તું તે તમારે સારૂં રાખ્યુંછ."

હીલ્લાએ તે ગુચકું આંખમાં ચાંપ્યું અને ઘણી લાંબે વખતે તેણી મોટે મોટે રડવા લાગી. અંતે તેણીનું દીલ પીગળયું હતું. પથ્થરની માફક જડ થઈ ગયલુ ભેજું આ બાલનાં ગુચડાંને જોઈ ઠેકાણે આવ્યું કેટલા વખતનું ગુચવાઈ ગુંગળાઈ ગયલું દીલ ખુલ્લું થયું. પોતાનો જમશેદ દલગીર થતો હતો અને જીલુ ડોસાંના મરણનો સરવે ખરચ કરતો હતો તે વાત જાણી ત્યારથીજ તેણી જરા નરમ પડી હતી અને જમશેદ ઉપર લખવા માંગતી હતી તેણી એક કલાક સુધી બાલનાં ગુચડાંને છાતીએ દાબી ખુબ રડી. આવા ફેરફારથી ખુશી થઈ અમીના નીચે ધનબાઈને કહેવા દોડી. રડીને છાતીના ખોલાસો કીધા પછી હીલ્લાએ એક લંબાણ કાગજ જમશેદ ઉપર લખી કહાડયું, તેવણ હજી તેણીની ઉપર ગુસ્સે હતા કે કેમ તે પુછાવ્યું અને સરવે મામલા માટે દલગીરી દેખાડી પાછી પોતાના જમશેદને મળવાની ખુશી બતાવી.

કાગજ લખીને તેણીએ અમીનાને પાછી બોલાવી જીલુ ડોસાંવાળું પેકેટ મંગાવયું. અમાનાને નીચે મોકલી તેણીએ તે પેકેટ ઉંઘાડયું. અને ઠડક ઠડક થતી છાતી સાથે તેણીએ તે કાગજયાંઓ, જેમાં પોતાની જીંદગી તથા તેને લગતા સરવે ભેદ ભરમો જીલુ ડોસાંની ભાશામાં લખાયલા હતા, તે આતુરતાથી વાંચવા માંડયા.

પ્રકરણ ૪૫—મું.

જીલુડોસાંનું "કનફેસાંઉ"

ખીચોખીચ લખાયલાં ઘણાક પાણાઓનું તે પેકેટ હતું. જીલુડોસાં કાંઇ ગુજરાતી ભાશા લખવામાં પુરવીણ ન હતાં. એટલે તેની જોડણી ઘણીજ અશુધ હતી. હીલ્ડાએ તે કાગજયાંઓ પ્યારથી આંખમાં ચાંપ્યાં અને પછી નીચે પ્રમાણે વાંચવા માંડયું.

"આજે જે હું લખવા માંગુંચ તે પહેલાં તો કોઇને જણાવવાની મારી મરજી નહી ઉતી, તુંને પોતાનેબી નહીજ કહેવાની ઉતી, કારણ જે તારા વર થતાએ મને ઘણી હીનીતી. તું મારી છોકરી છે તે વીચારથી તેવણ સાહેબને ઘણી સરમ લાગતીતી તેથી મુગીજ રહી, મારો ભરમ મારી સાથેજ લઇ જઇને તેની ઉપર કીનો લેવા સારૂં મન ઘણું થયા કરતુંતું પણ પછી મારો જીવ બરયો. એના કરતાં તારા પોતાને વાસ્તે, હીલ્ડા દીકરી, મારૂં દીલ પીગળયું ને મરને દહારે તેને માફ કરવાનો મેં વીચાર કરી આએ લખવા માંડયુંચ.

મારા હાથ ચાલતા નથી, મારેથી ઘણો ઘણો વખત લખાતું નથી તેથી થોરૂં થોરૂં રોજ લખસ તો મરવા અગાઉ મારી વાત પુરી કરસ.

તારા વરને કેહજે કે મેં તેને માફ કીધુંચ, તેને પોતાના ચાલતા વખતમાં મારી સાથે ઘની ખરાબ ચાલ ચલાવીચ પણ જહારે તે મારી આએ બધી વાત સાંભરશે તહારે મારી સાથે સારી રીતે નહી ચાલ્યો તે સારૂં તે જરૂર મનમાં પસતાસે એવી મારી ખાત્રી છે. તેને આટલાં વરસ

તુને મારેથી કેમ દુર રાખ્ખવાની વેતરન કીધીચ તે જહારે મને એદ આવેચ તાહરે મારી આંખ્મમાં પાની આવી જાયચ પણ કંઈ નહી, ખોદાય તેનું ભલું કરે ને તુને હસ્તી ને સુખી રાખે એવી તારી મરતી માઅેની દુવા છે.

ચાલ હવે સાંભર ને સાંભરીને અજબ થા કે મારૂં ખરૂં નામ જીલુંબાઈ બુચીઆ છેજ નહી! મારૂં ખરૂં નામ તો જીલુબઈ માહવા છે. મારાં માય બાવા તો બીચારાં ઘણુંાંજ ગરીબ ઉતાં ને બધા દહાડા ગર ગામરેજ રહેતાંતાં. તે લોક બેઉ જણાં ગુજરી ગીયા પછી હું એખલી પરી ગેઇ. મારી પાસે કંઇજ પેઇસા નહી તેથી અમારાં ઓરખાનના એક પારસી બાઇ મને દયા આઇને પોતાની સાથે મંભઇ લઇ આયાં. મારૂં ગુજરાન કરવા મને ચાકરી રહેવું પરયું. બીજું તો કંઇ મુતું આવરે નહી પણ રાંધતાં સારૂં આવરતુંતું. તીખ્ખો તીખ્ખો કોલમીનો પાટીયો તો એરો બનાઉં કે નાખ ફાટી જાય તે બધાં અવારનવાર મારી પાસે કરાવીને હોંસે હોંસે ખાએ! મરે, પણ હું બી કોંહથી કોંહ ચાલી! તે છે તે રાંધતાં આવરે એટલે ભાંએખલે એક નાહલ્લી ગલીમાં એક પારસીની ધરમશારા ઉતી તોંહ આવતા જતા લોકને રોંધી ખવરાવવા મને પગારદાર ચાકરી રખાવી. એ ધરમશારાવારો પારસી નવરોજી ને તેની બઇરી થતી કુકીઆઇ બેહુ ઘનાંજ દાધાબરયા સભાવનાં ઉતાં. કુકીઆઇ સુઇ મારી પાસે બધું લડારૂં કરાવે. મને સહવારના ચાર વાગેથી ઉઠીને બધું કામ કરવું પરે તે રાતે અગીયાર વાગે સુવાનો છેરો આવે પણ શું કરીયે, પેટને ખાતર બધી વેઠ કરવી પરે!

નવરોજી તો ટંપાલ ચહરાવી આખો વખત મોહનામાંથી એલફેલ કરીયા કરે! એ ધરમશારામાં એક બીચારો બુઢો પારસી રહયલો ઉતો. તેના પગને રૂમીટીઝમ થયલું ઉતું તેથી બરાબર ચલાય નહી. પેલી રાન કુઝીઆઇ બીચારાને ઘણી બુમ પરાવે. મને તો ઘણીજ દયા આવે તેથી હું મારાં કામ સાથે સાથે તે બુઢાનુંબી કામ કરતી આઉં. તેને સારૂં અવરનવર દવા લાવવાની, સેકનું પાણી કરવાનું, ડાકટરને બોલાવવા જવાનું ને તેવુંજ બીજું સીક માણુસ આગળનું કામ હું કરૂં. તે બુઢો મારીપર ઘનો ખુશ રહે ને ઘરી ઘરી મારો ઉપકાર માન્યા કરે, એમ કરતાં કરતાં બે વરસમાં તે ગુજરી ગીયો તેનાં સગાં વાહલાં કોઇ નહી ઉતાં એટલે તેનો થોરો ઘનો કંઈ સરસામન ઉતો તે નવરોજીબાજ ચાંપી બેઠા. મહીનો દહારો થયો હોશે ને એક વકીલને તોંહનું કાગજ મને મલ્યું. મરે, વાંચતાં હું તો ગભગઇજ ગેઇ. પેલો બુઢો પારસી જે ધરમશારામાં મરી ગીયો તે મને પોતાના વીલમાં રૂ૨૫૦૦૦ આપી ગીયોતો! તે બીચારાની થોરી ઘની ચાકરી મે કીધી તેથી તે મારૂં નામ પારી ગીયોતો! પચીસ હજાર રૂપ્યા! તારો લખપતી શેઠયો વર તો વાંચીને ખું ખું કરશે પણ બા, મારે મનથી તો તે હાથીનો ગગ! વકીલ કોઇ ઘના ભલા માણુસ ઉતા, તેવણ થોરા દહારામાં મને મલવા આયા ને બધી વાત કહી એ પઇસા કેમ રોકવા કોંહ મુકવા તેની સારી સલ્લાહ આપી. કોઇ સારૂં જેવું ઘેર વેચતું લેવાની તેવને મને ભરામન કીધી. મે તેવણુનેજ સોંપયું કે કોઇ તેવું વેચવાનું હોય તો મને કેજો. તુરત વેળા તો તેવણે તે રૂપ્યા મારે નામે બેંકમાં મુકાવયા. આપરે તો

હવે પઈસાવારાં થયાં એટલે કુકીઆઇ બાઇને નોટીસ આપી ચાકરી છોડી દીધી. ને ભાંએખ્ખલેજ નવાજબાઇ તચકરા નામના એક પારસી બઇરાંનું બે મારનું ઘેર ઉતું તેના ભાંયતરીયેના બે ઓરડા પચીસ રૂપયે ભારે રાખી હું તોંહ જઇને રહી. એ ઘેરમાં ઘણા ભારૂત ઉતાં. ઘેરવારાં નવજબાઇ રંડાયલાં ઉતાં તેવણ પોતાના તન છોકરા સાથે બીજે મારે રેહતાંતાં. પેહેલે મારે એક બાજુના બે ઓરડામાં બે બેહેનો એખ્ખલી રેહતીતી. જહારે બીજી ગમના બે ઓરડામાં એક જુવાન માટીડો, તેની જુવાન બઇરી ને એક બચ્ચું એટલાં જણાં ઉતાં. બધા નાહલા નાહલા ઓરડા! ગરીબરા સંસારે રેહવાનું! તારા જેવી દાદીશેઠની વહુને કંઇ તોંહ પાળવે નહી જો! તારા લખપતી શેઠયા વરને તેવા ઘેરમાં લઇ જઇને ઉભો રાખે તો કોન જાણે કેમ નસકોરાં ચહરાવે! બાચારાં ઘેરવારાં નવજબાઇબી ગરીબરાં! તેવણનો બધો ગુજારો એ ઘેરના ભારાં ઉપરજ રહયલો. બે મહીના જો ખાલી પરે તો તેવણને વહેલા પરે! ભારૂતોબી રહયલાં તે દર મહીને બરાબર ભારૂંબી કોંહ આપે! કોઇ કોઇના તો બબે તન મહીનાનાં ભારાં ચહરી ગેયલાં. ઘેરવારી નવાજબાઇ ઘણી ભલી ઉતી. તે બનતાં સુધી સારાં ભારૂતોને ખાલી નહી કરાવતીતી. એકને કહારે ને બીજે તે કરતાં નપેતર આવે તેથી સારાં આબરૂદાર ભારૂતોને તે રેહવાજ દેતીતી.

હું એક દહારો મારૂં ભારૂં આપવા નવાજબાઇના માપર ગેઇ તાહરે તેવણે મને કહયું કે બબે તન તન મહીનાનાં ભારાં બધાં ચહરાવેચ પણ શું કરૂં એકને કાહડૂં ને બીજું તે કરતાં નપેતર આવે. તમારી બરાબર ઉપર

પેહલે મારે ઓરડામાં જે ભારૂતો છે તે લોકનો બીચારાંનો વખત ઘનોજ બારીક દેખાયચ. તે લોકનું તો છ મહીનાનું ભાડું ચહરી ગીયુંચ પણ એવાં તો કાંકના ને આબરૂદાર છે, એવા તો મુગે મોહનેના ને ગરીબ છે કે મને ઘનીજ દયા લાગેચ!"

"પન એ લોક છે કોન?" મેં પુછ્યું. દાદાર ઉપર ચહર ઉતર કરતાં એક દેખાવલા પન સીકલી જુવાન માઠીડાને હું અવરનવર જોતીતી પન તે લોક કોન ઉતાં, તે લોકના નામ સુ તે મને કંઈજ ખબર નહી ઉતી તેથી મેં ઘેરવારાંને પુછ્યું.

"કોન છે તે હુંબી બરાબર જાનતી નથી!" ઘેરવારાંએ મને જવાબ દીધો. દેખાવપરથી તો કોઈ ઘણાજ સારાં ખાનદાની માણુસ દીસેચ. બીચારાની બઈરી તો તદન આવી રહીચ. ખાવાનાબી વાખા પરતા હોય તેમ જણાયચ. ભુખમરાથીજ બઈરી તદન હાલહવાલ થઈને મરવા કાંઠે આવેલી છે. કેવી જુવાન ને ખુબસુરત બઈરી છે પણ ઘણીજ ગરીબઈ છે. સું કરૂં મને ઘણીજ દયા આવી તેથી મેં એ લોકને પહેલે મારના બે ઓરડા આપ્યા."

"એ લોક સું ભારૂં આપેચ?" મેં પાછું પુછયું.

"ભારૂં તો બે ઓરડાનું તીસ રૂપ્યા ઠેરવ્યુંતું. પહેલા બે મહીના તો જેમ તેમ ભરયું પણ પછી માટીદાબી સીક પરી ગીયો તે ભારૂં કોંહથી ભરે? બઈરી એવી લેવઈને હાલહવાલ થઈ ગઈચ કે તેની માવજત કરતાં, બચ્ચાંની પછવારે પછારા ખાતાં તેબી પટકાઈ પરેચ! સાથે કંઈ સરસામાનબી નહી મળે. મેંજ મારા ઓરડામાંથી એક ટેબલ, બે તન ખુરસી, બીછાનું સહુ મોકલ્યું. એક ગોલાબ જેવું બચ્ચું છે પણ તેબી અનપાણી વગર તવઈને દાંડા જેવું થઈ ગીયુચ!"

"મરે! મરેરે! કેવો દુ:ખભર્યો હેવાલ! કોણ જાને બીચારા કોણ હોશે" મેં બરાપો કીધો.

"થોરા દહારાની વાતપર હું એ લોકના ઓરડામાં ખબર પુછવા ગેઇ! બઈરી આજારી ઉતી તે સુતેલીજ ઉતી" નવાજબાઈએ હેવાલ આગળ ચલાવ્યો, "ને ધણી બીચારો પોતાની છોકરીને ઉંચકીને ફરતો તો! મને જોઇને બઇરી ઘણીજ કકલવા લાગી ને પોતાના ગરામાં પહેરેલી એક જીણી સુનાની સાંકરી કહારીને મારા હાથમાં મુકી. એ સાંકરીમાં સુનાની એક લાકીટ પોયલી ઉતી ને તેની ઉપર હીરા જરેલા ઉતા. લાકીટની કારીગીરી એવી તો સરસ કે જાને બે ઘરી જોયાજ કરીયે. ઘણાજ ઉદાશ ચેહરા સાથે તે સાંકરી લાકીટ તેને મને આપી, ને મને કાલાવાલા કીધા કે તે સાંકરી રાખી તેના બદલામાં થોરા દહારા એક વખતનું ખાનું મારે મોકલવું. વરગી સીક ઉતો તેથી કામે ધંધે જઇ સકતોતો નહી. મારો તો જીવ ઘનોજ બરયો. તેથી મેં સાંકરી મારી પાસે ઠાવી મુકી ને રોજ ખાનું, બચ્ચાંને સારૂં થોરૂં દુધ મોકલ્યા કીધું. એટલાં તો સરમાલ છે કે પંદરેક દહારા પછી ખાનું મંગાવતું બંધ કીધું. પેલી સાંકરી તો ભારાંના પેઠામાં મનેજ રાખવા આપીછ."

"મરે! બલા જાને! પણ એ લોકના નામ શું છે?"

"નામ એ લોક તો બાઇસની ઓખર આપેછ. પણ મને લાગેછ કે એ કંઈ એ લોકનું ખરૂં નામ નથી. અસલ ઘણોજ સારો વખત જોયો હોય તેવું બધું લાગેછ પણ હવરાં કોઇ રીતે આએ હાલતમાં આવી પરીયાછ ને પોતાના ખરાં નામ છુપારીયાંછ. કોણ જાણે, પછી એજ ઓખર હોયબી કાંય જેજે લાકીટ મને આપીછ તેના પછવારેના

ઢાંકણાપર અંગ્રેજી અક્ષરો કોતરેલા છે. મેં મારા છોકરાને તે બતાવ્યા તે કહેછ કે જે. બી. એવા અક્ષરો છે!"

* * * *

આ છેલ્લી લાઇન વાંચી હીલ્લા ચમકી તેણીએ તુરત પોતાના ગળાં ઉપર હાથ નાંખ્યો. પેલી લાકીટ હજી તેણીએ પોતાના ગળામાં પેહડીજ રાખી હતી. તેજ તેજ લાકીટ, તેણીની ખરી માતાની હતી! જીલુ ડોસાંની વાતમાંની તે આજારી, જુખે તળવતી અને મરણને કાંઠે આવેલી જુવાન બાઇ તેણીની ખરી મરતી મા હતી અને તેણીનાજ પ્યારા હાથે તે લાકીટ કહાડી આપી હતી તે વીચારથી તે લાકીટ ગળાંમાંથી કહાડી હીલ્લાએ પ્યારથી હોઠ સાથે દાબી. અત્યાર સુધી જીલુડોસાંનો લંબાણ હેવાલ તેણીને લગાર કંટાલા ભર્યો લાગ્યો હતો પણ હવે તેણીની જીંદગીના ખરા ભેદ ભરમો વધારે ખુલ્લા થતા જતા હતા એટલે ઘણીજ ઉલટ તથા આતુરતાથી તેણીએ આગળ વાંચવા માંડયું.

પ્રકરણ ૪૬ મું.

જીલુડોસાંનું "કનફેસાંઉ"

(ચાલુ.)

મારાં ઘેરવારાં નવાજબાઇએ જે બધી વાત કેહી તે સાંભરી મને પેલાં બીચારાંઓની ઘનીજ દયા આવી. મારો જીવ ઘણોજ બરયો. બલા જાનેરે કેવે સારે ઘેરની છોકરીને આવી અવસ્થાએ કેમ પુગી હોસે! તે બાઈ સાથે ઓરખાન પારી મારેથી બનતી મદદ તેને કરવાનો મેં મન સાથ વીચાર કરી રાખ્યો.

બે ચાર દહાડા પછી હું નીચે મારા ઓરડામાં બેસીને સદરાનું ગરૂં કરતીતી, તેવામાં મારપરના ઓરડામાં કોઇ ભોંયપર પરી ગીયું હોય તેમ મોટો અવાજ મને સંભરાયો. તે અવાજ સાથેજ એક બચ્ચાંને ચીસ પારીને રરતાં સાંભરયું. શું થયું તે જોવાને જાનવા હું મારપર દોરી ગેઈ. દાદરના કટેરા આગરજ પેલા બે બેહનો ઉભેલી ઉતી. પેલાં બાઇસવારાંઓના ઓરડાનું બારણું બંધ ઉતું. હજુ તો અમે લોક વાત કરીયેછ ને શું થયું તે પુછયેછ તેટલાં તો બંધ ઓરડામાથી બીજી એક ચીશ્યારી સંભરઇ. મરે હવે અમે ધ્રભરાયા. પેલાં બે બેહનો તો અંદર જવાની આના કાની કરવા લાગાં એટલે મેં હીંમત કરીને બારનું ઠોકયું. કાંઇજિ જવાબ મલ્યો નહી એટલે મેં પાછું જોરમાં બારનું ઠોકયું. તોબી કોઇએ જવાબ દીધો નહી. હવે શું કરૂં તેના અંદેશામાં અમે પરીયાં. અંતે પેલાં બે બેહનાની સલાહપરથી મેં બાન્નાનું કરૂં ફેરવ્યું. બારનું તો કેઠું અળગુંજ ઉતું. તે ઉઘારીને હું અંદર ગઇ. ઓ માયરે! અંદર શું દેખાવ નજરે પરાયો! ઓ ખુદાએજી! આજે તે વાતને પચીસ વરસ થયાંછ પણ તોબી તેનો વીચાર કરતાં મને ધ્રુજરાં છુટેચ! હું તે દેખાવ કભીબી ભુલી સકસ?

બીછાના ઉપર પેલી જુવાન બાઇ મુવેલી પરેલી ઉતી. ને પેલો તેનો વર જમીન ઉપર પરી ગેયલો ઉતો ને તેના ગરાં આગરથી ધરધરાત લોહી જતુંતું! તેની આગરજ ભોંયપર લોહીથી ખડાયલો એક અસતરો પરેલો ઉતો. પોતાના જુવાન ધણીયાણી ગુજરી જવાથી દુ:ખના મારેલાએ આએ કામ કીધેલું લાગતુંતું તેને પોતાના દુધમળ બચ્ચાંનો ખ્યાલબી નહી કીધો! તે ગરીબ પોરયું મુવેલા બાપની આગરજ

જમીનપર રરતું બેઠેલું ઉતું. તેની આસપાસ બાપના દીલમાંનું લોહી ફરી વરયુંતું! ગરીબ બીચારી પોરી! માય ને બાપ બેહુ સાથેજ ખોઇ બેઠીતી! હું વીચાર કરવાબી થોભી નહીં તે છોકરીને એકદમ ભોંયપરથી ઉંચકી નીચે મારા ઓરડામાં લઇ ગેઇ, ગરમ ગરમ પાનીએ નહવરાવી, ને તરત વેળા તો ગરમ બંડુસમાં ઓઢારી મારા ધોઇયાપર સુવારી તે જરાવારમાં ઉંઘાઇ ગેઇ તેટલાં તેના બધા લોહીથી ખડાયલા કપરાં મેં ધોઇને સુકાવા નાંખયાં ઘેરમાં તો બધી ધરાધરી ચાલી રહી. બેહુ માટી બઇરીની લાસપર જુરી ભરાઇ. જુરીવારાએ કહયું કે બઇરી નબળાઇથી મરી ગેઇતી જહારે તેના વરે તેથી અકરઇને આપઘાત કીધો તો, તે લોકની આગળી પાછળી કોઇને માલમ નહીં ઉતી. કબટમાં બે ચાર કપરાં પરેલાં ઉતાં તે સીવાય બધું તે લોકે અવરનવર વેચી ખાધેલું જણાતુંતું! બીજાં કપરાં તો હાળહવાલ ઉતા પણ કબટમાં એકજ ઘણી મોંઘી અસલની બધી ભરેલી સુઇસની સારી અમારી નજરે પરી. તે સેહેજસાહજ પેહરાયલી ઉતી પણ અસલની કીંમત સોથી સવાસોની હોવી જોઇયે. આવી ગરીબ સથીતીમાં આવી સરસ સારી કોંહથી લાયાં હોસે તે સારૂં અમે અજબ થયાં. અમે લોકેજ એ બે જણને ઠેકાણે પારયાં

"હવે આએ નાહલાં બચાંને શું કરીયે?" પાદ્સ કહારયા પછી ઘેરવારાં નવાજબાઇ મને પુછવા લાગાં. "મારાં તો તન તન પોરયાં છે ને ચોથાને રાખવાની મારી જોગવઇ નથી. આરફ્નેજમાં મોકલી આપયે?"

આટલો વખત તે ગરીબ પોરી મારાજ ઓરડામાં પોહરેલી ઉતી. તેને મેંજ રાખવાનો ઠરાવ કીધો તો. તેથી મેં તેવણને કહયું કે "નહીં, નહીં બલા જાને! આરફ્નેજમાં

સુ મોકલે? કેવું ગોલાબ જેવું બચ્ચું છે! એને તો હુંજ રાખવા માંગુંછ મારી પાસે થોરાબના પૈસા છે, હું એને પાળસ!"

"તારે તો ઘનુ મજાનું! તમારા જેવાના હાથમાં તે સુખીજ થશે!"

આ ઉપરથી તે બચ્ચાંને મારીજ પાસે રાખ્યું. બીજે દહાડે ઘેરવારાં મારા ઓરડામાં આવાં. પેલી સુનાની સાંકરી લાકીટ તથા સુધસની સારી મને આપીને બોલ્યાં "લેઓ જીલુબાઇ, જયારે એ છોકરીને તમે પાળવા માંગોછ તાહરે તો આએ જણુસ ને આએ સારધબી તમેજ રાખો, બીચારી એ છોકરીને તેના માય બાપ તરફની એટલીજ ઘઘાણી બાકી રહીછ તે હું લેવા માંગતી નથી. એ તમારી પાસે હાવું રહેવા દેજો. આવી મોંઘી જણુસ તેમજ આવી અસલની મોંઘા સારીપરથી ખુલ્લું દેખાયછ કે મરનાર બાઇ કોઇ સારાં ખાનદાનની, મોટે ઘેરની છોકરી છે. ભવીશમાં એની ઓળખ આપવા તમુને ને એ બચ્ચાંને કામ લાગશે."

મેં તે સાંકરી લાકીટ તથા સારી નવજબાઈ પાસે લીધી ને મારી પાસે સાંતીને રહેવા દીધુંતું, ને તારાં લગનને દહાડે તે બેહુ ચીજો મેં તુંને પહેરાવી તે તો તું ડીકલાં દીકરા, જાનેછ. હું તુંને અસેમસે ઘરી ઘરી કહેતીતી કે તું મોટે ઘેરની લેડી છે તેબી તુંને યાદ હોસે. તુંને તારાં ખાનદાન પરમાનેની છાજતી સારી કેળવણી મેં આવી કાંય જે હું જાનતીતીજ કે તું જયારે હોસે તાહરે સારેજ ઘેર જશે. એજ કારણથી પેલી સુનાબાઇ બાટલીવારી તુંને પોતાને તાંહ નોકરી લઇ જવા માંગતીતી તે મે નહીં મોકલી.

જેવી તું જરા જરા બોલવા શીખી કે મને "માયજી" કરીને હાંક મારવા લાગી, તારૂં નામ તો મને ખબર નહીં હતું. તું બીચારૂં બચ્ચું શું જાણે? તેથી મેં તારૂં નામ મારી ખુશીથી હીલ્લા રાખ્યું. તુંને મારી સાથે રાખ્યા પછી છ મહીના થયા હોસે ને એક દહાડે પેલાજ વકીલ, જેવણે મને રૂ. ૨૫૦૦૦ નો વારસો મળવાની ખબર આપી હતી, તેવણ પાછા મળવા આયા ને કોલાબે ઇસ્ટેસન આગળ એક નાહલું ઘેર વેચવાનું હતું તે ખરીદી લેવાની સલાહ આપી. તું દહાડે દહાડે ખીલીને એવી મજાની થતી જતીતી કે તુંને ભાએખલાના તે ખુનામાંથી બીજી ગમ કોઇ સારી જગાપર લઇ જવાનું હું મનજ કરતીતી. વકીલની સલાહથી તે કોલાબાનું ઘેર મેં વેચતું લીધું ને થોરાજ વખતમાં હું તુંને લઇને તોંહ જઇને રહી. તે આ એજ ઘેર. તોંહ જઇને રહયા પછી મેં મારૂં બી નામ બદલી નાખ્યું. તેનું કારણ એ કે ઘેરવારાં નવજબાઇએ જે તારી માયની સાંકરી લાકીટ મને રાખવા આપીતી તે તારાં લગનપર તુંને પેહરાવવા મેં રેહવા દીધીતી. તે લાકીટ એક દહાડે ધ્યાનથી તપાસતાં તેની ઉપર જે. બી. દસકતો પારેલા ઉતા—મને ધ્યાન આયું કે જે. દસકત તો મારાં જીલુબઇ નામ સાથ બરાબર આવતોતો પણ બી. અકસર મારી માહવાની અટકથી જુદો પરી જતોતો. તું બરી ચબરાક પોરી ઉબી ને મોટી થયા પછી, લાકીટ જોયા પછી જરૂર તેનો ખોલાસો પુછે તેથી મેં વનો વીચાર કરી મારી એોખર માહવા ફેરવીને બુચીયા કરી દીધી કે જેથી જે. બી. દસકતો મારાં નામને મલતા આવે ને તે લાકીટ તું મારીજ સમજે. તોંહ જઇને રેહયા પછી મરે, મારી સાથ પનવાબી એકાદ બે જણ તઇયાર

થયાતા, કારન કે હું વીધવામાં ખપતીતી ને વરી મારી પાસે થોરા ધના પઇસા ઉતા! પણ આપરે તો પનવાનો વીચારજ નહીં કીધો. એ વરી માઠીડા મનીખની હાઉ હાઉ કોણ સમજયા કરે! નીચેનું આપગાજ વપરાસમાં રાખ્યું ને ઉપરનાં ઓરડાઓ ભારે આપી હુંજ તે લોકને પઇસા લઇ રાંધી ખવારતીતી—કોલાબાના બધાં લોક તો આપુને માય દીકરાંજ સમજતાંતાં ને મેં તુને તેવીજ રીતે રાખીતી તે તો તું જાનેછ. આટલાં વરસો સુધી તો મેં તુને અનજાની રાખીતી પણ હવે મરતી વખતે આએ ખોલાસો કરૂંછ. મેં મારૂં વીલ કીધું છ ને મારૂં જે કંઇ છે તે તુને આપી જાઉં છ. ને ફક્ત રૂ૫૦૦, નાહલ્લીબાઇની પીલુને આપવા લખી જાઉં છ કેમજે તેને મારી ધની ચાકરી કીધી છ.

હવે બીજું લખવાનું કંઇ નથી. તું મારી ખરેખરી દીકરી નથી પણ તારાં ખરાં માય બાપના ખરાં નામ નીશાનો મને મલ્યાં નથી. તે તું શોધી કહારજે. પેલી સાંકરી લાકીટપરથી કદાચ પટતો મળશે. જીવતી રહેજે દીકરી! ને સુખી રહેજે ને તારી ધરમ માયને કોઇ કોઇ વખત યાદ કરીયા કરજે.”

* * * *

જેવું હીલ્લાએ વાંચવાનું પુરૂં કીધું કે તે લખવાની ટેબલ આગળ બેઠી અને જીજુ ડોસાંના લખેલાં તે કાગજોની આખી નકલ ઉતારી લીધી. જીજુડોસાંના હેવાલનો બોલે બોલ તેણીએ ઉતારી લીધો અને તે કાગજોનું એક પેકેટ બનાવી સીલ કરી જમશેદનાં નામનું એડરેસ કીધું. તેમજ તે જે કાગજ જમશેદ ઉપર લખ્યું હતું તે પાછું ઉઘાડી

તેમાં નીચલી લાઇનો ઉમેરી "મારાં જીજુમાય મરવા આગમજ થોડાક અગત્યના કાગજો મુકી ગયાં છે તેની કાપી કરીને તમુને વાંચવા સારૂ હું મોકલું છું. મેહેરબાની કરીને ધ્યાનથી વાંચજો તેથી કદાચ તમારા મનનું વધારે સમાધાન થશે." આ પછી તે કાગજ તથા પેકટ ટપાલમાં નાખવા અમીનાને આપ્યું. હીલ્લાએ અંતે જમશેદ ઉપર લખ્યું હતું તે જાણી ધનબાઇજી ખુશ થઇ ગયાં, અજબ સંજોગે તેજ દીવસે જમશેદે પણ હીલ્લા ઉપર એક કાગજ લખ્યું હતું અને તે ધનબાઈજીના કાગજમાં બીજી તેવણને અરજ કીધી હતી કે લાગ જોઇને હીલ્લાને આપવું. આ કાગજ લઇ તેવણ હીલ્લાના ઓરડામાં ગયાં. "દીકરી, તારા જમશેદનું આએ કાગજ આયુંછ ધીરજથી વાંચ ને સું કરવું તે મને કેહજે, તું કેહસે તો પછી તેને અહીં આવવા લખશ" ધનબાઇજી ગયા પછી હીલ્લાએ ઉલટથી તે કાગજ ઉઘાડયું.

ઘણું લાંબુ હતું. જમશેદે પોતાની બધી સખત ચાલ માટે ઘણો પસતાવો કીધો હતો અને પોતાનાં નીરદોશ બચ્ચાંના મોહતને માટે પોતાનેજ તકસીરવાર ઠરાવી ઘણી દલગીરી દેખાડી હીલ્લા પાસે માફ માંગી હતી. તે આવીને હીલ્લાને મળવા ઘણોજ આતુર હતો અને હીલ્લાને મલ્યા પછી તેણીને કલકતે પોતાને ત્યાં લઇ જઇ ઘણાજ સુખમાં અને પયારમાં રાખવાની આશા બતાવી હતી. હીલ્લાએ તે કાગજ વાંચ્યું અને ગડગડ રડવા લાગી. તે હરખના આંસુઓ હતાં. એક કલાક પછી તેણી તે કાગજ લઈ નીચે ધનબાઇજી આગળ ગઈ. ઘણે લાંબે વખતે હીલ્લાનો ચેહરો ખુશ તથા શાંત દીસતો હતો. તેણીના ફીક્કા ચેહરા ઉપર ગોલાબી રતાશ ફરી વળયો હતો અને તેણીથી મલક મલક હસાઈ જવાતું હતું.

ધનબાઇજી તે જોઈ હરખાઇ ગયાં કાંય દીકરા, કાગજ વાંચ્યું? શું લખેછ? તેને બોલાવવા તાર કરયે?"

"નહી ધનબાઇજી તાર કરવાની કંઇજ જરૂર નથી. મેં તેવણુ ઉપર કાગજ લખ્યુછ ને મારી ખાતરી છે કે તેવણ તે વાંચીને જરૂરજ આવશે."

પ્રકરણ ૪૭ મું.

સેવટ.

જયારે દીનશાહે સાંભળ્યું કે હીલ્લા જીલુડોસાંની પોતાની છોકરી નહી હતી ત્યારથીજ તેના ભેજાંમાં ચોકસ વસવસો તથા શક ઉભા થયા હતા.

"દુન્યાંમાં જાત જાતનું બનેછ તો પછી આએબી બનવા જોગ કાંય નથી?" તે વીચારવા લાગયો. તે ચટપટ કરયાજ કરતો હતો અને થોડાજ દહાડામાં તેનાં ભેજામાં રમયા કરતા તે શકો ખરાજ પડવાના સંજોગો ઉભા થયા.

"લે આએ વાંચ" એક દહાડો જમશેદ તેના ઓરડામાં હાથમાં કાગજ લઇને આવ્યો. તે જીલુડોસાંનાં કાગજયાંઓની હીલ્લાંએ કીધેલી નકલ હતી. "હું તો જાઉંછ તું વાંચી રાખજે ને અમુને આવકાર આપવા અહીંજ રહેજે."

"એ શું છે? હીલ્લાંનું કાગજ આયુંછ?" દીનશાહ તે કાગજયાંઓ જોઇ આતુરતાથી પુછવા લાગયો.

"હા તું બસ વાંચ! હું તો હવરાં ચારની ત્રેનમાં પંચગની જાઉંછ! સાહેબજી!"

"ઓ ખોદા!" દીનશાહ તે લંબાણ ખોલાસો વાંચી પોકારી ઉઠયો. "શું સંજોગ! મેં ધારયુંતુંજ! જે. બી. અક્ષરો! સુનાની સાંકરીને હીરા જડીત લાકીટ! તેની ઉપર જે. બી. અક્ષરો! તે તો મારીજ જર બનાજીને આપેલી ભેટ! એ લાકીટની કારીગીરી એટલી તો સુંદર ને નવીજ જાતની ઉતી કે તેમાંનીજ બીજી હોય એ બનવાજોગ નથી. અમે અદરાયાં તાહરે જરને તે પેટરન ઘણીજ ગમી તેથી મેં ખાસ તેમાંની વેલાતથી કરાવી મંગાવી એ અક્ષરો કોતરાવીને એને ભેટ આ તી! એ પરથી શું માલમ પરેછ! એકજ વાત સાબેત થાયછ! ઓ પરવર! કેટલું અજબ જેવું! કેટલું ખુશાલીભરયું! હું તો આએ બધી બીનાપરથી એજ અનુંમાનપર આઉંછ કે હીલ્લા બીજી કોઇજ નહી પણ હુમાંબાઇ દાદીશેઠની ખોવાઇ ગયલી બહેન જરની પોતાની દીકરી છે ને સુગરાના દાદાર હોરમજદનાં કે જમશેદ પોતાની માસીનીજ દીકરી સાથ પન્યોછ!"

આ નવીજ શોધથી દીનશાહ એટલો તો ખુશીમાં આવી ગયો કે તે એખલો એખલો મોટે સાદે ખડખડ હસવા લાગ્યો, પન હવે એ બધાંની ખાતરી કેમ કરવી? હુમાબાઇને કેમ સમજાવવાં? સબર પહેલાં બાનુબાઇ સાથે તો વાત કરૂં."

કાગજયાંઓ બધાં હાથમાંજ રાખી તે બાનુબાઇ આગળ ગયો.

"લાકાટને બધી ભરેલી સારી! એ સુઇસનો ગારો તો તરત ઓરખાસે કેમજે મેં ચીનથી ભરાવી મંગાવ્યો તે જરને ઘણોજ ગમયો તો તેથી બરાબર તેમાંનોજ એનેબી પછી ભરાવી મંગાવ્યો, એકજ રંગ, એકજ જાતની ગાજ ને એકજ તરાંહ છે ને વરી તેના છેરા પરબી જે, બી, અક્ષરો અંગ્રેજીમાં ભરી લીધાછ! એટલે તરત ઓરખાસે!"

“પન લાકીટ હું તરત ઓરખસની! તેવી તરાંહ મેં અહીં બધે શોધી તો મને નહી મલી તેથી મેં વેલાતથી ખાસ તે “ડીઝાઇન” ની કરાવી મંગાવીતી.”

“ઓ ખોદાએ! હમાબાઇ કેવી અજબ થશે! એ હીલ્લા આપરી જરનીજ છોકરી છે તેમાં શક નહી કેમજે મલતાપણું કેટલું છે! તે લોક છુપાછુપ પરણી ગીયાં પણ પછી પઇસા સંબંધી હાલત ઘણીજ ખરાબ થઇ ગેઇ તે હું જાણુંછ પણ પછી શું થયું તે જણાયુંજ નહીં. પણ હવે શું કરીયે? હમાબાઇને હું લખું?”

“હા, તમે વીગતે લખો ને ગમે તો આએ કાગજયાં જે હીલ્લાએ મોકલ્યાંછ તે બી વાંચવા મોકલો, જમશેદ હીલ્લાને લઇને અહીં આવે તે અગાઉ તેવણ આવે તો સારૂં.”

બાનુંબાઇએ તરતજ બે લંબાણ કાગજો લખી કહાડયાં. એક સુનાબાઇ બાટલીવાલા ઉપર લખી પોતાના બહેનની વહુની ખરી ઓળખ આપી અને બીજું વધુ ખોલાસાવાર કાગજ હમાબાઇ ઉપર પુને લખયું જેના પરીણામમાં હમાબાઇ દાદીશેઠ પોતાની આ નવી વહુને આવકાર આપવા બીજેજ દીને કલકતે આવવા પુનેથી નીકલી પડયાં.

* * * *

પંચગનીમાં જમશેદ તથા હીલ્લા વચ્ચે થયલા મળાપનું વરણન કરવાની જરૂર છે? લગભગ વરસ દહાડાના ખાંચા પછી આ માટી બઇરી એકઠાં થયાં, એક બીજાંના ખુલાસાઓ સાંભલતાં, દલગીરી દેખાડી એક બીજાના મનનું સમાધાન કરતાં ખાસ્સા બે કલાક નીકલી ગયા, તે તેઓની પ્યારભરી મુલાકાતની વચ્ચે આપણે જઇશું નહી.

ડાકટર બહેરામજી તથા ધનબાઈજીના આગ્રહથી જમશેદ થોડા દહાડા વધુ પંચગનીમાંજ રહેવા કબુલ થયો.

બીજે દીને દીનશાહનું એક કાગજ જમશેદ ઉપર આવ્યું તેઓ નાસતો કીધા પછી બે જણા એખલાં બાગમાં બેઠાં હતાં. હીલ્લાનો ચેહેરો પાછો ખીલવા માંડયો હતો. તેણીના દીલમાં કાળી સાડી હતી પણ તેમાં .તેણીનો ગોરો ચહેરો ઓરખી દીપતો હતો. દીનશાહનું કાગજ વાંચી જમશેદ અજાયબીથી ડોળા ચહડાવ્યા.

"શું છે જમશેદ?"

"જો સાંભળ, દીનશાહ શું લખેછ તે!" દીનશાહે લંબાણ કાગજ લખી સરવે ખુલાસો કીધો હતો. બધી હકીકતપરથી જીલું ડોસાંના કાગજપરથી હીલ્લા ખરેખરી કોણની છોકરી હતી તે ખુલ્લુ કરી દીધું હતું અને પોતાની માસીનીજ આવી સુંદર દીકરી પરણવા માટે જમશેદને મુબારકબાદી આપી છેલ્લે ઉમેરયું હતું કે "તારી ધણીવાણી હીલ્લાની ખરેખરી ઓળખની ચાવી એની પાસની સુન્નાની સાંકરી લાકીટ તથા સુધસના ગારામાં સમાયલી છે? બાનુબાઈ માસી હીલ્લાને ખાસ લખાવેછ કે પેહલ વેહેલી દાદીશેઠ હોલમાં પગ મુકે તાહરે કાઈ ચીકરૂં પેહેરીને આવતું નહી પણ એજ સુધસનો ગારો પેહેરીને આવવું!"

પોતે જમશેદની માસીની દીકરી હતી તે વાત ઘણીજ અજાયબીથી હીલ્લાએ સાંભળી તે ગુપચુપ ઉઠીને જમશેદને ગળે વળગી.

"પ્યારી હીલ્લા! જોઉં તે સાંકરી? તારી પાસે છે કે?"

"હા, તે તો સદા મારા ગળાંમાંજ છે?" હીલ્લા તે કહાડીને જમશેદના હાથમાં આપતાં બોલી, એજ સાંકળીના સંબંધમાં જમશેદ સાથ તેણીને કેવી નાખુશ પંચાતીઓ થઇ હતી તેનો ખ્યાલ કરતાં તેણીની આંખમાં પાણી આવી ગયાં.

જયારે ડાકટર અને તેમના ભલાં ધણીયાણીએ આ સરવે વાત જાણી ત્યારે અલબતાં તેઓની ખુશાલીનો પાર ન હતો, તેઓ બીજા આઠ દહાડા પંચગની રહયાં અને પછી જમશેદ હીલ્લાને લઇને કલકતે ઉપડી ગયો.

હમાબાઇના કસમ હવામાં ઉડી ગયા હતા. તેવણે પોતાનાં વહુ દીકરાને વધાવી લેવા સરવ તઇયારીઓ હરખભેર કરી હતી. ચોક ચાંદન તથા તોરણોથી 'હાલ'ને સણગાર્યો હતો. સ્ટેશન ઉપર તેઓને લેવા માટે બે ઘોડાની ગાડી મોકલાવી હતી. જે વહુને માટે મહીના દહાડાની વાત ઉપર તેવણે તીરસ્કારથી નાકના નસકોરાં ચહડાવ્યાં હતાં તેજ વહુને આવકાર આપવા આજે તેવણ ભારે ઉલટમાં હતાં. તેવણની તે વહુ કોઇ રાંધી ખવાડનારીની દીકરી નહી પણ પોતાનાજ લોહીની પોતાની માનીતી મરનાર બેનનીજ દીકરી હતી એટલે તેવણ ખુશ હતાં. જયારે જમશેદની ગાડી ઠમઠમ કરતી આવીને બંગલા આગળ ઉભી ત્યારે હમાબાઇ, બાનુબાઇ, દીનશાહ વગેરે સીડી ઉપર તઇયારજ ઉભેલાં હતાં. જમશેદે હાથ આપીને હીલ્લાને ઉતારી. તેણીએ પેલોજ સુધસનો ગારો પહેડયો હતો તથા ગળાંમાં પેલીજ સુન્નાની સાંકળી લાકીટ ખુલ્લી પહેડી હતી. હમાબાઇનો ડીબો ભરાઇ આવ્યો હતો તેવણે મુંગે મોહાડે બેઉ વહુ

દીકરાંને ઓવરણા લઇ પેટમાં દાખ્યાં. સરવની આંખમાં પાણી હતાં. મરનાર બેનની આબેહુબ કાપી હીલ્લા હતી એટલે તેણીને જોઇ તેઓ સરવને મરનાર બેનની યાદ હઇયે ચહડી આવી હતી! તેઓની નજર સામે જાણે પાછી જરજ જીવતી આવીને ઉભી હતી!

"આવી કે દીકરી? ભલે આવી! જીવતી રહેજે!" હમાબાઇએ ખરાં દીલથી આશીશ દીધા.

"નકરી જાણે જર!" બાનુંબાઇ હીલ્લાને ભેટીને બોલયાં "આએ શું? આએ તેજ જરનો ગારો! જો એના છેડાપરથી જે. બી. નામ હોશે."

"હાજી નામ છે." હીલ્લાએ શરમાઇને કહ્યું.

"ને આએ લાકીટ! હજાર જણસમાંથી ઓળખી કહાડું!" દીનશાહ તેણીને હરખભર મળતાં બોલ્યો.

\+ ÷ ÷ +

એક વરસ ઉપલા બનાવને થઈ ગયું છે. એ અરસામાં હીલ્લા પોતાના મીઠા નરમ સ્વભાવથી સરવેની ઘણીજ માનીતી થઇ પડી છે. હમાબાઇ પોતાની વહુ ઉપર 'થોડાં થોડાં' થઇ જાય છે, અને હીલ્લા તેવણને 'માસીજી'ના પ્યારભરયાં નામથીજ બોલાવે છે. જીલુ ડોસાં તેમજ નાની જરની વરસી વીટાં બાદ જમશેદના નાના બુચ્ચા બમનનો પહેલો મહીનો ઉગયો તે દીને હમાબાઇ દાદીશેઠે એક મોટી "પારટી" તે દીનની ખુશાલીમાં આપી છે. અને તે રીતે પોતાની વહુને કલકતાનાં સરવે લોક સાથ મેળવવાની તક તેવણે લીધી છે. આએ પારટીમાંથી તેવણે કોઇને બાકાત રાખ્યાં નથી પણ સરવને તેડાં કીધાં છે. રાતે સાડા

નત થયા છે. દાદીશેઠ હોલ રોશનીથી ઝગઝગી રહયો છે. સુંદર બેંડના સરોદો સંભળાય છે. ગાડીઓની અલગાર લગભગ એક માઇલ સુધી લંબાઇ છે. પહરાણાઓને આવકાર દેવા મીસીસ હુમાબાઇ દાદીશેઠ પોતાની નાનકડી વહુ મીસીસ જમશેદ દાદીશેઠની સાથે હસને ચેહરે ઉભાં છે. નોતરેલાં પહરાણાઓમાંની જુવાન કુવારી બાનુઓમાં આજે ઝાઝી ઉલટ જણાતી નથી કેમજે દાદીશેઠ હોલની ભવીશની શેઠાણી ત્યાં હાજર છે. ઘણાંકોના દીલમાં અદેખાઇનો કીડો ચવડે છે પણ તોબી મીસીસ જમશેદ દાદીશેઠને જોયા પછી તેણીને વખાણ્યા વગર કોઇ રહ્યું નથી સરવના ચેહરા હસ્તા, ખુશાલ અને સંતોશી છે. તે સરવને તેવાંજ હસ્તાં રમતાં પારટીની મજાહ આખતાં છોડી થોડાક જુના ફ્રેન્ડો ઉપર નજર ફેરવશું.

* ÷ * *

ડાકટર બેહરામજી માદન તથા તેવણના ધણીયાણી પાછાં વાંદરે પોતાના બંગલામાં ઠરીઠામ થયાં છે, પાસે જમશેદવાળો બંગલો "રોઝ કોટેજ" જમશેદે ખરીદી લીધો છે, અને વરસમાં એક વખત હીલ્લાને લઇને તે ત્યાં આવી રહે છે.

ડોસાભાઇ ડાકટરની નાજાં પણ હજી પોતાના વર સાથે વાંદરેજ રહે છે અને મીસીસ જમશેદ દાદીશેઠની હકીકત સાંભળ્યા પછી તેણીની સાથે વધુ ગાડી દોસ્તી નહી માંડવા માટે પસ્તાય છે અને તેના પરીણામમમાં ખીજવાઇને વર સાથ "બચકાં" બાંધે છે. તેણીના બાપ ડાકટર ડોસાભાઇ કોલાબેજ રહે છે જેવણને પણ મળવા હીલ્લા એક ફેરો

જાય છે જીલુડોસાંવાળું ઘર હીલ્લાએ પીલુંને ભેટ આપ્યું છે જયાં પીલુ પોતાનાં માય નાહલ્લીબાઈ સાથે સુખમાં રહે છે. પીલુની શેહાદી હજી થઇ નથી પણ તે હવે "ઘરવાળી" થઇ છે એટલે ઘણા જણા ઝીપલાં મારે છે અને ચંદરોજમાં શાહદી રામસનીના ઢોલ વાગવાની વકી છે.

આપણો ફ્રેન્ડ દીનશાહ પણ પોતાને લાયકની ધણીયાણી શોધી કહાડી કલકતામાંજ ઠર પડયો છે. તેની જીંદગીમાંનો કડવાસ ઓછો થયો છે અને તે પોતાની ધણીઆણી સાથે સુખી છે.

બાકી રહયાં આપણા સુનાબાઇ બાટલીવાળા! તેવણ હજી કુમારાંજ છે! દાદીશેઠ હાલમાં તો બધો મામલો આવી રીતે ઉલટાઇ ગયો એટલે તેવણને ઘણું ખસીયાણું લાગ્યુંછે. હમાબાઈ, બાનુબાઇ તથા જમશેદ વગેરેએ તેવણની દોસ્તી સદંતર છોડી દીધી છે. એ રીતે જયારે તેવણ ખરતાં થયાં, અધુંરામાં પુરૂં દીનશાહબી પરણી ગયો ત્યારે પહેલાં તો નાસીપાસીને મારે તેવણે થોડો વખત બાલના પફ કહાડવાનું તથા મોહડાંને પાઉડર લગાડવાનુંબી છોડી દીધું, પણ હાલ પાછો વીચાર બદલાયો છે. પચાસની ભરતીમાં આવ્યાં છે પણ હજી પરણવાનો વીચાર છે, તેવણ કાંઇ ઘણું નથી માગતાં સારાં ખાનદાનનો, છોકરાં વગરનો, કમાતો, તંદરોસ્ત અને થોડી ઉમરનો કોઇ મલે તો હજીબી પોતાનો ભોગ આપવા તેવણ તૈયાર છે! વાંચનાર, કોઇ ધ્યાનમાં હોય તો તેવણને લખી જણાવજે હાલ તો સલામ આલેકુમ?

સમાપ્ત.